Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રંગ છે બારોટ!

ઝવેરચંદ મેઘાણી

८० गा
१०

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવાં પ્રકાશનો

નવલકથા

૧ સુવર્ણમૃગ	રા. ના. પાઠક	૩-૮-૦
૨ દીપનિર્વાણ	દર્શક	૩-૪-૦
૩ ઉપમા	બાબુભાઇ વૈદ્ય	૨-૮-૦
૪ પરિવર્તન	પીતામ્બર પટેલ	૪-૦-૦
૫ શમા	અનુ. સજ્જાદ	૫-૦-૦
૬ અણખૂટ ધારા	અશ્વિનીકુમાર	૩-૦-૦
૭ શશી જતાં	જહૉન સ્ટેઈનબેક	૨-૮-૦
૮ પશ્ચિમને સમરાંગણે	અનુ.હ.સોમૈયા	૩-૦-૦
૯ ખંડિત કલેવરો	નિ.વર્મા જ.પરમાર	૩-૮-૦

વાર્તા

૧ લખચોરાસી	પન્નાલાલ પટેલ	૩-૦-૦
૨ પશમી	હ. સોમૈયા	૨-૮-૦
૩ પાંખ વિનાનાં	ફ. મણિયાર	૩-૦-૦
૪ બીલીપત્ર	મ. પરમાર	૩-૦-૦
૫ રંગ છે બારોટ	ઝ. મેઘાણી	૩-૦-૦
૬ જીવનનાં વહેણો	રસિકલાલ પરીખ	૩-૦-૦

સાહિત્ય અને વિવેચન

૧ આપની સેવામાં	જિતુભાઈ મહેતા	૩-૦-૦
૨ પરિભ્રમણ	મેઘાણી	૩-૦-૦
૩ આલોચના	રા. વિ. પાઠક	૩-૮-૦
૪ નર્મદ	,,	૨-૮-૦
૫ સાહિત્ય અને પ્રગતિ	ગ્રંથ બીજો	૩-૦-૦
૬ સાહિત્યવિહાર	અ. મ. રાવળ	૩-૦-૦

કાવ્ય

૧ રવીન્દ્રવીણા	મેઘાણી	૨-૮-૦
૨ પ્રાચીના	ઉમાશંકર જોષી	૨-૮-૦
૩ ઉર્વશી અને યાત્રી	દુર્ગેશ શુક્લ	૨-૦-૦
૪ રાષ્ટ્રગીત	સં. કરસનદાસ માણેક	૧-૮-૦
૫ વરદાન	સુરેશ ગાંધી	૨-૦-૦

ભારતી સાહિત્ય સંઘ

પોસ્ટ બૉક્સ ૬૭૮ · મુંબઈ-૧

પોસ્ટ બૉક્સ [illegible] · અમદાવાદ

० ग/१०
३६३३
प्रकार की निशानियां
सज्जन पन्द्रह दिन से
अपने पास नहीं रख
ने के लिये पुनः आज्ञा

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सर्वे शानाम् मुक्तिः
पुस्तक सं० ८० ग/१०
आगत सं० २३६३३
तिथि १४ जौ २००६
गुरुकुल ग्रन्थालय काँगड़ी.

स्थाक प्रमाणीकरण १९८४-१९८५

पुस्तकालय
गुरुकुल काँगड़ी.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રંગ છે બારોટ!

ઝવેરચંદ મેઘાણી

CHECKED 1973
Initial

: પ્રાપ્તિસ્થાન :
ભારતી સાહિત્ય સંઘ
પો. બો. નં. ૯૭૮, મુંબઈ-૧
પો. બો. નં. ૭૩, અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવૃત્તિ પહેલી : જુલાઈ–૧૯૪૫

કિંમત
૨–૮–૦
[ટ. ખ. બે આના]

પ્રકાશક
લક્ષ્મીદાસ પુરુષોત્તમ ગાંધી
ભારતી પ્રકાશન મંદિર
માણેકવાડી : ભાવનગર

મુદ્રક
શાંતિલાલ છોટાલાલ પારેખ
શ્રી સરસ્વતી છાપખાનું
દાણાપીઠ : ભાવનગર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રવેશક

બારોટ શબ્દનો અર્થ કેટલાક 'બાર હઠ' કરે છે. એટલે કે બાર પ્રકારના હઠ કહેતાં નિશ્ચયોનું પાલન કરનારા ચારણ–બારોટો. પણ પ્રબંધોમાં જોઈએ તો દ્વારભટ્ટ એવો શબ્દ જડે છે, અને તે શબ્દ વડે રાજદ્વારને રક્ષતા સુભટ સૈનિક તરીકેનું કામ કરતા પુરુષને ઓળખાવાયો છે. એનો રૂઢાર્થ 'ચારણ–બારોટ' બનેલ છે. કારણકે ચારણ જે અર્થમાં 'ગઢવી' (ગઢનો પાલક ચોકીદાર) કહેવાયો છે તે અર્થ દ્વારભટ્ટ સાથે મેળ લ્યે છે.

પુસ્તકનું નામકરણ

આ પુસ્તકના નામમાં બારોટ શબ્દ યોજવામાં વાર્તા કહેનાર બારોટ અભિપ્રેત છે. કારણ એ છે કે આમાંની કેટલીક વાર્તાઓ મારી પાસે કહેનાર જેઠા બારોટ નામે કાઠિયાવાડના જસદણ ગામના રાજ્યના અણીઆળી નામે ગામના રહીશ એક કાઠીકુળના વહીવંચા (રાવળ) હતા. એમણે મને જે વાર્તાઓ ૧૯૨૪–૨૭ સુધીના ગાળામાં બે–ત્રણ વારના મેળાપમાં કહેલી, તેમાંથી કેટલીએકને મેં 'દાદાજીની વાતો'માં ગ્રંથસ્થ કરી હતી. પણ બાકીની જે ટાંચણ રૂપે રહી ગઈ હતી તેમાંથી થોડીકને આટલાં વર્ષે મજકૂર ટાંચણનાં જર્જરિત પાનાં ઉથલાવતાં એ ટાંચણની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંદરના એ કથાકારના તત્ક્ષણ પકડાઈ શકેલા બોલ પરથી સ્મરણમાં ઉપસાવી કાઢી શક્યો તે લખી કાઢી. બાકીની કેટલીક મેં સદાને માટે ગુમાવી છે, કારણકે મારું ટાંચણ પાંખું અને અધૂરું રહી ગયું હોઈ સમગ્ર સ્વરૂપ સ્મૃતિપટમાં ઊભું ન કરી શકાયું.

એટલે આ બારમાંની પાંચ વાર્તા એ જેઠા બારોટની કહેલી હોવાને કારણે, તેમ જ બારોટો જ્યારે વાર્તા કહેતા હોય છે ત્યારે શ્રોતાજનોમાંથી હોંકારા અપાય તેમાં 'રંગ!' 'રંગ બારોટ!' 'રંગ છે બારોટજી!'–અર્થાત 'વાહ! ધન્ય છે!' એ પરથી 'રંગ છે બારોટ' એવું સળંગ નામાભિધાન સૂઝ્યું છે.

વાર્તા આપનારાઓ

એ જેઠા બારોટે કહેલી પાંચ વાતો આ છે—

(૧) વિક્રમ અને ખાપરો (૨) વિક્રમ અને પ્રભાત ચાવડો (૪) ચાર સાર (૫) પરકાયા પ્રવેશ (૭) કાઠીકુળ (તદુપરાંત 'દાદાજીની વાતો'માં એમણે કહેલી ચાર છેઃ મનસાગરો, સિંહાસન, વિક્રમ ને વિધાતા, વીરોજી.)

જેઠા બારોટવાળી પાંચ ઉપરાંત જે સાત આ સંગ્રહમાં છે તેનાં પ્રાપ્તિસ્થાનો નીચે મુજબ છે—

(૩) બાપુ ભાલાળોઃ વઢવાણ શહેરમાં એક ખેતીકાર બ્રાહ્મણ જુવાન આ વાર્તા રાગે ચડાવીને લંબાણથી કહે છે તે ખબર મને ત્યાંના કેટલાક યુવાન સ્નેહીઓએ આપેલ, અને ૧૯૨૮ના વૈશાખની એક રાતે ત્યાં જઈ રાતના ચાર–પાંચ કલાક એની પાસેથી સાંભળતાં સાંભળતાં ટાંચણપોથીમાં ટપકાવેલ. તે ટાંચણ આખું મોજૂદ છે. કહેનારનું નામ નોંધ્યું નથી.

(૬) દરિયાપીરની દીકરીઃ સોરઠી સાહિત્યના જેને મેં મારા દિક્ષાદાતા માન્યા છે તે હડાળા–દરબારશ્રી વાજસૂરવાળાએ છેક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯૨૧–૨૨માં એમના ગઢમાં આ વાર્તા એમની પ્રવાહબદ્ધ, સમતોલ, નિરાડમ્બરી શૈલીમાં કહી હતી. મેં તે લખી કાઢી હતી. લખાણુ તેમણે વાંચ્યું ને સુધાર્યું હતું. દુહાવાળો કાવ્યભાગ તો તેમણે જ લખીને મોકલ્યો હતો. તેમણે એ કંઠોપકંઠ સ્વરૂપે એક વાર્તાકાર પાસેથી સાંભળેલી. (ઘણું કરીને તો લાઠીના રાજવી સ્વ. કલાપીના રાજદરબારમાં, સામતભાઈ નીલા નામે એક ચારણુ હતા તેમની પાસેથી : વીશમી સદીના પ્રાતઃકાળના કોઈક વર્ષમાં.)

(૮) જનમના જોગીઃ આ ભજનકથા પાંચાળના ચોટીલા તાબે પાજવાળી ગામના રહીશ નાથબાવા કાનીપાનાથ, ઝવેરનાથ વગેરેએ, મૂળ તો જ્યારે ડૉ. બાકે નામના એક યુરોપી વિદ્વાન હિંદના લોક-સંગીતના સંશોધનાર્થે એમનાં પત્ની સાથે રેકર્ડીંગનું આખું યંત્ર લઈને એક ટ્રક સાથે સફરે નીકળેલા ને રાણુપુરમાં એ કામ માટે પડાવ નાખેલો ત્યારે તેમના રેકર્ડીંગ માટે આ નાથબાવાની મંડળીએ ગાયેલ ને મેં ટપકાવેલ, પણ ટાંચણુ ખંડિત રહેલું. તે ત્યાર પછી બે-ત્રણ વર્ષે ૧૯૪૧ના ઉનાળામાં બોટાદ ગામની સીમમાં નાથબાવા ભાઈજીનાથ વગેરેના ઉચાળા પડેલા ત્યારે એક સ્નેહીની વાડીમાં ગવરાવીને પૂરું લખી નાખેલું.

(૯) નાગ અને બામણુ: (૧૦) ભેરીઓ અને ભૂજીઓ: એ બેઉ વાતો મારા ગામ બોટાદના શ્રી બાવભાઈ (બલવંતરાય) મહારાજ નામે વાર્તારસિક અને વાતડાહ્યા સ્નેહી પાસેથી સાંભળી. એમણે નાનપણુમાં આ ગામના એક વાર્તાભંડાર ખોજા (મુસ્લિમ) પાસેથી આવી જે અનેક વાર્તાઓ સાંભળી હતી તેમાંથી આ બે સંભારી કાઢી.

(૧૧) ચંદણુ-મેણુાંગરી: અમારા ગામમાં મારા ઘરની અડોઅડ છેલ્લાં ઘણાં વર્ષોથી ચૈત્રથી ભાદરવા સુધીના પાંચેક માસ જેમનાં ગાડાં (પડાવ) ચાતુર્માસ કરે છે તે 'લુહારીઆ' ઉર્ફે 'ગાડલીઆ'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નામે ઓળખાતી પરિભ્રમણશીલ જાતિના એક વાર્તાકથનમાં પાવ-રધા ગણાતા નથુ ભગત નામના લુહારીઆએ પોતાની મંડળી સાથે આવીને સંભળાવેલી. આ 'લુહારીઆ'ની કથનપદ્ધતિ એ વૃંદપદ્ધતિ છે. વાર્તાનો ગદ્યભાગ કહેનારો એક જણ, પણ વચ્ચે વચ્ચે આવતા પદ્યખંડોનું આખી મંડળી વૃંદગાન કરતી જાય.

(૧૨) ખાનિયો: આ વાર્તા રાજકોટમાં સ્નેહી સાહિત્યકાર કવિ શ્રી ત્રિભુવન વ્યાસે કહી. ને એમણે એ વર્ષો પૂર્વે પોતાના વતનના ગામડામાં પોતાના એક સગા કહેતા તે પરથી યાદ રાખી છે.

નિરક્ષરોના કંઠમાં રમતું શુદ્ધ સ્વરૂપ

આ રીતે દરેક વાર્તાનું મૂળ પ્રાપ્તિસ્થાન તપાસતાં એક મુદ્દો સ્પષ્ટ થાય છે કે જેઓ મોટે ભાગે નિરક્ષર હતા અને ગ્રંથસ્થ વાર્તાઓ જેમના વાંચવામાં આવી ન હોય, તેવા માણસોએ કંઠોપકંઠ સાંભળીને એના અસલ કંઠસ્થ સ્વરૂપમાં સાચવેલી આ લોકકથાઓ છે. એનાં મૂળ લોકસર્જિત છે એવું તો કહી શકાય નહિ. કારણકે આ દેશની ભૂમિ કે જ્યાં છેક વેદના ગ્રંથપાઠો પરથી મહાકાવ્યો, નાટકો અને કથાસંગ્રહો પુસ્તકાકારે ઊતરીને પ્રચાર પામ્યાં છે, જ્યાં ગ્રંથારૂઢ પંચતંત્ર અને જાતકકથાઓ એક છેડેથી બીજા છેડા સુધી ભમતી રહી છે, જ્યાં દંડ, બાણ અને સુબંધુ સરીખા વ્યક્તિવિશેષ વાર્તાકારોની ગ્રંથસ્થ રચનાઓ વિહરતી રહી છે, જ્યાં બૃહત્કથા-માંથી નીકળેલી કથાસરિતસાગર, બૃહત્કથામંજરી અને બૃહત્કથા-શ્લોકસંગ્રહની ત્રિવેણી રેલાયે ગઈ છે, જ્યાં વેતાલપંચવિંશતી, વિક્રમચરિત અને શુકસપ્તતિનાં મૂળ સંસ્કૃત પુસ્તકો તેમ જ તેમના પરથી શામળભટ્ટ ઇત્યાદિએ અવતારેલા પદબંધો સૈકાઓ સુધી પ્રવાહમાન રહ્યા છે, તેમ જ જ્યાં બ્રાહ્મણો-જૈનોનાં રચેલાં ચરિતો અને પ્રબંધો જનતાની વચ્ચે ગ્રંથાકારે પહોંચ્યા છે, તેવી આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભૂમિમાં આજે પ્રચલિત એવી કંઠસ્થ વાર્તાવાણીની અંદર શુદ્ધ લોકસર્જનની તારવણી કરવી એ કઠિન છે. કોઈ ને કોઈ સ્વરૂપે આ મહાસાગર જેવડા ગ્રંથસ્થ વાર્તાસમૂહમાંથી જ કંઠસ્થ વાર્તાઓ બિંદુપરિમાણે પડી ગઈ હશે એમ લાગે છે.

સિંધુનાં બિંદુઓ

આ મૂળ વાર્તા–વારિધિનાં બિંદુઓ એકાદા કોઈ પ્રાંતમાં નહિ પણ સમગ્ર હિંદમાં, ખૂણે ને ખાંચરે, સંસ્કૃત ભાષામાં તો શું પણ કોઈ પણ ગ્રંથસ્થ સાહિત્ય જ્યાં કદી પહોંચ્યું ન હોય એવાં આદિવાસીઓની લિપિવિહીન બોલીમાં પણ પહોંચી જઈને તે તે ભૂમિના તળપદા ઘાટ–આકારે વાર્તાઓ બની ગયેલ છે. પ્રાંત દીઠ પડેલી આ અદ્ભુત–રસિક કંઠસ્થ કથાઓને લિપિબદ્ધ કરવાનો મોટો ઉદ્યમ ગયા સૈકાથી ઊપડ્યો છે. એને સંગ્રહી લેવામાં તો હિંદીવાનો અને યુરોપી જનો વચ્ચે છેલ્લાં ચાલીસ વર્ષોથી જબરી સ્પર્ધા ચાલી રહી છે. આ હિંદી લોકકથાઓના આ યુરોપી સંગ્રહકારોમાંથી અગ્રપદે બોલાતું નામ લૂમ્સ્ફીલ્ડનું છે. એ પણ કહે છે કે 'એ તો નક્કી છે કે આ સર્વ સંગ્રહોમાં 'હિંદુ ક્લાસિક લિટરેચર'માંની પ્રાચીન વાર્તાઓના જ મોટે ભાગે પડઘા પડ્યા છે; આ લિપિબદ્ધ બનતી લોકવાર્તાઓમાં મૌલિક અને સ્વતંત્ર પ્રકારની સામગ્રીનો સમાવેશ થાય છે કે કેમ, એટલે કે કોઈ પણ હિંદી ભાષામાં કોઈ પણ કાળે લિપિબદ્ધ ન બની હોય એવી પુરાતન મૌલિક લોકકથાઓ આમાં ઊતરી આવી છે કે કેમ, તે કહેવું કઠિન છે.

'મોટીફ'ની ભાંજઘડ

પરંતુ 'કલાસીકલ લિટરેચર'ની વાર્તાઓમાં જે જૂજવાં પ્રધાન તત્ત્વો પડ્યાં છે, અંગ્રેજી વિવેચન–ભાષામાં જેને 'મોટીફ' (Motif) કહે છે, તે 'મોટીફ'ના જૂજવા બધા પ્રકારો આજે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંઘરાઈ રહેલી કંઠસ્થ લોકકથાઓમાં ક્રીડા કરી રહ્યા છે. આ 'મોટીફ'–એટલે કે વાર્તાનો વેગ વધારતી ને એની ચમત્કૃતિ જચાવતી કરામતો, જુક્તિઓ હિંદમાં હરએક નવે નવે સ્થળે–કાળે વહેંચાતાં અથવા તો નવેસર સંયોજિત થતાં રહ્યાં છે. હર સ્થળે વાર્તા કથનાર અથવા તો સંઘરનાર કેમ જાણે આ 'મોટીફ'ની આખી અકબંધ સાંકળી ઉપાડે છે–(આ સાંકળીને આપણે પારાની માળા સાથે સરખાવીએ.) પછી એ માળાના પારા વિખેરી ચોમેર વેરી નાખે છે, અને પછી ફરી વાર નવી રચનામાં એ પારાને પરોવી લે છે. આમ હોઈને કોઈ પણ 'મોટીફ' આપણને કોઈ પણ સમયમાં, કોઈ પણ સ્થાનમાં, બલકે હિંદી વાર્તા તેમ જ એની શાખાપ્રશાખાના કોઈ પણ અનુસંધાનમાં ભેટી જાય છે.

'મોટીફ'નાં દૃષ્ટાંતો

'મોટીફ' કોને કહે છે તે વધુ વિગતથી સમજીએ. લોકવાર્તાનાં આ લક્ષણો એવાં છે કે જે બીજી કોઈ રીતે આગળ ન વધી શકે તેવા વસ્તુપ્રવાહને આગળ વધવા માર્ગ આપે. દાખલો લઈએ: પક્ષીની બોલીમાં બહાર પડતી ભવિષ્યવાણી. 'દાદાજીની વાતો'માં મનસાગરા પ્રધાનની વાર્તામાં રાજાનો મિત્ર મનસાગરો રાજાને પદ્માવતી સાથે મહામહેનતે પરણાવી આપી, બેઉને લઈ પાછો રાજ્યમાં જાય છે, ત્યારે રસ્તામાં રાજા–રાણી ઊંઘે છે, મનસાગરો જાગે છે, ને ઝાડ પરથી ગરુડ ને ગરુડપંખણી વળતે દિવસે રાજા–રાણીને શિરે પડનારી છ ઘાતોની વાતો કરે છે. મનસાગરો પંખીબોલી સમજી શકતો હોઈ છ ઘાતોનું વારણ કરી શકે છે. હવે આ એક એવી પરિસ્થિતિ હતી કે જેમાં સંદેશા, પત્ર કે માનુષી ચેતવણી પહોંચી શકે નહિ. તે વખતે વાર્તામાં પક્ષીને બોલાવ્યાં છે. તેઓ અંદર અંદર વાર્તાલાપ કરે, ને કોઇક માનવી એ સાંભળી જઈ આગામી જોખમ સામે વારણનાં પગલાં ભરે. આ સંગ્રહમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ ‘ ચાર સાર ’ની વાર્તામાં બે પંખીની ચેતવણી આવે છે. એ હંસ–હંસણી હોય, ચકો–ચકી હોય, પોપટ–મેના હોય, કે ગરુડ-પંખ–ગરુડપંખણી હોય. એ પક્ષી–જોડાંની વાતચીત વાર્તાનું પ્રધાન વસ્તુ નથી બની જતી પણ અન્યથા અપ્રાપ્ય એવી મહત્ત્વની માહિતી પૂરી પાડીને આપદનું નિવારણ કરનાર ચાવી બની રહે છે.

‘ ન કહેવી ’ કરામત

ગુપ્ત વાતને ગુપ્ત રાખવાની મુશ્કેલી અને એ ખુલ્લી કરવાથી થતો અનર્થ–આ પણ એક બળવાન ‘ મોટીફ ’ છે. ‘ દાદાજીની વાતો ’માં એ કરામતે મનસાગરા પ્રધાનની કથામાં વસ્તુને વેગ આપવાનો ભાગ ભજવ્યો છે અને રહસ્યમયતા ઊભી કરી છે. બે પંખી વચ્ચે થયેલો રાત્રિનો વાર્તાલાપ જે કોઈ માણસ સાંભળી જાય તેનાથી એ બીજાને કહેવાય નહિ, કહે તો પથ્થર બની જાય. એવું બંધન ન હોત તો તો મનસાગરો છ યે ઘાતની વાત મિત્ર રાજાને જણાવી દઈને સાથે મળી વારણ કરત પણ આ ‘ વાત કરે તો પથ્થર બની જાય ’ એ બંધન આડે આવ્યું, ઘાતોનું નિવારણ પોતે કરતો ગયો, પણ કારણ ન જણાવી શક્યો એથી જેનો પોતે જીવ બચાવે છે તે રાજાની જ કુશંકા વધતી ગઈ. છેવટે રાજા–રાણીના શયનવાસમાં જઈ, રાતની વેળાએ, છાપરામાં બેઠેલી નાગણીનું ઝેર રાણીના હોઠ પર ટપકે છે તેને ચાટી લેવાનો સર્વોત્કટ પ્રસંગ ઊભો થયો, અને છતાં પોતે જાગી ગયેલાં રાજા–રાણીને ખુલાસો આપી શક્યો નહિ; છેવટે પોતાની વિશુદ્ધતાની ખાતરી કરાવવા ખાતર વાતો કહી દેવી પડી, કે જેને અંતે પોતે પથ્થર બની ગયો. આ ‘ મોટીફ ’ આપણા પ્રાંતની, બંગાળાની, મહાકોશલની, અનેક હિંદી પ્રદેશોની લોકવાર્તા-ઓમાં રમે છે. પક્ષી, પ્રાણી ને જંતુની વાત સમજવાનું વરદાન, એ વરદાન મેળવનાર પર પોતે સાંભળેલ પ્રાણી–વાત કોઈને ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહેવાનો પ્રતિબંધ, પ્રતિબંધ તૂટ્યે મરણ, ને એ વાત જાણનાર પાસેથી એના જાનને ભોગે પણ કહેવરાવવાની મોટે ભાગે સ્ત્રીની જ હઠ, એના જીવલેણ સ્ત્રીહઠને પણ આખરે ઠોકરે મારવાની ચાનક કોઈક પશુપંખીના વાર્તાલાપમાંથી જ ચડે: આવું 'મોટીફ' જેમ આ સંગ્રહની 'ચાર સાર' નામની વાતમાં કામ કરે છે તેમ ઇતર હિંદી પ્રાંતોની સંખ્યાબંધ લોકવાર્તાઓમાં ભાગ ભજવે છે. 'ચાર સાર'માં રાજાએ જીવમાતરની બોલી સમજવાનું વરદાન નાગ પાસેથી મેળવ્યું છે, એકવાર જૂની રાણીનો ભાઈ મરી જાય છે ત્યારે એ સારો માણસ હોવાથી એનો જીવ દેહને બચીઓ ભરે છે એ દેખી રાજા રડે છે. ફરી વાર નવી રાણીનો દુષ્ટ ભાઈ મરી જાય છે ત્યારે જીવ બહાર નીકળીને ખોળીઆને ખાસડાં મારે છે તે જોઈને રાજા હસે છે. 'હસ્યા કેમ? કહો.' રાણી હઠ લે છે, કહું તો મોત છે એમ કહેવા છતાં રાણી જીદને પકડી રાખે છે. કાશીએ જઈને દેહ છૂટે એ ગણતરીથી રાજા રાણીને લઈ કાશી પહોંચ્યે વાત કહેવાના નિશ્ચયથી નીકળે છે. રસ્તે એક કૂવાને કાંઠે બકરો–બકરી ચરે છે. બકરી સગર્ભા છે. બકરાને કહે છે કે કૂવાની અંદર ઊંડે ઊંડે ઊગેલો વેલો લાવી દે. બકરો કહે છે કે હું આ રાજાના જેવો મૂરખો નથી કે બાયડી જે કહે તે, જીવને જોખમે પણ કરું. સાંભળનાર રાજાએ આ ટકોર ગ્રહણ કરી ને રાણીને એક લપડાક લગાવી પાછો ઘેર લઈ ગયો. આ પશુઓની વાણી સમજવાનું તેમ જ પશુઓનાં દૃષ્ટાંત પરથી ધડો લેવાનું 'મોટીફ' છેક જાતકકથાઓમાંથી જન્મ પામીને વિવિધ રૂપે હિંદી લોકવાર્તાઓમાં રમતું આવે છે. તમામ સ્વરો સમજવાનું વરદાન એક નાગરાજા પાસેથી પામેલો રાજા સેનક પોતે જમવા બેઠો છે ત્યારે એના ભાણામાંથી એક મધનું ટીપું, એક ગોળની કણી અને એક રોટલીનું બટકું પડી જાય છે એટલે એ જોઇને એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કીડી બૂમરાણ મચાવે છે કે 'હાલો ભાઈ હાલો, રાજાની મધની બરણી ભાંગી, રાજાનું ગોળનું ગાડું ઊંધું વળી ગયું છે, રાજાના રોટલાની ગાડી ઊથલી પડી છે, હાલો ઉડાવો મોજ.' એ સાંભળીને રાજા સેનક હસી પડે છે. પાસે બેઠેલી રાણી એ ભેદ કઢાવવા મથે છે. રાજાને તો કહેવાથી મોત છે. રાણીહઠને વશ બની ભેદ કહી નાખવાની તત્પરતામાંથી એને પાછો વાળનાર પણ એક બકરી સાથે પ્રેમ કરતો એક બકરો જ બને છે.

આ જ 'મોટીફ' સાંતાલની, કાશ્મીરની અને સિંહલદ્વીપની લોકવાર્તાઓમાં મોજૂદ છે. લંકાની વાર્તામાં બે કીડીની વાતચીત છે, બકરા–બકરીને બદલે વનનાં વાંદરાંનું મેણું છે, ને રાજા એ મર્કટોનાં મેણાં પરથી બોધ લઈને, હઠે ચડેલી પોતાની રાણીને અચ્છો મેથીપાક આપી સદાને માટે ચૂપ કરે છે. ખાસ નોંધપાત્ર વાત તો આ છે, કે આ જ કરામત છેક ઈટાલીની લોકકથામાંથી જડે છે. એની અંદર રાજાને એક કૂકડો બચાવે છે. બળદ અને ગધેડા વચ્ચેનો વાર્તાલાપ સાંભળીને હસતો ઈસુનો વરદાનધારી રાજા પણ એ જ નિષેધને અધીન હોઈ રાણીને વાત કહેતો નથી, કહેવા તત્પર બને છે એટલામાં કૂકડાના સગર્વ શબ્દો સાંભળે છે: 'હું તો મારી વીશ કૂકડીઓને કબ્જે રાખું છું.' વગેરે.

'ફલાણો પસ્તાયો હતો, તું યે પસ્તાઈશ!'

એ કરામત (મોટીફ) પણ લોકવાર્તાની ચમત્કૃતિ, વેગ, અને વિકાસ વધારવા માટે વપરાઈ છે. સાંતાલ વગેરે પ્રદેશોની વાર્તામાં એક ગોવાળ છે, એને મહાદેવ પ્રસન્ન થઈને એની ગાયોની વાચા સમજવાનો વર આપે છે. એ વાચા થકી એને દાટેલું ધન સાંપડે છે. એ ધનને ફરી દાટીને ઘેર જાય છે. બૈરી એને ગમગીનીનું કારણ પૂછે છે. પણ સાચું કહે તો મરી જાય, એટલે હઠીલી સ્ત્રીને બનાવટી વાત કહે છે કે આજે રાજા જંગલમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખરચુ ગયા ત્યાં એના ખરચુમાંથી કાગડા નીકળ્યા. સ્ત્રીના પેટમાં વાત રહી નહિ. પડોશી દ્વારા વાત પહોંચી રાજા પાસે. રાજાએ ભરવાડને બોલાવ્યો, પૂછપરછ કરી, નછૂટકે ધનની સાચી વાત કહીને ભરવાડ પથ્થર બન્યો, દાટેલ ધન કાઢી લઈને રાજા ઘેર ગયો, રાણીએ મૂળ વાત જાણવાની રઢ લીધી, રાજા જો કહે તો તે પણ પથ્થર બને. એણે રાણીને કહ્યું કે તું હઠ કરવી રહેવા દે, નહિતર પાછળથી પસ્તાઈશ–જેવો ફલાણો માણસ પોતાના નોળીઆને મારીને પસ્તાયો હતો. એટલે રાણી પૂછે કે એ શી વાત છે? રાજા વાર્તા કરે, એક માણસને ઘેર નોળીઓ હતો, પછી એને દીકરો આવ્યો. દીકરાને સૂતો મૂકી મા પાણી ગઈ, પાછળથી સાપ આવ્યો ને ઘોડિયે ચડ્યો, નોળીએ સાપને મારી નાખ્યો, (અથવા તો સાપે કરડેલ બાળકને સાજો કરવા નોળીઓ નોળવેલ્ય નામનો છોડ લેવા ગયો ત્યાં) ઘેર આવતાં માણસે કે એની સ્ત્રીએ નોળીઆને લોહીઆળ મોઢે ભાળ્યો. બાળકને મારી નાખનાર નોળીઓ જ છે એમ માનીને નોળીઆને મારી નાખ્યો. પછી સાચી વાત માલૂમ પડતાં પસ્તાવો થયો.

વળી પાછી રાણી હઠ કરે એટલે રાજા કહે, કે તું પાછળથી પેલા પોતાના વફાદાર કૂતરાને મારી નાખનાર વણજારાની જેમ પસ્તાઈશ. રાણી પૂછે, કે એ શી વાત છે? રાજા પાછી એ વાત કહે. આ રીતે વાર્તાની અંદર વાર્તા પ્રકટતી આવે અને મૂળ વાર્તાની ચમત્કૃતિ ઘનીભૂત બનતી આવે.

એ જ કરામત બુંદેલખંડની, ત્યાંના પાક્ષિક 'મધુકર'માં પ્રકટ થયેલી અને 'ધુતારાની દીકરી' નામે ગુજરાતી સંગ્રહ (સોના પદમણી)માં ઊતરેલ એક લોકવાર્તામાં છે. એક શેઠ ધુતારાઓને ઘેર સપડાયા છે. બનાવટી પરણેતર બનેલી ધુતારાની દીકરી શેઠની છાતી પર ચઢી જઈ કટાર કાઢી રતન આપવાનું કહે છે. શેઠ કહે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે કે મારી પાસે રતન નથી, જીવ ભલે લે, પણ મને મારીને તું પણ, વણુજારો કૂતરાને મારી પસ્તાયેલો તેમ પસ્તાઈશ. બાઈને વાર્તા સાંભળવાનું કૌતુક થાય છે. છાતી પર બેઠી છો ને શી રીતે કહું? ઊતરી ગઈ નીચે. શેઠે વાત કહીઃ એમ એક પછી એક 'મને મારીશ તો ફલાણાની જેમ પસ્તાઈશ' એ કરામત વડે તરસ્યા રાજાને સાપના ઝેરને પાણી સમજી પીતો બચાવનાર બાજનું સહાસથી મરણ નિપજાવનાર રાજા પસ્તાયો તેની કથા વગેરે કહી કહી પેલી પ્રાણ હરવા આવેલી ધુતારણનું હૃદય જીતી લે છે.

આ 'કરામત' આપણી ગુજરાતની લોકકથામાં પણ આવે છે.

સાંકેતિક ભાષા અથવા નિશાનીઓ

લોકવાર્તાની આ ખૂબીદાર જુક્તિ (મોટીફ)ને આપણે 'દાદાજીની વાતો'માં (મનસાગરો) મળ્યા છીએ. જંગલમાં પડેલા રાજાને, દેવળમાંથી પૂજા કરીને બહાર આવેલી સુંદરીએ કંકુવાળા ચોખા અને શ્રીફળ બતાવ્યું: છ આંગળીઓ ઊંચી કરી, પોતાના પેટ સામે કટાર નોંધી. બાકી કશું જ બોલ્યા–ચાલ્યા વિના ચાલી ગઈ. એ નિશાનીઓનો રહસ્યાર્થ મનસાગરાએ ઉકેલ્યો. શ્રીફળ અને ચોખા બતાવ્યા એટલે કે હું તને વરી ચૂકી છું: છ આંગળી બતાવી એટલે કે છ મહિના સુધી વાટ જોઈશ. કટાર પેટ સામે નોંધી, એટલે કે છ મહિનામાં નહિ આવ તો કટારીથી હું આપઘાત કરીશ. પછી વધુ નિશાનીઓ મંદિરમાં જઈને ઉકેલી. પદ્મના ફૂલથી શંકરની પૂજા કરી છે માટે નામ પદ્માવતીઃ પદ્મફૂલની ફરતાં કનકનાં ફૂલ ગોઠવ્યાં છે એટલે કે મારી નગરીનું નામ કનકાવતી. પછી રાજા અને મનસાગરો કનકાવતી જઈ માળણને ઘેર ઊતરે છે. માળણ રોજ કુંવરી પદ્માવતીને માટે ફૂલની ચોળી ચણીઓ ને ઓઢણી બનાવી લઇ જાય છે. એક દિવસ મનસાગરે એ ફૂલ–પોશાક ગૂંથી દીધો છે, અંદર સંદેશો સંતાડ્યો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે, એ સંદેશો સમજી જઈને પદ્માવતીએ માળણના ગાલ ઉપર મેશવાળે હાથે અડબોત મારીને કાળા બે લીંટા છાપ્યા છે, ને એ નિશાની પરથી 'કાળી રાતે બીજે પહોરે આવજો' એવું મનસાગરો સમજી ગયો છે વગેરે.

નિશાનીઓની આવી જુક્તિવાળી 'બે ભાઇબંધ' નામની મહાકોશલનાં આદિવાસીઓની કથા વેરીઅર એલ્વીને આપી છે. અને 'લેંગ્વેજ ઑફ સાઇન્સ' નામની એક નોંધ લખી છે તેમાં આ પ્રેમ–સમસ્યાઓનું મૂળ પ્રાચીન કથાસરિત્સાગરમાંથી કાઢી બતાવ્યું છે, (મૂળ તો આ વિષયની વિવેચના ક્રૂક નામના વિદેશીએ 'સીક્રેટ મેસેજીસ ઍન્ડ સિમ્બોલ્સ ઇન ઇન્ડીઆ' એ પુસ્તકમાં કરી છે.) કથાસરિત્સાગરની મૂળ કથામાં રાજકુંવરને સુંદરી આવી નિશાનીઓ કરે છે: માળામાંથી એક ઉત્પલ (કમળ) લઈને પોતાના કાનમાં એનું ગૂંચળું વાળીને મૂકે છે: બીજું પદ્મ ઉપાડીને માથા પર મૂકે છે, અને છેલ્લે પોતાનો હાથ સૂચક રીતે હૈયા પર મૂકે છે. આ ચેષ્ટાઓનો અર્થ રાજકુંવરનો મિત્ર ઘટાવી આપે છે: ઉત્પલ કાને લગાડ્યું એટલે કે હું રાજા કર્ણોત્પલની નગરીમાં રહું છું. ફૂલનું દંતપત્ર નામનું ઘરેણું કરી દેખાડ્યું. એટલે કે હું દાંતવેરણીઆની દીકરી છું. બીજું પદ્મ ઉપાડી શિર પર મૂક્યું એટલે કે મારું નામ પદ્માવતી છે. હૈયે હાથ મૂક્યો એટલે કે આ હૈયું હવે તારું છે. આ ચેષ્ટાઓ સમજીને રાજકુંવર પોતાની પ્રિયાને મેળવવા જાય છે. આ મૂળ કથામાં પણ, એમાંથી પુનરાવૃત્ત બનતી રહેલી પ્રાંત પ્રાંતની લોકકથાઓમાં છે તે જ રીતે, વાર્તાનો નાયક પોતે એ નિશાનીઓ સમજી શકતો નથી, પણ એક ત્રીજું માનવી એના ભેદ બતાવે છે. આમ કથાસરિત્સાગરના કર્તા સોમદેવ પછી આઠમે સૈકે પણ એ કથા બહુ અલ્પ ફેરફારો સાથે લોકકંઠે સમસ્ત દેશમાં રમતી રહી છે. નિશાનીઓ એ પ્રેમની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંકેત-ભાષા બની છે, ને કૂકના પુસ્તકમાં, શ્રી એલ્વીનના કહેવા પ્રમાણે આ પ્રેમિક-સમસ્યાઓના પુષ્કળ વિવિધ હિંદી પ્રકારો નોંધ પામ્યા છે. (જુઓ 'ફોક-ટેલ્સ ઑફ મહાકોશલ' : એલ્વીન)

આડકતરી ચેતવણી

નિશાનીઓને મળતી એક બીજી કરામત વાર્તાના નાયકને આડકતરા માર્ગે ચેતવણી આપીને સાચા માર્ગ પર ચડાવવાની છે. એનો નમૂનો આ સંગ્રહની 'ચાર સાર' નામે વાર્તામાં છે. વાર્તાનો નાયક પ્રકૃતિને વશ બની જોખમમાં પડે તે પૂર્વે કોઈ ફકીર કે સાધુનું પાત્ર એકાએક વખતસર કંઇક સાર્વજનિક સાર લઈને વેચવા નીકળે, ને એનું રહસ્ય બિલકુલ ચમત્કૃતિમય અગર નવું ન હોવા છતાં એનું ભારે મૂલ્ય માગે. દાખલા તરીકે એક એક સારના એક.એક હજાર ! એ ભારે મૂલ્યના આકર્ષણથી વાર્તા-નાયક સારની ખરીદી કરે. મૂલ્ય મળ્યા પછી ફકીર સાર આપે—

(૧) ક્રોધ વિમાસણ સાર
તેના એક હજાર !
(૨) જાગ્યા સો નર સાર
તેના એક હજાર !
(૩) વેરીને આદરભાવ સાર
તેના એક હજાર !
(૪) અસ્ત્રીવાંક માર સાર
તેના એક હજાર !

એ ચાર સાર રૂપી ચાર સ્થંભો પર જ આખી વાર્તાની માંડણી થાય. એ સાર માંહેનો અક્કેક સાર નાયકના તત્કાલીન આચરણને દોરવણી આપે ને એ દોરવણી વડે નાયક ચાર અનર્થો-માંથી ઉગાર પામે.

આવી એક લાંબી કથા મારા પિતા ભારી શોખથી કહેતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમાં કંઈક આવા સાર આવતા—

છત કો બાપ
અછત કી મા
× × ×
જોરૂ સો સાથ
× × ×

એ આઠ સવાલ શેઠના પુત્રે એક સાધુને રૂ. લાખ ચુકાવીને લીધા, અને તુરત જ વાર્તાપ્રવાહ ગતિ પકડે છે, જેમાં એક પછી એક સારનું સાચ પ્રતીત બનતું આવે. બાપ તો આ મૂર્ખાઈ બદલ દીકરાને કાઢી મૂકે છે એટલે 'છત કો બાપ' એ પહેલો બોલ સાચો ઠરે છે. પિતાએ તજેલ અકિંચન પુત્રને મા રાખવા મથે છે અર્થાત 'અછતકી મા' પ્રમાણે મા તો અછત વેળાએ પણ મા જ રહે છે. પછી બહેનને ઘેર જતાં નિર્ધન ભાઈને અનાદર મળે છે, ભાઈબંધને ઘેર બહુમાન સાંપડે છે, પછી પરણેલી સ્ત્રી પતિના જવા પછી પિયર જઈ બેસીને વિલાસ માણવા મંડે છે, એનો મર્મ એ કે 'જોરૂ સો સાથ': અર્થાત સ્ત્રી તો પોતાની સાથે હોય ત્યાં સુધી જ વફાદાર રહે છે. આમ આખી વાર્તાનો ઘાટ અને પ્રવાહ બંધાય છે.

નિગૂઢ સવાલો

એ જ કરામત (મોટીફ) આ સંગ્રહની છેલ્લી 'ખાનિયો' વાર્તામાં જોવાશે. બે સરખી જ પૂતળીઓમાંથી અસલ-નકલની પરખ, અને ચાર સવાલના ખુલાસા, એ પર આખી વાર્તા ચાલે છે.

જાતની કજાત કોણ ?
કજાતની જાત કોણ ?
કચેરીના કુત્તા કોણ ?
ને મહેફિલના ગદ્ધા કોણ ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ ચાર સવાલોના જવાબ વાર્તાનો નાયક અમુક ચોક્કસ પરિણામો પોતે ઈરાદાપૂર્વક ગોઠવણુ કરીને રજૂ કરે છે: ઈરાનના પાદશાહના બેટાનું પોતે પૈસા માટે ખૂન કર્યું છે એવો દેખાવ એક ઘેટો મારીને ખડો કરે છે. એ એક જ પ્રસંગે, એક તો પોતાની કુળવાન સ્ત્રી કેવી નિર્દય બનીને અવિચારી રીતે વર્તી, બીજી પોતે જેને દૂભવી હતી તે નીચ વેશ્યા કેવી વિચારપૂર્વક વર્તી, ત્રીજા પોતે જેમને ખૂબ ખવરાવ્યા પિવરાવ્યા અને નવાજ્યા હતા તે અમીર–ઉમરાવોએ કેવું કૃતઘ્ન આચરણ કર્યું, અને ચોથો ખુદ ઈરાનનો પાદશાહ કે જે મહિનાઓથી પોતાના મહેમાનના પરિચયમાં હતો તેણે કંઈ તરતપાસ કર્યા વગર કેવી મૂર્ખાઈથી મહેમાનનો શિરચ્છેદ ફરમાવી દીધો, એ બધું પ્રત્યક્ષ બતાવીને વાર્તાનો નાયક ખાનિયો ચારે સવાલના જવાબો બતાવે છે, કે 'જાતની કજાત' તો આ મારી જ સ્ત્રી: 'કજાતની જાત' તો આ હીનજાતિની છતાં ખાનદાનીથી વર્તનાર વેશ્યા: 'કચારીના કુત્તા' તો આ ખવરાવ્યું ત્યાં સુધી લટ્ટૂપટ્ટૂ થનાર અને ખાવાનું બંધ પડતાં ખવરાવનારની બેગુને બદબોઈ કરનાર અમીરો: અને 'મેહફિલના ગદ્ધા' તો અવિચારીપણે આચરણ કરનાર પાદશાહ પોતે.

આ જ કરામત અન્ય પ્રદેશોની કંઠસ્થ કથાઓમાં ભાગ ભજવતી હોવી જોઈએ. બુંદેલખંડી વાર્તા 'ધુતારાની દીકરી'માં વાર્તાનાયક શેઠને ફકીર મોટી કિંમતે ચાર વાતો જણાવે છે—

ઘર–આંગણે બોરડી ન વાવવી,
કોટવાળથી ભાઇબંધી ન કરવી,
રસ્તામાં મળે તે લઇ લેવું,
ખાટલો ખંખેરીને સૂવું.

ને આ ચાર વાતો સાદી છતાં વાર્તાનાયકને તો અદ્દભુત ચમત્કારિક રીતે ફળે તેવી તરેહથી વાર્તાની રચના થઈ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'નબાપા'નું મહેણું

આ કરામત પ્રાચીન कथासरित्सागरની કોઈ કથામાં છે કે નહિ ? વિક્રમે પરણીને પછી વિસારી મૂકેલી સ્ત્રીનો પુત્ર વિક્રમાચરિત નાનપણમાં રમે છે ત્યારે એનો દડો એક ડોશીને લાગી જતાં પહેલી જ વાર એને કાને મહેણું પડે છે કે 'રાયા નબાપા!' તે પરથી એ માને જઈ પોતાનો બાપ કોણ એ પૂછી, આખી વાત મેળવી, ઉજ્જેણી જઈ કૈંક છૂપાં પરાક્રમો કરી માને દુઃખિયારી કરનાર પિતા વિક્રમને હંફાવે છે ને પછી પુત્ર તરીકે પ્રકટ થાય છે, એ વાત મને જેઠા બારોટ કહેતા તેનું ટાંચણુ ખંડિત રહ્યું છે. બીજા પાસે પણ સાંભળી છે. આ 'નબાપા'ના મહેણામાંથી વાર્તાનો ઉદય થાય તેવું 'બત્રીશ પૂતળી'માં છે કે નહિ ? કંઠસ્થ લોકવાર્તાઓમાં તો એ વારંવાર સમગ્ર કથાવસ્તુનું આદિપ્રેરક તત્ત્વ બને છે. આ સંગ્રહમાં 'બાપુ ભાલાળો'ની શુદ્ધ લોકકથાનો આખો ઉપાડ આ કરામતથી કરવામાં આવ્યો છે. મોસાળમાં રહેલા કુંવરો બાપુ ને બુઢો કૈંક તોફાનો કરે છે. એક જણુ સીસાની ગોળી મારી પનિહારીનું બેડું ફોડે, તો બીજો તુરત જ મીણની ગોળી આંટીને ફૂટેલ બેડું સાંધે. એમાં એક ડોશી ઝપટાય છે. ડોશી મહેણું દે છેઃ 'મારા રોયા નબાપાઓ! બાપનાં વેર તો ગોતો! બાયડીઓનાં બેડાં શું ફોડો છો?' એ મહેણાના માર્યા બેઉ ભાઈઓ મહાપરાક્રમો કરવા નીકળી પડે છે.

'ત્યાં ન જજે!'

ફલાણી દિશામાં ન જજે, ફલાણે ઠેકાણે રાત ન રોકાજે, ફલાણો ઓરડો ઉઘાડીશ મા: એવી મોઘમ સૂચનાના પાલનથી નહિ પણ તેના ઉથાપનથી જ વાર્તા વેગ પકડે, રંગ પકડે, રહસ્ય પકડે, એ પણ એક કરામત લોકવાર્તાઓમાં વપરાઇ છે. 'છડીલખણો ને મનસાગરો' એ નામની વાર્તામાં આ કરામતે કામ કર્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજકુંવર છડીલખણો અને પ્રધાનપુત્ર મનસાગરો, બેઉ દેશાવર ભટકવા નીકળે છે, રસ્તે એક વાવ આવે છે, મનસાગરો પાણી પીવા અંદર ઊતરે છે, પાણી પીતાં પીતાં વાવની ભીંતે લખેલું વાંચે છે: 'અહીં કોઈએ આવવું નહિ, આવવું તો પાણી પીવું નહિ, પાણી પીવું તો રાત રોકાવું નહિ.' આ લેખ જો છડીલખણો વાંચશે તો એ છે અકોણો, જેની ના લખી છે તે જ કરશે, એમ વિચારીને મનસાગરાએ એ શિલાલેખ ઉપર ગારો ચોપડી દીધો; પણ પછી છડીલખણો આવીને પાણી પીતો પીતો રમતમાં ને રમતમાં ભીંતે કોગળા છાંટે છે, તેથી ગારો ધોવાઈ જાય છે, લેખ વંચાય છે અને પોતે હઠ લે છે કે રાત તો આંહીં જ રહેવું.

નિષેધનો ભંગ લાભકર્તા

એ નિષિદ્ધ વર્તન કરવાનું ફળ અનિષ્ટ આવે એ તો સ્વાભાવિક જુક્તિ ગણાય. એને બદલે અહીં તો નિષિદ્ધ આચરણ કરવાથી જ ઘટનાઓની પરંપરા મંડાય છે. બન્ને જણા ઝાડ પર ચડી રાત રહે છે. મોડી રાતે વાવમાંથી જ્વાળાઓ ઊપડે છે. મણિધર નાગ બહાર નીકળે છે, એ પોતાનો માથાનો મણિ ઉતારીને ઝાડ હેઠળ મૂકે છે, ને પછી એ મણિના ઉજાસમાં બે બે ગાઉ ફરતો ચારો કરી પાછો આવી, મણિ લઈ વાવમાં પાછો વળે છે. વળતે દહાડે મનસાગરો નજીકના શહેરમાંથી એક કાંટાદાર બનાવેલું લોઢાનું બકડીઉં લાવે છે, એને દોરી બાંધી રાતે ઝાડ પર બેસે છે, નાગ બહાર નીકળી મણિ ઝાડ હેઠળ મૂકી ચારો કરવા જાય છે, એટલે મનસાગરો દોરી વતી બકડીઉં નીચે ઉતારી બરાબર મણિ પર ઢાંકી દે છે. નાગ આવી પોતાના મણિને ઠેકાણે બકડીઉં દેખી તેને તોડવા તેના પર ફેણ પછાડે છે, ફેણમાં લોઢાના કાંટા (શૂળા) પરોવાઈ જતાં એ મૃત્યુ પામે છે, બેઉ ભાઈબંધ નીચે ઊતરી મણિ લઈ લે છે, ને જ્યાં વાવમાં મણિ ધોવા જાય છે, ત્યાં તો મણિને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રતાપે વાવનું પાણી નીચે ને નીચે ઊતરતું જાય છે, છેવટે નાગ-કન્યાનો મહેલ આવે છે. રાજકુંવર નાગપદમણી સાથે રહે છે. રોજ એઉ જણાં મણિ લઈ મણિને પ્રતાપે પાણીમાં મારગ કરતાં બહાર પૃથ્વી પર ફરવા નીકળે છે. એકવાર બહાર બેઠાં છે એમાં કાંઈક સંચાર થતાં દોટ દઈ વાવમાં ચાલ્યાં જાય છે, ઉતાવળમાં ને ઉતાવળમાં નાગપદમણીની એક મોજડી (કે પછી ઝાંઝરી) વાવ બહાર રહી જાય છે, ત્યાં બીજો એક રાજકુંવર આવે છે તેને આ મોજડી જડે છે, એ વેન લે છે કે આ મોજડી પહેરનારીને જ પરણું. પછી ગાંગલી ઘાંચણ પત્તો મેળવે છે કે આ તો નાગ-પદમણીની મોજડી છે. વાવને કાંઠે જઈ બેઠી બેઠી રુદન કરવા માંડે છે, રુદન સાંભળીને નાગપદમણી બહાર આવે છે, તેને ગાંગલી કહે છે કે હું તારી ફુઈ છું, તારો બાપ નાગ મરી ગયો તેના ખબર પડતાં કાણ્યે આવી છું. નાગપદમણી તો ફુઈને વાવની અંદર લઈ જાય છે, ત્યાં 'ફુઈ' રહે છે, એકવાર ભત્રીજીને લઈ મણિ સાથે બહાર આવે છે, ને પછી મણિ છુપાવી દે છે. વાવનાં પાણી મણિ વિના મારગ દેતાં નથી, ગાંગલી નાગપદમણીનું હરણ કરાવે છે, વગેરે વગેરે પરાક્રમો અને સંકટોની કડીબંધ રચનાથી સજાવેલી આ કથાની સમાપ્તિ સંકટોની પૂર્ણાહુતિ સાથે, વિછોડાયેલાં વહાલાંનાં પુનર્મિલન સાથે અને કૂડ કરનારાંના વિનાશ સાથે આવે છે.

મુદતની માગણી

સંકટમાં પડેલી નાયિકા પોતાનું અપહરણ કરનાર પુરુષને પરણવાની સ્પષ્ટ ના નથી પાડતી પણ છ મહિના, વર્ષ કે બાર વર્ષ સુધી પોતાને વ્રત–પાલન કરવાનું છે અને એ વ્રત પૂરું થયે પોતે ખુશીથી પરણશે એવી યુક્તિ વડે મુદત મેળવી લે છે અને તે દરમિયાન વાર્તાની ઘટનાઓ આગળ ને આગળ વધતી ચાલે ને છેવટ જુદાં પડેલાં સ્વજનોનું ફરી મિલન થાય—એ કરામત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

૮૦ ગ
૨૩૬૩૨
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
ગુરુકુલ કાંગડી

(મોટીફ)થી આપણે અજાણ્યા નથી. લોકવાર્તાના વસ્તુવિકાસમાં આ કરામતની મદદ ઘણી મોટી છે. એ જ પ્રમાણે 'કેમ કરવું ? કરી બતાવો !' એ પણ એક જાણીતી જુક્તિ છે. નાયક અગર નાયિકા કોઈ અઘોરી મંત્રસાધક બાવાના હાથમાં સપડાઈ જાય, બાવો તેલની કડા ઉકાળે, પછી પોતાના ભોગ પડેલ પાત્રને ખોટું ખોટું સમજાવે કે આ કડાને સાત પ્રદક્ષિણા કરતા કરતા મંત્ર ભણવાથી અમુક સિદ્ધિ થશે. (મૂળ હેતુ એ માનવીને અમુક આવશ્યક ક્રિયા પછી એ કકડતી તેલ-કડામાં હોમી સોનાનું ઢીમ બનાવવાનો હોય) પણ આ વખતે તે પાત્ર બાવાનો સંકલ્પ સમજી જાય, બીજી રીતે પોતે નિર્બળ હોવાથી છટકવું અશક્ય બન્યું હોય, પછી પોતે ચાતુરી વાપરીને બાવાને કહે કે 'કેમ સાત આંટા મારવા તે મને બતાવો જોઉં ?' બાવો આગળ ચાલે ને માનવી પાછળ, પછી સાતમે આંટે એ બાવાને જ કડામાં ધકેલી દઈ સોનાનું ઢીમ પણ મેળવે ને પોતાનો પ્રાણ પણ બચાવે, કે જેથી વાર્તા નવું બળ પકડીને નવી ચમત્કૃતિના પટમાં આગળ વેગ પકડે—એ કરામત પણ એક બળવાન 'મોટીફ' છે.

પરચૂરણ કરામતો

તદુપરાંત પરાક્રમ કરવા સંચરતા સાધનહીન વીરને પૂર્વજોના સમયની દેવતાઈ ઘોડી અગર ઘોડો સાંપડી આવે (જેમ કે 'બાપુ ભાલાળા'ની વાતમાં બાપુને 'કાળવી'નો ભેટો થાય છે), લાલીઓ ઘોડો, ઊડણ પાવડી અને ઊડતાં ઝાડ જેવી દેવતાઈ સામગ્રી મળે, મુએલા માણસને એના એકાદ અસ્થિના ટુકડામાંથી પણ સજીવન કરવા માટે અમીનો કૂંપો પ્રાપ્ત થાય અગર મંત્રસિદ્ધિ વરે, સંકટોમાં મુકાવા જતાં નાયક પોતાની સ્ત્રીને એવી કોઈ નિશાની દેતો જાય કે જેની સ્થિતિ પરથી નાયક જીવતો છે કે મરી ગયો છે તેની જાણ થઈ રહે (જેમ કે ફૂલમાળા આપી હોય, તે જો કર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માય તો જાણવું કે નાયક મરી ગયો.), અમુક રાક્ષસનો જીવ તો અમુક ગુફામાં, અમુક વિકટ સ્થાનમાં અમુક પોપટ જેવા પક્ષીની અંદર જ સુરક્ષિત બનેલો હોય, અને એ ભેદ એ રાક્ષસ પાસેથી અમુક રીતે જ કઢાવી લેવાય: આ બધી લોકવાર્તામાં પ્રાણ પૂરનારી જુક્તિઓ સારાયે હિંદની લોકકથાઓમાં વિધવિધ સંકલના રૂપે પડેલી છે, અને તેમાંની ઘણીખરી જુક્તિઓ कथासरित्सागर, વેતાલપચીશી, સુડા બહોંતરી, બત્રીશ પૂતળી, પંચતંત્ર, જાતક-કથાઓ ઇત્યાદિ પ્રાચીન લોકકથાઓના લિપિબદ્ધ સંગ્રહોમાં હાજર છે. આ લિપિબદ્ધ હિંદી કથાગ્રંથોના પ્રથમ આરબ ભાષામાં ને ઇરાની ભાષામાં અનુવાદો થયા. ત્યાંથી એ યુરોપની ભિન્ન ભિન્ન ભાષાઓમાં પ્રવેશ પામી, નામઠામ ને લેબાસ પશ્ચિમના ધારણ કરીને પ્રસરી ગઈ, પણ એમાં અંકિત થયેલ પૌરસ્ત્ય હિંદી રૂપ-રેખાઓ અનામત રહ્યાં, કે જેની સાક્ષીએ આજના પાશ્ચાત્ય વિદ્વાનો પોતાની લોકવાર્તાઓ પરત્વે હિંદી લોકવાર્તાઓનું ઋણ સ્વીકારે છે.

પશ્ચિમમાં ગઈ-બંગાળેથી ?

પણ બંગાળાના કંઠસ્થ લોકકથાસાહિત્યના ઊંડા અભ્યાસી શ્રી દીનેશચંદ્ર સેનનો એવો દાવો છે, કે બંગાળાની ઘટાદાર આમ્ર-કુંજોની અંદર ઊભેલાં માટીનાં ઘાસ-છાજેલ ઘરોમાં તેમની ગ્રામ-વનિતાઓએ સંઘરેલી અને કંઠોપકંઠ કહેલી, સંધ્યાનાં સલજ્જ માલતી-ફૂલો સમી બંગીય લોકવાર્તાઓ કે જે સોળમી શતાબ્દિના મધ્યકાળ સુધી ગ્રંથસ્થ બની જ નહોતી તે છેક યુરોપમાં શી રીતે પગ કરી ગઈ? જવાબ એવો આપે છે કે એ કથાઓનું વાહન બંગાળાનાં નીચલા થરનાં માનવીઓ હતાં, કે જેમણે યુરોપી માનવો સાથે સીધો ને જીવતો સંપર્ક સાધ્યો હતો. દાખલા તરીકે ઈ. સ. ૪૨૦માં કનોજના રાજા સંખલે ઉત્તર હિંદમાંથી લુરી નામની બંસી બજાવણુ જાતિનાં દસ હજાર નર-નારીઓને ઈરાન-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાહ બેહરામ ગોરને ત્યાં એની વિનંતિથી મોકલ્યાં હતાં, ને આ લૂરી લોકો 'જિપ્સી' નામ પામી આખા યુરોપમાં ભમ્યાં હતાં. તેમની આજની ભાષા પણ હિંદી અને હિંદની અન્ય પ્રાંતબોલીઓ સાથે ગાઢ સામ્ય ધરાવે છે. સંભવ છે કે આ લૂરી લોકો હિંદની લોકકથાઓ યુરોપ લઈ ગયા, અગર તો ઢાકાનું મલમલ લઈ યુરોપને કિનારે ઠાલવનારા વહાણવટીઓએ આ લોકકથાઓને અકબંધ ત્યાં ઉતારી.

પાશ્ચાત્ય-પૌરસ્ત્ય સમાન કથાઓ

આવા વિધાનની પુષ્ટિમાં શ્રી દીનેશચંદ્ર સેન નિમ્ન ગંગા-પ્રદેશમાં આજે ય કંઠે કહેવાતી લોકકથાઓની યુરોપી આવૃત્તિઓનાં ઉદાહરણો ટાંકે છે. 'ફેઇથિફુલ જ્હોન'ની 'ગ્રીમ બ્રધર્સ ટેઇલ્સ'-માંની વાર્તા લો. એમાં આ વફાદાર રાજ–બાંધવ પોતાના રાજાને પરણાવી નવી રાણી સાથે જહાજમાં લઈ આવતો હોય છે, ત્યારે એ 'રેવન' પક્ષીઓની વાત સાંભળે છે. એક પંખી કહે છે કે 'જો તો ખરો આ નવાં રાજા–રાણીને.' બીજું બોલે છે કે 'એ જ્યારે કિનારે ઊતરશે ત્યારે એક રાતો ઘોડો એમની સામે આવશે ને જો રાજા એના પર સવારી કરશે તો ઘોડો અસ્વારને લઈ આકાશમાં ભાગી જશે.' પહેલું પૂછે છે કે 'કંઈ ઇલાજ નહિ?' બીજું: 'હા, એનો સવાર તલવારથી એ ઘોડાને હણી નાખે તો જ ઉગાર છે. રાજા બચી જાય, પણ એ ઉગારનારો જો આ વાત કોઈને કહે તો ગોઠણ સુધી પથ્થર બની જાય. પણ એ પછી પાછી બીજી ઘાત છે. રાણી લગ્નના જરિયાની પોશાક પહેરવા જશે, તો એ પોશાકને આગ લાગશે ને રાણી બળી ભસ્મ બનશે' 'હાય હાય! કંઈ ઉગાર નહિ?' 'હા, ઉગાર થશે, જો કોઈક જઈને એ પોશાકને આગમાં નાખી દેશે તો. પણ એ જો વાત બહાર પાડશે તો એનું શરીર ગોઠણથી છાતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લગી પથ્થર બની જશે. પણ તે પછી ત્રીજી ઘાત લગ્ન પછીના નૃત્યમાં આવે છે. રાણી નૃત્ય કરતી કરતી મરવા જેવી પીળી પડી પટકાઈ પડશે. એને જો કોઈ જઈને તેડી લેશે અને એના જમણા સ્તન પરથી લોહીનાં ત્રણ ટીપાં લઈ લેશે, તો એ બચશે. પણ આ વાત બીજાને કહેનારો છાતીથી માથા લગી પથ્થર બની જશે.' આટલું કહીને રેવન–પંખી ઊડી ગયાં. વફાદાર જહોન આ બધી જ શરતો પૂરી કરી દરેક ઘાતમાંથી રાજા–રાણીને બચાવે છે, પણ એના આવા અત્યંત ઠપકાપાત્ર આચરણનો ખુલાસો કરવાની રાજાએ ફરજ પાડવાથી એણે વાત કરી ને એ પથ્થર બની ગયો. પછી રાજાએ પોતાના પહેલા બાળકનો વધ કરીને એનું લોહી છાંટવાથી જહોન જીવતો થયો ને બાળક પણ પ્રભુની દયાથી સજીવન થયો.

બંગાળી બિહંગમ–બિહંગમી

આ યુરોપી વાર્તાની સામે શ્રી. સેન બાબુ 'રૂપમાલા'ની બંગાળી લોકવાર્તા મૂકે છે. એમાં પ્રધાનનો પુત્ર 'ફેઈથફુલ જહોન'નો ભાગ ભજવે છે. યુવાન રાજા અને નવી રાણી રસ્તામાં પડાવ કરી સૂતાં છે, એ સુનકાર પ્રદેશ હોઈ પ્રધાનપુત્ર ચોકી કરતો જાગે છે. અને ઝાડ પર બેઠેલાં બે ભવિષ્યભાખુ બિહંગમ–બિહંગમીનો વાર્તાલાપ સાંભળે છે.

બિહંગમ:–પ્રધાનપુત્ર રાજકુંવરનો જાન નહિ બચાવી શકે.

બિહંગમી:–એમ કેમ ?

બિહંગમ:–રાજકુંવરને માથે ઘણી ઘાતો છે. રાજા કુંવરને લેવા હાથી–ઘોડા મોકલશે, પણ કુંવર હાથી પર બેસશે એટલે એ પડીને મરી જશે.

બિહંગમી:–પણ ધારો કે કોઈ કુંવરને હાથીએ ચડતો રોકે તો ?

બિહંગમ:–હા, તો એ ઘાતમાંથી બચે પણ તો બીજી ઘાત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવે. કુંવર મહેલના સિંહદ્વારમાં પ્રવેશશે ત્યારે દરવાજો પડશે ને કુંવરને ચગદી નાખશે.

બિહંગમી:–પણ ધારો કે કોઇક જઈને પહેલેથી જ દરવાજાને તોડાવી પાડે તો?

બિહંગમ:–તો બચશે; પણ તો પછી ત્રીજી ઘાત છે. એ મેહફિલમાં જમવા બેસશે તો રાંધેલ માછલીનું ડોકું પહેલે જ કોળીએ એના ગળામાં સલવાઈ રહેશે ને એ મરણ પામશે

બિહંગમઃ–પણ કોઇકિ જઈને એ પહેલો જ કોળીઓ એના હાથમાંથી પડાવી લે તો?

બિહંગમ:–તો બચશે. પણ તો ચોથી ઘાત છે. કુંવર ને રાણી શયનગૃહમાં સૂતાં હશે ત્યાં નાગ આવી ડસશે.

બિહંગમી:–પણ કોઇકિ ત્યાં હાજર રહી નાગને મારી નાખે તો?

બિહંગમ:–હા, તો બચે, પણ એ માણુસ જો આપણી વચ્ચે થયેલી આ વાત રાજકુંવરને કહેશે તો એ પથ્થર બની જશે.

બિહંગમી:–પણ એ પથ્થરને પાછો માનવી બનાવવાનો કોઈ ઇલાજ નથી શું?

બિહંગમ:–હા માનવી બને, જો રાજકુંવર પોતાના પહેલા જ જન્મનાર બાળકના લોહીમાં પથ્થરને નવરાવે તો.

આ બંગીય લોકકથામાં છેવટે પેલી યુરોપી કથાના જેવું જ બને છે. અને રાજકુંવરનો બાળક માતા કાલીની કૃપાથી જીવતો થાય છે. બેઉ કથાઓ વચ્ચેનાં સામ્ય–તત્ત્વો સબળપણે ઊપસી આવે છે. અને 'ગ્રીમ બ્રધર્સ ટેઇલ્સ' જ્યારે ૧૮૨૩માં અંગ્રેજીમાં ઊતરી ત્યારે આ 'ફેઈથફુલ જહોન'ની વાર્તા વિશે વિવેચકનું એવું વિધાન હતું કે વાર્તા વિલક્ષણ છે અને એટલાં બધાં પૌરસ્ત્ય તત્ત્વોથી ભરપૂર છે કે વાચક 'અરેબીઅન નાઈટ્સ'ના આનંદ–રસમાં ઝબકોળાઈ જશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાવી ભાખનારાં પક્ષી સર્વત્ર છે.

શ્રી સેન લખે છે કે 'પૌરસ્ત્ય સાહિત્યનો કોઈ પણ કાળજીવાન અભ્યાસી જોઈ શકશે કે આ કથામાં અરેબીઅન નાઈટ્સનું બેલગામ કલ્પના-તરંગોવાળું માત્ર નાનાં છોકરાંને ખુશ કરવાના લક્ષ્યવાળું વાતાવરણ નથી. હિંદી કથાઓમાં તો કલ્પનાતરંગોને તળીએ ઊંડો નીતિ-મર્મ અને નૈતિક સુબોધ હોય છે. આ કથામાં મિત્રને માટે સર્વસ્વ હોમી દેનાર સેવકનો-સખ્યનો ઉચ્ચ ભાવ છે. એ સખ્યનો આદર્શ આ વાર્તાને હિંદની જ પુરવાર કરે છે.' એટલેથી જ ન અટકતાં શ્રી સેન આ કથાની મૂળ જન્મભૂમિ બંગાળને જ ઠરાવવા જાય છે, કારણકે બંગાળની સેંકડો વાર્તાઓમાં ભવિષ્યવાણી ભાખનારાં બિહંગમ-બિહંગમી પક્ષી આવે છે.

આવો દાવો વિચારતી વેળા આપણે ગુજરાત-કાઠિયાવાડની બરાબર આ જ કથા મનસાગરો (દાદાજીની વાતો : વાર્તા પહેલી) નહિ ભૂલી શકીએ. એ સોરઠી-ગુજરાતી કથા વાંચો, તમને એ તળપદી લાગશે.

જેણે બંગાળાની 'રૂપમાલા' નામે કદી સાંભળ્યાનો સંભવ નથી તેવા એક સૌરાષ્ટ્રના આંતર પ્રદેશમાં રહેનાર નિરક્ષર વાર્તાકાર જેઠા રાવળે કહેલી એ 'મનસાગરો'ની કથામાં આમ છે-

'વડલાને છાંયે રાજાના રસાલાએ રાતવાસો રહેવા મુકામ નાખ્યા છે. રાવટીમાં રાજા ને રાણી પોઢયાં છે અને મનસાગરો બેઠો બેઠો ઉઘાડી તરવારે ધણીની ચોકી કરે છે.

અધરાતનો ગજર ભાંગ્યો તે વખતે વડલાની ઘટામાં બે પંખીએ વાતો કરવા માંડી—

'અરે હે ગરુડપંખણી !'

'શું કહો છો ગરુડપંખી !'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'આપણે આંગણે આજ રાજા-રાણી મહેમાન છે. પણ આવતી કાલ એનું રાજ રાંડી પડશે.'

'કેમ ?'

'આ રાજાને માથે આવતી કાલ છ ઘાતો છે.'

'કઈ કઈ ?'

'આંહીંથી રથ જોડીને હાલશે એટલે એને માથે આ વડલાની ડાળ ફસકીને તાટકશે અને રાજા-રાણીને કચરી નાખશે.'

'એમાંથી એને કોઈ ન બચાવે ?'

'હા, બીજે માર્ગેથી રથ હાંકી જાય તો રાજા-રાણી બચે, પણ થોડે જાશે ત્યાં બે ડુંગરા આવશે. જીવતું જાનવર વચ્ચે થઈને નીકળે કે તુરત એ બે ડુંગરા સામસામા દોડીને ભટકાય છે ત્યાં આ રાજા ને રાણી છુંદાઈ જશે.'

'એમાથી બચે તો ?'

'તો રસ્તે હીરાજડિત સોનાનો વેઢ પડ્યો હશે તેમાં રાજાનો જીવ લલચાશે; લેવા જાશે કે તરત તંબોળીઓ નાગ થઇ ને ફટકાવશે.'

'તેમાંથી બચે તો ?'

'તો રાજધાનીમાં સામૈયાનો ઘોડો આવશે તે રાજાને પછાડીને ફોદેફોદા કાઢી નાખશે.'

'એમાંથી બચે તો ?'

'તો છેલ્લી ઘાત રાતે આવશે. રાજા-રાણી બેય પહેલા પહોરની મીઠી નીંદરમાં પડ્યાં હશે તે વખતે એક કાળી નાગણી છાપરામાંથી નીકળશે, એના મોંમાંથી ઝેરનું ટીપું બરાબર સૂતેલી રાણીના ગાલ માથે પડશે. રાજા જાગીને ગાલ માથે બચ્ચી લેશે એટલે ઝેર એનાં પેટમાં જાશે. પલમાં જ એના પ્રાણ નીકળી જશે.

'પણ હે ગરુડપંખણી ! આ વાત જો કોઇ સાંભળીને બીજાને મોંયે કરે તો એ કહેનાર માનવી પથરો બની જાય.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલી વાત કરીને પંખી પોઢી ગયાં.'

(દાદાજીની વાતો : મનસાગરો પા. ૨૧)

શ્રી સેન કહે છે કે ભાવી ભાખનારાં બિહંગમ–બિહંગમી ઘણી બંગાળી લોકકથાઓમાં આવે છે, તો આપણે કહી શકીએ કે આ ગરુડપંખી–ગરુડપંખણી આપણી સંખ્યાબંધ વાતોમાં હાજર છે; તો બુંદેલખંડીઓ કહેશે કે ભાઈ, એ તો અમારે ત્યાં પણ છે.

બંગાળી સુખુ–દુખુ

શ્રી સેન તે પછી વિશેષ દૃષ્ટાંતો ટાંકીને યુરોપી–બંગાળી લોકવાર્તાઓ વચ્ચે સામ્ય બતાવે છે: ગ્રીમ બ્રધર્સની 'The Giant with three golden hairs'ને આપણી 'ચંદ્રહાસ' કથાની જ યુરોપી આવૃત્તિ કહે છે. શીત–વસંત નામના બે ભાઈઓની વાત, કે જેમાં બે પંખીઓ આવે છે, ને એમની વાણી પ્રમાણે બેઉ ભાઈ એક એક પંખીનો ભક્ષ કરી જાય છે એટલે તેના મોંમાંથી રતન ઝરે છે, એ વાતને શ્રી સેન ગ્રીમ બ્રધર્સ ટેઇલ્સમાંની Salad નામની વાર્તા સામે મૂકે છે; બંગાળી 'સુખુ અને દુખુ'નું સામ્ય 'મધર હોલ્લે' સાથે સ્થાપિત કરે છે, અને એ તમામ તુલનાઓનું તારતમ્ય એવું કાઢે છે કે આ વાર્તાઓ બંગાળાને તીરેથી જ યુરોપમાં ગઈ છે, કારણ કે (૧) હિંદની સર્વોત્કૃષ્ટ સંસ્કારિતા અને વિદ્યાનું ધામ સદીઓ સુધી મગધ હતું (૨) આ મગધનાં ખંડિયેરોમાંથી જ બંગાળાનાં કેટલાંક નગરો ખડાં થયાં છે. (૩) બંગાળના સભ્ય અને ભદ્રલોક સમાજે એ પુરાતન હિંદનાં પાટનગરના સંસ્કારો આદર્શોનો વારસો મેળવ્યો છે. (૪) મગધ, ચંપ અને બંગ એ તે યશસ્વી મગધકાળના ત્રણ પ્રાંતો હતા. અને બાકીની દુનિયા પર મગધ–સંસ્કૃતિનો ઊંડો પ્રભાવ પડતો. એ ત્રણેને યુરોપ જોડે સંપર્ક હતો.

હવે આ દાવાના આધારમાં યુરોપી વાર્તાઓનાં આદિ જનક-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જનની તરીકે જે બંગાળી લોકવાર્તાઓને શ્રી સેન રજૂ કરે છે તે બંગાળી વાર્તાઓ તો ઉપર 'મનસાગરો' નામની શુદ્ધ સોરઠી લોકકથા ચીંધાડીને આપણે બતાવ્યું છે તેમ આપણી સોરઠી વાર્તાઓ સાથે પણ સામ્ય ધરાવે છે. 'ચંદ્રહાસ'ની વાર્તા બંગાળી શી રીતે? આપણે ત્યાં ચંદ્રહાસનું જે નાટક થતું તેના મૂળમાં આપણી જ કોઈ વાર્તા છે કે નહિ તે હું જાણતો નથી. પણ 'સુખુદુખુ'ની બંગાળી વાર્તામાં તો આપણી શુદ્ધ ગુજરાતી વ્રત-કથા 'શીતળા સાતમની વાર્તા'નું પાંખું અનુકરણ છે. બંગાળી 'સુખુ આર દુખુ'માં—

ગરીબ દીકરી દુખુને એની મા તાપમાં રૂ સૂકવવા કહે છે. પવનનો ઝપાટો રૂને ઉપાડી જાય છે. રડતી દુખુને પવન કહે છે કે રડ ના, મારી પાછળ આવ, હું તારું રૂ પાછું આપીશ. રડતી ગડતી પવન પાછળ જતી દુખુને માર્ગમાં ગાય મળે છે ને પોતાની ગમાણુમાંથી છાણુવાસીદું કરતી જવા કહે છે. પ્રાણી પ્રત્યેની અનુકંપાથી દુખુ એ કરતી જાય છે. પછી એક જામફળી મળે છે એ કહે છે કે દયા કરીને મારા થડને ઢાંકી દેનાર ઘાસને નીંદતી જા. ત્રીજો એક છોડ મળે છે એ પોતાનાં મૂળ પર ચડેલ ધૂળ વાળવા વીનવે છે. ઘોડો મળે છે તે દુઃખુને થોડું ખડ આપવા કહે છે, છેવટે એક ડોશી મળે છે એ એને ત્રૂઠે છે, હીરચીર, દરદાગીના ને જરજવાહિર આપે છે, ને પાછા વળતાં પેલાં બધાં પશુપંખી-વનસ્પતિઓ જેમને પોતે મદદ કરી છે તે દુખુને ભેટો આપે છે. પછી એ સર્વ જોઈને એની નઠારી બેન સુખુ પણ વળતે દિવસે એ જ પ્રમાણે પવન પાછળ દોડતી દોડતી, રસ્તે મળેલાં પેલાં સર્વ સત્ત્વોની સેવા કરવાને બદલે તુચ્છકાર કરી ચાલી જાય છે, અને છેવટે રેંટીઓ કાંતતી બેઠેલ ડોશીને દૂભવે છે. પરિણામે એ ઊલટી જ દશા પામી પાછી વળે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાશ્ચાત્ય 'મધર હોલ્લે'

પાશ્ચાત્ય કથા 'મધર હોલ્લે'માં પણ ભલી ને નઠારી બે બહેનો માંહેની ભલી ગરીબ છોકરી પોતાની કૂવામાં પડી ગયેલી ત્રાક શોધવા જંગલમાં જાય છે ત્યાં રસ્તે એક ઝૂંપડીમાં ચૂલા પર એક રોટલો બળી જતો હતો તેને એ બહાર કાઢે છે, આગળ જતાં પાકાં 'એપલ' ફળોએ લચી રહેલ ઝાડ આવે છે જે કહે છે કે મને હલાવ ને મારાં ફળો બધાં લઈ લે, નકામાં જશે. છેવટે એક ડોશી મળીને એને સોનેરૂપે સજી આપે છે. પછી એની નઠારી બહેન એ જ રીતે જાય છે, પણ એ કોઈને મદદ કરતી નથી, ગાળો દેતી જાય છે, છેવટે પેલી ડોશીને પણ દૂભવવાને પરિણામે એ ડોશીરૂપધારી પરી એને ત્રૂઠવાને બદલે રૂઠે છે.

સોરઠી 'શીતળા સાતમ'

સોરઠી 'શીતળા સાતમ'ની વાર્તામાં એક ગરીબ સ્ત્રી શીતળા સાતમની આગલી રાતે નિયમ પ્રમાણે ચૂલો ઠારવાનું વીસરી જઈ થાકીપાકી ઊંઘી રહે છે. શીતળા મા ચૂલામાં આળોટવા આવેલાં. શીતળા મા દાઝે છે, એને પરિણામે બાઈનો બાળપુત્ર બળી ભડથું થઈ જાય છે, એ તો બાળકને લઈ શીતળા માની શોધમાં ચાલે છે, માર્ગે એને આટલાં સત્ત્વો મળે છેઃ બે તળાવડીઓ કે જેનાં ભર્યાં ભર્યાં નીર કોઈ પંખી પણ પીતું નથી; આંબો કે જેની લૂંબઝૂંબ પાકી કેરીઓ કોઈ ખાતું નથી; સાંઢડી કે જેને ગળે બાંધેલ ઘંટીનું પડ કોઈ છોડવી શકતું નથી; મગરમચ્છ કે જે પાણીમાં જઈ શકતો નથી ને દરિયાકાંઠે ધગધગતી રેતીમાં પડ્યો પડ્યો લોચે છે; બે પાડા કે જે લડ્યા જ કરે છે, છૂટા પડી શકતા નથી. એ બધાં બાઈને ઊભી રાખી પોતાની દુર્દશાનો સંદેશો પણ શીતળા માને મોકલે છે, ને પોતાનો છુટકારો કેમ થાય તે પૂછતી આવવા કહે છે. છેવટે ડોશી મળે છે તેની પણ આ બાઈ સેવા કરી શાંતિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચમાડે છે. પરિણામે છોકરો સજીવન થાય છે, ને પેલાં પશુપ્રાણી-ઝાડોનો દરેકનો ખુલાસો પૂછતાં એ પ્રત્યેકે પૂર્વજન્મમાં માનવ-દેહે શાં શાં અપકૃત્યો કર્યાં છે કે જેને પરિણામે આ જન્મે વિફલ-તાનો શાપ ભોગવતાં હોય છે તેનો ખુલાસો મેળવે છે અને એ પ્રત્યેકની દુર્દશાને પલટાવી નાખવાનું વરદાન પામી પાછી વળે છે. પણ એ જ પ્રમાણે એની દુષ્ટ જેઠાણી કેવળ લાભ ખાટવાની દાનતથી કરે છે, અને રસ્તે જતાં કોઈનો સંદેશો લઈ જતી નથી, પરિણામે એનું અનિષ્ટ થાય છે.

(જુઓ કંકાવટી ભા. ૧ : શીતળા સાતમ)

એ જ પ્રકાર અન્ય પ્રદેશોમાં

હવે આ વાર્તા–પ્રકાર નથી તો પાશ્ચાત્ય પેદાશ, નથી એકલો બંગાળી પ્રકાર કે નથી માત્ર સોરઠી પ્રકાર, પણ હિંદવ્યાપક છે. તેની ભાળ આપણને વેરીઅર એલ્વીનના તાજા બહાર પડેલ 'ફોક–ટેલ્સ ઑફ મહાકોશલ'માંથી સાંપડે છે: (જુઓ એનું પ્રકરણ ૧૧ મું: ધી હીરો ઓન પિલ્ગ્રીમેજ)

સીમલા પ્રદેશની વાર્તા:–એક ગરીબ જમીનદાર કિસ્મતની શોધમાં નીકળે છે. રસ્તે પહેલો રાજા મળે છે ને કહે છે કે મારો મહેલ રોજ બાંધું ને રોજ પડી જાય છે એનું કારણ કિસ્મતને પૂછતો આવીશ? પછી એક જળચર કહે છે કે જળમાં રહું છું છતાં બળું બળું કેમ થાઉં છું તે પૂછીશ? પછી ફળઝાડ કહે છે કે મારાં ફળ કડવાં કેમ? છેવટે બાર વર્ષથી ઊંઘતો ફકીર મળે છે તે જ કિસ્મત છે. એ ખુલાસા કરે છે કે રાજાનો મહેલ પડી જાય છે કારણ કે એણે દીકરીને પરણાવી નથી; જળચર બળું બળું થાય છે કારણ કે એ જ્ઞાનવાન છતાં મતલબી હોઈ જ્ઞાન કોઈને દેતો નથી. ફળઝાડનાં ફળ કડવાં ઝેર આવે છે કેમ કે એની નીચે માયા દાટેલી છે. જમીનદાર એ જ માર્ગે પાછો વળે છે, રાજાની કુંવરીને પોતે જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરણે છે તેથી મહેલ પડતો અટકે છે. જળચર બળું બળું થતો અટકે છે કારણ કે પોતાનું અરધું જ્ઞાન એ આ જમીનદારને આપે છે, ફળઝાડનાં ફળ મીઠાં બને છે કારણકે એની નીચેથી આ જમીનદાર માયાનો ચરુ ખોદી લે છે. (આ કથા મિસિસ ડ્રેકોટે મેળવી છે.)

સરખાવો સોરઠી 'શીતળા સાતમ'માંનો મગરમચ્છ ને આંબો. એ બેઉની પણ એ જ રીતે મુક્તિ થાય છે.

કિસ્મતની શોધમાં

પશ્ચિમ હિંદની કથા 'પોઢેલું કિસ્મત' એમાં એક ધનિકનો ગરીબ ભાઈ સાગરને પાર સૂતેલા કિસ્મતની શોધે નીકળે છે. રસ્તે આંબો, રાજા ને ઘોડો મળે છે. એમની દુર્દશાના પણ કિસ્મત ખુલાસા કરે છે તે ઉપર મુજબ છે. ઘોડાને અસ્વાર મળતો નથી તે દુઃખ છે. છેવટે એ બધાનો લાભ એ ગરીબને મળે છે.

બિહારી લોકવાર્તા (શરત્‌ચંદ્ર મિત્રે લખેલી): એમાં પણ બ્રાહ્મણ રૂપધારી ભગવાનને ગોતવા નીકળેલા ડોશીના ગરીબ પુત્રને એક રાજા મળે છે કે જેનો બાંધેલો સેતુ પડી જતો હોય છે. એક સાધુ ને એની સ્ત્રી મળે છે કે જેમને કોઈ શિષ્ય ભેટતો નથી; બે પકુર ઝાડ મળે છે કે જેમાંનું એક સુકાઈ ગયું છે. હાથી મળે છે કે જેની સૂંઢ ઝાડની ડાળીમાં અટવાઈ ગઈ છે. એ સૌના ખુલાસા બ્રાહ્મણરૂપે ભગવાન ભેટે છે ત્યારે કરે છે કે—હાથીની દુર્દશાનું કારણ કે એણે પોતાની પીઠ પર લોકોને બેસાર્યા નથી: ઝાડ સુકાયું છે કારણ કે એની હેઠળ માયાના સાત ચરુ છેઃ સાધુ દુઃખી છે કારણ કે વિદ્યા એણે કોઈને આપી નથી. રાજાનો સેતુ તૂટી પડે છે કારણ કે દીકરીને પરણાવી નથી. પછી આ છોકરો જ પાછો જઈ હાથી પર ચડે છે, ચડીને સુકાયેલા ઝાડ પાસે જઈ માયાના સાત ચરુ ખોદી લે છે, સાધુની બધી વિદ્યા શીખી લે છે, ને રાજાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુંવરીને પરણે છે. સોરઠી 'શીતળા સાતમ'નાં પાત્રો સાથે આ પાત્રોનો મેળ મળે છે.

તે પછી બંગાળાની બે વ્રતકથાઓ ટાંકી છે તેમાં તો સોરઠી કથાનાં બાકી રહેલાં પાત્રો પણ અણીશુદ્ધ મળતાં આવે છેઃ દા. ત. બે તળાવડીઓ અને મગર.

મુસ્લિમ વાર્તા

આવો પ્રકાર મુસ્લિમ વાર્તામાં પણ મળે છે. મુલ્લા ઈલાહી નામના એક બખ્ત્યારે કહેલી એ વાર્તાને ડી. એલ. આર. લોટીમરે અંગ્રેજીમાં ઉતારી છે. એમાં એક ધનિકનો ગરીબ ભાઈ કિસ્મતની શોધે જતાં રસ્તે એક અફળ ઝાડને, વસ્તી જેની વીફરેલી રહે છે તેવા રાજાને, ભક્ષ ન પામતા વરુને, વગેરેને મળી તેમના પ્રશ્નો લેતો જાય છે, કિસ્મત સૂતું છે તેને લાત મારી જગાડે છે, બધાંના ખુલાસા પૂછે છે, જવાબ જડે છે કે ઝાડ અફળ છે કારણ કે નીચે માયા છે; વસ્તી વીફરે છે કારણ કે રાજા પુરુષ નથી પણ મરદવેશે ઓરત છે; ને વરુને કોઈ મૂરખ મળતો નથી; માટે ઝાડ હેઠળથી માયા ખસે, રાજાવેશી ઓરત પરણી લ્યે, ને વરુ એને જે મૂરખ માણસ ભેટે તેનો ભક્ષ કરી જાય, તો છુટકારો થાય. પછી આ વાર્તામાં એ ગરીબ માણસ પાછો વળે છે પણ ઝાડ હેઠળથી માયા લેતો નથી. રાજાવેશી રાણી એને પરણવાના કોડ સેવે છે છતાં એ મૂર્ખ પરણતો નથી, એટલે છેવટે એ મૂર્ખને વરુ ભક્ષી જાય છે.

હવે આ મુસ્લિમ પાઠાંતરમાં પૂર્વાર્ધને છોડી દેવાયો લાગે છે. કારણકે આ પ્રકારની પ્રત્યેક વાર્તામાં પ્રથમ સારો ગરીબ માણસ કે સારી સ્ત્રી નમ્ર બની સવળું આચરણ કરે છે તેથી રૂડાં ફળ પામે છે ને પછી એની પ્રાપ્તિ દેખી ઈર્ષાપ્રેરિત બનેલું બીજું નઠારું માણસ એની નકલ કરવા નીકળે છે પણ તુમાખીપણું ને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તોછડાઈ બતાવે છે તેથી સંતાપ પામે છે. દેખીતી રીતે જ આ મુસ્લિમ વાર્તામાંથી સંશોધકે એક પાંખીઉં ગુમાવ્યું છે.

સોરઠી કથાની સુરેખતા

આ તમામ પાઠાંતરોની સરખામણીમાં મને આપણી શીતળા સાતમની વાર્તા સુરેખ, સુમેળવંતી અને બુદ્ધિમાં, કલાદષ્ટિમાં, કલ્પનામાં બંધબેસતી લાગી છે. ઉપરાંત એમાં તો પૂર્વજન્મનાં આચરણોની સુસંગત રચના છે—

તળાવડીઓ:—આગલે જન્મે દેરાણી–જેઠાણી હતી, ખાટી–મોળી છાશ ભેળસેળ કરીને લોકોને દેતી.

આંબો:—ધનવાન હતો, પણ કંજૂસ હતો. ધન પરાર્થે વાવર્યું નહિ.

સાંઢડી:—એક સ્ત્રી હતી, ઘેર ઘંટી હતી, કોઈને દળવા દીધું નહોતું.

મગરમચ્છ:—વેદવાન બ્રાહ્મણ હતો, ચારે વેદ કંઠે હતા પણ કોઈને સંભળાવ્યા નહિ.

બે પાડા:—ગામના બે મુખી–પટેલો હતા, ખટપટો ને કલહ જ કરતા.

બંગાળી દાવો વધુપડતો છે.

પૂર્વજન્મમાં કરેલાં કૃત્યો અને એની આ જન્મે સાંપડેલી પરિણતી, એ બે વચ્ચે જે સુમેળ આ સોરઠી વાર્તામાં જોવા મળે છે તે ઉપર નિર્દેશેલી કોઇ પણ વાર્તામાં નથી. તે છતાં મારો મુદ્દો એ નથી કે આ તમામ કથાઓનું મૂળ સોરઠી પાઠમાં છે. મારો મુદ્દો તો આવી કોઈ પણ કથાના બંગાળામાં પ્રવર્તતા પ્રકાર પરથી એનું મૂળ પ્રભવસ્થાન બંગાળાનાં આંબાવાડિયાંની ઘેરી ઘટામાં ઊભેલાં સુંદર ગ્રામઘરોમાં રહેનારી વનિતાઓ છે એમ ન કહી શકાય, અથવા એમ પણ અનુમાન ન કરાય કે બંગાળાને સાગર-તીરેથી જ આ કથાઓ ઈરાન, અરબસ્તાન ને યુરોપ પહોંચી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કારણકે ગુજરાત–કાઠિયાવાડનો દરિયાકાંઠો પણ બંગાળાના જેટલો જ સફરી વ્યાપારે ધીકતો હતો. એનાં જહાજો પણ ઇરાની આરબી સાગર–તીરે જઈ નાંગરતાં હતાં, તેમ ઇરાની અરબી નાવિકો પણ સોરઠ–ગુર્જર દેશને બંદરે આવતા, અહીં જાયૂકનો યે નિવાસ કરતા. વળી આ કથાઓ બૌદ્ધ–કાળની પેદાશો છે એમ શ્રી. સેન કહે છે તે સાચું હોય તો પણ, સૌરાષ્ટ્રદેશને ફાળે એની ઉત્પત્તિ ન જાય તેવું કારણ નથી. અહીં પણ મગધ સામ્રાજ્યનો બૌદ્ધ–કાળ એકવાર તપ્યો હતો. અન્ય ભારત–પ્રદેશોની ભૂમિ પણ બૌદ્ધ સંસ્કારસાહિત્યજળે સીંચાઈ હતી. એ વાવેતર અખિલ-હિંદી હતું. એનાં બીઆં ઠેર ઠેર વેરાયાં હતાં.

ભારતી કથાતત્ત્વ વિ૦ આરબી ઇરાની કથાતત્ત્વ

શ્રી. સેનની એક વાત સાચી છે, કે પૌરસ્ત્ય સંસ્કારોએ ઝગારા મારતી પાશ્ચાત્ય લોકકથાઓને આરબી કે ઇરાની પેદાશ માનવામાં અને એને 'અરેબીઅન નાઇટ્સ'ની એક હજાર ને એક વાર્તાઓની જોડે ગૂંચવી મારવામાં પાશ્ચાત્ય વિવેચકો ભીંત ભૂલ્યા છે. 'શુદ્ધ ઇરાની આરબી લોકકથાઓની ને શુદ્ધ ભારત-વર્ષીય લોકવાર્તાઓની વચ્ચે મહત્ત્વનો ભેદ છે. ઇરાની–આરબી પેદાશના કથાસાહિત્યમાં નીતિ–તત્ત્વ પ્રત્યેનો ઝોક ઓછો હોય છે. ઘણીખરી હિન્દી લોકકથાઓમાં પ્રાણી–પાત્રો આવે છે ત્યારે ઇરાની–આરબી કથાઓમાં જન, ખવીસ અને પરીઓ વિશેષ રમણ કરે છે. મુસ્લિમ દુનિયાની વાર્તાઓમાં દિવ્ય સત્ત્વો ચમત્કારો કરે છે, અને પ્રેમના વ્યાપારોમાં આવતાં વર્ણનો વધુ પડતાં વાસનોત્તેજક હોય છે, ત્યારે ભારતીય વાર્તાઓમાં વધુ જોર સદ્‌ગુણ અને શીલ પર ત્રૂઠવાની વાતને તેમ જ નમ્ર અને નિર્બળ પક્ષની વહાર કરવાના મુદ્દાને અપાયું છે. પહેલા પ્રકારમાં જે ભાગ પરીઓ ભજવે છે તે બીજા પ્રકારમાં સ્વર્ગની અપ્સરાઓ ભજવતી હોય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. 'અરેબીઅન નાઈટ્સ'નું વાતાવરણ જાદુથી, બેલગામ તરંગોથી, અને સુંવાળી અશક્યતાઓથી ગૂંગળાવી નાખે છે. માનવસહજ મનોર્મિઓ અને સંવેદનો હિંદી વાર્તાસૃષ્ટિમાં લીલા ખેલે છે.

પ્રાંતભેદે વ્યક્તિગત કલાવિધાન

હિંદ દેશની લોકવાર્તાઓનાં મૂળિયાં આમ પ્રાચીન બૃહત્કથા, કથાસરિત્સાગર, જાતકકથાઓ વગેરેની વાર્તાભૂમિમાંથી પોષણ મેળવે છે તે તો નિર્વિવાદ છે. છતાં પ્રાંતપ્રાંતની કથાઓને પોતપોતાનું નિરાળું વ્યક્તિત્વ છે તે પણ એટલું જ નિશ્ચિત છે. એ વ્યક્તિત્વ એના વિશિષ્ટ શિલ્પવિધાનમાં રહેલું છે; દાદાજીની વાતો અને રંગ છે બારોટ, બેઉમાં એ સ્વયંપ્રતીત છે. વિક્રમ અને ખાપરાની પહેલી જ વાતમાં પાત્રોના વાર્તાલાપ, પ્રસંગોની મેળવણી, વાર્તાનો ઉપાડ, અંદર આવતા મંત્રો, પાત્રવર્ણનો, બધું જ સોરઠી શિલ્પની સ્પષ્ટ છાપ ધરાવે છે. એનું જે કંઠસ્થ સ્વરૂપ તે જ અહીં ગ્રંથસ્થ આવૃત્તિમાં અણીશુદ્ધ રાખવામાં આવ્યું છે. એ વાર્તાઓમાં જણાઈ આવતા પદ્યાંશોમાં બે ભાત પડે છે. એક છે તે પ્રત્યેક વાર્તાનો વ્યક્તિગત વિભાગ છે. બાપુ ભાલાળો, કાઠીકુળ, દરિયાપીરની દીકરી, જનમના જોગી, ચંદણ–મેણાંગરી, એમાં આવતા પદ્યવિભાગ એના પોતાના જ છે. અન્ય કથાઓમાં વીર, વિયોગ, શોક, હાસ્ય વગેરે રસના ઉદ્દીપક પદ્ય–ખંડો, અગર તો નિદ્રાવિહીનોની દશા વર્ણવતા દુહા, પદ્મણી વગેરે નારીઓના પ્રકારો વર્ણવતી પદ્ય–પંક્તિઓ, નાગનાં નવ કુળની ટીપ, ચૌદ વિદ્યાઓની પિછાનની કાવ્યપંક્તિઓ, એ તો વાર્તાકારની નિજનિજની રીતે ટંકાતાં, લોકવાણીના મહાસિંધુમાં તરતાં સાર્વજનિક સુભાષિતો છે.

મેં સંગ્રહેલી વાર્તાઓમાં લોકકથાઓ જે સ્વરૂપે અને ભાષામાં મને મળેલ છે તે સ્વરૂપ ને ભાષાને અકબંધ મૂકવાની મારી દૃષ્ટિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. પરંતુ 'દરિયાપીરની દીકરી' અને 'ખાનિયો' જેવી કથાઓ અસલ લોકવાર્તાકાર પાસેથી સીધી નહિ પણ અન્ય માધ્યમો દ્વારા સાંપડી હોઈ તેને મારી શૈલીએ મૂકવી પડી છે. બાકી ઘટનાઓ અગર ભાવો તો મૂળ હતાં તેમ જ સાચવ્યાં છે.

'ચંદણ–મેણાંગરી'ની લોકકથામાં મારવાડી બોલીની છાંટ છે, કારણ કે એ કથનાર લુવારિયા લોકો અસલ થરાદ તરફથી ઊતરી આવેલાં, અને ગૂજરાતમાં ત્રણ પેઢીથી ચિરવાસ કરી રહેલ તથાપિ પોતાનાં રીતરિવાજની માફક પોતાની બોલીને પણ શુદ્ધ તળપદે સ્વરૂપે સાચવી રહેલ છે.

'કાઠીકુળ' એ આ સંગ્રહમાં જુદી ભાત પાડે છે. એ ઇતિહાસના પ્રદેશમાં જાય તેવી છે, છતાં જેઠા બારોટના કથા-ભંડોળમાંની સામગ્રી હોઈ એક નમૂના લેખે મૂકી છે.

'જનમના જોગી' એ રાજવી ભર્તૃહરિની જાણીતી કથાને સંઘરતું કાવ્ય છે. એ શુદ્ધ લોકકાવ્ય હોવાથી એક મુદ્દા પર મહત્ત્વનો પ્રકાશ પાડે છે. રાણી પિંગલાના દુશ્ચારિત્ર્યની, એના કહેવાતા પ્રેમિક અશ્વપાલની, અગર તો અમરફળની જે બિના ભર્તૃહરિને વૈરાગ્ય તરફ વાળી જનારી લેખે પ્રચલિત છે, તેનો આ ભજનમાં લેશમાત્ર ઉલ્લેખ નથી. નહિ તો એવી આકર્ષક સામગ્રીને લોકકાવ્ય જતી કરે નહિ. એ પરથી વધુ જોરથી કહી શકાય કે મજકૂર બિના ક્ષેપક અને આધુનિક હોવી જોઈએ.

વાર્તા પહેલી 'વિક્રમ ને ખાપરો'માં અંતે વિક્રમે ભાણુમતી રાણીને માથું મૂંડાવી કાઢી મૂકી, એ બિના બરાબર નથી. વિક્રમનો તો તમામ વિક્રમ–કથાઓમાં એ જ ઉચ્ચ સંસ્કાર છે કે પોતાનું ભૂરું કરનારને પણ પોતે કષ્ટ દેતો નથી. એ દોષ સ્મૃતિ-ભ્રંશને લીધે મારો જ થયો છે, જેઠા બારોટનો નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ પ્રવેશક લખવામાં 'મોટીફ'ના વિષય પર મને મૂલ્યવંત માહિતી શ્રી વેરીઅર એલ્વીનના નવા પ્રકટ થયેલ અંગ્રેજી પુસ્તક 'ધ ફોકટેલ્સ ઓફ મહાકોશલ'માંથી મળી છે.

લોકસાહિત્યના વાર્તાપ્રદેશ પર આ તો મારા તરફથી પથ-નિર્દેશ જ છે. જેઓ સંશોધન કરવા પ્રેરાશે તેઓને પોતપોતાનાં ગામોમાંથી પણ પુષ્કળ સામગ્રી મળી શકશે. સૂચના એટલી જ કે મૂળ કંઠસ્થ સ્વરૂપને કશા ફેરફાર વગર પકડી લેવું.

ઝવેરચંદ મેઘાણી.

કિંમતમાં ફેરફાર: આ પુસ્તકની રૂ. ૨॥ કિંમત ભૂલથી છપાઈ ગઈ છે. સાચી કિંમત પૂંઠા પર છાપ્યા પ્રમાણે રૂ. ૩ ત્રણ છે. —પ્રકાશક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રંગ છે બારોટ !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્રમ

વાર્તા	પૃષ્ઠ
૧ વિક્રમ અને ખાપરો	૧–૧૩
૨ વિક્રમ અને પ્રભાત ચાવડો. . .	૧૪–૨૪
૩ બાપુ ભાલાળો	૨૫–૪૪
૪ ચાર સાર	૪૫–૫૬
૫ પરકાયાપ્રવેશ	૫૭–૭૯
૬ દરિયાપીરની દીકરી. . . .	૮૦–૧૦૯
૭ કાઠીકુળ	૧૧૦–૧૨૫
૮ જનમના જોગી	૧૨૬–૧૩૯
૯ નાગ અને બામણ	૧૪૦–૧૪૯
૧૦ ભેરીઓ ને ભૂજીઓ . . .	૧૫૦–૧૫૫
૧૧ ચંદણુ–મેણુંગરી	૧૫૬–૧૭૮
૧૨ ખાનિયો	૧૭૯–૨૦૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિક્રમ અને ખાપરો

ઉજેણી નગરી ને રાજા વીર વિક્રમનાં રાજ : ખાતો ખાય ને ભરતો ભરે.

એકવાર તો ઉજેણમાં ખાતર પડવા મંડ્યાં. રાજા વિક્રમ પોતે રાત જાગે ને માણેકચોકમાં પે'રો ભરે.

એમાં મધરાતને સુમારે ખાપરો નીકળ્યો ખાતર પાડવા.

રાજા વિક્રમે પૂછ્યું: "એલા ખાપરા! મીટે જાછ કે કમીટે?"

ખાપરો કહે: "મોટા રાજા, મારી કમીટ હોય નહિ. આજ તો આપની તિજોરી તોડવી'તી."

"ખુશીથી જા ને, ખાપરા! જા, તિજોરી તોડીને બે કોથળી ઘેરે મૂકીને આવ્ય."

ખાપરો કહે: "ના રે ના, મોટા રાજા! હું તો મારા કસબની જ કોથળી લઉં છું, એ જ મને જરે છે."

વિક્રમ ને ખાપરો બેય આમ વાતું કરે છે ત્યાં તો ચાર સાહેલીયું નીકળી: ઝાંઝર રમઝમ! રમઝમ! થયાં.

"એલા ખાપરા! આ વળી કોણ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"બાપા, આ તો નવતેરી નગરી છે, કોણ જાણે કોણ હશે ?"

ઓરી આવી એમ તો ચારેને ઓળખી. 'અરે, આ એક તો રાણી ભાણુવંતીજી, બીજી બધસાગરા પરધાનની કુંવરી, ત્રીજી ભામણી, ને ચોથી રાંડ ગાંગલી. લોંડીયું અટાણે ક્યાં જાતી હશે ? તીર ભેળી વીંધી નાખું !'

"હાં....હાં....હાં....મોટા રાજા ! જોજો હો કાંઈ છેડ કરતા ! ભેળી ગાંગલી છે ઈ ભૂલશો મા ! કાગડો કરી મૂકશે."

ગાંગલી પણ કેવી ?—

અઢીક હાથનું કાઠું,
પાકલ જાંબુડા રોખો વાન,
માંજરીયું આંખ્યું,
ઓડચથી ઊંચાં બાબરકાં,
ચાર ચાર તસુ પગની નળીયું,
ચોથિયા વા પગ,
પીંજારાના ઘરનો જાણે ગોળીટો.
ખંભે સાડલો.
આભામંડળનાં ચાંદરડાં હેઠે રમાડે એવી !

આગળ ગાંગલી ને વાંસે ત્રણ જણીયું. મંડી ચાલવા. ચાલી શે'ર બહાર.

વિક્રમ ને ખાપરો વાંસે વાંસે ચાલ્યા—વોંકળીની ભેખડનો ઓથ લઈ ને.

શે'ર બહાર જઈ ને ગાંગલીએ વડલા હેઠળ પડ કર્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આસમાનની અંદર અડદના દાણા છાંટ્યા એટલે ઘરરરર! ઘરરરર! અવાજ થયો, ને હેઠો ઊતર્યો ઈંદર મા'રાજનો મોનિયો તબલચી.

"હાં મોનિયા! થાવા દે ટીંગર નાટારંભ!"

ટીંગર નાટારંભ કેને કે'વાય?—કે

ખંભે દૂધના પિયાલા.

માથે બાર ગાગરનું બેડું.

એટલાં વાનાં લઈને—

દસે આંગળીએ ચક્કર ફરવાં,

જીભે મોતી પરોવતાં જાવાં,

કટારની ધાર માથે પગલાં માંડવાં.

એવી તરેહનો નાટારંભ દેખીને ભાણુમતીને મોજ આવી—

"આ લે મોનિયા, આં મારો નવસરો હાર! મને મોજ આવી છે. જો મોજ મારું તો મગરમચ્છ સરજું!"

પછી ગાંગલી બોલી: "અરે બાઈયું! આજથી ત્રીજી રાતે અજાબેટના રાજાની કુંવરીનો સ્વયંવર છે. આપણે ત્યાં જોવા જાયેં."

ભાણુમતીએ કહ્યું: "મારાથી તો નહિ અવાય. ત્રીજી રાતે તો રાજા વિક્રમનો મારે મો'લે વારો છે."

ગાંગલી કહે: "અરે, નહિ અવાય શું! રાજા વિક્રમ ઊંઘી જાય એટલે છાતી માથે મારા મંત્રેલ અડદના દાણા મેલી દેજો. એવું ધારણ વાળું કે બારે વરસે ઘેર આવીને બેઠો કરું."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"અજાએટ જાશું કેમ કરીને ?"

"આ સધવડલો ઉડાડીને."

વિક્રમ તો આ વાતું સાંભળીને થરથરી ઊઠ્યો. પણ ખાપરાએ કહ્યું: "મોટા રાજા ! બીઓ મા. વળો ઝટ પાછા. આપણે કાંક મારગ કાઢશું."

વળતે દી' ખાપરો તો ગણુગારા સુતારને ઘેર ગયો છે. ગણુગારા સુતારે ખાટલી ઢાળી દીધી છે. કાકાને ખાટલી ન ઢાળી દે તો સાતમે પાતાળથી ઉપાડી જાય !

"ગણુગારા સુતાર ! સધવડલાના થડમાં એક એવી ડગળી પાડી દે કે છોડિયુંય હેઠળ ન પડે, ને માલીકોર એ માણસ, એયનાં હથિયાર–પડિયાર ને હોકો સામી જાય."

ગણુગારા સુતારે બરાબર કહ્યા પ્રમાણે જ સધ-વડલાના થડમાં કોરણી કરી દીધી છે. છોડિયુંય હેઠે ન પડવા દીધું. અધ્ધર ને અધ્ધર કોરણી કરી.

ત્રીજા દી'ની રાતે રાણી ભાણુમતીને ઓરડે રાજા વિક્રમ ગયા અને એ તો ખોટેખોટું કરીને સૂઈ ગયા. રાણી ભાણુમતીએ છાતી માથે જેવા અડદના દાણા મૂક્યા અને ગાંગલીએ શીખવેલો આ મોહની–મંત્ર બોલી—

હથેળીમેં હનમંત
ભાજ્યે ભેરવ.
ચલનેકી ચાલ બાંધું
બોલનેકી જીભ બાંધું
મોં બાંધું
બાંધું નગર સારા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગામધણીકું થળ બેસારું
મોહની નામ હમારા.
મો'લ બેઠાં રાજા તેડાવું
કામરુ દેશ, કમસા દેવી,
ત્યાં વસે અસમાલ જોગી
અસમાલ જોગીએ વાડી વાવી
રાજા મો'યો, પરજા મો'ઈ,
મો'યા નગર સારા
વાછા ચૂકે ઊભો સૂકે
પડે ધૂપકી કંડમાં
જાય ખડી મસાણમાં
ચલો મંત્રો ફટકત ચૂવા.

—તેવી તો છાતીમાં ચાર નાગફણીયું ધબેડી હોય એમ વિક્રમની કાયા ખાટ સાથે ચોંટી ગઈ. રાજાને મેલીને ભાણુમતી ચાલી નીકળી.

રાજાએ વેતાળને તેડાવ્યો, પણ એ કહે કે, " મારી સત્તા ઈ ગાંગલીના મંત્રેલ અડદને ઉખેડવાની ન મળે. ચાર જગની જોગણી કાળકાની જ સત્તાની વાત છે એ તો ! "

વિક્રમે માતા કાળકાને તેડાવ્યાં, પછી જ પોતે ખાટચેથી ઊઠી શકયો.

વિક્રમ અને ખાપરો ઝટપટ પહોંચ્યા સધવડલે, અને ગણુગારા સુતારે કોરેલ પોલાણુમાં હથિયાર–પડિયાર ને હોકો લઈ બેસી ગયા. પછી ડગળી જેવી હતી તેવી બંધ કરી વાળી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી ચારે જણીયું આવી ને સધવડલાને માથે ચડી ગઈ.

ગાંગલીએ કહ્યું કે: "બાઈયું, તમારી સાડીયું વડલા હારે બાંધી દેજો હો! વડલો મહાસાગરને માથે ઊડશે."

"હો ગાંગલી માસી!" એમ કહીને ત્રણે જણીયું-એ પોતપોતાના સાડલા સધવડલા હારે કસકસાવીને બાંધી લીધા, એટલે ગાંગલી ઝાડને ઉડાડવાનો મંત્ર બોલી—

લીલી ઘોડી, લીલાં પલાણ,
સરમેં ટોપી,
જઈ કરે માવલ વીરકું સલામ
મેરા વેરી મેરા ભ્રખ
ઊઠ પો'ર, ઊઠ ઘડી,
લીધા વિના પાછી ફરે
ચોસઠ જોગણી બાળીને ભસમ કરે.

ઉડાડ્યો ઘરર! ઘરર! ઘરર! ઘડી–બ–ઘડીમાં તો અજાએટ આવી પહોંચ્યાં. વડલો હેઠે ઊતર્યો. ચારે જણીયું ચાલી રાજદરબારમાં.

ગાંગલી કહે કે "બાઈયું, લગનના એવા સોળા ગાવા છે કે મલકના રાજાઓનાં ડાચાં ફાટી રે'!"

વાંસેથી વિક્રમ અને ખાપરો બહાર નીકળ્યા. જઈને એક કુંભારણને ઘેર ઉતારો કર્યો.

રાજાને ઘેર સ્વયંવર થાય છે. હજારું મશાલોના તોરા મંડ્યા વછૂટવા. હજારું હાથણી જેવી સાહેલીયું સોળા લલકારે છે. મલક–મલકના રાજા આવીને બેઠા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાથણીને લાવ્યા. માથે અંબાડી છે હેમની, ને મા'વત બેઠો બેઠો પડકારા કરે છે કે " ખબરદાર, હે ગણેશરૂપ !

રાજ જોજે, પાટ જોજે,
ગામ જોજે, ગરાસ જોજે,
જાત જોજે, ભાત જોજે,
નામ જોજે, ઠામ જોજે. "

હાથણી તો સૂંઢમાં કળશ લઈ ને મંડી ફરવા. એક પછી એક તમામ રાજાઓને જોઈ વળી, પણ એકેયને માથે દિલ ઠર્યું નહિ.

પછી તો હાથણી ઉકરડા માથે મંડાણી. ત્યાં કોણ ઊભું છે? રાજા વિક્રમ અને ખાપરો. હાથણીએ તો રાજા વિક્રમને માથે કળશ ઢોળ્યો, ને એને પોતાની સૂંઢે કરીને અંબાડીએ ચડાવી લઈને હાથણી પાછી હાલી. વાંસે ખાપરો પૂછડે વળગી ગયો, નીકર તો એને કોણ રાજ-મોલમાં પેસવા દે?

વિક્રમે તો વેશપલટો કરેલો. કોણ ઓળખી શકે? બામણ કહે: " તમારું નામ કહો ! "

ત્યાં તો ખાપરે બામણના હાથને મચરક દીધી. બામણ નામ સમજી ગયો.

ત્રોડા, ટૂંપિયા, મોહનમાળા ને મંદીલ વિક્રમને પે'રાવીને માતળોકી ઈંદ્ર બનાવીને પરણવા મોકલ્યો. વિક્રમ રાજા પોંખણે આવ્યા.

કોણ પોંખવા જાય? બીડદાર ફર્યો. જેને પોંખવા જાવું હોય ઈ બીડું જમે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીડું તો ભાણુમતીએ ઝીલ્યું. ભાણુમતીએ વિક્રમને પોંખ્યા. મોતીનો થાળ લઈને પોંખવા ગઈ.

ચાર મંગળ વરતીને વિક્રમે મેડીએ ઉતારો કર્યો.

મેડીમાં તો જગાજ્યોત લાગી છે.
બિલોરી કાચનાં નળિયાં,
અગરચંદણનાં આડસર,
પરવાળિયુંના વળા–
ધમકાર થઈ રહ્યો છે.
રાજકુંવરી તો—
મોથ વાણી, એલચી વાણી,
ખળખળતે પાણીએ ના'ઈ
ઘટ પરમાણે આરીસો માંડી,
વાળે વાળે મોતાવળ ઠાંસી,
થાળ લઈ મેડીએ ચડી છે.
હાલે તો કંકુ–કેસરનાં પગલાં પડે,
બોલે તો બત્રીસ પાંખડીનાં ફૂલ ઝરે,
પ્રેમના બાંધ્યા ભમરા ગુંજારવ કરે.
હામકામલોચના
ત્રાઠી મૃગલીનાં જેવાં નેણ
ભૂખી સિંહણના જેવો કધ્યનો લાંક,
ઊગતો આંબો,
રાણ્યનો કોળાંબો,
બા'રવટિયાની બરછી,
હોળીની જાળ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂનમનો ચંદ્રમા,
જૂની વાડચનો ભડકો
ને ભાદરવાનો તડકો.

એવાં રૂપ લઈ ને, થાળ પીરસીને ત્રણસે ને સાઠ પગથિયાં ચડી.

મારુ ચલી મોલ પર, દીપક જગાડચે,
જાણે હનમો હાલિયો, લંકા લગાડચે.

મારુ ચલી મોલ પર, છૂટા મેલ્યા કેશ,
જાણે છત્રપત ચાલિયો, કોક નમાવા દેશ.

મારુ ચલી મોલ પર, છોડચે કળરી લાજ,
અરિયારાં ગઢ ઉપરે ધધકાર્યો ગજરાજ.

મારુ ઠેક પલંગ ચડી, કચવા મેલ્યા દૂર,
ચકવારે મન અણંદ ભયો, જાણે ઊગ્યો સૂર.

ઉપર આવી ત્યાં તો 'ઓરાં આવો!' એવા ત્રણ આવકાર મળે છે. વિક્રમ થાળ જમે છે. માનસરોવરનો હંસ મોતી ચરે એમ ત્રણ નમાલા લીધા છે.

ને પછી તો—

થંભ થડકે મેડી હસે, ખેલણ લગ્ગી ખાટ,
સો સજણાં ભલે આવિયાં, જેની જોતાં વાટ.

વાટ ખુવારાં ને ગણ ચળાં, દીઓળે દીવા લેશ,
જે દેશેથી આવશે સુંજો નાવલો, એ દેશનાં ઘાંઘળ લેશ.

ઊંચો નળિયર ઓરડો, મદરો સીસો હાથ,
લડથડતી પ્યાલા લિયે, ને ચોમાસારી રાત.

રાજા વિક્રમને તો રંગનાં ચટકાં લાગ્યાં છે, પણ ખાપરે કહી મેલ્યું હતું કે "જોજો હો! છાળી કાંટચે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વળગી રે' નહિ ! નીકર ઉજેણી પોગતાં છ મહિના લાગશે ને વાંસે આદુ વવાઈ જશે ! "

એમ વિચારીને વિક્રમ તૈયાર થયો. શહેર બા'ર નીકળીને ખાપરા પાસે આવ્યો. ખાપરે વિક્રમનું ટીલું ભૂંસી નાખ્યું. મીંઢળ છોડી નાખ્યો. ચડી બેઠા સધવડલાની પોલમાં. ને પછી ચારે બાઈયું આવી. ગાંગલી વડલાને ઉડાડવાનો મંતર બોલી. વડલો ઊડીને ઉજેણી ભેળો થઈ ગયો. બાઈયું ઊતરીને ચાલી એટલે વિક્રમે ને ખાપરે પણ એંતાળી મૂકયાં મો'લ ભણી.

રાત બાકી હતી. ખાપરે રાજાને સુવરાવી, ઓલી અડદની ઢગલીયું એની છાતી ઉપર બરોબર હતી તેવી પાછી ગોઠવી–કરીને પછી એ ચાલ્યો ગયો.

ભાણુમતી પાછી આવી. રાજાને તો સૂતા જોયા. પણ રાતે પોંખ્યા તે ઘડીથી જ વહેમ તો પડી ગયેલ. ઘડીક હાથ જુએ, ઘડીક કપાળ જુએ, પણ રાતના મામ-લાની કાંઈ નિશાની જડે નહિ. પછી વિક્રમનો અંબોડો જોતાંજોતાં ભાણુમતીની નજરે એક કંકુવાળો ચોખો પડ્યો! હાં ! એ જ આ તો ! રાતે મેં ટિલાવેલ તે વખતનો જ આ કંકુઆળો ચોખો !

જેની ઘડીએ વિક્રમ ઊંઘ લઈને બેઠો થયો તેની જ ઘડીએ ભાણુમતીએ ગાંગલીને તેડાવી. ગાંગલીએ મંતર ભણીને વિક્રમને પોપટ કરી મેલ્યો.

પોપટ બની ગયેલ વિક્રમને વાચા ઊઘડી: " અરે, મારો એક ગુનોય ન માફ કર્યો ! "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ પછી તો ભાણુમતીએ પોપટનો જીવ તાળવે ચડાવી દીધો.

ખાપરો તો રોજ રાજાની વાટ જુએ : અરે, આ આ'ર કાં ન નીકળે ? ન નીકળ્યો શિકારે, ન કરી કચારી ! નક્કી માળવો રંડાવ્યો લાગે છે લોંડી ગાંગલીએ !

દિન ગણતાં માસ ગયા, વરસે આંતરિયાં ! ખાપરો તો અજાબેટ ગયો. જઈ ને રાજાને કહ્યું: "મારી માતાજીને તેડવા આવ્યો છું." પોતે બાઈ પાસે ગયો. બાઈએ કહ્યું: "અરે ખાપરા ! તારો રાજા તો મને પરણેલીનેય ભૂલી ગયો !"

ખાપરાની આંખમાં તો દડ દડ દડ—

'આંસુ વે' અપાર, નેણે અરજણ નરપતિ
વીર ન કરી વાર, આયો કરણ ઊંડારથી.
રોઈ શક તો રો', મોકળિયું મેલી કરી,
કિસે બંધાવું પાળ, સાયર ફાટચો સાંખડા !
ડુંગર ઉપર દવ જલે, ખનખન ઝરે ઈંગાર,
જાકી હેડી હલ ગઈ, વાકા બૂરા હવાલ.

અને ભાઈ ! દિલનાં દુઃખ તો જે ચતુર નર હોય એને જ હોય છે ના ! મૂરખને શું ?

ચતુરનકી લાતાં ભલી, કચા મૂરખકી બાત,
ચતુરની લાતે સખ ઊપજે મૂરખની વાતે ઘર જાત.
ચતુર નરકું બોત દુઃખ, મૂરખકું સખ રાજ;
વિધિ ઘટ જાણે નહિ જેને પેટ ભરવાનું કાજ.

"અરે ખાપરા ! પણ એવું છે શું ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાપરે માંડીને વાત કરી છે.

બાઈએ તો પે'રામણીમાં બાપુ પાસેથી ગલાબગોડિયો માગ્યો છે. ગલાબગોડિયાને ભેળો લઈને બાઈ ચાલી નીકળી છે. જ્યાં દરિયાને કાંઠે આવે ત્યાં તો વહાણુ વયાં ગયાં છે.

હવે શું થાય?

ગલાબગોડિયે તો દરિયાનાં પાણી માથે પોતાની પછેડી પાથરી અને કહ્યું: “ હાં, બેસી જાવ પછેડી માથે, છેડો બરાબર ઝાલજો હો! આ તો નરાકાર ખેલ છે. ”

પછેડી પાણી માથે વહેતી થઈ. આવ્યાં સામે કાંઠે. એક જાળનું ઝાડવું હતું તેને ગલાબગોડિયે લાત મારી એટલે જાળ ઘોડાગાડી બની ગઈ. બેસીને સૌ ઉજેણુ આવ્યાં. બારોબાર ખાપરાને તકિયે ગયાં.

બારણા આડી તેર મણુની ગદા પડી'તી તે બથમાં લઈને ખાપરે આઘી નાખી દીધી. અંદર તો હીરા–મોતીની જાણે અખંડ જ્યોતું બળે છે.

“ અરે ખાપરા! આ શું? ”

“ કે ભાઈ, મારી રમત્ય ભોંમાં જ છે. ”

બાઈને ભોંયરામાં રાખીને બીજે દી' ખાપરો રાજમો'લે ગયો છે. ત્યાં અષાડ ને ભાદરવો નામનાં બે નગારાં પડ્યાં છે. તેને માથે ખાપરે ડાંડી નાખી.

કચેરી ભેળી થઈ એટલે ગલાબગોડિયે રમત માંડી. પોતે જુવાન હતો તે ગલઢો બની ગયો. ફૂલવાડી બનાવી, આંબા વાવી દીધા ને કેરીયું પણુ આણી દીધી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમાં તો ગાંગલી દોટમદોટ આવી: " એલા ખાપરિયા ! તને કોણે આ હુકમ દીધો છે ? "

ખાપરો કે' કે " માસીબા ! ઈ તો તમારું નામ કાઢવા બધી વાત થઈ રહી છે. ખમો માસીબા, ઉતાવળાં થાવ મા ! "

" અરે તારો ગોડિયો શું કરતો'તો ! આ લે, આ કૂંડાળી કાઢું છું ને એમાં મારો ફેરવો મૂકું છું. શક્તિ હોય તો લઈ લ્યે ગલાબગોડિયો ! "

ગલાબગોડિયે તો અઘોર ગાયત્રીનો મંતર જપ્યો—

અમી અમી કળશ,
કળશ મેં ઉંકાર
ઉંકારમાં નરાકાર
નરાકારમાં નરીજન
નરીજનમેં પાંચ તતવ.

એવા મંતર ભણીને પછી એણે ગાંગલીએ મંતરેલ કૂંડાળામાંથી લડથડી લડથડીને ફેરવો લઈ લીધો છે, ને પોતે ગાંગલીને આસમાનમાં ઉપાડી. ત્યાંથી ઊંધે માથે કરી, બજારમાં પ્રાછટી, કટકે કટકા કરી નાખ્યા.

પછી' તો રાજા વિક્રમને પોપટને ખોળિયેથી પાછો માનવી બનાવ્યો અને ભાણુમતીને માથું મુંડાવી, ચૂનો ચોપડી, અવળે ગધેડે બેસાડી, તગડી મૂકી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિક્રમ અને પ્રભાત ચાવડો

ઉજેણીનો પરદુઃખભંજણો રાજા વિક્રમ એકવાર દેશાટને નીકળ્યો છે. એણે તો—

જળ ઊંડાં થળ છીંછરાં, કામન લંબે કેશ,
નર પટાધર નીપજે, આયો મરધર દેશ.

જ્યાં પાણી કૂવે અતઘણાં ઊંડાં હોય છે, છીછરાં હોય છે, નારીઓનાં માથાંના વાળ પેની લગી ઝપાટા ખાતા હોય છે, અને પુરુષો મર્દ પાકે છે, એવા મારવાડના મલક માથે ઘોડો હાંક્યો છે. મારવાડ અને માળવાનો સીમાડો આવ્યો ત્યાં એક કૂવો છે. કૂવા ઉપર કોસ ચાલે છે, ત્યાં પોતાનો તરસ્યો ઘોડો ઘેરવા જેવો જાય છે તેવો જ કૂવાનો માલિક બરાડી ઊઠે છે કે: " એલા એ હે....હે....! થારા ઘોડારે ગૂડ દે. આંઈ તો ઢોલરે ઢમકે પાણી હે. " (તારા ઘોડાને મારી નાખ. આંહીં તો પાણી એટલું ઊંડું છે કે કોસ થાળામાં ઠલવાય ત્યારે કાંઠે ઊભેલો માણસ ઢોલ વગાડીને ખબર આપે તો જ કોસિયાને ખબર પડે ને એ બળદને પાછા વાળે.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કૂવાકાંઠે જઈને વિક્રમ જુએ છે તો આભામંડળમાં ચાંદરડું તગે એમ કૂવામાં પાણી તગે છે.

શું આવું દુઃખ આ મલકનાં માનવીને! અરે વાત છે કાંઈ!

એમ કહીને વિક્રમે ઉજેણનો ખજાનો ખચ્ચર માથે ભરીને મગાવ્યો, કૂવો એ ખજાને ખજાને બુરાવ્યો, માથે શગ ચડાવી.

કૂવાવાળાએ કહ્યું કે "હે રાજા! મેં તને ખિવરાવ્યો કારણકે આગળ તો નાકાતૂટ મલક છે. તારું સત છૂટી જાશે માટે તું પાછો વળ."

પાછા તો વીર વિક્રમથી કેમ વળાય? એ તો આગળ ને આગળ મંડ્યો ઘોડો હાંકવા.

મેવાડ–ઉદેપુર જોયાં—

અદીઆપર સોયામણું, માણસ ઘણમૂલાં,
પદમણીયું પાણી ભરે, રંગ હો પીચોળાં.

ઉદેપુરના પીચોળા તળાવને કાંઠે પદમણી જેવી નાર પાણી ભરે છે. વાહ પીચોળાં તળાવ! અને નારીયું પણ કેવી?—

કોણ દેવળરી પૂતળી, કોણે તને ઘડી સોનાર?
કિયા રાજાની કુંવરી? કોણ પુરુષ ઘરનાર?

એવી રૂપાળી દેવળની પૂતળી જેવી નમણી નારી કોની હોય? તો કહે છે કે—

જેની તરવારે ત્રણ ફૂમકાં, જેની કેડચે કટારાં નવધાર,
અસૂરો રેવત ખેલવે, સોઈ પુરુષ ઘરનાર.

ત્રણ ફૂમકિયાળી તરવારનો બાંધનારો, કેડે નવધારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કટારી સજનારો અને મોડી રાતે ઘોડેસવાર બની ઘૂમનાર, એવા બહાદુરની જ નારી આવી રૂપાળી હોય ને !

પછી વચ્ચે ગુજરાતની ધરા આવી—

બંટી ચીણો ને બાજરો, જવ કોદર અન્ન જાત,
નાર કઢંગી નીપજે, ઈ ધરા ગુજરાત.

પછી વિક્રમ રાજા હાલાર દેશમાં ઊતર્યો. કેવો છે હાલાર દેશ ?—

જૂની જારરો ઢેબરો, માથે કળથીરો વઘાર,
ઊભો ઊભો ધાર ઘે, હૂડે દેશ હાલાર.

પછી નવેનગર ગયો—

નગરહંદી નારીયું, ગોખે કાઢે ગાત્ર,
દેવાળુરાં મન ડગે, (તો) મનવીયાં કુણ માત્ર.

એવી દેવતાઓનાંય મન મોહાવે એવી નગરની નારીઓ દીઠી.

ત્યાંથી આગળ ચાલતાં નીલી નાઘેર નજરે પડી—

વાજા ઠાકર ને અંબવન, ઘર ઘર પદમણરા ઘેર,
રેંટ ખટૂકે વાડીયાં, ભોંય નીલી નાઘેર.

વાજા શાખના રાજપૂતો જયાં રાજ કરે છે, આંબાનાં જ્યાં મોટાં વન છે, ઘેર ઘેર જ્યાં ઘેરાબંધ પદમણી સ્ત્રીઓ છે, જ્યાં વાડીએ વાડીએ પાણીના રેંટ ખટૂક ખટૂક અવાજ કરતાં ફરે છે, એવી લીલીછમ નાઘેરને નીરખીને વીરવિક્રમ મિયાણી પાટણમાં પહોંચ્યો. ત્યાં પ્રભાત ચાવડો રાજ કરે છે.

" ખમા ! ઝાઝી ખમા ! ઉજ્જેણીના રાજા વિક્રમ મારે આંગણે ક્યાંથી ? "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઝાઝાં આદરમાન દીધાં.

પણ પ્રભાત ચાવડાનું શરીર સુકાઈને સાંઠીકડું બનેલું.

"અરે વીરા પ્રભાત ચાવડા! આમ કેમ? રૂદરનો ધ્રાંગોય ન મળે! એવું તે શું દરદ છે?"

કે 'ભાઈ! એ તો હાંઠી જ એવી.'

'અરે વાત છે કાંઈ? નક્કી કાંઈક ભેદ છે. કહો ને કહો.'

પ્રભાત ચાવડે પેટની વાત કીધી નહિ. પછી એક દી એનો ભેદ લેવા વિક્રમ પ્રભાત ચાવડાની પાછળ પાછળ ચાલ્યો. અધરાત વીતી ગઈ હતી. ઘોર અંધારું હતું.

હાલતાં હાલતાં આથમણે ડુંગરે પહોંચ્યા. એક ભોંયરું હતું. એમાં પ્રભાત ચાવડો ઊતર્યો. વિક્રમ પણ વાંસોવાંસ.

ભોંયરામાં એક ભઠ્ઠી જલે. માથે તેલની કડા. તેલ તો ધ્રફધ્રફે છે. પછી તો વિક્રમે જે જોયું તે ભેંકાર હતું. 'હર! હર! હર!' કરતો પ્રભાત ચાવડો તેલની કડામાં બેસી ગયો. તળાઈ ગયો. ચાર અપ્સરા આવી. ચારે યે પ્રભાતની તળેલ કાયાનો ભ્રખ કર્યો, પછી હાડ ભેગાં કરીને માથે અંજળી છાંટી. સજીવન થઈને પ્રભાત પાછો વળ્યો.

આ હા હા હા! આવા દુ:ખ! આનું દુ:ખ હું ન ભાંગું તો પરદુ:ખભંજણો કે'વાઉં શા માટે! ને આ કાયા શા ખપની છે?

આથમણે ડુંગરે પ્રભાતને જવાનો બીજો વારો આવ્યો. તે દી વિક્રમ વહેલેરો પહોંચ્યો. ફળફળતા તેલમાં 'હર! હર! હર!' કરતો પોતે બેસી ગયો. એની તળેલ કાયાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભ્રખ કરીને ચાર અપ્સરાઓએ હાડ ભેગાં કર્યાં, માથે અંજળી છાંટી, પણ સજીવન થયા ભેળો તો ઓળખાણો. આ પ્રભાત નહિ ! આ તો કોઈક બીજો !

'તું કોણ છો ?'

'હું વિક્રમ.'

'શા માટે આ કર્યું ?'

'પ્રભાતને બચાવવા માટે.'

'માગ ! માગ !'

'માગું પ્રભાત ચાવડાની મુક્તિ.'

તે દીથી અપ્સરાઓએ પ્રભાત ચાવડાનો છુટકારો કર્યો. અને પ્રભાતે વિક્રમને સાત કોટડી દ્રવ્ય દીધું. દીકરી પરણાવી. વીર વિક્રમ તો આગળ ચાલ્યા.

મહા એક ગેંદલ શહેર. એમાં વીર વિક્રમે આવીને કાળકાના મંદિરની વાંસે માળણને ઘેર ઘોડો બાંધ્યો. કહે કે 'બેન, હું તારો ભાઈ મે'માન છું.'

અસલના વખતમાં માળણનું ઘર એટલે અજાણ્યાંનો ઉતારો. માળણે તો આદરમાન દીધાં.

બેનને ઘેરે ભાઈ આવે.
સાસુને ઘેર જમાઈ આવે.

'ભલે આવ્યા મારા વીર !' વગર ઓળખે ય માળણે ખમા કહીને ઘોડો ફળીમાં બાંધ્યો. રાંધીકરીને વીરને જમાડ્યો.

સાંજ પડી ને માળણ રોવા મંડી. છાતી ફાટે એવું રોણું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિક્રમ પૂછે છે કે, 'બેન બેન, તારે શું દુઃખ છે?'

કે 'ભાઈ! આ કાળકાના મંદિરમાં આ નગરની રાજકુંવરીને રાખી છે. કુંવરી ડાકણ છે.'

'કુંવરી ડાકણ!' વિક્રમ તો સડક થઈ ગયો. 'તે એ કુંવરી શું કરે છે?'

'રોજ રાતે અકેક માણસને ભરખી જાય છે. રાજાએ ઘર દીઠ વસ્તીના અકેક માણસનો રોજનો વારો ઠરાવ્યો છે. આજ રાતે મારા એકના એક દીકરાનો વારો છે.' એમ કહીને ફરીવાર માળણે રોવા માંડ્યું, પણ એ તો કાળા કોપનું રુદન હતું.

વિક્રમ કહે કે 'તું રો મા બેન! તારા દીકરાને બદલે કોઈ બીજું જઈ શકે કે નહિ?'

'જઈ તો શકે મારા વીર, પણ એકને સાટે મરવા બીજું કોણ જાય? માણસ કાંઈ વેચાતાં મળે છે બાપ?'

'પણ બેન, હું તારા દીકરા સાટે જઈશ.'

'એવું બોલો મા ભાઈ! બાપુ તમે તો અસૂર થયું ને રાત રહ્યા. મારે ઘેર તો તમે મે'માન. તમને હું મારા છોકરા સાટે મરવા મોકલું તો તો હું જ ડાકણ ઠરું ને! ના ભાઈ, તમથી ન જવાય.'

'એમ ગાંડી થા મા બેન, ને મને વાત કર. કુંવરી ડાકણ કઈ રીતે માણસને ભરખે છે?'

'કઈ રીતે શું? માણસ ત્યાં જઈને સૂવે ને સવારે મડું પડ્યું હોય લીલું કાંચ જેવું. કુંવરી તો ઊંઘતી જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય. રાતમાં તો જે બનતું હોય તે ખરું. મડાને સવારે ભંગીઓ જઈને ઢરડી બાર કાઢે.'

'એ....મ! ત્યારે તો....હાં સમજાણું....' એવું બોલતાં બોલતાં વિક્રમે લમણે આંગળી ટેકવી.

'બેન.' વિક્રમે માળણને કહ્યું. જો મને અધમણક સુગંધી ફૂલ આણી દઈશ?'

'હં અં ને ભાઈ! મારે તો ફૂલની વાડી લચી પડી છે.'

માળણે તો જઈને ચંપા, ચંબેલી, ડોલર ને મોગરાનાં મહેક મહેક કરતાં ફૂલ ઉતારી આણ્યાં છે. વિક્રમે એની છાબડી ભરી છે.

'હવે બેન, મને એક કૂંડું ભરીને દૂધ લાવી દે.'

દૂધનું કૂંડું અને ફૂલનું ડાલું લઈને વિક્રમ તો અધરાતે માળણના દીકરા ભેગો કાળકાને દેરે હાલ્યો. જઈને છોકરાને બહાર બેસવા કહ્યું. દૂધનું કૂંડું ને ફૂલનું ડાલું લઈને પોતે દેરામાં ગયો.

વખંભર દેરું! દીએય માણસ ફાટી પડે. ઉજ્જડ દેરામાં કાળકાની ભેંકાર મૂર્તિ છે. એક ખૂણામાં દીવો બળે છે. ને એક પથારીમાં એક જણ સૂતું છે.

પીળું પચકેલ શરીર, હાથપગ જાણે સાંઠીકડાં. પેટ જુઓ તો ગાગર જેવડું. ન બોલે કે ન ચાલે.

હં....નક્કી છે તો મેં ધાર્યું'તું એ જ.

એમ વિચારીને વિક્રમે તો દેરાની ભોં માથે અધમણ ફૂલની પથારી પાથરી, આઘેરૂંક દૂધનું કૂંડું મૂક્યું, ને પછી પોતે તરવાર તાણીને આઘેરો ઊભો રહ્યો. અધ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાત થઈ, એ વખતે ઊંઘતી રાજકુંવરીના મોંમાં કંઈક સળવળાટ હાલ્યો અને એમાંથી કાંઈક બહાર નીકળ્યું.

અરરર! સાપનું ભોડું! લબરક લબરક લબરક જીભના લબકારા કરે. ને આમ જુએ તેમ જુએ, ચારે કોર જુએ.

નીકળ્યો, એ નીકળ્યો, અરધો નીકળ્યો, આખોય બહાર નીકળ્યો અને ફૂલના ઢગલા માથે વહેતો થયો. સાપને ફૂલ માથે પ્રીત ખરી ને!

ઓ બાપ! આ તો સિંદૂરીઓ નાગ. કરડ્યા ભેળો જ માણસને ઢાળી દે.

થોડી વાર તો વિક્રમ જેવા વીરની પણ છાતી થરથરી ગઈ. ભાગવાનું મન થયું. હાય જાણે રાડ ફાટી જશે. પણ વિક્રમે છાતી કબજે કરી.

ફૂં! ફૂં! ફૂં! સિંદોરીઆ નાગે ફુંફાડા માર્યા. દેરું જાણે ધગી ઊઠ્યું. નાગ એના રોજના ભરખને ગોતે છે, પણ કોઈ દેખાતું નથી. હમણાં જાણે નગરીમાં દોટ દેશે ને કૈકને ટચકાવશે.

ત્યાં તો નાગને દૂધની વાસ્ય આવી. મંડાણો કૂંડા માથે. આવ્યો, આવ્યો, લગોલગ આવ્યો, અને વિક્રમે તલવાર ઠણુકાવી.

ચૂક્યો કે શું? ચૂકે તો તો જીવ્યા મૂઆના જુવાર છે! પણ ન ચૂક્યો. નાગનું ભોડું જઈ પડ્યું છોટીઆવા છેટે. થોડીક વાર તરફડીને થંભ્યું ત્યારે ભોડું લઈને વિક્રમે પોતાની ઢાલમાં મૂકી દીધું. પાછો પથારી માથે મીટ માંડીને બેઠો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેમ વખત ગયો તેમ રાજકુંવરીની કાયા હળવી થઈ ગઈ. પછી તો આળસ મરડીને બેઠી થઈ. ચારે કોર નજર ફેરવવા લાગી. દીવો બળે છે, ફૂલનો ઢગ પડ્યો છે. મીઠી સુવાસ મહેકે છે....કાયામાં ટાઢું હિમ લાગ્યું છે.

વળી થોડી વધારે ચેતના આવી. વળી પાછી નજર માંડે છે. એક માનવી ઊભેલ જુએ છે. કેડે કટાર, હાથમાં તરવાર, વંકો મરોડ, આંખોમાં જાણે દીવડા બળે: મુખડે અમૃત ઝરે.

'બીશો નહિ બાઈ!' વિક્રમે એને ધીરજ દીધી. 'જુઓ આ પડ્યો તમારો કાળ.' આંગળી ચિંધાડી નાગના ખોળીઆ માથે. બાઈ તો જોવાયું નહિ તે પાછી આંખ મીંચી ગઈ.

વળી પાછી આંખ ઉઘાડી, અને મોઢે હાથના અંજળી માંડી ઈસારત કરી.

'તરસ્યાં છો ?' એમ કહેતાક વિક્રમે દૂધની ટોયલી લઈને બાઈને મોઢે દૂધ ટોવા માંડ્યું. બાઈ પીવા લાગી. જેમ પેટમાં કઢેલું દૂધ પડ્યું. તેમ તેમ તો કુંવરીની કાયામાં કાંટો આવ્યો. રાજનું બીજ છે ખરું ના, એટલે નમણાઈ નીકળવા લાગી. ને ધીરે ધીરે અવાજે બાઈ બોલવા લાગી: 'કોણ છો ?' 'પરદેશી છું.' 'મને જીવત-દાન દીધું!' 'ના. જીવતદાન દેનારો તો પ્રભુ જ છે.'

સામસામા ટૌકા ચાલ્યા. છ મહિનાનો મંદવાડ બે પહોરમાં તો મટવા આવ્યો. પરોઢ થયું ત્યાં ઝાંપડો મડદાને ઢરડવા આવ્યો. ડોકાણો, પણ પાછો વળ્યો. રાજમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જઈને જાહેર કર્યું કે ત્યાં તો કાળકા એકલી નહિ પણ કાળકા ને કાળકો બે બેઠાં બેઠાં વાતું કરે છે!

આખું શહેર કૌતક જોવા હલકયું. સનખો કયાંઈ માય નહિ. રાજા આવ્યા. વિક્રમે કહ્યું કે, 'ફટ છે તમને. કુંવરીના પેટમાં સિંદૂરીઓ નાગ હતો ને ડાકણ ડાકણ કૂટી મારી! વસ્તીના કલૈયા કુંવર જેવા સો સો જણના ભોગ લેવરાવ્યા!'

વિક્રમને તો રાજમાં રોકયા છે. કુંવરીની કાયા જોત-જોતામાં કંચન સરીખી થઈ ગઈ છે. રૂપનાં તો જાણે સરોવર હેલે ચડયાં છે. જોબન દેહમાં માતું નથી. ને કુંવરીએ તો પ્રતિજ્ઞા લીધી છે કે, 'પરણું તો એને. બીજા મારે ભાઈ બાપ છે.'

પરણેલી રાજકુંવરીને લઈ વિક્રમ એક દિન ચાલી નીકળ્યા. એમાં રસ્તે એક ડોશી રેંટિયો કાંતતી કાંતતી રૂવે. વિક્રમે પૂછયું 'ડોશી મા, રૂવો છો શીદ?'

'બાપ, મારો દીકરો....'

'શું તમારો દીકરો?'

'એને મારી નાખ્યો."

'કોણે?'

'તેં જ તો.'

'મેં!' વિક્રમ તો ચમકી ઊઠયો.

'હા, મારા દીકરા સિંદૂરીઆ નાગને.'

'આ લે આ તારા દીકરાનું ભોડું. એમ કહીને વિક્રમે તે દિવસે પોતાની ઢાલમાં સાચવી મૂકેલ નાગનું મોઢું બહાર કાઢયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ખમા તુંને મારા વીર!' કરીને ડોશીએ ભોડા ઉપર અમી છાંટીને દીકરાને સજીવન કર્યો. ને વિક્રમને કહ્યું, 'હું પદમ નાગણી છું. હું તને મારી નાનેરી બેન પરણાવીશ.'

નાગપદમણીને પરણીને વિક્રમ નાગલોકમાં રહે છે. એક દિવસ નાગલોકમાં વૈકુંઠની કંકોતરિયું ફરી, કે દસેરાની કચારીમાં સૌ આવજો. નાગકુળ વિક્રમને પણ ભેળો તેડી ગયું.

વૈકુંઠની કચારીમાં બીડું ફર્યું કે ભાઈ, છે કોઈ એવો, કે જે આ એક દોથો ફૂલ તેત્રીશે ક્રોડ દેવતાઉંને વેંચી આપે ?

એ બીડું વિક્રમે ઝડપ્યું.

બાવન વીર અને ચોસઠ જોગણીને હોકારીને વિક્રમે કહ્યું: 'ખબડદાર ! પ્રથમીને માથે ફૂલની કળી નામ ન રહે એમ બધાં ફૂલ ભેગાં કરી લાવો.'

લાવ્યા. વિક્રમ તો દોથો દોથો ફૂલ દેવતાઓને દેવા મંડયો. કોને ખબર પડે કે કયાંથી દે છે ? અંતરીક્ષમાંથી બાવન વીર ને ચોસઠ જોગણીઉં દઈ રહેલ છે.

સવા ગજ ફૂલનો પગર પાડી દીધો દેવ–કચારીમાં.

'અરે સાત સાત રંગ છે તને. માગ માગ !'

કે 'માગું તો બીજું શું ?' હરિદરશનકી પ્યાસી અખિયાં....'

ને દેવતાઓએ વિક્રમને ચતરભજ સ્વરૂપનાં દર્શન કરાવ્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાપુ ભાલાળો

ગુંજવા ગામનો રાજા સૂરો ધાધલ : ને ઢાંક બંગાળાનો રાજા ચીચી ઝાંઝરો.

બે વચ્ચે સીમાડાની તકરાર.

ગુંજવા ગામના સૂરા ધાધલને બાપુ ને બુઢો બે દીકરા: પરમલ દીકરી: ડાહ્યો શા કારભારી: ચાંદિયો ને ખેતિયો બે રજપૂત.

સીમાડાની તકરારમાં સૂરો ધાધલ માર્યા ગયા. ડાહ્યા શા કામદારે બાઈને અને ત્રણે બાળકને એના મોસાળમાં મોકલી દીધાં. ગુંજવા ગામ હાથમાંથી છૂટી ગયું.

મોસાળમાં બાપુ ને બુઢો ઊઝરી જુવાન થયા. ગામનો પટેલ ગોધલ્યા ચારવા સીમમાં જાય ત્યાં એણે બે ય ભાણેજને ગલોલીએ રમતા દેખ્યા. લીંબુ ઉલાળીને ગલોલીઓ આંટે છે બેય જણા.

પટેલે વિચાર્યું કે ભાણેજ છે અટારા: ઉંધાંનાં આંધણ: વતાવ્યા જાય એમ નથી. બાકી આ રમત્ય કો'ક દી ગામને ભારે પડી જશે !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડા દિવસ થયા ત્યાં તો ભાણેજોએ મેલ્ય લીંબુ પડ્યાં, ને સોપારીએ વાત આવી. સોપારી અદ્ધર ઉલાળીને આંટવા મંડ્યા.

પછી તો બાપુએ બુઢાને કહ્યું: હવે તો માથા ઉપરથી મોતી ઉડાડીએ. ત્યારે કહેવાય કે મોતીમાર સાચા.

બુઢો કહે, બરાબર છે વાત. ઉઘાડા માથા ઉપર મોતી માંડી મંડ્યા ગલોલીએ ઉડાડવા. પટેલથી આ ન જોવાણું.

પણ ભાણેજ તો છે ઊંધાંનાં આંધણ. રીસનાં જાળાં : વતાવ્યા જાય એમ નથી. એની મેળે ધોડશે ઈ થાકશે.

બાપુ કહે, ભાઈ બુઢા ! એક કારખત બાકી રહી ગઈ છે.

કે શી ભાઈ ?

કે બાયડિયુંનાં બેડાં ફોડવાં બાકી છે.

કે શી રીતથી ?

કે પાણીઆરીને માથે ભર્યું બેડું : એક જણ સીસાની ગોળી મારીને ફોડે. બીજો એક મીણની ગોળી છોડીને સાંધે. પાણીનું ટીપું ય બહાર પડવું ન જોવે.

મંડ્યા એ તો ફોડવા ને સાંધવા. ગામમાં તો ગોકીરો હાલ્યો. ઓલી કહે મારું બેડું બદલાણું ને ઓલી કહે મારું.

પછી બાપુએ ને બુઢે બન્નેએ હથિયાર બદલ્યાં. કે, ભાઈ તમે ફોડો તે હું સાંધું.

એક ડોશી: માથે ગટકુડું: બુઢાપાની ધ્રૂજતી ધ્રૂજતી હાલી જાય છે.

બુઢાએ ગલોલીનો ફેર કર્યો. કાંઈક બળમાં થઈ ગયો. ગટકુડું ફૂટી ગયું. ડોશી ગોથું ખાઈને જઈ પડ્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

गुरुकुल कांगड़ी
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊઠીને બોલ્યાં: "મારા રોયા નબાપા !

"ગોતીએં ગોતીએં રે એવા બાપદાદાનાં રે વેર રે
"બારડિયુંનાં બેડાં ય રે વીરા, નવ ફોડીએં."

બેય ભાઈ સામસામા જોઈ રહ્યા: એલા આ તો આપ-ણુને નબાપા કહ્યા !

હાલો મા પાસે. પૂછીએં કે શી વાત છે.

"કે'જે રે માડી રે અમને, હોય એવી વાત રે,
"મોસાળે મામિયું રે મેણાં અમને બોલિયું.
"નૈ રે નૈ રે એવું કાકા ને રે કટંબ રે,
"અધ્ધરથી પડિયેલ રે ધરતીએ ઝીલિયા."

હૈયામાં સમસમીને દીકરાને મા કહે છે:

"આજથી રે શી કહું કુંવર તુંને વડેરી રે વાત રે!
"જે દિ' રે મૂંછડિએ વીરા વળ ઘાલશો."

હે ભાઈ, જે દી તમે મોટા થઈને મૂછયે વળ ઘાલશો તે દી હું તમને વાત કહીશ, આજથી કહીને શું કરું!

હે મા! ગરાશીઆના દીકરા તો નાના હોય જ નહિ. જોવું છે?

"લાવ્ય રે લાવ્ય રે મારો નવધારો રે કટાર રે
"આંતરડાં કાઢીને રે નાખું તારી ડોકમાં.'

માટે જેવી હોય તેવી વાત કહે.

માએ તો બાપના મસ્તકની ને ગુંજવાનું રાજ રોળાઈ ગયાની વાત કરી છે.

દીકરાએ હઠ લીધી છે: બાપનું રાજપાટ પાછું લઈએ તો જ બાપના બેટા સાચા. લ્યો માડી, રામ રામ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મામો આવ્યા મનાવવા, કહે છે કે ભાણેજ !

"આલું આલું રે તુંને પચી પચાહ જોને ગામ રે
"ગુંજવાની ગાદી ય રે ભાલાવાળાને દોયલી."

ત્યારે ભાણેજ બાપુ ભાલાળો શું કે' છે ? :

"તારાં ગામડિયાં તારે ય અતિ ઘણેરાં હોય રે.
"ગુંજવાની ગાદી ય રે ભાલાળાને સર સમી.

હે મામા, ગુંજવાની ગાદી તો મારે માથા સાટે છે. તું પચી પચા કહે છે પણ પાંચસો પાદર કહે તો ય શું ? આંહીં હવે રે'વું નથી લાખ વાતે ય અમારે.

(૨)

માતા મીણલદે ને બેન પરમલ રથમાં બેઠાં. દીકરા બે ય ઘોડા ઉપર.

મા પૂછે છે: અરે ભાઈ, જાવું ક્યાં ?

હે માડી, જાવું ક્યાં શું, જૂનવટ ઉપર હીંડવું. છે કોઈ આપણા જૂના હેતુમિતરુ ?

છે, જુનાગઢમાં ચાંદીઓ ને ખેતીઓ બે રજપૂત.

રજપૂત ને ?

હા.

ઓહો, ત્યારે શું ? ત્યારે તો એ કોણીનાં હાડ. બીજા કોઈ ?

ગોંડળમાં ડાયો શા.

હા, ડાહી જાત. સાચું કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોંડળ જઈને બાપુ ભાલાળો તો ડાયા શા શેઠની અરધી ગાદી દાબીને બેઠો.

ડાહ્યો શા તો અડીખમ માણુસ, હેબત પામી ગયા કે મારી જોડે અરધી ગાદી દાબીને બેસનારો આ કોણુ બે-માથાળો ?

"હોય હોય રે એવા સૂરા ધાધલનો રે વંશ રે,
"અરધી ને ગાદી ય રે ધાધલ દાબતા."

મારી જોડે અરધ ગાદી દાબીને બેસનાર તો એક ગુંજવાનો ધણી સૂરો ધાધલ જ હતા. આ તમે કોણુ નવા જાગ્યા ભાઈ?

બાપુ ભાલાળો બોલે છે:

"જેનો પત્યા રે એવો સૂરો ધાધલ જોને હોય રે,
"તેના વંશના અમે બાપુ અને બુઢીઓ."

ડાયા શાની તો છાતી ફાટવા માંડે છે.

"ધન્ય ઘડી રે એવાં ધન્ય અમારાં ભાગ્ય રે,
"જૂનો ને ધણી ય રે ભાલાળો રે જાગિયો.

અને ભાઈ બાપુ ભાલાળા! ગુંજવા ગામ તો હવે હું લીધેલું નજરે ભાળું છું.

બાપુ ભાલાળાએ માને કહ્યું, 'હે મા, ગુંજવામાં કોઈ દેવસ્થાનું છે?

હા. આપણી કુળદેવી છે. ઈ દેરાસરને માથે જઈ મારે મરવું છે. મૂવાં મુક્તિ ને જીવ્યાં જુક્તિ.

ગુંજવા ગામે પહોંચ્યા. પણ કેવું ગામ!

ત્રાંબા પીતળને બેડે પાણી: સોનું ઘાસી રહ્યું છે:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પીળાં ધમરક જેવાં ભાળે : પોલાં ઠીઠાં તો ભાળે જ નહિ : એવાં હાંડાં જેવાં ગામડાં જોયાં પોતાના બાપના રાજનાં.

પણ અત્યારે તો ઈ ઝાડવાં ખારાં ઝેર છે બાપુ ભાલાળાને.

માતાજીનું થાનક ભોંયરામાં છે. માથે લાખો મણની શલ્યા પડેલ છે.

ડાયો શા કહે, બાપુ ભાલાળા, તારો બાપ હતો બત્રીસલક્ષણો પુરુષ. ટચલી આંગળી વાઢીને લોહીનું ટીપું છાંટતા, એટલે શલ્યા આઘી જઈ પડતી.

એમ? તો તો જેનો બાપ બત્રીસલક્ષણો એના દીકરા ય બત્રીસલક્ષણા.

બાપુ ભાલાળે ટચલી આંગળીનું લોહી છાંટીને હજી કટાર મ્યાન નથી કર્યો, ત્યાં દેવળમાંથી અવાજ ઊઠયો:

"ખમા ખમા રે મારા બાપુ બુઢા ને રે આજ રે
"વારણિયાં ને લઈ આવું રે માડીજાયા વીરના."

દેવળને પડખે માતાજીની દેવાંગના ઘોડી, ચૂંદડી અને ભમરિયો ભાલો દેખ્યાં.

માતાજીએ અવાજ દીધો: બાપુ ભાલાળા, ઈ ઘોડી રે'વા દે. ભોંયરાની રે'નારી છે, બાહ્યલો પવન નહિ ખમી શકે. વછેરી લઈ જાવ. આજથી છ મહિને રાંગું વાળજે.

"મૂરત જોયું રે એવું સાતમ ને સોમવાર રે,
"આઠમને લગને રે ચડણ કેશર કાળવી."

કાળવી કેશર વછેરીને માથે. છ મહિને, મૂરત જોવરાવીને બાપુ ભાલાળાએ શણુગાર નાખ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"બાપુ ભાલાળો લળી લાગે દેવળને રે પાય રે,
"બાનાની લજાયું રે માડી! મારી રાખજો."

હે માતાજી તમારું બિરુદ–બાનું લઈને જાઉં છું. મારી લાજ રાખજો!

"બાપુ ભાલાળા, લેજો દેવળ કેરાં રે નામ રે,
"નામડિયાં લઈને ય રે નવ ખુંટા નાખજો."

માતા કહે છે કે હે વીર બાપુ ભાલાળા! ગુંજવા ગામને માથે ચડો ત્યારે દેવસ્થાનાનું સ્મરણ કરજો. અને અમારું નામ લઈને નવ ખૂંટા ધરતી માથે ખોડજો.

"બાપુ ભાલાળા વીર! નાખો સોનેરી સામાન રે,
"જરકશી ને જામાની રે કેશરને રે ઝૂલડી."

અને વીરા બાપુ ભાલાળા! કેશર વછેરીને માથે સોનેરી પલાણુ તથા જરકશી જામાની ઝૂલ્ય નાખજો.

(૩)

કેશરને પલાણીને બાપુ ભાલાળો જાય છે જુનેગઢ, ચાંદીઆ ને ખેતીઆનો મેળાપ કરવા. દરવાજે દરવાણીએ કહ્યું કે હાલ્યા જાવ પાધરા દરબારમાં, ત્યાં એક કોર સાડા સાતસો રજપૂતની કચારી કરીને ચાંદીઓ ખેતીઓ બેઠા હશે, ને બીજી કોર મુંગલા પઠાણુની કચારી કરીને નવાબ બેઠા હશે.

બાપુ ભાલાળો તો જઈને અરધી ગાદી દાબીને બેઠો; ઓળખાણુ પડી. બધી વાત વિગત જાણી. તરઘાયો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થયો. સાડા સાતસો રજપૂત ચાલી નીકળે છે.

"વાગ્યાં વાગ્યાં રે એવાં જાંગીનાં રે જોને ઢોલ રે
"ઢોલડિયાં ધ્રહુકયે રે પારાધીડા જો ચડે.

"પે'લે નગારે ચડે સાડા સાતસો રજપૂત રે
"બીજે ને નગારે રે ચડી વીરા ચાલજો.

"કે'છે ચાંદીઓ મારી ગેડીએ નગારું રે, થાય રે,
"બખતરિયા પાખરિયા રે ચડી વીરા ચાલજો."

અવળકંધા સાડા સાતસો રજપૂત: માર્ગે ઢીંચણ સમી લાદ પડયે જાય છે.

"તોપું ચાલી રે એવી એક સો ને જો ને આઠ રે
"સોનાને અછોડે રે તોપું જોને નાંગળી.

જુનાના નવાબે ભગરા નેજાવાળી તોપો આપી.

પહોંચ્યા ગુંજવાના કોટ માથે. ચાંદીએ ખેતીએ પૂછયું કે દુશ્મનને કેવી રીતે બહાર કાઢશું?

કે' ભાઇ, ડાયા માણસનું કામ છે કે એક બાજુ મેલવી. દુશ્મનને મોં બાંધીને મારવો નહિ. ઉગમણે દરવાજે મારગ મેલવો. ભલે વયા જાય.

કાણિયો અને બીબી બે દરવાન. એણે ચીચી ઝાંઝરાને કહેવરાવ્યું:

"ચીચીડા રે ઝાંઝરા તું તો સૂતો હોય તો જાગ રે
"ફોજું ને આવી રે તારી જોને પરજમાં."

"તોપું માંડી રે એવી તળાવની રે પાળ રે
"ગરજણ ને ગરડે રે ગઢ કેરે કાંગરે.'

અરે દરવાન, તું આ શું બોલ છ? તે શું ભાંગ પીધી છે! મફરનો નશો કર્યો છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"પીધી પીધી રે તેં તો લીલડી લીલાગર ભાંગ્ય રે,
"મફર ને માવો ય રે પીને પોળી આવિયો!"

હાં, મોકલો વેલિયા હજાસને, ગઢ માથે ચડીને જોઈ આવે. જઈને ઊંચે જુએ તો આભનું તારામંડળ, ને નીચે જુએ તો ભાલાંનું તારામંડળ. ઘોડાં હાવળ્યું દઈ ગઢને થપાટું ઝીંકી રહ્યાં છે. ચકલ્યાં માળા ય ન મૂકે એવી કાળી રાતે ચીચી ઝાંઝરે લબાચા ભર્યા. કાળજે તેલ રેડાણાં.

બીબી બોલી :

"કાળી વાદળીમાં જેવી ઝબૂકે છે રે વીજ રે,
"દળડામાં ઝબૂકે રે કેસર જોને કાળવી."

કાળી કાળી વાદળીમાં જેવી વીજળી ઝબકારા કરે એવી રીતે બાપુ ભાલાળાની ઘોડી કેસર કાળવી પણ દળકટકમાં દીપતી ઠેકી રહી છે. અને વળી :

"વરસે વરસે રે જેવા ઝીણા રે ઝરમર મેઘ રે,
"એવી જ ને વરસે ય ભાલાળાની ગોળિયું.

"અમલનો છકયો રાજા એવી કરડી કાઢે રે આંખ રે,
"મૂછરડી મરડે ને રે અણી ભાલાં ઊછળે."

એમ કસુંબો પીધેલ મદોન્મત્ત બાપુ ભાલાળો કરડી આંખો કાઢે છે, મૂછો મરડે છે, ને ભાલાં ઝીંકી રહ્યો છે.

ગુંજવાનું રાજ જીતી કરીને પછી તમામ પરગણાંમાં બાપુ ભાલાળે સાંઢણી ફેરવી, કે સહુ વસ્તીનું લોક ખાતું ખાય ને ભરતું ભરે. વેઠ વેરો કશું નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૪)

એક દિવસ ગઢવીએ બાપુ ભાલાળાને યાદ દીધુંઃ

"બાપુ ભાલાળા તારી પરમલને પરણાવ્ય રે,
"કુંવારી કન્યાને રે રાજા, લાંછન લાગશે."

અરે, બેન પરમલ શું એવડી મોટી થઈ ગઈ? આવાં અઢળક રૂપ બેનનાં? સાચું સાચું, કુંવારી કન્યાને કો'ક દી કાળી ટીલી બેસી જાય. દસોંદી જાવ ઝટ, વેશવાળ કરી આવો બેન પરમલનું.

દસોંદીઓએ તો દેશપરદેશ જોયા:

"જોઈ જોઈ રે ઝાલાની રે ઝાલાવાડ્ય રે,
"પરમલને સરીખો રે ઇચ્છાવર નો મળ્યો."

"જોઈ જોઈ રે એવી કાઠીની કાઠિયાવાડ્ય રે,
"પરમલને સરીખો રે ઇચ્છાવર નો મળ્યો."

"જોઈ જોઈ રે એવી માલાની મારવાડ્ય રે,
"પરમલને સરીખો રે ઇચ્છાવર નો મળ્યો."

ત્રણ દસોંદી તો પાછા આવ્યા. પરમલ જેવી બેનની જોડ્ય ક્યાંય ન જડી.

ચોથો દસોંદી ઢાંકા બંગાળામાં ચીચી ઝાંઝરાને ઘેરે ગયો. જઈને પરમલનાં ફાટતે મોંએ વખાણ કર્યાં.

પણ રાણીએ રાજાને ચેતાવ્યા કે એ તો દુશ્મનની દીકરી.

રાજાએ કહ્યું: "તમારા ઉપર શોક્ય આવે એ તમને શે ગમે?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાણીએ કહ્યું: "હે રાજા. ચાર મંગળમાં ચારમાંથી એક વાનું મળે તો હેત માનજો, નીકર ભાલાની અણીએ હેત સમજી લેજો."

"શું શું ચાર વાનાં?"

"પે'લે મંગળે માગજો ગુંજવા ગામ. બીજે ચાંદિયો ચાકર. ત્રીજે કેસર કાળવી ઘોડી. અને ચોથે ભમર ભાલો."

દસોંદી તો ચીચી ઝાંઝરા વેરે વેવિશાળ કરીને આવ્યા. કચેરીએ આવીને કહ્યું:—

"જોયું જોયું રે એવું ઢાંકા બંગાળા રે શે'ર રે,
"પરમલને સરીખો રે ઇચ્છાવર ત્યાં મળ્યો."

"છોટકડું સરીખું રે જોયું ઢાંકા બંગાળા શે'ર રે,
"સરખા ને સમાણી રે રસે રંગ તાળીએ."

સાંભળીને બાપુ ભાલાળો તો ગાદી ઉપર સવા ગજ ઊછળ્યો. હેં? મારા કટ્ટર વેરીની જોડે બેન પરમલનું વેશવાળ? કટકા કરી નાખું.

ગઢવી કહે, શું મારું કરેલું સગપણ તૂટે? થઈ પડી તાણાતાણ. ગઢવી કહે કે બેસતી ગાદીએ લોહી છાંટું, વંશ કાઢી નાખું. આવી ડરામણીથી બાપુ ભાલાળો ડરી ગયો. સગપણ અનામત રાખવું પડ્યું.

ઓરડે પરમલને જાણ થઈ એણે ધાપોકાર કર્યા:

"જાજો જાજો રે પીટયા દસોંદીનો રે વંશ રે,
"ચોરીમાં રંડાપો રે પીટયે વે'લો મોકલ્યો;

"જાજો જાજો રે એની રજક ને રે રોટલી રે,
"ચૂંદડીએ ખેલા રે પીટયે વે'લા મોકલ્યા."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૫)

બાપુ ભાલાળે મનમાં મનસૂબો કર્યો કે ભલે આવે પરણવા, ઘડિયાં લગન લ્યો. આવે એટલે બોકડો માતાજીને ચડાવી દ્યો. બેનને તો બે ભેળો ત્રીજો ભાઈ માનશું.

લગન લઈને ચારણ ઢાંકે બંગાળે ગયો. ચીચી ઝાંઝરો તો ઉમંગમાં આવી ગયો.

"ચારણિયાને દેજો દેજો ઝાઝાંય માન રે ને
"ચારણિયાને દેજો ચલાણે રે ચૂરમાં."

પરણવા આવ્યો. કન્યાદાન દેવાનો સમો થયો. પહેલું મંગળ વરતાણું :

"પે'લું મંગળ એવું હરતું ફરતું વરતાય રે.
"દાનડિયાં આલે રે એની બુઢો જોને બંધવો.
"આલું આલું રે એનાં પચી પચા રે જોને ગામ રે,
"પાંચસે ને ઘોડાંય રે આઈ વાંસે મોકલું."

મોટા ભાઈ બુઢો ધાધલ ગામડાં ને ઘોડાં આપવાની વાત કરે છે. પરમલ કહે છે કે ભાઈ!

"તારાં ગામડિયાં તારે અતિ ઘણેરાં હોય રે,
"એક જ ને માગું ય રે બાપુ કેરું બેસણું."

મારે તો બાપુનું બેસણું ગુંજવા ગામ જોવે છે. ભાઈ કહે છે કે અરે ઘેલી!

"ઘેલી બેની રે આવાં ઘેલડિયાં શાં રે બોલ્ય રે,
"ગુંજવાની ગાદી ય રે ભાલાળાને શર સમી."

બેન! ગુંજવાની ગાદી તો મારે માથા સાટે છે. આ વેરાગીને હું ગુંજવા એમ ને એમ આપી દઉં ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'વેરાગી' કહેતાં તો ચીચી ઝાંઝરો વરમાળા ત્રોડીને ઊઠ્યો. ત્યાં તો બાપુ ભાલાળાએ તરવાર ખેંચી. એટલે ફરીને બેસી ગયો.

બીજે મંગળ—

"બીજું મંગળ એવું હરતું ફરતું વરતાય રે,
"દાનડિયાં આલે રે ભાલાળો રે બંધવો."

બાપુ ભાલાળો કન્યાદાન દેવા ઊઠ્યો.

"આલું આલું રે બેની પચી પચા જોને ગામ રે
"સોળસેં તે સાંઢયું અરે બાઈ વાંસે મોકલું."

પરમલ કહે છે:

"તારાં ગામડિયાં તારે અતિ ઘણેરાં રે હોય રે,
"એક જ ને માગું ય રે ચાકર જોને ચાંદિયો."

અરે ગાંડી રે ગાંડી બેન!

"ઘેલી બેની રે આવાં ઘેલડિયાં શાં રે બોલ્ય રે,
"ચાંદિયો ને હોય જ રે ભાલાળાની ચોવટે."

ચાંદિયો તો મારે પૂછવા, સલાહ લેવા ઠેકાણું. એ હું કેમ આપું?

(૬)

વળાવવા ટાણું થયું. પરમલ કહે છે:

"બાપુ ભાલાળા વીરા બેની વોળાવવાને હાલ્ય રે,
"દાદાના વેરંમાં રે બેની હાલ્યાં સાસરે."

બેન તો બાપના વેરીને દેશ સાસરે જાય છે ભાઈ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાલાળો કહે છે:

"મારી ચોવટે એવો ચાકર ચાંદિયો હોય રે
"તેને રે પૂછીને બેની જાજો સાસરે."

પરમલ ચાંદિયાને કહે છે:

"ચાંદિયા રે બાંધવા વીરા બેની વોળાવાને હાલ્ય રે
"દાદાના વેરૂંમાં રે ધીડી હાલ્યાં સાસરે."

ચાંદિયો ભલામણ કરે છે:

"લખજે રે બેની, કાગળિયાની રે કોર રે
"કાગળિયો વાંચીને રે બેની અમે આવશું."

પરમલ કહે છે: ભાઈ ચાંદિયા, સાસરિયામાં મને મેણાંટોંણાં ને તુંકારા કરશે તો?

"નો'તી દીધી રે માતા મીલણદેએ રે ગાળ રે,
"તુંકારો નવ બોલેલ રે ભાલાળો રે બંધવો."

ચાંદિયો કહે છે:

"કાગળિયો રે વાંચીને બેની લાગે વડેરી રે વાર રે,
"જાતે ને ધાધલ રે બેની ફેર જ જાણજે."

હે બેન, તું મૂંઝાઈશ મા. તારો કાગળ વાંચીને અમે ત્યાં આવતાં વાર લગાડીએ, તો અમારી ધાધલ જાતમાં ફેર પડચો જાણજે.

પરમલનો જીવ નથી માનતો. એને સાસરે જવું નથી. એથી તો મરવું ભલું:

"પાવું'તું રે પાવું'તું વીરા, ગળચૂતીમાં રે ઝેર રે
"ઉઝેરી નો'તાં કરવાં રે ધેડીને આવડાં."

હે ભાઈ! આથી તો મને જન્મટાણે ગળથૂતી પાઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમાં ઝેર ભેળવીને પાવું હતું. મને ઉઝેરીને આવડી મોટી શા સારુ કરી?

ચાંદિયો હિંમત આપે છે: અરે બેન, જોજે તો ખરી?

"મારાં લશ્કર એવાં સારગડે નહિ માય રે,
"આડે ને ઘોડે રે બેની અમે આવશું."

પરમલ કહે છે: હે ભાઈ, હું મેણાં સાંખી નહિ શકું. દુશ્મનની દીકરીને સહુ મેણાં દેશે.

"બાપુ ભાલાળા, વીરા! મેણું માથાનો ઘાય રે,
"અવળાં ને રૂંવાડાં રે વીરા! મારાં થરહરે."

(૭)

ચીચી ઝાંઝરાએ તો દુશ્મનની દીકરીને અણમાનેતી કરીને રાખી. એક દિવસ માનેતીઓએ પરમલને ગોઠ્ય કરવા બોલાવી. ત્યાં પરમલે શું જોયું?

"માનેતીને ઉતારે રે એવી ડમરુ ઝાંઝરની રે જોડ્ય રે,
"પરમલને ઉતારે રે પગ કેરા ચવીંટિયા."

"માનેતીને ઉતારે રે એવાં સાચાં મશરૂનાં રે ચીર રે,
"પરમલને ઉતારે રે ધૂંસા કેરી ધાબળી."

આવો ભેદ પાડ્યો છે. પરમલને તો ન મળે લૂગડાંનું ઠેકાણું, એમાં માનેતીએ વખાણ કરવા માંડ્યાં:

"આપડો રે ઠાકોરિયો એવો ત્રણ ભુવનનો રે રાય રે,
"તેના રે સરીખો રે કળમાં રે કોઈ નહિ."

દાઝે બળીઝળી રહેલી પરમલ આ ન સાંખી શકી. બોલી:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"બાપુ ભાલાળો મારો માડીજાયો રે ભાઈ રે,
"તેના ને ડાબા પગની રે મોજડી આપડો ઠાકરો."

આપણો ઠાકોર તો મારા ભાઈ બાપુ ભાલાળાના ડાબા પગની મોજડી જેવો નમાલો !

હેં !!! તેલમાં માખ બૂડે એમ છએ જણીઓ ઝંખવાઈ ગઈ.

પછી સાતે જણિયું લૂગડાં ઉતારીને તળાવમાં નાહવા પડે છે. મગરમચ્છ જેવી મસ્તાન બની તરે છે, ડબકીડોર રમે છે. સામસામી પાટુડીઓ નાખે છે. જાણી જાણીને પરમલ ઉપર પાટુડીના ઘા કરે છે.

"માનેતીની પાટુડી એવી પાણીમાં રે પટકાય રે,
"પરમલની પાટુડી રે નાનોસૂનો સીધવો."

બાપડી પરમલ શું પાટુ મારી શકતી'તી ! પણ પછી તો પરમલને ઝાળ લાગી ગઈ. બસેક ભારનું કડલું પગમાં પહેર્યું હતું તે માનેતીની કેડયમાં ઠબકાર્યું. રથમાં બેસીને પોતાને ઉતારે વહી આવી. દીવો પેટાવનારી બાનડીને પરમલે કહ્યું:

"દીવડીઆળી રે તું તો દીવડીઆ અંજવાળય રે,
"રૂઠયો ને ત્રૂઠયો રે રાજા મોલજ આવશે."

રાયકાને સાબદો કર્યો, અરે ભાઈ રતના રબારી ! મનવેગી ને પવનવેગી સાંઢય પલાણ. મારા વીર બાપુ ભાલાળાને સંદેશો પહોંચાડ.

મનવેગી ને પવનવેગી પલાણીને રતના રબારીએ બાપુ ભાલાળાને દેશ પહોંચીને ગઢના દરવાનને જગાડયો:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" બાપુના રે પોળીડા તું તો સૂતો હોય તો જાગ રે
" અસૂરા કાગળીઆ રે પરમલ બાઈના."

" કૂંચીયું રહી રે એવી ધાધલને દરબાર રે
" વેણાં ને વાયે રે રતના! પોળ્યું ઊઘડે."

એ રતના રબારી! પોળ્યના દરવાજા તો વાણુલાં વાય ત્યારે ઊઘડે. કૂંચીઉં મારી આગળ નથી.

'એવી વાત છે! આ લે ત્યારે!' એમ કહીને રતન રાયકાએ સાંઢયને પાછી હટાવીને ગઢની રાંગ ઠેકાવી. જઈને બાપુ ભાલાળાને બેનનો કાગળ દીધો.

(૮)

" બાપુ ભાલાળો ઢાંકા બંગાળા માથે ચડયો:
" વાગ્યાં વાગ્યાં રે એવાં જાંગીનાં જોને ઢોલ રે
" ઢોલડીઆ ધ્રહુકે રે પારાધીડા જો ચડે."
" પે'લે નગારે ચડે રે સાડા સાતસો રજપૂત રે
" બીજે તે નગારે રે ચડી વીરા! ચાલજો."

ચડતા પહેલાં બાપુ ભાલાળો માતાજીને પગે લાગે છે:

" બાપુ ભાલાળો લાગે દેવળને રે પાય રે,
" બા'નાંની લજાયું રે માડી! મારી રાખજો."

હે માતાજી! તમારું બિરદ મેં ધર્યું છે. તેની લાજ સચવાય એમ સહાયે રહેજો.

જેમ બાપુ ભાલાળાનાં ઘોડાંની પડઘી વાગી તેમ પરમલે પોતાની શોકયને કહ્યું:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"જગાડચે રે જગાડચે રે તારા ત્રણ ભુવનના રે રાયને રે
"સૂંડલે ને સૂપલડે રે ઘરાણાં આવિયાં.'

એ બાઈયું ! જગાડો તમારા બહાદરને ! જો મારો વીર અઢળક ઘરાણાં લઈને આવ્યો છે.

બાપુ ભાલાળાએ તો ચીચીડાને પકડી કેદ કરેલ છે. ત્યારે બેન પરમલ શું બોલે છે:

"બાપુ ભાલાળા વીર ! પહલીએ કાપડાં લીધેલ રે
"બંધીવાનને રે વીરા ! છોડી મેલજો.'

અરે બેન ! તું તે કાંઈ ઘેલી થઈ ગઈ ! હવે છોડું ?

"ઘેલી બેની રે આવાં ઘેલડિયાં શાં રે બોલ રે
"ચીચીડો ને માનેલ રે માતા કેરો બોકડો.'

આ ચીચીડાને તો મેં માતાના બોકડા લેખે ભોગ દેવાની માતાની માનતા રાખી છે.

(૯)

ચીચીડાને પકડીને બાપુ ભાલાળો પાછો આવ્યો. પણ પછી એને મદ ચડી ગયો પોતાના ભુજબળનો, એટલે એક દિવસ એની ભોજાઈએ એને મેણું મારેલ છે:

"બાપુ ભાલાળા વીરા ! નૈ રજવાડાંની રીત રે
"રાજવિયુંની રીત્યું રે સોઢા-ઘરે નીપજે."

હે વીરા બાપુ ભાલાળા ! રાજવીની રીત આવી નો'ય. આવાં અભેમાન ન શોભે.

હેં ભાભી ! ત્યારે રાજવીની રીત મારે કયાં જઈ શીખવી ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો કહે કે 'મારા પિયરવાળા સોઢા રાજપૂતને ઘેર જઈને શીખો.'

"બાપુ ભાલાળા વીરા! ભાલડાના ઝૂઝનાર રે
"માટીડા મળ્યે અરે ભાંગે તારાં ભાલડાં."

હે દેર ભાલાળા! જે દી માટીએ માટી મળે તે દી પગે આંટિયું વળે. માટે તારા ભાલાનો મદ મેલી દે.

"બિવરાવ્યાં બિવરાવ્યાં તેં તો નાનાંસૂનાં રે રજપૂત રે
"તેથી ને બિવરાવ્યાં રે ચોરે ચારણ ભાટને."

તારા સોઢાસુમરા પિયરિયાની આ બીક તું બીજા રેંજીપેંજી રજપૂતને બતાવ. મને નહિ હો ભાભી!

"કરડાં કરડાં દિસે રે એવાં સોઢા ને સુમરાનાં રાજ રે
" રાજવિયુંની રીત્યું રે સોઢા-ઘરે નીપજે."

હા હા, દેર ભાલાળા! મારા પિયરમાં સોમસર તળાવ છે. ત્યાં મારા પિયરની સોળસેં સાંઢ્યું સોનામોરુંની ભરેલી રેઢી ચરે છે. જબરો હો તો જા, જઈને વાળી આવ.

ભલે ત્યારે ભાભી! જા તારે પિયર, ને કહેજે તારા સોઢાઓને કે:-

"કે'જે ભાભી રે તારા મૈયરમાં જઈને વાત રે
રાજવિયુંની રીતે રે ઠાકોરો રે હાલજો."
"મારી બેટીને મારે દેવું છે કન્યાદાન રે
"સોળસેં તે સાંઢયું રે બાઈ વાંસે આલવી."

બાપુ ભાલાળે તો સેન મોકલ્યું સોઢાના મુલક માથે, એમાં વાંસેથી ઢાંક બંગાળેથી ચીચી ઝાંઝરો સેના લઈને ચડ્યો ને ગુંજવા ગામની ગાયો વાળી. બાપુની તો આંખો દુઃખે એટલે એ સૂઈ રહ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માતાજી સપનામાં આવ્યાં.

બાપુ ભાલાળા ! ઊઠ્ય, ચડ્ય, નીકર મારું નાક કપાશે.

બાપુ ભાલાળે અભિમાન ને અભિમાનમાં ના પાડી.

"દુઃખે દુઃખે રે મારી ડાબી ફોરની આંખ રે
"ઘોડાં ને ઘરે રે મારે નોયે રાવળાં."

હે માતાજી! મારી આંખ ઊઠી છે, ને ઘોડાં ને રાવળ રાજપૂતો ઘેરે નથી.

ત્યારે માતાજીએ શરાપ દીધો :

"દુઃખજો રે દુઃખજો તારી ભવોભવ આંખ રે
"ઘોડાં ને હજો રે ઘેરે તારે રાવળાં !"

એ...મ ! ત્યારે શું માતાજી જ મને રાખી દે છે ! આ લ્યો આ તમારો ભમ્મરીઓ ભાલો ને આ તમારી કેસર ઘોડી.

એમ કહી બાપુ ભાલાળો માતાજીનો આપેલ ભમ્મર ભાલો અને કેસર કાળવી ઘોડી, એ બેય વાનાં મૂકી દઈને લડ્યો, ને મરાણો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાર સાર

રાજાને અને મનસાગરા પ્રધાનને હતી તો આંતરે ગાંઠ્યું. એકબીજા વિના જીવડો જંપી ન શકે. એમાં એક દિ' રાજા બદલી બેઠો. રાજા, વાજાં ને વાંદરાં, એનું કાંઈ ઠેકાણું નહિ. કોણ જાણે શો વહેમ આવ્યો ને રાજાએ મનસાગરા પ્રધાનનું મોઢું જ જોવું બંધ કર્યું. અરે રાજા! મારા ડાહ્યા રાજા!

"જે સું આંધલ જીવ, તે સું મન તારવીએં નહિ;
મન સુકાય શરીર, તોય બીજાં ન થાયેં આંદરા!"

જેની જોડે જીવ બાંધ્યો હોય તેને ન તરછોડીએ. અરે આવો અણબનાવ જે દિ' હંસાની ને સાયરની વચ્ચે થયો હતો, તે દિ'—

હંસલાં ઊડું ઊડું હુવાં, પાંખું પસાયેં,
જાણ્યું પાદર ચારો નૈ, કોક નવાં નિહાળયે.

સાયર સુકાણાં, હંસલાં ચારા વિનાનાં થઈ રહ્યાં, ને કોઈક નવાં નવાણ નિહાળવા ઊડું ઊડું થયાં.

ત્યારે સાયર દુભાઈને બોલ્યું કે—

હંસલા! પ્રીતિ કાગની, કષ્ટ પડયે ઊડ જાય;
સાચી પ્રીત શેવાળની, જળ સૂકે શરમાય.

હે હંસા! મને સરોવરને કષ્ટ પડયે ઊડી જાય તે તો કાગડાનાં કામ. સાચી પ્રીતિ શેવાળની, કે મારાં જળ સૂકે એટલે પોતે પણ કરમાઈ જાય.

ત્યારે ડાહ્યાં માણસોએ કહ્યું કે એ હંસા!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હંસા ! સાયર મનાવીએ, કરીએ હાથાંજોડય;
"જેથી રૂડાં લાગીએ, તેથી તાણી મ ત્રોડ !"

હે હંસા ! તું સાયરને મનાવી લે. એની પાસે હાથ જોડ. જેનાથી આપણે સારાં લાગીએ ને શોભીએ, તેનાથી દોસ્તી ન તોડાય.

હંસા ! સાયર સેવીએ, જેની જળ બરોબર પાળ,
ઓછો રાજા ન સેવીએ, જેનો ઉચાળો અંતરિયાળ.

પણ હંસલો તો ગયો તે ગયો. જતાં જતાં કહેતો ગયો કે મારે તો ઘણાંયે સરોવર પડ્યાં છે, કાંઈ આ એક માથે ભૂંગળું નથી ભાંગ્યું; ત્યારે સાયરે કહ્યું કે હા ભાઈ!

હંસાને સાયર ઘણાં, પોહપ ઘણાં ભમરેશ;
સુમાણસને સુમાણસ ઘણાં, મરને જાય વિદેશ.

પુષ્પને ભમરા પણ ઘણા મળી રહેશે. સારા માણસને સારા માણસ સાંપડી રહેશે. ભલે તું વિદેશ જાતો.

આમ પ્રધાન પણ રાત દિ' સબૂરી સાચવીને બેઠો છે. એને તો આશા છે કે કોઈક દિ' રાજાનું મન ઠેકાણે આવશે. એમાં ભગવાનને કરવું છે અને ઈશ્વરને વાત રાખવી છે તે એક દિવસ પ્રધાનને કાને આવા બોલ પડ્યા–'લ્યો રે કોઈ ચાર સાર ! એક એક સારના રૂપિયા એક એક હજાર !'

"સમજે તો લાખના
ને ન સમજે તો રાખના !"

અરે, આ ચાર સાર કોણ વેચે છે ? ઊઠીને મારગને માથે ડોકું કાઢ્યું ત્યાં તો એક ફકીર બોલતો હતો—

'લ્યો રે ભાઈ ચાર સાર: એક એકના રૂપિયા એક હજાર: સમજે તો લાખના ને ન સમજે તો રાખના !'

સાંભળીને માણસો મશ્કરી કરતાં કરતાં ચાલ્યાં જાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. કોઈ વળી કહેતાં જાય છેઃ ' ગેલસાગરો છે, ગેલસાગરો !' ત્યાં તો મેડી માથેથી મનસાગરા પ્રધાને સાદ કર્યોઃ ' એ સાંઈ ! આંહીં આવજો આંહીં.'

મેડી માથે તેડાવીને રૂપિયા ચાર હજાર સામે મેલી દઈને કહ્યું કે ' લાવો ચાર સારનો ખરડો.'

ફકીરે ચાર સાર લખેલી કાગળની ચપતરી આપી તે મનસાગરે પ્રધાને વાંચી—

" ક્રોધ વસાસણ સાર, તેના રૂપિયા હજાર;
" જાગ્યા સો નર સાર, તેના રૂપિયા હજાર;
" વેરીને આદરભાવ સાર, તેના રૂપિયા હજાર;
" અસ્રી વાંક માર સાર, તેના રૂપિયા હજાર."
" સમજે તો લાખના
" ને ન સમજે તો રાખના."

' ઠીક, જુઓ સાંઈ ! આ લ્યો આ ખરડો, અને રાજાને મો'લે જાવ. રાજાને હાથોહાથ દેશો મા; પણ એના બારસાખે રાતને ટાણે ચોડીને ચાલ્યા આવજો.'

એ સમાના બાવા ફકીર ઈમાનદાર, એટલે ઠેઠ રાજાના મો'લમાં પણ જાય આવે. કોઈ એને અટકાવે નહિ. ચાર સારવાળો ફકીર જઈને ચાર સારની ચબરખી રાજાના મહેલને બારસાખે ચોંટાડીને ચાલ્યો આવ્યો.

: ૨ :

હવે ભગવાનને વાત રાખવી છે તે એ જ રાતે ગામમાં ભવાયા રમે. ચોકમાંથી ભૂંગળાં વાગવા માંડ્યાં અને ઝાંઝ–પખાજની ઝડી બોલી. રાજા પોતે ભવાયા જોવા ગયા છે. અને રાજાની બેન જુવાન હતી તેને પણ ભવાયા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોવાનું મન થયું એટલે એ મરદનો વેશ પહેરીને પહોંચી ભવાયા જોવા. ભેળી પોતાની બાનડીઓ, એને પણ મરદનાં લુગડાં પહેરાવેલાં. કુંડાળાની એક કોર રાજા ઢાલીઓ ઢાળીને બેઠા છે અને બીજી કોર રાજાની બેન મરદવેશે અને હથિ-યાર–પડીઆર બાંધીને બેઠી છે. કોઈ એને ઓળખી શકે એમ નથી. જાણે કોઈક પરગામનો ગરાસિયો આવ્યો છે.

રમતમાં તો વેશ પછી વેશ આવવા લાગ્યા. ગણેશનો, ડાગળાનો, બ્રાહ્મણનો. અને ઝાંઝ–પખાજ સાથે ઝપટ કરતા, થાપીઓ દેતા નાયક ગાવા લાગ્યા કે—

"વાવડી ઓદે રે ભરુયો રામરામજી રે
"નાવણુ કરે રે ભરુયો રામરામજી રે
"ભોજન કરે રે ભરુયો રામરામજી રે

પછી વળી—

"ભલા મોરે રામા, ભલા મોરે રામા
"આજ મોરે રામા, ભલા મોરે રામા!

એમ ગાતા ને નાચતા નાચતા માથે છત્રી ઝુલાવતા પુરબીઆ બે કોર બે બાયડીઓને લઈ પડ ગજવતા આવ્યા. પછી તો ફેરબાનો વેશ આવ્યો, પણ શું એના નાટારંભ!

"સવર પદ ઘૂઘરકે બાજત બજાય સિંધુ,
"વીંછીઆ અણવટકી ફોજ અસવારી હે;
"ઘૂઘર રવ ઝાંઝરકે પાખર બિછાય ઘોડે,
"ભૂજન પર બાજનકી ઢાલ બડી ભારી હે;
"સીસન પર ચીરનકે નેજા જરીન સોહે,
"ધજા પતાકા અરૂ કંચન જયું ધારી હે."

એવા ફેરબાના વેશ માથે રાજાને મોજ આવી, ને એણે રૂપિયા એક સોની મોજ આપી, ભવાયાના નાયકોએ ભલકાર દીધો કે 'હોઈ ખરાં!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'અરે છોડીયું ! આ તો ભાઈ આપણી રમત લઈ ગિયા !' એમ પોતાની બાંદીઓને કહેતેક રાજાની બહેને એવડો ચડાવો કરીને રૂપિયા બસો જાહેર કર્યા. એની વાહવા બોલાણી, એટલે તો રાજાને રૂંવે રૂંવે અંગારા મેલાઈ ગયા. રાજાની બેન પણ પોતાને ભાઈ ઓળખી જશે એવી બીકે ઝટ ઝટ ઊઠીને રાજમોલે ચાલી ગઈ અને મોડી રાતે એ જ મરદવેશે મા ભેળી સૂઈ ગઈ. ઊંઘ બહુ આવતી હતી એટલે લૂગડાં બદલાવવાની વેળા રહી નહિ.

રાજા પણ રીસમાં ને રીસમાં ઘેર આવ્યા. મોલમાં ઝમાળ જેવા દીવા બળી રહ્યા છે, એને અજવાળે એણે જોયું તો માની હારે કોઈક મરદ સૂતેલો ! શરીરનાં છાસઠ હજાર રૂંવાડાં સડડડ કરતાં બેઠાં થઈ ગયાં. તરવાર ખેંચી : હમણાં જ બેયના કટકા કરી નાખું ! જેવો બારણામાં પગ મૂકવા જાય છે એવો તેમનો હાથ બારસાખે ચોડેલ કાગળ માથે પડ્યો. એમાં એણે વાંચ્યું—

'ક્રોધ વમાસણ સો સાર : તેના રૂપિયા હજાર !

ક્રોધ આવે ત્યારે વિમાસણ કરવી, વિચાર કરવો, સબૂરી રાખવી, એવા મર્મવાળો એક હજાર રૂપિયાનો સાર !

આ શું ! આ ચિઠ્ઠી આંહીં કોણે ચોડી ? કાંઈક ઊંડો ભેદ લાગે છે !

ગમ ખાઈને બે પગથિયાં હેઠો ઊતરી બેસી ગયો. ફરીવાર એની નજર એ ચિઠ્ઠી ઉપર પડી. વાંચ્યું—

'જાગ્યા સો નર સાર : તેના રૂપિયા હજાર !'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ તો ભેદ વધે છે. મને જ કોઈક ચેતવતું લાગે છે; ઓહો ! ત્યારે તો હમણાં આપણે સૂવું નહિ. જાગતા રહેવું: મારી જાતને માટે જ કાંઈક સાર હશે. એમ વિચારીને રાજા બેઠો.

રાતના ત્રીજા પહોરે ઝાડને માળે બેઠેલાં બે પંખીડાં વાતો કરે :

કે 'હે હંસપંખી ! આ રાજાનું આયખું કેટલું ?'

કે 'હે હંસપંખણી, ત્રણ દી'નું.'

'અરર ! ત્રણ જ દી'નું ! પણ રાજા તો કાંઈ માંદા નથી. રૂંવાડેય કોઈ રોગ નથી.'

કે 'હે હંસી ! ત્રીજા દી'ની રાતે આ રાજાને સરપડંશ થશે.'

'સરપડંશ શા માટે ?'

'આ રાજાના ઘોડાના ડાબલા હેઠળ એક સરપનું બચ્ચું બાંડું થયેલું છે, તે વેર લેવા આવશે.'

એટલી વાત કરીને પંખી ઊડી ગયાં. રાજા તો સાંભળીને પરસેવે રેબઝેબ થઈ ગયો. વળી એણે બારસાખે જઈને વાંચ્યું– 'વૈરીને આદરભાવ સો સાર....'

સવાર પડ્યું એટલે રાજાને પહેલો સાર ફળ્યો. મરદવેશે મા ભેળી સૂતેલી તે તો પોતાની બહેન જ નીકળી ! ક્રોધમાં ને ક્રોધમાં બેયના કટકા કર્યા હોત તો પાછળથી કેટલું પસ્તાવું પડત ! ત્યારે તો હવે બીજો સાર પણ સાચો પડશે. નક્કી સરપ કરડવા આવશે. પણ હવે કરવું શું ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફરી વાર નજર બારસાખ સામે ચોડેલ ચિઠ્ઠી ઉપર પડી: આગળ લખ્યું હતું—

'વેરીને આદરભાવ સો સાર!'

હાં–હાં! સરપ આપણો વેરી છે. વેર લેવા આવનાર છે. એને જો આદરમાન દઉં, તો નક્કી એમાં કાંઈક સાર હશે. હવે સરપ જેવા વેરીને આદરભાવ શેનો દેવો!

ત્રીજો દી' થયો અને રાજાએ ફૂલવાડીમાંથી ઢગલાબંધ ફૂલ મગાવીને પોતાના રંગમોલમાં પથરાવ્યાં, પલંગ ઉપર ફૂલના ઉલેચ બંધાવ્યા, અને સાંજ પડી એટલે પલંગને ચારે પાયે અક્કેક કઢેલ દૂધનું કૂંડું મેલાવ્યું. પછી પોતે પલંગમાં ચડીને બેઠો. દેહ તો થરથર ધ્રૂજે છે, પણ બોલ્યા ચાર સાર ઉપર આસ્થા રાખી છે, એટલે મનને મજબૂત રાખીને બેઠો છે.

અધરાત થઈ એટલે નાગ આવ્યો. ફૂં! ફૂં! ફૂં! ફેણમાંથી વરાળ નીકળે છે. રંગમોલ આખો ધગી ઊઠયો છે. રાજાની રાડ ફાટતી માંડ રહી ગઈ. પણ જેવો એ વાસંગી નાગ ઓરડામાં આવ્યો તેવો તો ફૂલના થર ઉપર ફેડાકવા લાગ્યો, અને પલંગને પહેલે પાયે ચડવા ગયો ત્યાં દૂધના કૂંડામાં જ મોઢું આવી ગયું, ચસ! ચસ! ચસ! પોતે દૂધ પી ગયો અને પછી વિમાસ્યું: 'હવે આ પાયે ન ચડાય: મેં આનાં લૂણપાણી લીધાં'

પટ દઇને એ પાયેથી નાગ પાછો ફર્યો, કારણકે જાતવંત, દેવલોકી નાગ છે ખરો ને!—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તવીએં પ્રથમ તંબોળ, અભે નાગ અડદીઆ;
ત્રીજા નાગ તલીઆ, ગણીએ ચાર ગડગડીઆ;
પાંચમો ધામણ પણા, ખટમો ઐયર જાણ;
સાતમો શીતળ શામ, આઠમો નાગ કંજુ.
નવમો રાજા ફૂલનાગ, કુંડળ સબ કાશ્યપરા;
અલરાજ કવન ઓચરે, રૂપ નવકળ નાગરા.

એમ આ તંબોળીઓ નાગ નહિ, અડદીઓ નહિ, તલીઓ નહિ, ગડગડીઓ નહિ, ધામણ, ઐયર કે શીતળો નહિ, કંજુ પણ નહિ, આ તો બધાય કરતાં ઊંચા નવમા કુળનો ફૂલનાગ હતો.

પાછો વળીને ફૂલના સુંવાળા ફગરમાં આળોટતો, ગેલ કરતો, ફૂલનાગ તો પલંગને બીજે પાયે પહોંચ્યો, ત્યાં ચડવા જાય તો ત્યાં ય મોઢું દૂધના કૂંડામાં પડ્યું.

ત્યાં યે ફરી દૂધ પીધું. એમ ત્રીજે પાયે, અને છેલ્લે ચોથે પાયે. પછી તો નાગે વિચાર્યું કે હવે પાયેથી તો પલંગે ન ચડાય. એનું લૂણપાણી પીધું. માટે બીજી કોઈ જુક્તિ કરવી જોઇએ.

અરે શા ભાર છે એના ! આજ જીવતો મેલું નહિ ! એમ વિચારતો ચડ્યો એ તો અદ્ધર, અને છાપરેથી ડીલ પલંગ ઉપર પડતું મૂક્યું. એટલે તો પડ્યો ફૂલના ઉલે-ચમાં. આવો આદરભાવ કરનારને કેમ ડસાય ? નાગ હતો ઈમાની. કારણકે એ તો નવકુળ માયલો નાગ હતો. જાત-વંત હતો. વાસંગીના વંશનો દેવાંગી નાગ હતો.

પ્રસન્ન થઈ ગયો. દેવ–રૂપ ધારણ કરીને રાજાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સામે જોઈને કહે કે 'હે રાજા! માગ માગ! મારો કોલ છે કે તું માગીશ તે આપીશ.'

રાજાએ માગ્યું કે 'હે વાસંગીદેવ! હું જીવ માતરની બોલી સમજું એવું વરદાન દ્યો, અને ત્રણ કાળનું ભાળું એવી શ્વાનની આંખો આપો.'

'અરે રાજા! એથી તને શું ફાયદો છે?' વાસંગી દેવને રાજાની માગણીમાં ડહાપણ ન લાગ્યું.

કે 'મહારાજ! આપો તો ઈ જ આપો. હું જીવ માતરની બોલી સમજું અને ત્રણ કાળનું ભાળું!'

'જા ત્યારે, સમજીશ અને ભાળીશ, પણ એક શરતે.'

કે 'શું મહારાજ?'

કે 'હે રાજા! તારી અસ્ત્રી આગળ કોઈ દી' એ માયલી વાત કરીશ નહિ. કરીશ તે દી' તારો કાળ સમજજે.' એમ કહીને નાગ તો ચાલ્યા ગયા અને તે ઘડીથી જ રાજાની આંખો અને કાન બ્રહ્માંડમાં રમવા લાગ્યાં. કીડીમકોડા, પશુ–પંખી. તમામની બોલી સમજે અને ગેબમાં ભાળે.

હવે ભગવાનને વાત રાખવી છે તે એક દિવસ જૂની રાણીનો ભાઈ મરી ગયો; એવો ભલો અને પુણ્ય-શાળી માણસ હતો કે એનો જીવ બહાર નીકળીને દેહને બચીઓ ભરવા લાગ્યો. નોખા પડવું ન ગમે.

નાગનું વરદાન હતું કે રાજા ત્રણે કાળનું ભાળે, એ પ્રમાણે આ કૌતુક ભાળીને રાજાને રોવું આવી ગયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી એક દી' નવી રાણીનો ભાઈ મરી ગયો. એનો જીવ બહાર નીકળીને દેહને ગાલે ખાસડાં મારે ! એ પણ રાજાએ જોયું. અને રાજા તો હસવા લાગ્યો.

પોતાનો ભાઈ મરે અને રાજા હસે ! એનું કાંઈ કારણ ? નવી રાણીએ હઠ લીધી કે 'હે રાજા ! હસવાનું કારણ કહો.'

કે 'કહેવાય નહિ.'

'ના, બસ કહો ને કહો ! નીકર પેટ કટાર નાખીશ !'

રાજા પડ્યો વિમાસણમાં. કહે તો કાળ આવે, ને ન કહે તો રાણી મરવા તૈયાર થાય !

કહેવું જ પડશે, અને આંહીં ને આંહીં કાળ આવશે તો જીવ અવગત્યે જશે, માટે ચાલ કાશીએ જઈને કહું, એટલે મોત આવે તો યે જીવ ગત્યે તો જાય.

રાજા રાણીને કહે કે ચાલ, કાશીએ જઈને કહીશ. બેઉ હાલી નીકળ્યાં. જાતાં જાતાં બારસાખને માથે ફરી ચાર સાર વાંચ્યા.

'ક્રોધ વિમાસણ સો સાર............
'જાગ્યા સો નર સાર...............
'વેરીને આદરભાવ સો સાર.......
'અસ્ત્રી વાંક માર સો સાર............
'સમજે તો લાખના,
'ન સમજે તો રાખના !'

જાતાં, જાતાં, જાતાં, મારગને કાંઠે એક કૂવો આવ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને એને કાંઠે બકરો ને બકરી ચરે. બરાબર રાજારાણીને નીકળવું અને બકરીને બોલવું—

'અરે હે રોયા બકરા! હું છું ભારેવગી. અને મને થયું છે આ કૂવામાં ઊંડે પાણી આગળ વેલો ઊગ્યો છે તે ખાવાનું મન. માટે માંહીં ઊતરીને મને એ વેલો લાવી દે તો જ હા, નીકર ના.'

ત્યારે બકરો બોલ્યો: 'રાંડ બકરી! હું કાંઈ આ રાજા જેવો મૂરખો નથી કે તારા સારુ થઈને કૂવામાં જીવ ખોવા ઊતરું. એવાં લાડ કરીશ ને, તો હું તો તને ઢીંકે ઢીંકે લાંબી કરી નાખીશ. ઓળખ છ મને? હું કાંઈ આ રાજા જેવો ગાલાવેલો નથી કે બાયડીનાં ગેલ-સાગરા લાડ પણ પૂરાં કરું.'

બકરી તો ચૂપ થઈ ગઈ.

રાજાને તો નાગદેવતાનું વરદાન છે, કે જીવ માત્રની બોલી સમજે: એણે આ બકરા–બકરીની વાત સાંભળી અને એ તો સડક દઈને ઊભો રહી ગયો. એક તો એને બકરાનું મેણું લાગ્યું, અને બીજો એને ઓલ્યા ચાર સાર માયલો ચોથો સાર સાંભર્યો: 'અસ્રી વાંક માર સો સાર.'

તુરત એણે નવી રાણીને કહ્યું: 'ઊભી રે.' પાછાં વળવું છે કે મારા હાથની ધોલ ખાવી છે? હઠ કરવી છે? આંહીં ને આંહીં ધમારી નાખીશ, લોંડી!'

રાણીનાં તો મોતિયા જ ત્યાં મરી ગયા, અને એણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજાને કરગરીને કહ્યું: 'હવે કોઈ દી હઠ નહિ કરું. વળો પાછા.'

પાછા આવીને રાજાએ ચારે સાર સાચા પડેલા જોયા. એણે તપાસ કરાવી કે આ ચાર સાર મારે બારસાખે ચોડનાર કોણ?

ખબર પડી કે એ તો મનસાગરો પ્રધાન હતો. રાજાએ મનસાગરાને તેડાવીને એની માફી માગી અને પછી એવા શાણા મીતરૂની સાથે રીસ કરવી ભૂલી ગયા. ખાધુંપીધું ને રાજ કીધું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરકાયાપ્રવેશ

વળી એક વખત ઉજેણીનો પરદઃખભંજણો રાજા વીર વિક્રમ એકલ ઘોડે અસવાર બનીને ગામતરે નીકળ્યો છે. કારણકે પારકાનાં દુઃખ ભાંગ્યા વિના એને રાતે નીંદર આવતી નથી.

> ન સૂવે રાજા, ન સૂવે મોર,
> ન સૂવે રેન ભમન્તા ચોર,
> કબુ ન સોવે કંકણહારી,
> ન સૂવે પ્રેમવળુંધી નારી.

સાચો રાજા ન સૂવે, મોર ન સૂવે, રાતમાં ભમતા ચોર ન સૂવે, કંકણહાર નામની પંખણી ન સૂવે, અને પ્રેમમાં તલસતી અસ્ત્રી ન સૂવે. એટલાં જણ નિરાંતે નીંદર કેમ કરી શકે ?

હાલતાં હાલતાં એક નગરી આવી છે. દરવાજે જુએ તો બંદૂક, તરવાર, ભાલાં, ઢાલ, હથિયાર પડિયાર ટાંગેલ છે, પણ કોઈ કરતાં કોઈ માણસ નથી. નગરીની માલી-કોર જાય તો બજારે હાટડાં ભર્યાં છે, પણ કોઈ માણસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી. આખી નગરી અભરે ભરી પણ માણુસ વિનાની. માણેકચોકમાં જઈને ઘોડો અટકયો. ઘોડે હણેણાટી મારી. મોટો મહેલ ઊભેલો, તેના ગોખમાંથી કોઈકે ડોકું કાઢ્યું. વીરવિક્રમ જુએ તો એક બાઈ નજરે પડી. ઓહોહો ! રૂપરૂપનો ભંડાર. આ તો કોઈક પદમણી જાતની નારી !

પદમણી નારીને પાશેરનો આહાર,
અધશેર આહાર રાણી હસ્તની;
ચત્રણી નારીને શેરનો આહાર,
સોર વાળે એનું નામ શંખણી.

પદમણી નારીને પલની નીંદરા,
અધ પોર નારી હસતની;
ચત્રણી રાણીને ચારે પોર નીંદરા,
સોર વાળે રાણી શંખણી.

પદમણી રાણી એને પાનીઢક વેણ્ય,
અધકડ્ય વેણ્ય રાણી હસતની;
ચત્રણી રાણીને ચાબખ–ચોટો,
ઓડ્યથી ઊંચાં એનું નામ શંખણી.

વિક્રમરાજાએ તો પહેલી જ નજરે પરખી લીધું, કે, આ નથી શંખણી, નથી ચિત્રિણી, નથી હસ્તિની, પણ પદમણી નાર લાગે છે. અને છતાં, અરે જીવ ! આ પદમણી શું આ નગરીને ભરખી જનારી ડાકણ હશે ?

બાઈએ મીઠે સાદે બોલી કરી :

‘ અરે હે પુરુષ ! આ નજીવા નગરીમાં તમે શું કામ આવ્યા ? ’

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હે અસ્ત્રી! શું તું જ આ નગરીને ભરખી જનારી ડાકણ છો?'

કે 'મોટા રાજા! હું નહિ. હું તો દુઃખણી બંદીવાન છું, ને આ તો ઢુંઢા રાક્ષસનો આવાસ છે. જીવ વા'લો હોય તો પાછો વળી જા.'

કે 'હે અસ્ત્રી! જીવ તો મને વા'લો છે, પણ પારકાનું દુઃખ ભાંગવું મને વધુ વહાલું છે. આવી નજીવા નગરી વચ્ચે તને કોણ લઈ આવ્યું છે? તું કોણ છો? તારાથી આંહીં શે રહેવાય છે? બોલ, બોલ, હું વીર વિક્રમ છું.'

'વીર વિક્રમ! અરે પ્રભુ! તમે ઝટ પાછા વળો. આમ જુઓ! સાંભળો, તમારા કાળના પડઘા પડે છે. સાંભળતા નથી?'

વિક્રમને કાને ધણેણાટી સંભળાણી: ધરતી હલબલતી હતી. અને પછી તો અવાજ આવ્યો:

થડક ઉથડક ધમ! થડક ઉથડક ધમ! થડક ઉથડક ધમ!

'આ શેના અવાજ છે?'

'હે રાજા! ઢુંઢો રાક્ષસ શિકાર કરીને પાછો આવે છે. હમણાં આવી પહોંચશે. તમે એને નહિ પૂગો. કોઈ હથિયારે એ મરશે નહિ. એને મોત નથી. આંહીં અંદર આવતા રહો. હવે તમે ભાગી નહિ શકો.'

વિક્રમ અંદર આવ્યો. ઘોડાને એકલો છોડી મૂક્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘોડો નગરી બહાર ચાલ્યો ગયો. બાઈએ વિક્રમને માથે હાથ ફેરવીને દેવીઓનું આરાધન કર્યું—

ચોરાસણી ચારણ્યું
નવ કોટિ મારવાડન્યું
બરડાના બેટન્યું
પાટણના પાદરની
રોઝડાના રે'વાસની
કળકળિયા કૂવાની
તાંતણિયા ધરાની
કાંછ પંચાળની
અંજારની આંબલીની
ગરનારના ગોખની
ચુંવાળના ચોકની
થાનકના પડથારાની
કડછના અખાડાની

હે માવડી જોગણીયું ! આ પુરુષનું જતન કરજો !

એટલું કહીને રાજા વિક્રમને બાઈએ પટારામાં પૂર્યો, અને આડસરે મધનો કૂંપો બાંધ્યો. એમાંથી અક્કેક ટીપું મધનું બરાબર પટારાની તરડમાં પડે, અને માંહીં પુરાયેલ વિક્રમ એ મધનાં ટીપાં માથે પોતાનો ગુજારો કરે !

ઢુંઢો આવ્યો. પાંચ–દસ મડાં આ ખંભે અને પાંચ–દસ મડાં ઓલ્યે ખંભે : નાખોરાં તો થડક ઉથડક ધમ ! થડક ઉથડક ધમ ! એમ બોલી રહ્યાં છે અને ઢુંઢો બોલતો આવે છે—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'માણુસ ગંધાય! માણુસ ખાઉં!'
'માણુસ ગંધાય! માણુસ ખાઉં!'

બાઈ કહે છે કે 'આંહીં તો મારા સિવાય કોઈ માણુસ નથી. મને ખાવ તો છે!'

'તને તે કાંઈ ખવાય? તારા વિના મારી ચાકરી કોણ કરે?' એમ બોલીને હાંકવા મંડ્યો: થડક ઉથડક ધમ! થડક ઉથડક ધમ! થડક ઉથડક ધમ!

બાઈએ તો ઢુંઢાને ખવરાવ્યું છે. થાકેલ ઢુંઢો લાંબો થઈને સૂતો છે. અને બાઈએ લોઢાની મોઘરી લઈને ઢુંઢાના પગ ચાંપવા માંડેલ છે. ઢુંઢો ઘારણમાં પડ્યો.

બેત્રણ દી' થયા અને પાછો ઢુંઢો શિકારે ઊપડ્યો. એટલે બાઈએ વીરવિક્રમને પટારામાંથી બહાર કાઢીને કહ્યું—

'હે પુરુષ! હવે તમે આ નજીવા નગરીમાંથી બહાર નીકળી જાવ. નીકર મને તમારી હત્યા લાગશે.'

બાઈનો અક્કેક બોલ કોયલના ટહુકા જેવો હતો. આવી સુકોમળ પદમણી રાણી, આવું બિલોરી શરીર, આ પેનીઢક ચોટલો, આ કંકુવરણી કાયા, અરેરે! એક રાક્ષસને પંજે પડી રહે! નહિ નહિ જીતવા! એમ તો નહિ બને.

'હે અસ્ત્રી! તને છોડાવ્યા વગર તો હવે નહિ જાઉં.'

'મને તમે છોડાવી નહિ શકો.'

'કારણ?'

'કારણકે આ ઢુંઢાનું મોત નથી. કોઈ માણુસ કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેવનો માર્યો, કોઈ હથિયારે કે પડિયારે, આગમાં કે પાણીમાં એ મરનાર નથી. કૈક પરાક્રમી નર આંહીં આવીને એના ભોગ બન્યા છે.'

પણ વિક્રમ કાંઈ એકલો શૂરવીર થોડો હતો ? એ તો ચૌદ વિદ્યાનો જાણકાર હતો—

> પે'લી ભણતર વદ્યા, બીજી વદ્યા નટની,
> ત્રીજી વિયાકરણ વદ્યા, ચોથી વદ્યા ધનકની;
> પાંચમી શણગાર વદ્યા, છઠ્ઠી ગ્રહ સાગરે,
> સાતમી ધુતાર વદ્યા, આઠમી હીંગારડી,
> નવમી તોરંગ વદ્યા, દસમી પારખુ,
> અગિયારમી રાગ વદ્યા, વેશ્યા વદ્યા બારમી.
> તેરમી હરિસમરણ વદ્યા, તસગર વદ્યા ચૌદમી.

ચૌદે વિદ્યાના સાધેલ વીર વિક્રમે વિચાર કરીને બાઈને કહ્યું: 'આજનો દી' મને રહેવા દે, અને તું ઢુંઢાને ખવરાવી–પિવરાવી પગ દાબતી વખતે હું જે કહું તે પૂછી લે. તને રોતાં તો આવડે છે ના ?'

'હાજ તો.'

'ત્યારે થોડી અસ્ત્રીવિદ્યા ધુતારવિદ્યા અજમાવી લે. એને પૂછ કે તમે મરશો તો મારું કોણ બેલી ? એમ હુલાવીફુલાવીને ભૂલમાં નાખીને એનું મોત જાણી લે.'

કે 'ભલે.'

બપોર થયું ત્યાં તો ફરી પાછી ધરતી ધ્રૂજી, અને ઢુંઢાની હાંફણ સંભળાણી: થડક ઉથડક ધમ ! થડક ઉથડક ધમ !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાંચ-દસ મડાં આ ખંભે ને પાંચ-દસ મડાં ઓલ્યે ખંભે. મડાં ખડકીને મોલમાં જાતો વળી બોલ્યો :

'માણસ ગંધાય માણસ ખાઉં, માણસ ગંધાય માણસ ખાઉં.'

પટારામાં બેઠેલા વિક્રમને પણ આ ભયંકર બોલ સાંભળીને પરસેવો વળી ગયો. બાઈએ હસીને કહ્યું—

'આંહીં તો કોઈ માણસ નથી. હું છું તે મને ખાવ!'

'અરે, તને તે કાંઈ ખવાય? તું તો મારી ચાકરી કરછ.'

ખવરાવી-પિવરાવીને પાછી બાઈ તો લોઢાની મોઘરી લઈને ઢુંઢાના પગ દાબતી બેઠી, અને ડળક ડળક આંસુ પાડીને રોવા લાગી. ઢુંઢો કહે, 'અરે પણ, તું રોવછ શીદ?'

કે 'ન રોઉં તો શું કરું?'

કે 'કાં?'

'તમે હવે ગલઢા થયા. તમારો દેહ પડ્યે મારું કોણ!' એમ કહેતી કહેતી ધ્રૂશકે ને ધ્રૂશકે રોવા લાગી.

'મારું મોત! અરે, મને કોઈ મારી શકે નહિ. એક જ વાતે મરું તેમ છું. મારી તો લોઢાની કાયા છે.'

'તો ય નામ એનો નાશ તો હોય જ ના!'

'સાંભળ, હું વાવમાં સ્નાન કરું, પછી જાપ કરતો હોઉં, તે એક જ ટાણે મારી કાયા મીણની થઈ જાય. એમાં પણ એક બાપનો ને એક માનો કોઈ આવે, મારું માથું ને ધડ નોખું કરે, અને માથા ને ધડની વચ્ચે બે ધૂળની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઢગલી કરી શંકર–પારવતીની આણ આપે, તો જ ધડ ને માથું નોખાં રહે. નીકર તો મારે રૂંવાડે રૂંવાડે રાક્ષસ પેદા થાય. ખબર છે તને ?' ભોળા રાક્ષસે તોરમાં ને તોરમાં કહી નાખ્યું.

'હાંઉ, તયેં તો હવે મને જરીકે ચિંતા નથી.'

બેત્રણ દા'ડે ઢુંઢો પાછો શિકારે ગયો, બાઇએ વિક્રમને બહાર કાઢીને બધી વાત કરી.

પાછો ઢુંઢો આવ્યો. સ્નાન કરીને જાપ કરવા બેઠો. એ જ વખતે વિક્રમે બહાર નીકળી છલંગ દઇને ઢુંઢાને તરવાર ઠણુકાવી, અને ઢુંઢાનાં માથા ને ધડ વચ્ચે બે ધૂળની ઢગલીઓ કરી શંકર–પારવતીની આણ દીધી.

ઢુંઢાનાં ધડ–માથું તરફડી તરફડીને ટાઢાં થઈ ગયાં. વિક્રમ એ રાજકુમારીને લઈ નજીવા નગરીમાંથી બહાર નીકળ્યો. એને એનાં માવતરને રાજપાટ જઇ મૂકી આવ્યો. અને વીર વિક્રમ આગળ ચાલ્યો.

(૨)

હાલતાં હાલતાં હાલતાં એક ઠેકાણે એક રાક્ષસ સાંતીડું હાંકે. સાંતીએ હાથી જોડેલા. લોઢાનું હળ ને લોઢાનાં ચવડાં. જમીનનાં ગદાડાં ને ગદાડાં ઉખેળી રહ્યો છે રાક્ષસ.

વિક્રમ કહે કે 'ઓય માળો ! તું લોંઠકો તો ખરો, પણ મહાપાપીઓ લાગ છ.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે 'અરે રાજા, હું તો બહુ દુઃખિયારો છું.'

કે 'કાં ?'

કે 'આંહીંથી સવા ગાઉ માથે એક રાક્ષસ છે ઢુંઢો. એણે મારી રાક્ષસણી રાખી છે.'

કે 'ભાઈ, તારું દુઃખ ભાંગું તો જ હું વિક્રમ ખરો.'

વિક્રમ તો સવા ગાઉ માથે પહોંચ્યો. જુએ ત્યાં નવ તાડ નીચો, નવ તાડ ઊંચો, ઢુંઢો સૂતો સૂતો હડૂહૂડૂ નાખોરાં બોલાવે.

સૂતા ઉપર તો ઘા ન કરાય, એને જગાડી પડકારીને મારું.

જગાડ્યો. હો હો કરતો ઢુંઢો ઊભો થયો. ઝાડે ઝાડેથી પંખીડાં ઊડ્યાં. એણે વિક્રમને કહ્યું કે 'કરી લે પેલો ઘા.'

કે 'લે તયેં, પેલા એ પરમેશ્વરના.' એમ કહી વિક્રમે ત્રણ તીર માર્યાં. પણ ઢુંઢાને તો તીર ખડનાં ડાંભોળીઆં જેવાં લાગ્યાં! એણે કહ્યું—

'કાં, કરી રહ્યો જોર! ઠીક, આંગણે મારવાનો અધરમ હું નહિ કરું, જા. ભાગવા માંડ, સાડા ત્રણ દી'નું આંગણું આપું છું.'

વિક્રમ તો ભાગ્યા ઉજેણી ભણી. ઉજ્જેણીને સીમાડે આવે ત્યાં એક ઠૂંઠીઓ ભરવાડ ગાયો ચારે. એણે સાદ કર્યો—

'એ મોટા રાજા! શું કાંકરી અફીણ સારુ મોં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંઘરછ !' (એટલે કે અફીણનો કસુંબો કાઢી મને પીવરાવવો પડે તેથી મોં સંતાડીને શું ચાલ્યો જાછ ?)

કે ' ભાઈ, મારી વાંસે ઢુંઢો આવે છે. માટે ભાગું છું.'

કે ' અરે રામ ! લે હવે ભાગ મા. ભાગ મા, ઢુંઢો બિચારો શું કરતો'તો ? '

એમ કહેતેક એણે વાંભ દીધી. કામળો લાકડીએ ચડાવીને ગાયોને બોલાવી. ગાયોનું ધણ હીંહોરા નાખતું આવ્યું અને વિક્રમની ફરતો સાતથરો કિલ્લો કરીને ઊભી રહી ગઈ ગાયો.

' લે મોટા રાજા ! હવે તું બીશ મા. બેઠો રે' ગાયુંના ગઢમાં. '

એમ કહીને ઉજેણના ભરવાડે ધતૂરી ચલમ સળગાવીને દમ માર્યો. ધ ણુ ણુ ણુ !...........

' મંજારી પીવે તો બાઘહુંકો માર દેવે,
' ગદ્ધા જો પીવે તો મારે ગજરાજકું '

એવો કેફ આવ્યો. પછી એક ગા' મેળીને આકડાના પાંદનાં બે ખુંદણાં શેડકઢું દૂધ પી લીધું. એક હાથે ધાબળો વીંટી, ને બીજે હાથે ફરશી લઈને ગાયુંના ગઢની બહાર ઊભો રહ્યો.

ત્યાં તો થડક ઉથડક ધમ ! થડક ઉથડક ધમ ! કરતો ઢુંઢો આવી પહોંચ્યો. અને ભરવાડે ફરશી તોળીને બરાબર ખંભાની મારી, તે સવા મણનું ડગળું કાઢી નાખ્યું.

કે ' એ ભાઈસાબ ! હવે ઘા કરીશ મા. તારા રાજાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સીમાડામાં તારો દીકરો હોય ઈ જ હવે ગરે !' એમ માફી માગીને ઢુંઢો પાછો વળી ગયો.

એક ભરવાડનાં આવાં જબરાં જોર અને જિગર જોઈને વિક્રમને મોજ આવી. છાતી ફાટવા લાગી: 'વાહ ગોકળી ! વાહ ! દૂધ પીધાંય પ્રમાણ ! અરે ગોકળી ! માગ માગ ! બાણું લખ માળવો માગ અને જો ન આપું તો હું વિક્રમ નહિ.'

કે 'મોટા રાજા ! મારે તો તારો પ્રતાપ છે. બસેં ગાયું છે, ત્રણસેં ટાટાં છે, ચાર સાવજ ધરાય એવી ભરવાડય છે, બે દીકરા છે, બીજું શું જોઈએ ! ફક્ત અમ નેસની સરત રાખજે. અમે તો તારી વસ્તી કહેવાયેં.'

ભરવાડની મનમોટપ દેખી વિક્રમ રાજા વધુ શરમાઈ ગયા. એણે પૂછ્યું, 'હેં ગોકળી, તું આ એક હાથે ઠૂંઠો છો એનું શું કારણ ?'

કે 'મોટા રાજા ! ઈ તો હું અને આપણો ઉજેણીનો બોળીઓ ધોબી બેય કાંડાવછુટામણી રમતા'તા. એમાં બોળીઓ લોંઠકો એથી એણે મારો હાથ ખેડવી નાખ્યો.'

બોળીઆ ધોબી જેવા બળવાન માણસની વિક્રમને તે દી' પહેલી વાર ખબર પડી. પરાક્રમી લોકો વિક્રમને વહાલાં લાગતાં. એને ને બોળીઆને દોસ્તી થઈ. શિકારે, તો બોળીઓ સાથે; ગામતરે, તો બોળીઆ વગર ચાલે નહિ; બોળીઆની ને રાજા વીર વિક્રમની આંતરે ગાંઠ્યું બંધાઈ ગઈ. ખોળીઆં નોખાં, શ્વાસ એક.

એક વાર કાળી ચતરદશીની રાતે વિક્રમ બાવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાળનાથની સાથે મંત્ર સાધવા નીકળ્યા છે. સફરા નદીનો કાંઠો છે, ગંધરપીઉં મસાણ છે. ચાલતાં ચાલતાં મસાણને નાકે કોઈક ધાબળો ઓઢીને સૂતેલું નજરે પડ્યું.

પૂછ્યું કે 'અરે કોણ છો ?'

'એ તો બાપા હું, ઓળીઓ ધોબી.'

'અરે ઓળીઆ ! તું આંહીં શા કામે ?'

'આજ કાળી ચતરશી છે, એટલે હું ઉજેણની રક્ષા કરવા ભૂતડાં–પલીતડાં પાછાં વાળું છું હે રાજા !

'ઠીક, હવે તું પાછો જા.' બાવાજીએ ઓળીઆને કહ્યું. ઓળીઓ કહે કે 'ના, ના, આ ડાકણ્યું રાસડા હ્યે છે, જનડા ઝાંઝ વગાડે છે, માથા વગરના ખવીસ ઊભા છે, એમાં શું હું મારા રાજાને રેઢા મૂકું ? ના, પાછો નહીં જ જાઉં.'

કોઈ વાતે ઓળીઓ પાછો વળતો નથી. પણ બાવા બાળનાથે વિક્રમને એકલાને જ મંતર આપવા કહ્યું છે. આજ બાવોજી રાજા વિક્રમને એવો મંતર આપવાના છે કે જે બીજા કોઈને અપાય નહિ.

બાવાજીની મઢીએ પહોંચ્યા એટલે બાવાજીએ વિક્રમને ખડકીમાં લઈ જઈને પછી ધરતી ઉપર સાત લીંટી કરીને બીજાને પ્રવેશ કરવાની આણ આપી. પણ ઓળીઆને કહ્યું કે 'ઓળીઆ, તું બેસજે. તને ય હું આજ મંતર આપવાનો છું.'

પછી તો—

'બાવે ઓશીસો ઓતરમાં કિયો
'બાવે મંતર વિક્રમને દિયો.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિક્રમને બાવાજીએ અઘોર ગાયત્રીનો આવો મંત્ર આપ્યો—

અમી—
અમીમેં કળશ
કળશમેં ઉંકાર
ઉંકારમેં નરાકાર
નરાકારમેં નરીજન
નરીજનમેં પાંચ તતવ
પાંચ તતવમેં જ્યોત
જ્યોતમેં પ્રેમજ્યોત
પ્રેમજ્યોતમેં ઉપની
માતા અઘોર ગાયત્રી
અવર જરંતી
ભેદ મહા ભેદન્તી
સતીઆંકું તારન્તી
કુડીઆંકું સંહારન્તી
ઈંદ્રકા શરાપ ઉતારન્તી
માતા મોડવંતી
મડાં સાંબડાં ભ્રખન્તી
આવન્તી જાવન્તી
સોમવંશી
અઢાર ભાર વનસપતિ
ધરમ કારણુ નરોહરી
તણ નજીઆ ધરમ થાપંતી
ચલો મંત્રો ! ફટકત સોહા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ અઘોર ગાયત્રીના મંત્રથી વિક્રમને પરકાયા-પ્રવેશની શક્તિ મળી. પારકાનું કોઈનું પણ શરીર માંહી જીવ વગરનું પડ્યું હોય, તો આ મંત્ર જાણુવાવાળો પોતાનું ખોળીઉં મેલીને એ શરીરમાં પ્રવેશ કરી શકે.

'પણ હે વિક્રમ ! તું બોળીઆને આ વાત કરીશ મા.'

પછી બોલાવ્યો મઢીમાં બોળીઆને. 'લે બોળીઆ તને વીંછીનો મંતર આપું છું—

'કાળી ગા કવલી ગા
'ડુંગર ચડી પોદળો કર્યો
'ત્યાં વીંઆણી વીંછણ રાણી
'વીંછણ રાણીના અઢાર પૂતર
'છો કાળા, છો કાબરા,
'છો હળદરવરણા માંકડા
'ઊતર તો ઉતારું
'હોકારું લીલકટ ચોર
'આવેગા મોર
'ખાવેગા તોર
'ચલો મંતરુ ઈસવર વાચા
'વાચા ચૂકે ઊભો સૂકે.'

રાજા અને બોળીઓ બેય મંતર શીખીને ઉજેણમાં ગયા છે, પણ વળતે જ દીએ બોળીઓ રાજા પાસે આવીને રોવા મંડ્યો છે.

કે 'પણ છે શું એવડું દુઃખ ?'

કે 'મોટા રાજા, મારી બાયડીએ અન્નજળ મૂકયાં છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે ' શા માટે ? '

' આ એમ કે બાવેજીએ તમને કાંઈક રિદ્ધિસિદ્ધિનો મંતર શીખવી દીધો મારાથી છાનો, અને મને વીંછીનો મંતર આપી તગડી મેલ્યો. હે મોટા રાજા ! તમારે હવે રિદ્ધિસિદ્ધિની શી ખોટ છે ? મને એ મંતર આપો ને આપો. '

બોળીઆને માથે વિક્રમને હેત ઘણું, એટલે સાચી વાત કહી નાખી: ' જો બોળીઆ ! મને તો બીજો કોઈ નહિ પણ પરકાયાપ્રવેશનો મંત્ર આપ્યો છે. લે હું તને એ આપું. '

વિક્રમનો દી' માઠો બેઠો તે એણે બોળીઆને આ મંત્ર શીખવ્યો.

વળતી રાતે બોળીઓ રાજા વિક્રમને મૃગયા રમવા જવા માટે તેડવા આવ્યો. વિક્રમ કહે—

' એલા બોળીઆ, હજી તો અરધી રાત છે. '

' ના બાપુ ! કસાઈવાડાનો કૂકડો તો કારનો બોલે છે.'

નીકળ્યા મૃગયા રમવા. સવાર પડયું ત્યાં તો ઉજ્જેણુથી ખૂબ આઘા નીકળી ગયા. પ્રભાતે મૃગલાં દીઠાં. એમાંથી એક કસ્તુરીઆ કાળીઆરને હડફેટમાં રાખીને ઘોડાં દબવ્યાં. ઉજ્જેણુથી ઘણે છેટે નીકળ્યા પછી કસ્તુરીઆને તીર મારીને પાડ્યો. બેય જણા જોઈ રહ્યા છે. વિક્રમ કહે છે: ' વાહ ! કેવું રૂડું ખોળીઉં છે ! મૃગલીઓમાં મોજ કરતો હશે આ કસ્તુરીઓ ! ' બોળીઓ કહે—

' તયેં હેં મા'રાજ, બાવા બાળનાથે આપેલ મંતરનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પારખું તો લઈએ. પરકાયાપ્રવેશ થાય છે કે નહિ તે તો જુઓ.' બોળીઆના પેટના પાપની વિક્રમને શી ખબર!

વિક્રમે મંત્ર ભણીને પોતાનું ખોળિયું છોડી દીધું. અને પોતે કસ્તુરીઆના ખાલી દેહમાં દાખલ થયા. મૃગલો ચારે પગે ઠેકીને ઊભો થયો, ને એ કસ્તુરીઆને વેશે રાજા વિક્રમ બોળીઆ સામે જોઈ રહ્યા. બોળીએ કહ્યું:—

'તયેં બાપુ! હવે ભેળાભેળા મૃગલિયુંમાં ઘડીક સેલ કરી આવોને! હું આંહીં જ ઊભો ઊભો આપનું ખોળીઉં સાચવું છું.'

રાજા વિક્રમ તો કસ્તુરીઆને વેશે છલંગો મારતા મૃગલીઓનાં ટોળાંમાં પહોંચી ગયા. ટોળાં આઘાં આઘાં નીકળી ગયાં.

આંહીં બોળીઆએ પોતાનું ખોળીઉં ખાલી કરીને વિક્રમના પડેલા ખોળીઆમાં પ્રવેશ કર્યો. કારણ કે મંતર તો એને પણ મહારાજ વિક્રમે આપી દીધો હતો.

પોતે વિક્રમનું ખોળીઉં પહેરી લઈને ઊભો થયો, મૂછે હાથ નાખી બોલ્યો:

'હવે જો બાણું લખ માળવો ને બત્રીશ ઠકરાણાં ન કેળવું તો હું બોળીઓ શેનો!'

ત્યાં તો કસ્તુરીઓ મૃગ પાછો આવ્યો. એક તો મૃગની કાયા અને માંહીં વીર વિક્રમનો જીવ, એટલે રૂપનું તો પૂછવું જ શું! ઊભી શીંગડીએ, કાબરે વાને, મસ્ત કસ્તુરીઓ ડોલતો ડોલતો હાલ્યો આવે છે મૃગલીયુંમાં રમણ કરીને.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નજીક આવતાં તો બોળીએ તીર ફેંક્યું. બરાબર શીંગડીમાં વાગ્યું. ત્રણ ફરંગટી ખાઈને કસ્તુરીઓ ભૂ....સ દેતો પડ્યો. બોળીએ માન્યું કે તીર ટીલડીમાં જ વાગ્યું છે! કસ્તુરીઆને માથે પાંભરી ઓઢાડીને પોતે વિક્રમને ખોળીએ ઉજેણ ચાલતો થયો.

રાજમોલમાં ગયો, એટલે બાનડીયું મહારાજને મર્દન કરવા માટે કંકુ કેસરના વાટકા મૂકી ગઈ.

એ મર્દન કરવાની ચીજોને બોળીઓ તો ચાટી ગયો.

બાનડીયું જ્યાં નાવણ કરવાની સાચી હીરની પાંભડી લઈને પાછી આવી ત્યાં તો વાટકા કોરા પડેલા! વિક્રમ-વેશી બોળીએ ધમકી દીધી: 'રાંડું! ખાવાના પદારથ મરદન કરવામાં વાપરવા છે! ચીરી નાખીશ! અને આ હીરવાણી પાંભડી શું તમારે પલાળવી છે!'

વાટકા ચાટી ગયો! પાંભરી પહેરી નહિ!

બાનીયું તો સડક થઈ ગઈ. આ શું કૌતક! આજ મહારાજ આમ કાં કરે?

પછી બત્રીશ ખાનાળો થાળ લઈને બાનડીયું મહા-રાજને જમાડવા આવી. એમાં હાથ ધોવાનું એક પાણીનું પાળું હતું.

મહારાજ જમી રહે પછી પચાસ માણસ ખાય એટલી ભોજનની સામગ્રી એ બતરીશ ખાનાંમાં ભરી હતી. બોળીએ તો કર્યું બધું ભેળું, ચોળ્યું અને ચડાવી ગયો એકલો. હાથ ધોવાનું પાણી હતું તે પી ગયો.

અરેરે! આ મહારાજને આજ શું થઈ ગયું છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાત તો રાજમોલમાં ફેલાઈ ગઈ. રાણી ભાણુમતીજી આવ્યાં છે. એણે પણ નોખી જ જાતની ચેષ્ટાઓ નિહાળી છે. મનમાં સમજી ગઈ. પણ કેને કહે ?

'હસું તો દંત પારખે, રોઉં તો કાજળ જાય.'

એવી રાણીની ગતિ થઈ છે. આ ખોળીઉં વિક્રમનું ખરું, પણ જીવ નક્કી કોઈક બીજાનો! પણ હવે હસણું કાંઈ બોલવા વેળા નથી.

ખોળીઆને તો ચડાવી દીધો ગોગ પીંગળાની મેડીએ. ઊડતું પંખીડું ય રાજગઢમાં આવવા ન પામે એવો બંદોબસ્ત મૂકયો. અને રાણી ભાણુમતી પોતે બ્રાહ્મણીને તેડાવી રામાયણ વંચાવતાં બેઠાં.

રહેતે રહેતે વાવડ આવવા મંડ્યા કે વનરાઈમાં એક ખાંડીઓ મૃગ કસ્તુરીઓ એકલો ને એકલો દોટું મારી રહ્યો છે. કોઈ મૃગલાંનાં ટોળાં ભેળો હાલતો નથી. એકલો હાલે છે અને બેય આંખે આંસુડાં જાય છે હાલ્યાં.

તેડાવ્યા પારાધીને: 'એ ખાંડીઆ મૃગને પકડવા પાંસલા નાખો. સવા લાખ આપીશ.'

પારાધીઓ મંડ્યા પાસલા નાખવા. એક વાર તો કસ્તુરીઆનો એક પગ પાસલામાં આવી પણ ગયો. અને હૈયું ફાટવા લાગ્યું

'મેલ્યાં મંદર ને માળીઆં,
'મેલી સોવન-ખાટ;
'મેલ્યું ઊજેણીનું બેસણું,
'હૈયા ! હજી મ ફાટય.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હૈયડા ભીતર દવ જલે,
'(તેના) ધુંવા પ્રકાશ ન હોય;
'કાં તો જાણે જીતવો,
'અવર ન જાણે કોય.'

'વિક્રમ આઈ વાર,
'હલ જે ઉજેણી હુવો;
'ગિયો પૂછતલ પરઠાર,
'(અમારાં) સુખદુઃખ ગંધ્રપશિયાઉત.

પાસલામાં પડ્યો પડ્યો વિક્રમ હૈયાને કહે છે: હે હૈયા! મંદિર ને માળીઆં મૂકયાં, સોનાની ખાટ મૂકી, ઉજેણની ગાદ્દી ગઈ, પણ હજી તું ફાટીશ મા!

હે હૈયા! આપણી અંદર દાવાનળ બળે છે. તેનો ધુમાડો પ્રગટ દેખાતો નથી. એક પોતાના પ્રાણ વગર, કોઈ બીજું જોઈ શકે નહિ એ અગ્નિને.

અરે! ઉજેણ ઉપર શત્રુઓનાં દળકટક ચડી આવે છે. ઉજેણી નગરી હલબલી ઊઠી છે. પણ પ્રજાનાં સુખ-દુઃખ પૂછનારો પરમારદેવ, ગંધર્વસિંહનો બેટડો વિક્રમ તો ચાલ્યો ગયો છે.

ખેર જીતવા! મરું તોય મારી ભોમકામાં! સદ્-ગતિ તો થશે! માતા માથે જઈને મરીશ.

બરાબર અધરાતે એણે પાસલામાંથી ઊઠીને ગડ-ગડતી દોટ દીધી. પહોંચ્યો મા કાળકાના મંદિરમાં. મૂર્તિને માથાં મારવા મંડ્યો. માતા પૂછે છે–

'અરે તું અટાણે કોણ?'

કે 'હું વિક્રમ.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે 'કાં બાપ ?'

કે 'આ જોતાં નથી ? વાંસે પાસલા ભમે છે. એક દી' પણ મારો જાતો નથી. દશા વાંકી થઈ તે મારું ખોળીઉં ઓળીઓ પહેરીને વયો ગયો છે! સૂરજ ઊગ્યે સવા મણ ઘીનો દીવો લ્યો છો શીદને ! મૂકી ઘો, જો મારી આ દશા ન મટાડી શકતાં હો તો.'

કે 'ઠીક બાપ, જા, સાડા ત્રણ દી'એ તારું ખોળીઉં પાછું મળશે. હમણાં તો તું તારો જીવ આમાં નાખ્ય.'

એમ કહીને જોગમાયાએ એક પોપટનું મરેલું બચ્ચું બતાવ્યું.

વિક્રમે પોતાનો જીવ પોપટના બચ્ચામાં નાખ્યો ને સવારે ઊડવા ધાર્યું. ત્યાં તો પરોડીએ વગડાનો એક કઠી-આરો કુવાડો ને બંધીઓ લઈને લાકડાં કાપવા આવ્યો. પોપટ એના હાથમાં પડ્યો.

ઠીક થયું ! પાંચ છો છોકરાં છે, ભૂખ્યાં મરે છે, શેકીને ખવરાવીશ. હમણાં તો ઈંધણાં કાપી લેવા દે. એમ ધારીને કઠીઆરે પોપટને સૂંડલા હેઠળ ઢાંકી મૂક્યો છે.

પ્રભાત પડ્યું, પોપટ જેવા દેવપંખીનું ખોળીઉં ખરું ના, એટલે વિક્રમની વાચા ખુલ્લી થઈ. માંડી એણે તો રામગ્રી લલકારવા—

'કોણ રે સપના કામની, દત્યું ફળીઅલ રામા!
'પંડવ્યુંની પ્રતમા પાળવા, હરિ આવેલ સામા.'

સાંભળીને કઠીઆરાનાં છોકરાં જાગ્યાં, કઠીઆરે પોપટને શેકી ખાવાની તૈયારી કરી, એટલે પોપટની વાચા ઊઘડી:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'એલા કઠીઆરા, હું તો તારો સવો બારોટ છું. હું તો હીંગળાજ માની જાત્રાએ ગયો'તો, ત્યાં મારી કાયા પડી ગઈ. મને ખાવા કરતાં હાલ્યને વેચવા, મોઢે માગ્ય એટલા પૈસા મળશે તને.'

'પોપટ લ્યો.......ઓ પોપટ!' કઠીઆરો એવા ટૌકા કરતો નીકળ્યો. બધસાગરા પ્રધાનની શેરી આવી. બધસાગરાની કુંવરી કહે કે 'બાપુ, મને પોપટ લઈ દ્યો.'

કે 'એલા, કેટલાં દામ લઈશ?'

કે 'પોપટ બોલે એટલું લઉં.'

પોપટને વાચા થઈ: 'બધસાગરા! અમારી કિંમત્યું ન કરાવ. જે દઈ શકાય તે દઈ દે.'

પોપટને તો રાખી લઈ, હેમનો વાળો કઢાવી, માંહીં મોતી પરોવી, પોપટને શણુગાર્યો. પોપટે બધસાગરા પ્રધાનની કુંવરીને કહ્યું: 'બાઈ, તું ભાણુમતી રાણીને ઘેરે રામાયણુ સાંભળવા જાછ, તે મને ય તેડતી જા ને!'

બાઈ તો પોપટને લઈ ગઈ. પોપટ રાણી ભાણુમતી સાથે વાતો કરવા મંડ્યો. રાણીએ કેટલાક પ્રશ્ન પૂછ્યા, તેના પોપટે જવાબ આપ્યા. રાણીને ખાતરી થઈ કે આ પોતે જ રાજા વિક્રમ છે, એમાં કાંઈ ફેર નથી. પણુ કોઇને કહ્યા વગર પોપટને પોતાને ઘેર સાચવ્યો.

પણુ હવે થાય શું! બોળીઓ વિક્રમનું ખોળીઉં પહેરીને બેઠો છે ત્યાં સુધી કોઈ ઈલાજ ન સૂઝે. બોળીઓ તો ગોગ પીંગળાને મહોલે ભોગવિલાસમાં ગરકાવ છે. શીંગલા ઘેટા રમાડે છે.

ભગવાનને કરવું છે તે એક દિવસ બોળીઆનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માનીતો ચાર શીંગાળો ભેડર ઘેટો મરી ગયો. ઘેટો બોળીઆને બહુ વાલો હતો. એટલે એને મન થયું કે ઘડીક આને જીવતો કરું.'

પોતે વિક્રમનું ખોળીઉં પડતું મેલીને ભેડર ઘેટાની કાયામાં પ્રવેશ કર્યો. આ ઘેટો રમતો રમતો રાણી ભાણુમતીને આંગણે આવ્યો. પોતે મૂએલ ઘેટાને કેવો રમાડી શકે છે તેનો તોર છે ખરો ના! એ તોરમાં ને તોરમાં એણે પોપટના બોલ સાંભળ્યા–

કે 'જાને ભેડર! ઘડીક માજનીઓ થઈને વાડીયુંમાં લીલાં બકાલાં ચરી આવને! મોજ આવશે!'

બોળીઆને બરાબર તાન ચડ્યું. ઊપડ્યો ભેડર ઘેટો ઢીંકું મારતો.

આંહીં વિક્રમનું ખોળીઉં ખાલી પડ્યું કે તુરત પોપટની કાયા પડતી મૂકીને વિક્રમે પોતાનું ખોળીઉં પહેરી લીધું. સાચો વિક્રમ આળસ મરડીને બેઠો થયો, એનાં અસલ રૂપ ને લક્ષણો લહેરી ઊઠયાં. અને રાણી ભાણુમતીએ નગારે ઘાવ દેવરાવ્યા. ધણુણુણુ! નોબત ગુંજવા લાગી. જે દી'થી વિક્રમ મહારાજ અલોપ થયેલા તે દી'થી રાજમોલ સૂના પડેલા, તેને બદલે કચારી હકડાઠઠ ભરાઈ ગઈ. આભકપાળો રાજા વિક્રમ સિંહાસને બેઠો છે! ઉજેણુ ગાજી ઊઠી.

ભેડર ઘેટો વાડીયુંમાં મહાલીને પાછો આવ્યો, પણ વિક્રમનું ખોળીઉં ન મળે! સમજી ગયો. શરમથી એણે ઊંધું ઘાલ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે દી'થી ગાડરની જાત નીચે જોઇને ઊભી રહે છે !

વિક્રમે કહ્યું, 'હે ભૂંડા ! તેં તો તારી કરી, પણ હું તારા જેવો નથી. હવે તું તારે મારી પાસે રહે. હું તને સાચવીશ અને ઠેકાણે પાડીશ.'

એક દિવસ એક શાહુકારનો જુવાન દીકરો મરી ગયો. છાતીફાટ રોકકળ થઈ પડી. વિક્રમરાજાને ખબર પડી. એણે કહેવરાવ્યું કે 'ભાઈ, મડું બાળશો મા.' પોતે લેંડર ઘેટાને લઈ ને મસાણે પહોંચ્યા. અને કહ્યું, 'બોળીઆ, આ શાહુકારમાં તારો જીવ નાખ.' બોળીએ બહુ ના પાડી, પણ વિક્રમે એને મનાવ્યો. શરમનો તો બોળીઆને પાર નહોતો. પોતાની જાતને ફિટકાર દેતો એનો જીવ ઘેટામાં બેઠો હતો. ઊંચે જોવાની હામ નહોતી. વિક્રમની છેલ્લી વારની દિલાવરી દેખીને ડબ ડબ આંસુ પડી ગયાં. પછી પોતે ઘેટાનું ખોળીઉં મેલી દઈ શેઠીઆની કાયામાં વાસો લીધો.

શેઠીઆને એનો દીકરો પાછો મળ્યો, અને બોળીઆને માનવદેહ સાંપડ્યો. જીવ પણ સુધરી ગયો હતો એટલે શેઠીઆનો પૂતર સારી ચાલે જ ચાલતો રહ્યો. રાજા વીર વિક્રમે આ નવ અવતારે પણ બોળીઆની ભાઈબંધી છોડી નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દરિયાપીરની દીકરી

રતનાગર સાગરને કાંઠે સિંગળદ્વીપના રાજાની રાણી મીણુલદેનો મો'લ છે. આઠે પહોર એ રાજગઢની રાંગે રતનાગરનાં પાણી આટકી રહ્યાં છે. સાંજનો સમો છે. અટારીએ ઊભાં ઊભાં રાણી મીણુલદે સુગંધી પદારથનાં મર્દન અને નાવણુ કરીને પોતાના માથાના મોવાળા સૂકવી રહ્યાં છે—

મારૂ નાહી ગંગજળ, ઊભી વેણ્ય સુકાય,
ચંદણ કેરે રૂખડે, (જાણે) નાગ ઝપેટા ખાય.

અને આ રાણી મીણુલદેનું રૂપ, નીચે પોળમાં એક થાનકમાંથી એક જતિ મહારાજ તાકીને જોઈ રહેલ છે—

લંબવેણી, લજ્જા ઘણી, પોંચે પાતળિયાં;
આછે સાંચે નિપાવીઆં કો કો કામણિયાં.

ઓહોહો! લાંબી વેણ્યવાળી, આવી લજ્જાળુ અને હાથને પોંચે આવી પાતળી સ્રી તો ભલા ભગવાને મલકમાં કોઈક કોઈક જ નિપજાવી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોહીને પાણી પાણી થઈ જતો જતિ આમ ઊંચી અટારીએ રાણીને જોઈ રહેલ છે તે જ વખતે રાજગઢની એક દાસી બજારેથી પાછી હાલી આવે છે અને એના હાથમાં એક તેલનું કચોળું છે.

જતિએ પૂછ્યું કે 'હેં બાઈ! આ શું લઈ આવ્યાં?'

કે 'એ તો મારાં રાણી મીણલબાને માથામાં નાખવાનું તેલ છે.'

કે 'કેમ આટલું જ?'

કે 'આઠે દા'ડે બસ તાજેતાજું આટલું જ વેચાતું લઈ આવું છું.'

કે 'કેમ આઠે દા'ડે?'

'આજ રાજાજીને મારાં રાણીને મોલે સુવા આવવાનો વારો છે. રાજાને સાત રાણી છે. રોજ અક્કેકને મોલે રાત ગાળે છે.'

'તે આ તેલ કેટલાકનું લાવ છો?'

'પચાસનું.'

'જોઉં તેલ?'

તેલ જોઈને પછી જતિએ ડોકું ધુણાવ્યું: 'અરે બાઈ, આ તેલના કરતાંય ચડિયાતાં તેલ તો આંહીં હું રાખું છું. તારાં રાણીને માથે એવી તો ટાઢક વળે, એવી તો સોડમ આવે, કે તને રાજી થઈને મોજ આપે; ને પછી બીજે તેલ લેવા જવાનું મન જ ન રહે. કહે તો હું આ તેલ બદલી આપું.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જતિના બોલ લોભામણા હતા. જતિના વેશમાં અને દેખાવમાં ભલભલાને પાડી દે એવી છટા હતી. રાણી મીણુલદેની દાસી તો વિચાર કરતી રહી ત્યાં જતિએ એના હાથનું કચોળું અંદર લઈ જઈ એ તેલને માથે કાંઈક મંત્ર બોલીને એણે કચોળું પાછું લાવીને દાસીને દીધું.

ચોટલો કોરો કરીને રાણી મીણુલદે અરીસા સામે બેઠાં છે. એમાં દાસીએ તેલનું કચોળું લાવીને પાસે મૂકયું. કહ્યું કે 'બા, આજ તો આ તેલ કાંઈક જુદી જ ભાતનું છે. માથામાં નાખી તો જુઓ. કાંઈ ફોરે છ! કાંઈ ફોરે છ માડી!'

રાણીને પણ, કચોળું ઓરડામાં આવ્યા ભેળી કોઈ નોખી જ ભાતની લહેરો આવવા લાગી.

મોટા કોડથી મીણુલદે માથામાં તેલ નાખવા બેઠાં. પણ તેલમાં નજર નાખ્યા ભેળું તો એણે કૌતક દીઠું. કચોળામાં તેલ ચકર ચકર ચકર ઘૂમરીઓ ખાય છે! અરે જીવ! આ શો ગજબ! કોઈ દી નહિ ને આજ આ તેલ ઘૂમરીયું કાં ખાય?

રાણી મીણુલદે ચતુર હતાં. ચેતી ગયાં. નક્કી આ તેલમાં કાંઈક કામણ છે! તેલનું ટીપુંય માથાને અડાડ્યા વગર પોતે ઊઠી ગયાં અને બાનડીને બોલાવીને કહ્યું; 'આ લે બાઈ, આ તેલ તો તું જ આજ નાખ તારા માથામાં, ને મારા માટે જે તેલ લાવતી તે જ તેલ લઈ આવ બેટા! મને તો ઈ જૂનું તેલ જ ફાવે છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘડીક તો બાનડી ગુલતાનમાં આવી ગઈ. પચાસ રૂપૈયાનું તેલ માથે નાખવા મળ્યું ! આજ તો ઘરનો ધણી પીટ્યો મોહી જ પડશે !

વળી ઘડી પછી વિચાર ઊપડ્યો: ના રે જીતવા ! જતિનું તેલ છે. કાંઈક કરામત કરી હશે. નીકર રાણી આવા અણમૂલ તેલનું કચોળું કયે હેતે મને આપી દ્યે ?

બહાર નીકળી, ગઢના ચોગાનમાં એક મોટી છીપર પડી હતી તેને માથે આખું કચોળું ઢોળી નાખીને દાસી મીણલદેને માટે રોજ જે લાવતી તે તેલ લેતી આવી.

મીણલદેએ પૂછ્યું: 'બોલ્યું તેલ ક્યાં નાખ્યું ?'

'મારા માથામાં જ તો માડી !'

બાનડીનું માથું સૂંઘીને રાણીએ ડારો દીધો 'ખોટું બોલ છ ? સાચું કહી દે, ક્યાં નાખ્યું ?'

દાસીએ બીને કબૂલ કરી દીધું કે તેલ તો છીપર માથે રેડ્યું છે.

'ત્યારે હવે સાચું કહી દે, ઈ તેલ તું ક્યાંથી લાવી હતી ?'

ઘડીક તો બાનડીએ ગળચવાં ગળ્યાં. રાણીએ ઝર-ડકી દીધી કે 'ચીથરાં ફાડ્ય મા, સાચું કહીશ તો વાળ પણ વાંકો નહિ કરું, ને ખોટું બોલીશ તો રાજગઢમાં જ ગળકી પીસી દઈને ભોંમાં ભંડારીશ.'

પછી જ્યારે બાનડીએ જતિવાળી વાત કહી ત્યારે તો રાણી મીણલદેના દેહને માથે છાસઠ હજાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રૂંવાડાં સમ ! સમ ! સમ ! બેઠાં થઈ ગયાં. અરે રાંડ ! મારું મોત કરાવત ને ! ઠીક, પણ હવે તો આ તેલનો પૂરો તાલ જોવો છે. માટે છોડી ! જા, રાતે ઈ છીપર પાસે જ જઈને ચોકી રાખ, કે રાતમાં શી લીલા થાય છે.'

રાતે બાનડી રાજગઢના ચોકની એ છીપરથી થોડેક છેટે જઈને પહેરો દેતી બેઠી છે. અંધારું ઘોર છે. અધરાતે તમરાંના લહેકાર બંધાઈ ગયા છે. માણસ કોઈ જાગતું નથી. દરવાણી દરવાજે ટલ્લા મારી રહ્યો છે. એવે ટાણે, જમીનમાં ખૂતેલી છીપર, કોઈ જીવતું માનવી હલબલે એમ હલબલવા લાગી. અને થરથરતી બાનડી જોઈ રહી કે–

ગણુણુણુ શિલા વે ચલી, મંત્રે કીધેલ માગ;
આવી કમાડે આટકી, વતીઆ સૂતા જાગ.

ગણુણુણુ.................અવાજે અદ્ધર હવામાં ઘોરતી ઘોરતી છીપર ઊપડી. બાનડી એ છીપરની પાછળ પાછળ દોટ કાઢતી ચાલી. છીપર રાજગઢને દરવાજે આવી, દરવાજા રાણી મીણલદેના હુકમથી ઉઘાડા હતા. છીપર દરવાજા બહાર નીકળી. બાનડી વાંસે ચાલી. બાનડી વિના છીપરને કોઈ જોઈ શકતું નહોતું.

ગણુણુણુ ! ગણુણુણુ ! ગણુણુણુ ! છીપર આવી જતિને થાનકે, અને 'આવી કમાડે આટકી.' થાનકના કમાડ સાથે ધડીંગ ધડીંગ ધડીંગ એવા ધડાકા કરવા લાગી.

'કોણ મીણલદે કે !' બંધ કમાડની અંદરથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જતિનો મીઠો સાદ આવ્યો. 'ધીરાં રો' રાણી! ધીરાં! હાં ધીરાં! આ ઉઘાડું છું કમાડ.'

સાંભળીને બાનડી તો અંધારે છુપાઈને ઊભી ઊભી થીજી ગઈ. હાય હાય! જતિએ તો તેલમાં કામણ કર્યાં હતાં. રાણી મીણલદેને પોતાની પાસે તેડાવવાં હતાં!

પણ મંત્રેલી શિલાએ ધીરજ માની નહિ. ઉપરા-ઉપરી ધડાકા કરવા લાગી. બારણાં તોડયાં અને ગણુણુણુ કરતી થાનકમાં દાખલ થઈ.

જતિ તો શણગાર સજીને, ફુલેલ તેલ અને અત્તર લગાવીને, ફૂલભરી પથારીમાં વાટ જોતો બેઠો હતો. તેણે જોયું: 'હાય હાય! આ તો મીણલદે નહિ, કાળી ભેકુંડ શિલા!' શિલા આવી જતિની પથારી માથે. જતિ કૂદકો મારીને ભાગ્યો, શિલા વાંસે આવી, જતિ પટારા માથે આવ્યો, શિલા પટારા ઉપર પહોંચી; થાનકમાં દોટા-દોટ થઈ, જતિ આગળ ને શિલા વાંસે! ઘમસાણ બોલી રહ્યું છે. શિલા બાપડી શું કરે? શિલાનો અપરાધ નહોતો. તેલમાં જતિએ એવો મત્ર મૂકચો હતો કે એનું એક ટીપું પણ જેને માથે પડે તે જતિની છાતીને માથે આવ્યા વિના રહી શકે નહિ, જતિના હૈયા પર ચડ્યા વગર જંપે નહિ.

આખા ઘરમાં બઘડાટી બોલી રહી છે. જતિ દોડા-દોડ કરે છે, ને શિલા જતિની પાછળ હડિયાપાટી કાઢે છે. જતિની તુંબલી તોડવાને વાર નથી. જતિની છાતીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છૂંદી નાખવાનો શિલાને વિકાર થયો છે. આ વિકારને જતિ કેમ કરીને ટાઢો કરે?

પણ ભગવાનને વાત રાખવી છે ના, તે જતિના હાથમાં એ દોડધામમાં અડદના દાણા આવી ગયા, અડદના દાણા લઈ જતિએ નવો મંત્ર ભણ્યો, અડદ છીપરને માથે છાંટીને જતિએ કહ્યું—

જા જા શલ્યા જા પરી, જ્યાં હોય થારો વાસ;
એમ વરતીઓ આખવે, (મારી) એકે ન પૂરી આશ.

અરે હે શિલા! પાછી તારો વાસ હોય ત્યાં ચાલી જા. વ્રતીઆએ કહ્યું કે અરે અભાગણી! મારી એકેય આશ તેં પૂરી નહિ. જા, હવે પાછી ચાલી જા.

મંત્રેલ દાણા પોતાને માથે પડતાં જ છીપર જતિનો પીછો લેતી બંધ પડી, અને પટ દેતી પાછી વળી, બહાર નીકળી ને પાછી રાજગઢમાં ગઈ. અને દાસી પાછી રાજગઢમાં આવીને જુએ તો છીપર પોતાને અસલ ઠેકાણે જ પાછી જેમ હતી તેમ ગોઠવાઈ ગઈ છે!

બાનડી પાછી રાજગઢમાં આવી. પણ ઊંઘ તો શેની આવે? મટકુંય માર્યા વગર રાત પૂરી કરી, અને પ્રભાતને પહોરે રાણી મીણલદેને રાતવાળી રજેરજ વાત કરતી કરતી પગમાં આળોટી પડી: 'અરેરે માડી! તમારે માથે ઈ તેલ પડ્યું હોત તો તો નખ્ખોદ નીકળી જાતને!'

રાણી મીણલદેએ કહ્યું કે 'છોડી! તું હવે કલ્પાંત કર મા—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હર કહ્યા ને વિધિએ લખ્યા, છઠી રેનરા અંક,
રજ ઘટે ને કાંઈ તલ વધે, રે' રે' જીવ નશંક.

હે દાસી! હરિએ લખવેલ વિધાતા–લેખ નથી રજ ઘટતા કે નથી તલ વધતા. આ મુંડકી માથે માંડેલાં પ્રાલબ્ધ મિથ્યા થાતાં નથી. પણ હવે એક કામ કરો. ઈ જતિને તો હવે કટકેય છોડવો નથી. જીવતો રે'શે તો કૈંકનાં નખોદ વાળી નાખશે. માટે એને પટાવીને આંહીં બોલાવી લાવ.

બાનડીએ પ્રભાતે આવીને મલકાતે મોંયે જતિને કહ્યું કે 'બાપજી! આજ તો તમને મારી બાઈ યાદ કરે છે.'

હું! મને મીણલદે યાદ કરે છે! તયેં તો નક્કી એના માથામાં મારા મંતરેલ તેલનું એકાદું ટીપું પહોંચ્યું લાગે છે! વાહવા! મારા કામણના ઘા ખાલી જાય નહિ. 'ઊભી રે બાનડી! આ હું આવ્યો:'

કહીને જતિએ તો ફૂલેલ તેલ અને અત્તર લગાવ્યાં, માથું ઓળ્યું, મહેકતા શણગાર સજ્યા, અને છટાળી ચાલ્યે રાજગઢની મેડીએ ચડ્યો.

જેવો જતિ ઓરડાનાં બારણાંમાં પેસે તેવા તો આઠ ધોકા એને માથે ત્રાટકયા. રાણી મીણલદેએ બારણાંની બેય કોરે ચાર ચાર છોકરીઓને ધોકા લઈ ઊભી રાખેલી. અને જતિને ધમરોળી નાખવો હતો. પણ જતિનાં ભાગ્ય જબરાં તે ધોકા સામસામા અફળાણા, જતિ પડી ગયો પણ એને વાગ્યું નહિ. ફરી ધોકા ઊપડ્યા ત્યાં તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જતિએ હાથ જોડીને ધા નાખી કે 'એ રાણી, હે માતાજી, મને જીવતો રાખો તો એક વાત કરું.'

કે 'બોલ, શી વાત છે?'

કે 'તું મારી મા ને હું તારો દીકરો. પણ તું જીવતો રાખ તો તને એવા મંતર કરી દઉં કે તારો રાજા સાતે-માંથી એકલી એક તારી જ મેડીએ રોજ આવતો થાય.'

સાંભળીને રાણીને લોભ લાગ્યો. ગમે તેમ તોય સ્ત્રી છે ને! અંજવાળી તોય રાત છે ને! લાલચ બૂરી વાત છે. રાણી કબૂલ થઈ. જતિએ કહ્યું કે 'અડદનો થોડો લોટ લાવો.'

અડદના લોટનું જતિએ એક પૂતળું બનાવી દઈને મંતરી આપ્યું. કહ્યું કે 'આ લ્યો, રાજા જ્યારે આઠે દિવસે ફરી વાર આ મોલે આવે ને ઊંઘતા હોય ત્યારે આ પૂતળું એને માથે સાત વાર ફેરવજો.'

રાજી થઈને રાણીએ પૂતળું પેટીમાં મૂક્યું.

આઠે દિવસે રાજા ફરી વાર આવ્યા ને ઊંઘી ગયા, રાણી મીણલદે પૂતળું લઈને રાજાને ઢોલીએ આવી તો ખરી, પણ શાણી છે ખરી ના, એટલે એણે વિચાર કર્યો કે 'અરે જીવ! બીજી છ પણ મારા જેવી જ છે, એનેય મારા જેવા કોડ હશે. એના તકદીરમાંથી રાજાને ખેડવી નાખીને હું એકલી શું સંસારનાં સુખ ભોગવીશ? ના, જીતવા! ના. સૌ ભાગે પડતું ભોગવે એમાં જ સુખ છે. મારે આઠ દા'ડે એક રાત આવે છે તે જ ઘણું બધું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિચાર કરીને પૂતળાવાળી પેટી સંતાડી દીધી. પણ રાણીને ફાળ પડી: અરે, ઓલ્યા તેલના જેવું જો આકરું કામણ આ જતિએ આ પૂતળામાં પણ કર્યું હોય, અને કાંઈક અણધાર્યો ઉલ્કાપાત કદીક થઈ બેસે તો ? આ પૂતળું તો મહા આફતનું પડીકું બન્યું! હવે એને ઠેકાણે કેમ પાડવું ?

સૂઝકો કાંઈ પડતો નથી. એવામાં એ નગરીના સોદાગરો રાણીને મળવા આવ્યા. કહ્યું કે 'માતાજી, અમે જાયેં છીએ જાવાની સફરે. જાવેથી કાંઈ લાવવું કરવું હોય તો પૂછવા આવેલ છીએ.'

જે કાંઈ મંગાવવું કરવું હતું તેની રાણીએ શેઠીઆને નોંધ કરાવી. અને પછી એને ઓચિંતું ઓલ્યું અડદનું પૂતળું યાદ આવ્યું. પૂતળાને કોઈ પણ ઉપાયે કાઢયે જ છૂટકો હતો. આ નગરીની ધરતીથી પણ છેટે એને પહોંચાડવું હતું. ઠીક છે કે આ સોદાગરો મળી ગયા. 'ભાઈઓ! આ એક મારા પૂજાપાની પેટી છે. ને એ પેટી રતનાગર સાગરમાં પધરાવવાનું મારે વ્રત છે. માટે તમે આ લેતા જાવ, અને ઠેઠ મોટે દરિયે પહોંચીને તમે એને પાણીમાં પધરાવી દેજો.'

સોદાગરોએ તો વહાણ હંકાર્યાં છે. બરાબર મધ-દરિયે પહોંચતાં એમણે રાણીના પૂજાપાની પેટી દરિયામાં પધરાવવા બહાર કાઢી છે. તે વખતે એક આળવીતરા જુવાનીઆનું મન રહ્યું નહિ એટલે એણે કહ્યું કે 'એલા પેટી ઉઘાડીને જોઈએ તો ખરા, કે માલીપા પૂજાપો કેવોક છે!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેટી ઉઘાડ્યા ભેગું તો અંદરથી એક નાનું ગુલાબી છોકરું ફૂદકો મારીને ઊંડા પાણીમાં ખાબકી પડ્યું અને સોદાગરો હેબત ખાઈને જોઈ રહ્યા કે છોકરું દરિયામાં ઊંડાં પાણીને કાપતું કાપતું કાપતું અંદર ને અંદર ઊતરી ગયું. સોદાગરો તો પેટી પણ પાણીમાં પધરાવી દઈને ઝટ ઝટ વહાણ હંકારી ગયા. કોઈએ કોઈને પૂછગાછ પણ કરી નહિ. વાતને જ દરિયામાં દફનાવી દીધી.

આંહીં પૂતળું તો જીવતું છોકરું બનીને ઝપાટા-બંધ ઊંડાં પાણી કાપતું ગયું અને રત્નાકરને તળીએ જઈને મોટા દેવતાઈ મહેલને બારણે ખડું થયું. અંદર ગયું. રૂપરૂપના અવતાર એવા એક નર ત્યાં હીંડોળાખાટે હીંચકી રહ્યા છે. એની સામે હાથ જોડીને પૂતળું બોલ્યું: 'હે મહારાજ! હે દરિયાપીર! મારી બાઈ, સિંગળદીપની રાણી મીણલદે તમને બોલાવે છે.'

દેવતા તો મંતરને આધીન છે! જળનાં જાંબુડિયાં ને નીલાં વસ્તર પહેરી, કાને રત્નનાં કુંડળ લટકાવી, મોતી અને પરવાળાંની માળા કંઠમાં ઝુલાવતા ઝુલાવતા, દરિયાદેવ સિંગળદીપ ભણી ચાલી નીકળ્યા. પોતાને ખંભે બોલ્યું પૂતળું બેઠું છે.

રૂપાળો સંધ્યાકાળ છે. ઓરડાની ઓસરીમાં રાણી મીણલદે બેઠેલાં છે. એમાં સામેથી કોઈક અજાણ્યો માનવી રાણીવાસમાં હાલ્યો આવતો દેખાય છે. ન મળે ફાળ, ન મળે ફડકો, કેમ જાણે પોતાનું જ ઘર હોય એમ હાલ્યો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવે છે. અંગને માથે દરિયાઈ જળતાં આસમાની વસ્ત્રો ઝળેળ ઝળેળ થાય છે. મોવાળામાંથી મોતી જેવાં ટીપાં ટપકે છે.

આ કોણ? આ પરપુરુષ નિર્લજ્જ બનીને કાં આંહીં ચાલ્યો આવે છે? રજા વિના એક પંખી પણ આંહીં પ્રવેશ ન કરી શકે, તો પછી આ પુરુષને કોણે આવવા દીધો હશે? આવું આવું વિચારતી રાણી તો ઊઠીને જવા લાગી. ત્યાં તો પરોણુલો રાણીની સામે આવીને ઊભો રહ્યો. મૂંગો મૂંગો એ તો મરક મરક હસી રહ્યો છે.

રાણી બોલી, 'અરે તમે કોણ છો? આંહીં કેમ આવ્યા છો?'

પરદેશી બોલ્યો, 'હું દરિયાનો દેવ છું. તમારો બોલાવ્યો આવું છું, હે રાણી મીણલદે!'

રાણી ચમકીને પૂછે છે, 'મેં બોલાવ્યા?'

તુરત જ એ દેવતાના ખંભા માથે બેઠેલું પૂતળું નીચે ઊતર્યું ને બોલ્યું, 'હે રાણીજી! જાવે જાનારા સોદાગરોની સાથે તમે જ મને મોકલેલો. એ ભૂલી ગયાં?'

રાણીની છાતી ધડકવા લાગી. એની વાચા ઊઘડી નહિ. દરિયાપીર બોલ્યા, '"હે રાણી! હું દેવતા. હું શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ તોયે પામરમાં પામર! કારણકે હું મંત્રાધીન. હું પાછો વળી શકું નહિ. તું મને પાછો વાળી શકીશ નહિ.'

દિવ્ય તેજ અને મંત્રોના પ્રભાવની સામે રાણીથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થઈ શકાયું નહિ. દેવતા ત્યાં રાત રહ્યા. પરંતુ એક રાત બસ નહોતી. પછી તો રોજ રાતે દેવ–માનવના વિલાસ ચાલે, ને પ્રભાતે દેવ દરિયે પધારે.

સાતમો દિવસ આવ્યો. આજે રાણીને સાંભર્યું કે હાય હાય! સાંજરે તો રાજાજી પધારશે, દેવતા પણ આવશે. હું શું કરીશ ?

સાંજ પડી. રાજાજી પધાર્યા. થોડી વાર થઈ. રાજા જુએ છે તો કોઈ અજાણ્યા પુરુષને અંતઃપુરમાં આવતો જોયો. ચકિત થઈને રાજા પૂછે છે કે “અરે રાણીજી, આ કોણ આવે છે ? ”

‘હું નથી ઓળખતી ?’

‘રાણી ! નથી ઓળખતાં ? આટલે નિર્ભય પગલે પુરુષ ચાલ્યો આવે છે. એની મુખમુદ્રા બતાવી આપે છે કે એ આ અંતઃપુરનો અજાણ્યો તો નથી. જુઓ, જુઓ, એ હસે છે. ચોગરદમ કેવો જુએ છે ?’

કે ‘હું નથી ઓળખતી.’

દેવ આવી પહોંચ્યા. એનું મોં રાણીજીની સામે મલકે છે.

રાજા પૂછે છે, ‘તું કોણ છો ?’

દેવ પૂછે છે, ‘તું કોણ ?’

રાજા કહે, ‘હું આ ભુવનનો અધિકારી છું.’

દેવ બોલ્યા, ‘રાજા, એ અધિકાર તમે ખોયો છે.’

રાજાએ તલવાર ખેંચી. પ્રહાર કરવા જાય ત્યાં તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જળ–દેવે ઝટકો માર્યો. તલવાર પડી ગઈ. જોતજોતામાં તો કોઈ માયાવી પાશમાં રાજાના બાહુ બંધાઈ ગયા. દેવે રાણીની તરફ ડગલાં માંડ્યાં.

થર થર કંપતી રાણી પલંગને ઓથે પડખે જઈ ને ઊભી રહી. કોપાયમાન કંઠે બોલી: 'હે દારયાપીર! તમને તેત્રીશ કોટિ દેવતાની દુહાઈ છે. ત્યાં જ થંભી જજો....

તેત્રીશ કોટિ દેવતાની આણ દેવાતાં જ દરિયાપીર થંભી ગયા.

વિકરાળ ચહેરે રાણી બોલી, 'નિર્દય દેવતા! તમે સાગરના સ્વામી! મારી આંખોની સામે, મારા પતિદેવની તમે આ દુર્દશા કરી રહ્યા છો? ધિક્કાર છે દેવ!'

દરિયાપીરે નીચું જોયું. લજવાતા લજવાતા એ બોલ્યા, 'હે મીણલદે! પંદર દી પૂરા થયા હોત તો તારે પેટે ચક્રવર્તી અવતાર લેત. પણ આજે સાત જ દિવસ થયા. દીકરી જન્મશે. એનું નામ પાડજો ઉમા. હું આજે આ ભુવન છોડી જાઉં છું.'

રાજા સમજ્યા કે આ તો દરિયાપીર છે. રાજાએ પગે લાગીને કહ્યું, 'હે દેવ! તમે આ સ્થાનને તમારું કર્યું છે તે મેં આજે જાણ્યું. આ ભુવન ઉપરનો મારો અધિકાર હું ઉઠાવી લઉં છું. તમે સુખેથી નિવાસ કરો.'

દરિયાપીર બોલ્યા, 'ના રાજા. મને આણ મળી ગઈ. હવે તો જાતાં જાતાં બે જ વાતો કહેવાની છે. એક તો, રાણીની ઉપર મારે કારણે કદી યે ત્રાસ ગુજારીશ મા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહિ તો હું નિકંદન કાઢીશ. બીજું દીકરી ઉમાના વિવાહ કરો ત્યારે મને કંકોતરી લખવાનું વીસરશો મા.'

એટલું કહીને દરિયાપીર અંતર્ધાન થયા.

(૨)

નવમે માસે તો મીણુલદેના ખોળામાં એક દીકરી રમે છે. દરિયાપીરની દીધેલ એ દીકરીનું નામ પાડેલ છે ઉમા. દેવતાનું સંતાન ! એનાં રૂપ શે વર્ણવ્યાં જાય !

રાજાનો એક માનીતો ચારણ હતો એને ઘેર પણ એક દીકરી આવી. એનું નામ પાડવામાં આવ્યું જુમા. ઉમા અને જુમાની જોડી જગતમાં બીજે ક્યાંય ન જડે.

ઉમા પંદર વરસની થઈ. એક રાજકુંવર જોડે એનું વેવિશાળ થયું. રાજકુંવર અંચળો ખીશી પોતે જ માયરે પરણવા આવનાર હતો.

ઉમાનાં લગનની કંકોતરી દેશદેશાવરે ગઈ છે. ઢોલ-નગારાં ગગડે છે, શરણાઈઓના સેંસાટ થાય છે. આખો સિંગળદ્વીપ આનંદ ઓછવમાં ગરકાવ છે, નગરીના કસબી કારીગરો કુંવરી ઉમાદેનાં વસ્ત્રાભૂષણોની સજાવટ કરી રહેલ છે,—એમાં એકાએક—

'હડૂડૂડૂ! હડૂડૂડૂ! હડૂડૂડૂ!' એવા ગેબી નાદ ઊઠ્યા. માણસોએ દોડતા આવીને ખબર દીધા કે દરિયો આજ મોસમ વિના પણ ઉછાળા મારતો મારતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હુડૂડી રહ્યો છે. નાવિકોનાં સફરી જહાજો ડૂબતાં માંડ માંડ બચીને કાંઠે પહોંચ્યાં છે. નથી વાવડો, નથી વરસાદ, પણ અત્યારે આ રત્નાકરે તાંડવ શેનાં માંડ્યાં છે! અરે રોજે રોજ ચડવા લાગેલાં પાણી આ નગરીને દરવાજે કાં ટલ્લા દેવા લાગ્યાં!

એકાએક રાણી મીણલદેને યાદ આવ્યું અને એણે હાક દીધી, 'અરે કોઈ કંકોતરી મોકલો, દરિયાપીરને કંકોતરી મોકલો! કોલ દીધા છે દેવતાને.'

કોઈને સમજ પડી નહિ, પણ રાણીને પડી ગઈ, કે આ તો મારી ઉમાદેનું માવતર આજ અંતરના તલસાટ વરતાવી રહ્યું છે, બાપનું હૈયું ફાટી રહ્યું છે, આ હડૂડાટ અમથા નથી, આ તો ઉમાદેના સાચા પિતાના કાળજાના વલવલાટ ગરજે છે. દરિયાનો દેવ માથાં આટકી રહ્યો છે. આજ જેનું પેટ પરણે છે તે જ એકલા કંકોતરીમાંથી રહ્યા! એટલે જ બાપનો પ્રાણ પછાડા મારી રહ્યો છે. રાણી મીણલદેએ જુમાના બાપ ચારણને તેડાવ્યા અને કંકોતરી દઈ કહ્યું કે 'જાવ બાપ! દરિયાપીરને કંકોતરી પહોંચાડી આવો.'

ચારણ તો આભો બન્યો. 'અરે મારી મા! આ શું ચાળો ઊપડ્યો! દરિયાપીરને કંકોતરી!'

'હા ગઢવી! દરિયાપીરને. મારે એવી માનતા છે.'

'પણ હું ક્યાં ગોતું દરિયાપીરને? એની ડેલીયું અને એના ડાયરા કયે ઠેકાણે આવ્યા તે તો ખબર નથી.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે 'ગઢવા! તમે ચારણ છો. ગોતી કાઢજો. વધુ વાર કરો મા. નહિતર રતનાગર શહેરને બોળી દેશે.'

એક તો હસવું ને બીજું હાણ્ય! ચારણ તો કંકોતરી લઈને દરિયાને કાંઠે કાંઠે ચાલતો થયો! હ ડૂ ડૂ ડૂ હ ડૂ ડૂ ડૂ! રત્નાકરનાં આભે ટલ્લા દેતાં પાણી. જેમ જેમ ચારણ ચાલ્યો આવે છે, તેમ તેમ મોળાં પડવા માંડ્યાં.

પણ ચારણ કંકોતરી આપે કોના હાથમાં? આ દરિયાપીર પણ ખરો દુશ્મન જાગ્યો! એમ કરતાં કરતાં ચારણ આઘે આઘે નીકળી ગયો ત્યારે દરિયાકાંઠે એક સરોવર દીઠું. સરોવરમાં કોઈક સુંદરીઓ સ્નાન કરી રહી છે, ને કાંઠે એનાં હીર ને ચીર પડ્યાં છે. ચોગરદમ ભમરાના ગુંજારવ થઈ થઈ રહ્યા છે. મરતલોકનાં કોઈ ફૂલમાં ન હોય એવી સુગંધ સરોવર દીમનીથી આવી રહી છે.

પવિત્ર વરણ છે ના! એટલે સરોવર ઢાળો વાંસો કરીને ચારણ ઊભો રહ્યો. અરે મહામાયા! આ શું કૌતુક! આંહીં તો કોઈ દી સરોવર નહોતું, ને આ ક્યાંથી? નક્કી આંહીં કોઈ દેવતાઈ ભોમકા લાગે છે.

ચારણે તો હાથની કંકોતરી દરિયા દીમની લાંબી કરીને કર્યો લલકાર, કે 'લેજો દરિયાપીર આ કંકોતરી.'

કહ્યા ભેળો તો દરિયાનાં પાણીમાંથી એક હાથ કોણી સુધી ઊંચે આવ્યો. એનો પંજો કાંઈક લેવું હોય તેમ ઉઘાડો હતો. ચારણે કર્યો કંકોતરીનો ઘા, કંકોતરી ઓલ્યા દરિયામાંથી નીકળેળા હાથે ઝીલી લીધી! અને રત્નાગરનાં જળ સમથળ થઈ ગયાં. પાણીમાંથી સાદ આવ્યો:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ગઢવા! કહેજો કે કંકોતરી પોગી, પણ હું તો તેત્રીશ ક્રોડ દેવતાની દુહાઈનો બાંધેલ છું. દીકરી ઉમાનાં લગનમાં પગ દઈ શકીશ નહિ. મન મારીને જળમાં બેઠો રહીશ. પણ ઊભા રે।' ગઢવા! દીકરીને મારે પેરામણી દેવી જોયેં. શું દઉં ? હાં, હાં, ગઢવા ! જો ઓલ્યા સરોવરમાં અપ્સરાઉં સ્નાન કરે છે. ને કાંઠે તેનાં વસ્ત્રાભૂષણો પડ્યાં છે. તેમાંથી તમને ઠીક લાગે તે એક ઉપાડી લ્યો. જાવ ઝપટ કરો.'

ઓય મારા બાપ ? આ ડીંડવાણું તો જો ડીંડ-વાણું ! કોકની દીકરીનાં લગન, એમાં દરિયાને ઘેર ઓછવ! ને આ દરિયાપીર પણ પારકે પાદર માવજીભાઈ કાંધાળા! કોકનાં ઘરાણાં ચોરીને પેરામણી દેવી ! એમાં વચ્ચે કાંધ મારવો છે ગઢવાને. પારકી બલા ગઢવાને વોરવી! સૌને એક ગઢવો ઠીક હાથમાં આવ્યો છે. ગઢવા ! જાવ કંકોતરી લઈ ને ! ગઢવા ! ગોતી કાઢો દરિયાપીરને ! ગઢવા ! લૂંટી આવો કોકનાં ઘરાણાં !

બબડતો બબડતો ચારણ સરોવરની પાળે પહોંચ્યો. મારે વાલે કરી છે ને કાંઈ! નાતી બાયડીઉનાં લૂગડાં ચૂંથવાનાં ? કાંઈ કામો ! કાંઈ રૂડો કામો ગઢવાને ભળાવ્યો છે ! રતનાગરને તળિયે નંગના ભારા ને ભારા પડ્યા છે. એમાંથી દોથોક દેતાં શું ભાલાં વાગતાં'તાં ? જાત છે ને દેવદેવલાંની ! આફતનાં પડીકાં છે બાપ! ત્રૂઠ્યા ય વસમા ને રૂઠ્યા ય વસમા !

એમ બબડતે બબડતે એણે તો ઝપટ કરી બાઈયુંનાં લૂગડાં–ઘરાણાંને માથે. પણ ગોતવાની જરૂર ન રહી. આભા-

૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મંડળનું કોઈ એક નખતર હોય ને જાણે, એવો એક રતન–હાર ઝળેળતો હતો. એકે તો હજારાં ! એકે તો દાળ-દરના ભુક્કા ? એ એક હાર ઉપાડીને ગઢવાએ દરિયાપીર ઢીમની હડી મૂકી. દેવ કાંઠે આવીને ઊભા છે.

સરોવરમાં કિલકિલાટ કરતી અપ્સરાઓએ ગઢવાને ભાગતો દીઠો. દેખતાંની વાર તો રંગમાં ભંગ પડ્યો. જેનો હાર ઉપડ્યો તે અપ્સરાએ ગઢવાની પાછળ દોટ દીધી. પણ એ આંબે તે પૂર્વે ગઢવાએ પાણીની બહાર ઊભેલ દરિયાપીરના પગ પકડી લીધા.

આઘી ઊભી થઈ રહીને અપ્સરાએ દરિયાપીરને ઠપકો દીધો : " અરે મોટા દેવતા ! માથે રહીને આવી લૂંટ કરાવો છો ? તમારે ઘેર રત્નોનો તોટો પડ્યો તે અમ ગરીબ અબળાઓનાં આભૂષણો ઉપડાવો છો ? "

અપ્સરાઓ તો દેવતાઓની રોનકનાં ઠેકાણાં: જેમ જમીનને માથે ગણિકા બજારનું સુખડું ગણાય, તેમ અમરાપુરીમાં અપ્સરાઓ ગણાય. સામે નવસ્તરી ઊભી ઊભી કરગરી રહેલી અપ્સરાને દેવ હસીને કહેવા લાગ્યા:—

" દેવાંગનાં ! તમને ખબર નથી. આજ તો મરત-લોકમાં પેટની દીકરીના વિવા છે. મારે એને પેરામણી તો મોકલવી જોવે ના ! મારો ભંડાર ભર્યો છે, પણ એ તો બધાં અણઘડ્યાં મોતી છે. અટાણે હું ઘડાવવા ક્યારે બેસું, ને મોકલું ક્યારે ? અને આજ દીકરાના વિવાટાણે ચોરી-લૂંટ ન કરાવું તો કરાવું ક્યારે ? તમને તો પાછાં અમરા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુરીમાં પહોંચ્યા ભેળા કોક દેવતા હાર દેવા દોડ્યા આવશે, સમજ્યાંને અપ્સરા ?"

એમ કહેતા કહેતા જળદેવ બસ હસવા જ મંડી પડ્યા. એટલે ભોંઠી પડેલી અપ્સરાને કાળજે ચીરો પડી ગયો. એણે કકળતી આંતરડીએ કહ્યું: "મારો હાર ઉપાડી તો જાવ છો. પણ એ હાર કોઈ સુવાગણ નાર પેરી રહી. પેરશે દુવાગણ."

હરખના કેફમાં દરિયાપીરને અપ્સરાના આ શરાપનું કાંઈ ભાન રહ્યું નહિ. અપ્સરાઓ પાછી વાર ગઈ, ને ત્યાં ચારણે હાર લઈ ને સિંગળદ્વીપ શહેરની વાટ લીધી.

(૩)

રાજકુંવર અચળો ખીચી હથેવાળે ઉમાને પરણવા આવ્યો છે. ચોરીએ ચડી ઊતર્યાં છે. ચારે મંગળ વરતી રહ્યાં છે. અધરાતનો ગજર ભાંગ્યો છે. ઉમાએ પગથી માથા લગી શણગાર સજ્યા છે. અને ગળામાં નાખ્યો છે ઓલ્યો, અપ્સરાવાળો, દરિયાપીરે દેવરાવેલો રતન-હાર. દેવની દીકરી, એમાં પછી રૂપની કમીના શી હોય ? ભોજનનો થાળ હથેળીમાં ઉપાડીને કટ, કટ, કટ, ઉમાદેવડી મેડીએ ચડ્યાં છે.

મેડીને માથે કુંવર અચળો ખીચી એક પગ ધરતી સાથે રાખીને ધીરે ધીરે હીંડોળાખાટે હીંચકી રહ્યો છે —

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાંભા થડકે, ઘર હસે,
ખેલણ લાગી ખાટ,
સાજન આયા હે સખિ !
જેની જોતાં વાટ.

અને બેયની મીટડીયું મળી છે—

નેણ પદારથ, નેણ રસ,
નેણે નેણ મળન્ત,
અણજાણ્યાંસું પ્રીતડી,
નેણે નેણ કરન્ત

બેય એકમેકથી અજાણ્યાં, પણ નેણે નેણ મળ્યાં છે, અને પ્રીત પ્રકટાવી દીધી છે.

પછી તો—

મોં મન લાગી તાં મના,
તાં મન લાગી મું;
લૂણ વળુંભ્યાં પાણીએ,
પાણી લૂણ વળુંભ.

મારું મન તારા મનસું લાગ્યું, તારું મન મારા મનસું. એ તો જાણે કે લૂણ ને પાણી પરસ્પર મળી ગયાં. બેમાંથી એકેયની વાચા ઊઘડતી નથી. મનથી મન ગોઠડીયું કરે ત્યાં જીભ બાપડી ઊપડે શેણે ?

છેવટે ઉમાએ વાચા ખોલી: ‘પધારો રાજ ! થાળ તૈયાર છે.’

રાજકુંવર અચળો મરક મરક મુખડે જોઈ રહ્યો. કાંઈ જવાબ દીધો નહિ. ઉમાએ ફરી કહ્યું—

‘રાજ ! ભોજન ઠરે છે.’

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યારે પછી અચળાએ કહ્યું: 'ઠકરાણાંજી! ચૌદે વિદ્યાનાં જાણણહારાં, ને એક રાજરીત કેમ ભૂલી ગયાં?'

કે 'હે ઠાકોર! ભૂલી હોઉં તો બતાવોને!'

'ગોખે તે બેઠી રાણી રાજવણ બોલે,
'મને મારગડો દેખાડો રાજ બંદલા!
'હું તો મારગડાની ભૂલી રાજ બંદલા!'

કે 'હે ઉમાદે!--

ખાતે ખીચી બોલિયો,
સાંભળ સાંખલી નાર!
મારા પગની મોજડી
ઉમાદે ઉતાર!

'હે સાંખલાની રાજકુમારી! મારા પગની મોજડી તમે ઉતારો.'

ઉમાએ માન્યું કે ઠાકોર હાંસી કરે છે. એણે પૂછ્યું: 'હે ઠાકોર, મોજડી ઉતારું? શા માટે ઉતારું?'

કે 'એવી રીત છે.'

કે 'હેં? એવી રીત છે? ક્યાંની રીત છે?' કહેતાં તો ઉમાદેનું મોં ગ્રહણે ગ્રહાયા ચાંદા જેવું બન્યું.

'રીત છે અમારા કુળની, કે પરણ્યાની પ્રથમ રાતે ઠકરાણાં ઠાકોરના પગની મોજડી ઉતારે.'

કે 'સાચું કહો છો રાજ?'

કે 'સાચું જ કહું છું. હસવાની વાત નથી.'

ત્યારે પછી —

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મરકી ઉમા બોલિયાં,
ગોરી ભીને ગાત્ર;
તારા પગની મોજડી
(કાં) દાસી ઉતારે કાં પાત્ર.

'હે ઠાકોર! તમારા પગની મોજડી તો કાં દાસી ઉતારે ને કાં પાતર (ગુણિકા) ઉતારે, પરણેતર તો નહિ ઉતારે. લ્યો મારી વડારણને બોલાવું. અમારા કુળની તો આવી રીત છે.'

કે 'ઠકરાણાં! આ તો રિવાજ છે. તમારે તો જરાક મારી મોજડીને અડી જ લેવાનું છે.'

કે 'મેં કહ્યું ને? એ કામ અમારા કુળમાં વડારણનું છે. મારું નહિ.'

કે 'રાણી મમત કરો મા. માઠું થશે.'

કે 'મર જે થાવી હોય તે થાવ. પગરખાંને હું હાથ નહિ અડાડું.'

'ઠીક ત્યારે.' એટલું કહીને અચળો હીંડોળાખાટેથી ઊઠી ગયો. થાળ થાળને ઠેકાણે રહ્યો. સોહાગની રાત બગડી ગઈ. સિંગળદ્વીપની હવા પણ કડવી ઝેર બની ગઈ. અચળાએ પોતાની બરાતના રસાલાને હુકમ દીધો કે 'સાબદા થાવ, અટાણે જ ઊપડી જાવું છે.' સૈયર જુમાને, રાજાને, રાણીને, સૌને જાણ થઈ કે બાજી બગડી ગઈ છે. બધાંએ ઉમાને ઠપકો આપ્યો: 'બહુ ભૂલ કરી. હજી માની જા– તું ઊજળી તો પણ રાત છો, તું અસ્તરી છો. જીવતર લાંબું હોય ટૂંકું હોય કોને ખબર છે? ઊગ્યો એને આથમતાં વાર લાગશે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ કોઈનું કહ્યું ઉમાદેએ માન્યું નહિ. ત્યાં અચળો વિદાય થઈ ગયો, અને આંહીં ઉમાએ જોબનને કબજામાં લીધું. વસ્ત્રાભૂષણો કાઢીને અળગાં કર્યાં. અને જ્ઞાનવૈરાગ્યને માર્ગે ચડી. ચારણની દીકરી જુમાને પોતાની પાસે રાખી. જુમા બીન બજાવે, ગીતો–ભજનો ગાય, વાર્તાઓ કરે, ને જોગણવેશી ઉમા બેઠી બેઠી સાંભળ્યા કરે.

લાગવા માંડ્યું કે જોબન કબજે થઈ ગયું છે, વિકાર ઓગળી ગયા લાગ્યા. જુમાને પોતે એક દીએ જુદી પડવા દેતી નથી; જુમા પણ સહિયરને સારુ કુમારી અવસ્થા ખેંચી રહી છે. એમ કરતાં કરતાં—

'દિન ગણન્તાં માસ ગયા
(અને) વરસે આંતરિયાં.'

એવે એક દી, જુમા ઉમાની રજા લઈને પોતાના બાપને ગામ ગઈ છે. ઉમા એકલી પડી છે. વૈશાખી પૂનમની રાત છે. પોતે બેઠી બેઠી માળા ફેરવે છે, પણ આજ એકલી પડી છે. જુમાનાં ગીતો ને ભજનની આડશ ચાલી ગઈ છે. બહારના વાયરા ફૂલની સોડમ લાવે છે અને ચોક–ચૌટામાં ગાતી નારીઓના ગીતના બોલ લાવે છે—

કોઈ મુને કૃષ્ણ બતાવો રે મધુવનમાં
વ્યાકુળ થઈ છું મારા મનમાં રે શ્રી ગોકુળમાં.

હાર જ તૂટચો, ચીર જ ફાટચાં,
નીર વહે છે લોચનમાં—કોઈ મને.

માળાના પારા ધીમા પડ્યા. અને મોડી રાતનો કોઈ બપૈયો 'પિયુ–ઉ: પિયુ–ઉ: પિયુ–ઉ:' પોકારવા મંડ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમાં કાંઈ સારાવાટ નહોતી.

બાપૈયા થાને મારશું
તું લે :ના પિયુરો નામ;
આધી રૈનરો પુકાર મા!
તું છોડ હમારા ગામ.

અરે હાસીયું ! આ બાપૈયાને ઉડાડો. પથરા માર્યે આડ માથેથી બાપૈયો ઊડી ગયો. પણ મનડાના મધુવનના બાપૈયા એમ થોડા ઊડી શકે છે. !

માંય અનૂપમ લીંબડા,
તાડ રિયા હલબલ્લ;
નેણે અમર નાગરી
વનસેં હુઈ વિકલ્લ.

ચંપો ડોલર કેવડો,
રોગી દાડમ ધ્રાખ:
થોકે થોકે લડ રહી
આંબા કેરી શાખ.

આંબા હિલ્લોળે આવિયા,
સાખે રસ ન સમાય;
કે'જો ઓધા કાનને,
જેઠ વસરૂમો જાય.

અંતરના બંધ માંડ્યા તૂટવા: અરે કોઇ જુમાને તેડવા મેલો. હૈયું થર રહેતું નથી. આ તો બધા ઉપલા વૈરાગ્ય. માયલું મન તો સુવું કોરું ને કોરું પડ્યું છે!

ઉમા કાગળ લખી મોકલે,
જુમા ઓરેરી આવ!
થારો ગણ મેં: જાણુશાં
મારો રૂઠો નાવ મનાવ !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હે જુમા ! વહેલી મારી પાસે આવ ને મારા રિસાયેલા નાહોલિયાને મનાવ. હું તારો ગુણ નહિ ભૂલું.

જુમા દોડતી આવી. કહ્યું, "બસ ? દળી દળીને ઢાંકણીમાં ઊધરાવ્યું ?"

કે 'બેન, હવે તો નથી રે'વાતું.'

કે 'બધાં માન મેલીને સાસરે જાવા તૈયાર છો ?'

કે 'હા.'

(૪)

લાટલાટ દાયજો અને અરધી વસ્તી પોતાની સાથે લઈને ઉમા અચળા ખીચીને ગામ પહોંચી છે. જુમા ભેળી છે. અચળો તો સિંગળદ્વીપથી પાછો વળ્યો તે ટાણે રસ્તામાંથી જ મેવાડની રાજકુંવરીને પરણીને ઘેર આવ્યો છે. મગરૂબ ઉમાને એ રાણી તરીકે રાખે નહિ. અને ઉમા મોજડી ઉતારે નહિ ! ઉમાને ઠેકાણે કઈ રીતે પાડવી ? કોઈ નથી જાણતું કે ઉમાના તગદીરને કયું તાળું લાગી ગયું છે. અપ્સરાનો શરાપેલ હાર ઉમાનો વેરી છે. હારને નાખી દીધેય કારી ફાવે તેમ નથી. એ હાર કોઈક અસ્ત્રીની ડોકમાં તો પડચે જ છૂટકો.

ઠીક મનવા ! સબૂરી ધરીને જુમાએ અચળા ખીચીના પાટણ જેવું જ, નદીને સામે કાંઠે, બીજું પાટણ વસાવ્યું છે. જેવી અચળાની તેવી જ ઉમાના પાટણની રોજ કચેરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભરાય છે. અચળાના પાટણનાં લોક આંહીં આવતાંજતાં થયાં છે. ઉમાનાં રૂપ અને શીલ વખાણમાં છે.

પણ અચળાની આંખે મેવાડી રાણીએ અંધાર–પાટા બાંધી દીધા છે. અચળાનું રાજપાટ ચકલીના માળા ચૂંથાય એમ ચૂંથાઈ રહ્યું છે. મેવાડી રાણીએ ખેદાનમેદાન વાળ્યું છે. રાજકાજમાં અચળાનું ચિત્ત ચોંટવા દેતી નથી. મેવાડી રાણીને તો રટણ છે એકલા સાજશણગારનું. રાજની તમામ રિદ્ધસિદ્ધ એની ટાપટીપમાં જ ખરચાઈ રહી છે. ઉમા આવી છે, સામે કાંઠે રહે છે, પણ મેવાડી રાણી અચળાને આવવા દેતી નથી. એ તો રાણીવાસનો જ કેદી બન્યો છે.

ફિકર નહિ. હે જીવ! સબૂરી રાખો. શરાપેલ હારનો રસ્તો નીકળવાનો લાગે છે.

ધીસે ધીમે ધીમે ઉમાના રતનહારની વાતો સામે કાંઠે પહોંચી. દેવાંગનાનો હાર મેવાડી રાણીનું દિલ ડોલાવવા લાગ્યો. એ હાર પહેર્યે તો માનવી દેવરૂપ બને છે! અરે જીવ! ક્યાંક એ હાર પહેરેલ મારી શોક ઉમાને આ ઠાકોર જોઈ જશે તો? તો સત્યાનાશ વળશે.

વાતો આવી હતી કે મંતરેલો હાર છે. નક્કી અચળાને ચળાવી દેશે એની પે'રનારી!

વાતો જુમાએ જ વહેતી કરી હતી! વાતનું પરિણામ આવ્યું. મેવાડી રાણીએ કહેવરાવ્યું, 'એ હાર આપો તો મોંમાગ્યાં ધન દઉં, જર દઉં, જમીન દઉં.'

'ના, એ કાંઈ ન જોવે. હાર લ્યો, પણ એક રાત ઠાકોરને અમારાં બા પાસે મોકલો.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે 'ખુશીથી.'

મેવાડી રાણીએ અચળાને સમજાવ્યો, કે બચાડી છ મહિનાથી બેઠી છે. એક રાત જઈ આવોને ! જગતમાં વગોણું થાય છે. આપણે જાવું ખરું. પણ એની સામે ન જોવું એવું વચન આપો. અચળાએ વચન આપ્યું.

આંહીં મેવાડી રાણીને ઉમાનો રતનહાર મળ્યો એટલે અચળાને સામા કાંઠે રાત રહેવા મોકલ્યો. પણ આખી રાત અચળો ઉમાદેના રંગમોલમાં પડખું ફેરવીને જ સૂઈ રહ્યો. રાતનો એક પહોર, બીજો પહોર, ત્રીજો—અને ઉમાદે ફડકી ઊઠી. અરે એક વાર જો સામે જુએને, તો તો હું એની નજરનું ઝેર નિચોવી લઉં. પણ આ તો પથરા જેવો પડ્યો છે! અણઘડી સવાર પડશે.

બોલાવો રે બોલાવો કોઈ જુમાને. જુમા આવી. ઉમાએ પોતાનું હીણભાગ્ય નજરે દેખાડ્યું. પલંગમાં પડ્યો છે આખી રાતનો મોઢું ફેરવીને !

જુમા પોતાનું બીન લઈને બેઠી. તાર ચડાવ્યા, બીનને માથે આંગળીયું ફરી. બીન હોંકારા દેવા મંડ્યું, અને જુમા દુહા ગાવા લાગી.

'હાર દિયો ચાંદો કિયો.*
... ...
... ...
... ...

અરે તકદીર! અમે અમારો હાર દઈ દીધો. અમે

* આ દુહો અધૂરો છે. ત્રણ ચરણો હસ્તગત નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાટું કર્યું. અમારો તો હાર પણ ગયો, અમે સાટવેલ વસ્તુ પણ મળી નહિ. અમારાં દુર્ભાગ્યની શી વાત કરીએ ?

બીન જેવું નાજુક સ્રાજ, એવું જ કાબેલ બાજંદું, અને એમાં આવા સમસ્યાના બોલ: સાંભળીને જાગતો પડેલો અચળો સળવળી ઊઠ્યો. આ હા હા ! આ લોક નિર્ધન બની ગયાં લાગે છે. ખરચી માટે હેમનો હાર કોઈક વેપારીને હાટડે ઘરાણે મૂક્યો લાગે છે! મન પીગળ્યું. દયા આવી. પોતે ઊઠીને પૂછ્યું:

કણુરે હાટે મૂકિયો
ભોજન લિયાં અપાર;
ઈ હારને છોડાવવા
વેગે કરશું વાર.

કહો, કયા વેપારીના હાટડે અન્ન લેવા એ હાર મૂક્યો છે! એ હારને છોડાવવા હું તમને હમણાં નાણાંની મદદ કરું.

ત્યારે બીન માથે ગાતી ગાતી જુમા જવાબ વાળે છે—

કણુરે હાટે ન મૂકિયો,
ભોજન લિયાં ન ભાર;
(પણ) જેના નાર કુભારજા,
ઈ માગ્યો દે ભરથાર.

હે ઠાકોર! અમે કાંઈ અન્નદાણાને કાજે એ હાર કોઈ વેપારીને હાટડે નથી મૂક્યો. પણ આ તો એક એવી કુભારજાને દીધો છે, કે જેણે હાર પહેરવાને સાટે પોતાનો ભરથાર અમને માગ્યો આપેલ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમસ્યા કાળજે તીર જેમ ખૂતી. અચળો પલંગ-માંથી બેઠો થઈ ગયો. પૂછ્યું, 'શું કહો છો? ચોખવટ કરો.? કઈ નાર કુભારજા? માગ્યો ભરથાર કોણે દીધો છે?'

જુમાએ હારની અને મેવાડી રાણીની આખી વાત કરી છે, અચળો તો સાંભળીને રૂંવે રૂંવે વિંધાઇ ગયો છે. એણે પાટણ જઇને તપાસ કરી છે. જુમાનો અક્ષરે અક્ષર સાચો પડ્યો છે.

'આ હા હા! હારની બદલીમાં મેવાડી રાણી, તમે તમારો પિયુ માગ્યો દીધો છે! ત્યારે તો હવે ભરમ ભાંગી ગયો. તમારે હાર પહેરવાના વધુ કોડ હતા! ભલે, તો હવે જાવ. ને એ હાર જ પહેરો—

મેવાડી જા મેવાડમાં!
ઊંટે ભરીને ભાર;
અચળો ઉમાને રિયો,
તારે રહિયો હાર.

મેવાડી રાણીને મહિયર વળાવી. અને અચળો ખીચી ઉમાને લઈને રહ્યો

ઉમાએ જુમાના પગ પૂજ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાઠીકુળ

ગરુડની મા અને નાગની મા, બેય શોક્યું. બેય કશ્યપની રાણીયું બેય. વચ્ચે વાદ થયો : સૂરજના ઘોડા કેવા ? સપતાસ કે કાળચરા (શ્વેત કે કાળા ?)

નાગની મા કહે કે કાળા, ને ગરુડની મા કહે કે ધોળા.

બેમાંથી જે હારે તે જીતેલીને ઘેરે દાસી બને એવો કરાર થયો.

નાગની માએ પોતાના નવે દીકરાને મોકલ્યા તે સૂરજના ઘોડાને પેટાળે વીંટળાઈ ગયા. સૂરજના ઘોડા કાળા દેખાણા.

ગરુડની મા હારી, એટલે નાગની માને ઘેરે દાસીપણું કરે.

ઘણે દીએ ગરુડ ગાગરડીમાંથી સેવાઈ ને બહાર નીકળ્યા. જોવે તો માને માથે ટાલ ! હેં મા ? શા કારણે આ ટાલ ! મા પાસેથી આખી વાત જાણી નક્કી કર્યું :

' નવે યં નાગને ન આરોગી જાઉં તો હું ગરુડ નહિ. '

માંડ્યો પકડવા ને ગળવા. આઠ ગળ્યા. એક નાગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાગ્યો. મેરુ પર્વતની તળેટીમાં નાગ તમરનો નેસ. ત્યાં પાડો થઇને ખાડુ ભેગો ચરવા મંડ્યો. નાગલિયું ભેંસ્યું.

ત્યાંય ગરુડનો તાપ ન ઝીલી શક્યો. આળોટીને ચારણ થયો. નાગ તમરે ભેંસું ચારવા રાખ્યો, પોતાની દીકરી દીધી. પૂછ્યું : 'એલા તારું નામ?' કહે કે 'નાગ પિંગલ.'

નાગપાંચમ આવી એટલે બાઈ ચાલી પૂજવા. હસીને પુરુષ કહે કે 'તારા તો ઘરમાં જ દેવસ્તાનું છે. જોજે બીતી ને હો?'

એમ કહીને પુરુષે અજાજૂડ નાગનું રૂપ લીધું. બાઈથી રાડ પડાઈ ગઈ, 'વોય! નાગ!'

ખોરડા માથે ગરુડ બેઠેલો તેણે સાંભળ્યું, નાગ રૂપ-ધારીને ઝડપ્યો, નહોરમાં ઉપાડ્યો, ને દરિયા–કાંઠે મગર-મચ્છ બેઠેલ તેને માથે બેસીને એનો ભક્ષ કરવા બેઠો.

મગર બૂડ્યો, તો એને ય ચાંચમાં લઈ ને ઉપાડ્યો.

મેરુ પર્વતની દખણાદી કોરે સુવરણ જેવી ભોમ, જાંબુડાનું ઝાડવું, ચોરાશી જોજન ડાળ લાંબી, અશ્વ પરમાણે (ઘોડા જેવડાં) ફૂલ, ગજ પરમાણે ફળ, તેના રસમાંથી જાંબુવતી નદી જમનાજી નીસરી તે જાંબુડાનો રસ આ પછમ ધરામાં આવ્યો. તેથી આ જાંબુદ્વીપ કહેવાણો.

ગરુડ આ જાંબુડાની ડાળ માથે બેઠો. ડાળ ફેંસાણી, એને પણ નોરમાં લઈ ને ઊડ્યો, તે મેરુનું સાતમું ટૂંક હળવટ એને માથે જઈ બેઠો. ટૂંક ફેંસાણું. એને ય નોરમાં લીધું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગરુડને એંકાર આવ્યો કે આ મેરુ જેવાય ખરેડવા મંડ્યા! હવે મારો ભાર ધરતી ન ઝીલે! હવે તો આકાશમાં જ પહોચું.

આકાશમાં સૂરજનો રથ ચાલ્યો જાય એમાંથી ગરુડને અરુણે ભાળ્યો.

"ક્યાં જાછ એલા ગરુડ? એલા આગળ ક્યાંઈ બેસ એવું નથી. આવ મારા ઠૂંઠા ઉપર બેસ."

"અરે તો તો તને સાતમે પાતાળ ખોસી દઈશ!"

ગરુડ તો ઊડ્યો. એના નોરમાં પડ્યાં પડ્યાં નાગે નવ ખંડ જોયા. બહુ સ્તુતિ કરી: હે ગરુડજી! તારા નામની કિતાબ કરું, જો મને મૂકી દે તો હું શાસ્તર બનાવું.

ગરુડે મગરમચ્છનાં હાડકાં, ડાળ, હળવટ અને મેરુનું ટૂંક લઈને દરિયામાં પડતું મૂક્યું. એને માથે લંકાનો મઢ થયો.

અને પછી આ નાગે આખી પૃથવી દીઠી તે પરથી નાગપિંગલ રચ્યું, ને એના દીકરા હમીરે હમીરપિંગલ રચ્યું. આમ ચારણ નાગમાંથી ઉત્પન્ન થયો. એના વંશવારસે કાઠીકુળની ઉત્પત્તિ વર્ણવી—

સૂરજનો કરણ: કરણનો વરકેત: વરકેતનો રજકેત: રજકેતનો ધીરકેત: ધીરકેતનો બ્રહ્મકેત: બ્રહ્મકેતનો વીજકેત: વીજકેતનો કાણદેવ: કાણદેવનો દેગ: દેગનો દેગમ: દેગમનો અણો: અણાનો માણો: માણાનો એભલ પહેલો: એભલનો રવિચળ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણો પંજાબમાંથી કાશીએ આવ્યાઃ—

દીધી માણે દાત, કાશી લઈ અરપણ કરી,
એ વાતું અખીઆત, પછે ગોકુળ પધારીઆ.

(માણાએ કાશી જીતી લઈને દાન (દાત)માં અર્પણ કરી, એ વાત વિખ્યાત છે. પછી કાઢી ગોકુળ આવ્યા.)

કાશીમાં સોરંભનો ઘાટ બંધાવ્યો. ગોકળમાં ધનેશર તુંવર રાજ કરે તેને હરાવ્યોઃ

'ધનેજર તુંવર ધ્રુજાવીઓ,
ગોકળ જેડ ગામ.'

તુંવરોનો બહુ તાપ લાગ્યો એટલે માંડવગઢ (માળવે) આવ્યા. ઘરમાં સોમાવંતી ચવાણુ (ચહુઆણ) વીરપાળ ચવાણની દીકરી. એ બાઈને ગંગાજીનો બોલ. તેને લીધે માળવામાં સોમલ નદી નીકળી. કાઢીમાં મા અને બાપ એઉનું બરદાવું રહ્યું. ('સોમલીઆ' અને 'માણા')

ધન્ય દિવાળી ધન્ય ઘડી, ધન્ય વીરપાળ ચવાણ;
ધન્ય માણારો જીવણો, ધન્ય સોમાવંતી નાર.

પછી માણાએ દિલ્હીમાં ચોરી કરાવીઃ

માણે ચાર મોકલ્યા, ચોરી કરવા ચોર,
[1]ઢેલી શે'ર ઢંઢોળતાં, બેઠા કરે બકોર.

[2]સંવત ખટ સતાશીએ, આસો માસ ઉદારઃ
માંડવગઢ- ને માળવો, ધન્ય વાળારી વાર!

---

૧ ઢેલી–દિલ્હી

૨ સંવત છસો સતાશી ને આસો માસમાં વાળાઓ માળવાના માંડવગઢમાં હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દસ પેઢી પછી અણહિલપાટણ આવ્યા. તેની સાખ પૂરતું બિરદ ચારણના દુહામાં છે:

> જો જેતપરા જાત, ગુજરગઢ છાંડે કરે,
> ચાંપા! ચેરો થાત, અણહલવાડે એભાઉત!

[હે જેતપરના રાજવી! તું જો ગુજરગઢ છોડીને ચાલ્યો જાત, તો હે ચાંપરાજવાળા! એભલના પુત્ર! તારી નિંદા થાત.][1]

પછી સૂરવાળો વઢવાણમાં થયા. પછી વાળા વલ્લભીપુર આવ્યા. સૂરનો એભલ બીજો, જેણે મે વાળ્યા, કોઢ ટાળ્યો. ક્રોડ કન્યા પરણાવી.*

એભલના ત્રણ: અણો એભલનો, એણે માથું આલ્યું; ચાંપરાજ એભલનો, એણે ધીંગાણું કર્યું; શેળાઈત એભલનો; એને શાપ થયો. વાત આવી છે—

ગામ આવડ તાંતાણાનો મામડીઓ ચારણ. એને સાત દીકરી. પણ સાત બેન વચ્ચે ભાઈ ન મળે. સાતે બેનોએ ડીલનો મેલ ઉતારીને પૂતળું કર્યું. અંજળી છાંટી સજીવન કર્યું. મેરખીઓ નામ પાડયું.

બેનોએ કહ્યું, ‘ માડી મેરખીઆ ! જા વળે, શેળાઈતવાળાના ખાડુમાં રાતડીઓ દૈત પાડો થઈ ને રે’ છે, એંધાણી લેખે એના નાકમાં સવા શેર સોનાનું નાકર છે. એને લઈ આવ.’

---

૧ ચાંપરાજવાળાની જેતપુરવાળી વાત માટે જુવો રસધાર ભા. ૧

* જુવો રસધાર ભા. ૧ અને ‘વેરાનમાં’–‘ખંડેરો બોલે છે.’

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેરખીઓ પાડાને લાવ્યો આવડ તાંતાણુાને સીમાડે. કેરડાના ઝાડવા ઉપર મેરખીઆને ઓરખો બેસાર્યો ને પછી સાતે બેન્યુંએ પાડાને વરોધ્યો. વધ કરીને મંડી રોઉ (રક્ત) પીવા.

વળામાં ખબર પડી. વાર ચડી.

મેરખીએ સાતે બેન્યુંને કહ્યું, 'આઈ, ખે ઊડતી સે, અહુવાર આવતા સે.' (ધૂળ ઊડે છે. સ્વારો આવે છે.)

સાતે બાઈઓએ પાડાના ચામડાનો ભેળીઓ (કાળું ઓઢણું) કર્યો, હાડાંના સાળીંગા (પાણા) કર્યા, ને લોહીની લાખ કરી. મંડી ભેળીઓ રંગવા.

પણ આવેલા અસવારોમાંથી એક ચારણને પાડાનું નાકર હાથ આવી ગયું. શેળાઈતે હુકમ દીધો—

'એલા આ તો કામણગારાં છે. બાળી દ્યો જીવતાં!'

સાતે બેનોને જીવતી બાળીને વાર પાછી વાળી, ત્યાં તો વળાને પાદર તળાવમાં સાતે બેન્યું ના'ય છે! મેરખીઓ કાંઠે બેઠો બેઠો ધ્યાન રાખે છે.

શેળાઈ તે માગ્યું, 'માતાજી, તમને મેં બાળ્યાં; મને શરાપો.'

આઈઓએ કહ્યું, 'બાપ, તોળું (તારું) વટલાણુ થાશે. વળા સુકાશે.'

વળે એભલવાળાનો પાળીઓ ઝાડ હેઠળ આથમણે મોઢે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વળા છૂટી ગયું. ચાંપરાજ ને શેળાઈત ચીતળમાં વસ્યા, ને અણુાનો વસ્તાર તળાજે રહ્યો. એ ન વટલ્યો.

અણુાનો ગોલણુવાળો. ગોલણુ અને નેત્રામની પ્રેમ-કથાના દુહા છેઃ

અમે ગોલણુનાં ગરાક, ગોલણુ ગનકારે નઈં;
દલ ઊભું દરબાર, વાળા! વિનતિયું કરે.

[હું ગોલણુની ગ્રાહક (અભિલાષુ) છું, પણ ગોલણુ મને માનતો નથી. દિલ તારે દરબારે ઊભું છે ને હે વાળા ! વીનવણાં કરે છે.]

સૂઘરીઉં સગા ! કોડે માળા કરતિયું,
એની ગૂંથણુ ગોલણીઆ ! તું પાસે તળાજા-ધણી !

કળોજ્ય મા તું કાગ, ગાંજે જે ગોલણુ તણે;
હૈયા હજી મ ફાટય, નિસાસે નેત્રમ તણે.

[હે કાગડા ! તું ગોલણુને ગામે (ગાંજે) ન વિલાપ કર. ને હે હૈયા, નેત્રમને નિઃશ્વાસે તું ન ફાટતું.]

પગ દુઃખે ને પીડા કરે, કસટાયેં કાળા !
ગોલણુ, તમાણાં ગોતરૂ, વારૈયો વાળા !

નૈ સગો, નૈ સાગવો, નૈ માડીજાયો ભાઃ;
વાળો હોય તો વારીએં, જેના ઘટમાં સાલે ઘા.

ચીતળથી જેતપુરનું પાટ સ્થાપ્યું ચાંપરાજે ને શેળાઈતે. ઉજ્જડ ટીંબો વાસ્યો. જૂનેગઢ તે વખતે ચૂડાસમાનું રાજ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શેળાઈત નવઘણની સાથે સિંધની ચડાઈમાં હતો—

નવ લાખે નવઘણ ચડયો, વડી જાહલરી વાર;
શેળાતને સૂરજ સાયદે, પૂગ્યું સિંધમાં પાળ.

રણમાં નવ લાખને પાણી ન મળે. શેળાઈત કહે છે કે હું સૂરજનો પોતરો છું, મારા છાયામાં કૂઈ ગાળો. કૂઈ ગાળી. મીઠું પાણી નીકળ્યું. આજ રણને કાંઠે શેળાઈત કૂઈ છે.

✿

જેતપુર છૂટયું ને સરધાર આવ્યા—

જા ડે જા ને જે રી આ, શે ળા ઇ તે સ જ ડે;
બેઠો સરધારને બેસણે, (તે દી) ધા માન્યો ઘણે.

શેળાઈતનો ધાન. એણે સરધાર મૂકીને ઢાંક વસાવ્યું. ધાનને તેર દીકરા : ઉગો ધાનનો : વણાર ધાનનો : વાઘડો ધાનનો : એના વાઘેચા આયર.

પીઠવો ધાનનો એના ચાકબારીઆ થયા.

અણોતરો ધાનનો, એના ઢેઢવાજસુર (પાળીઆદ).

જોગરો ધાનનો એના કોળી વાળા થયા.

કાનો ધાનનો, બાળવાન ધાનનો, એના નરા ચારણ થયા.

વેળાવળ ધાનનો એની ત્રણ પરજું થઈ : ખાચર, ખુમાણ ને વાળા.

વળોચજી ધાનનો તે જામની સામે લડયો. એના દુહા :

તેવાળે તોરણ કર્યાં, ઝડપે માથાં જામ,
ખાધું ઈ ખાવરધણી, કાઠી ન જોયું કામ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આરાંતણી ઓરણી, ડાઢાં લોહદંતાળ,
વાળો વાવણહાર, વળોચહરો વોચાઉત.

નર સોવર નરખેં કરે, જોયાં છ ઘણેઘણાં;
નીર નીંગાળ તણાં, વોચાઉત વાને બિઆં.

[માણસોએ બીજાં સરોવરો તો ઘણાં જોયાં હશે. પણ વળોચના દીકરાએ ભરેલા સરોવર (નીંગાળ)નાં પાણી તો રંગે બીજાં (બિઆં) જ હતાં.]

ઉગાએ રા' ખેરડીઆને અને મેઘાણંદ ચાવડાને મદ્રાસના રાજા પાસેથી છોડાવ્યા.

વળોચે દિલ્લીનો ફેરો (લૂંટ) કર્યો. સાંકડમાં આવી ગયા. એમાં એક મુસલમાન હજામનો ડેલો આવ્યો, તેણે આડા હાથ દઈને બચાવ્યા. એનું નામ કુંવરો હજામ. એણે કહ્યું કે મેં તો તમને આડા હાથ દીધા, પણ બાદશાહ મને તોપે બાંધશે. એટલે વળોચે એને પોતાની સાથે લીધો, એના દીકરાનું બિરદામણું આ દુહામાં છે:

નખ લેતલ મોં નાક, સર માથે ફેરછ સજસ;
હાકેમને માથે હાથ, કોઈ તાહરા કુંવરાઉત.

વાળા વળોચે કુંવરા હજામની દાઢી પડાવી, ભેળો ખવરાવી હિન્દુ બનાવ્યો, ને વરદાન દીધું કે 'જીવતાં હિન્દુ, મુવાં મુસલમાન.' એ રીતે એના વંશજો મરે ત્યારે પગના એક અંગૂઠાને અગ્નિનો દાગ દઈને પછી દાટે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વેળાવળજી વાળાનો મેલીકાર (સૈન્ય) કાળાવડ ગામને પાદર હતો, ત્યાં વીહુળા પટગરની દીકરી, રૂપદે નામે, હાથમાં પાડરુ દોરીને તળાવમાં ભેંસું દોવા જાય.

પૂછ્યું: 'આ કોણુ ?'

'ઈ કાઠી.'

'કાઠી કોણુ ?'

'કાઠી છ જાતના. પટગર, માંઝરીઆ, જાતવડા, નાટા વગેરે છ કુળ: વેરાટને શહેર જે દી કૌરવોએ ઝાર્યું તગડાવીયું: કોણુ તગડે ? રજપૂતે તો ન તગડી, પછી કાઠનો ઘોડો ને કાઠનો અસવાર કરી તગડાવીયું. એના છ વળીના કાઠી. કૃષ્ણે કહ્યું, 'વાહ કાઠીડા! શાબાસ છે કાઠીડા!'

વેળાવળજી કહે કે 'ત્યારે લ્યોને નાખીએં એની દીકરીનું માગું.'

પટગરોએ જવાબ દીધો: 'બહુ સારું બા! અમે બે પગથિયાં ચડ્યાં.'

એ રીતે વાળા ઠાકર આળસીને કાઠી થયા, મામડીઆ ચારણની દીકરીયુંનો શરાપ ઊતર્યો.

કાઠીઓને સંધના જામની ભીંસ બહુ લાગી એટલે ઢાંક મૂકીને ઓલ્યે કાંઠે પાવરમાં ઊતર્યા.

સંધના અબડા જામને ખબર પડી એટલે એણે ફોજ લઈને પાવર ઘેર્યું. માગું મોકલ્યું કે તમારા દીકરાની વહુ આલો. ડાયરો મૂંઝાણો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વળતેં દી અંડમલીઓ હજામ વાળા વળોચનું વતું કરે. ઓકડો છીંકયો એટલે હજામે મારી લાપોટ ને કહ્યું, 'એલા માઉગર! બારોટ નોંઘણુની અને વાળા વળોચની ગઈ એમ તારી યે ભેળી કીં ગઈ! માંગરના!'

વળોચજીએ પૂછ્યું, 'એમ કેમ બોલછ?'

'તયેં પછી મૂંઝાઈ ને શું બેઠા છો? જવાબ દ્યોને અબડાને, કે બાઈને આશા છે, માટે બાળક અવતરે પછી લઈ જા. ત્યાં તો પરભુ રાજા સરજાડશે.'

આમ હજામની મત્ય ચાલી, તેથી 'હજામત્ય' શબ્દ થયો!

અબડો પાવર માથે થાણું મૂકીને ગયો.

આંહીં જોધપુરના રાઠોડે લાખામાચી ગામ વાસ્યું. ત્યાંથી રાઠોડ પાવર આવીને મળ્યા. દીકરીયું દીધી ને લીધી. ત્યાં તો પાંચ પરમાર રજપૂત પણ આવ્યા.

રાઠોડની તેર સાખું છે.

પ્રથમ સૂર સંધવ, બીઓ બંગણહાર નરેસર,
એડા રાય રાઠોડ, ચેતકરા, દાનેસરા,
જળખેડીઆ, કમધજ, ધનધૂબડીઆ, પરધરા,
વાળા, વાઢેળ, કહાં પીડ કોટેચા,
જમના ત્રટે જોજડા, બેઉ હાથ સવતનરા,
એટલી સાખ ઉપાવતાં તેર સાખ રાઠોડ તવાં.

એમાં ધાધલ મુખ્ય શાખા. એ બધા વટલાઈને કાઠી બન્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાર કુળ પરમારનાં વટલાણાં તેની કાઠી શાખા–જેબલીઆ, ખાચર, વીંછીઆ ને માલા.

ચોહાણ વટલાણા તેની પાંચ કળી: ઝેકડીઆ, વેગડ, ઝળુ, સોંસર ને ભીંસરીઆ.

એનો દૂહો છે:

ઝેકડીઆ વેગડ ઝળુ, સોંસર, ભીંસરીઆ,
માલે' બાધા મૂળવા, સગળાય સોનાંગરા.

આ રીતના વટાળમાંથી કાઠી એવું કુળ થયું: બથમાં આવે એવું એકલઠ્ઠું.

દેવકરણીઓ ધાધલ અને સાણીઓ વીંછીઓ વાળા વળોચ લેગા હતા.

પછી સૌએ નક્કી કર્યું–બાંધો પરિયાણ, અગડા જામને ટીપી નાખીએ.

વાઢાળાઓને તેડાવ્યા. તરવારું માંડી સજાવા.

અગડા જામનું થાણું એઠું હતું તેને વહેમ આવ્યો. 'એલા શેની તૈયારી કરો છો?'

'ઈ તો અમારો કાઠીનો રિવાજ છે કે વિવા કરીને પછી સામસામા વઢવાડ્ય કરીએં:'

વિવા કર પાંણે વઢે, છાણે સોમલિયા.

[સોમવંતીના કુળના લોકો વિવા કરીને પછી છાણે અને પથ્થરે લડાઈ કરે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'અમે પે'લાં પાણે ને પછેં છાણે આવીએં. પછેં લાકડીએ ને પાકડીએ, ને પછેં ઝાટકે ફાટકે થાય.'

એક કાઠીને લૂગડાં પહેરાવીને વર કર્યો. એમ લગનનો ડોળ કરીને અબડા જામનાં માણસોને મારી નાખ્યાં. પછી ત્યાંથી થાન કબજે કર્યું.

થાન કંડોળા, થર પટણ, નવસો વાવ કૂવા;
રાણા પહેલા રાજીઆ, થાન બાબરીઆ હુવા.

થાનમાં સાંઢ ને સીંઢ બાબરીઆ હતા તેને ધબેડીને રાજ લીધું.

અબડે જામે ફેરફાર કરીને થાન ઘેર્યું તે ટાણે સૂરજ વાળા વેળાવળજીને સોંણામાં આવ્યા. સોણામાં સૂરજે લીલીયું સોપારીયું દીધી, ફૂલ દીધાં, સવા પો'ર દી ચડયે આ વાવમાંથી સવામણ હેમની સાંગ અને ઝાળે ઝાળે રોઝો ઘોડો નીકળશે એવું વરદાન દીધું.

સંવત તેર ઓંતેર, આપ સૂરજગઢ આયા,
પાવર પડતું મેલ્ય, પડ પંચાળ રચાયા,
જાડેજા લાગે જોર, પીવા ન દીએ પાણી,
સૂરજ આલી સાંગ હેમ હાથોહથ આણી.

ધર પંચાળ કાઠી ધણી, કોણ બીઓ સમવડ કરે,
જાડેજ કઢયો જદુરાણપત્ય, ઈ વાળે વેળાવળે.

એ રીતે વિજય કર્યો. વેળાવળજીને ત્રણ દીકરા:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાળોજી વેળાવળનો, ખુમાણ વેળાવળનો, લાખુ વેળાવળનો. વાળોજીનો વસ્તાર વાળા કહેવાણા; ખુમાણનો નાગપાળ થયો.

નાગપાળ ખુમાણનો, માણસુર ખુમાણનો, ખાચર નાગપાળનો ને ખીમાણંદ ખાચરનો, ખીમાણંદથી ખાચર શાખ પડી. માણસુરથી ખુમાણ શાખ પડી. લાખુને જેતપરમાં થોડે થોડે ગરાસ ઘેરે થયો.

ખીમાણંદથી ખાચરનો વસ્તાર આ રીતે ઊતર્યો:

વાજસુર ખીમાણંદનો. નાગસૂર વાજસૂરનો, નાગાજણ નાગસૂરનો, કાળો નાગાજણનો.

આ કાળા ખાચર થાનથી ગુગળીઆણે રહેવા ગયા. કાળાને બે દીકરા. સામત કાળાનો ને ઠેબો કાળાનો. ઠેબાને બે દીકરા, લખો ઠેબાનો, ને દાનો ઠેબાનો.

ગુગલીઆણાને ચોરે સાતસો ચાખડીઉં ઊતરે (એટલે સાતસો આગેવાનો બેસતા.) ને બાઈયું ચોટીલે હટાણે જાય. ચોટીલામાં તે સમે જગશીઆ પરમારની ગાદી. પરમારને કોઈએ કહ્યું કે ગુગલીઆણાની કાઠીઆણી બાઈયું ગાર રૂપાળી કરે છે. એટલે હટાણે આવેલી બાઈયુંને પરમારે ગઢમાં ગાર કરવા રાત રોકી. કાઠીઆણીનાં છોકરાં ઘેરે રોઢાં ને ભૂખ્યાં રહ્યાં તેને મરદો સાચવતા બેસી રહ્યા. વળતે દી બાઈયું ઘેરે આવી ત્યારે વાત કરી. કાઠી ડાયરો ચોટીલા માથે જુક્તિથી મહેમાનદાવે આવ્યા, ને પછી તરવારો ખેંચી પરમારોને વાઢયા. ચોટીલા સર કર્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંવત સોળ દસ સાત, વાર ભોમે પરમાનાં,
આસો માસ ઉદાર, જકે બીજ ઊજળ જાનાં;
ધંધ કર્યો ખગધાર, પાંચ મતા પરમાનો,
ચોટીલપંથ સૌ સાથ, ગ્રું કર ગોઠે આનો;
પ્રજરૂપ ભૂપ કાંઠાપતિ, વીખમ વેર વિચારીઓ !
તણુ દી નાગ સામત તણે, મહદ જગશિયો મારીઓ.

અર્થ—સંવત સોળસો સતરમાં આસો માસની ઊજળી બીજ ને મંગળવારે, તલવારની ધારે ઘમસાણ મચાવ્યું, ચોટીલા–પતિને ગોઠ (મહેફિલ) કરવા તેડાવ્યો. પછી પરજ (શાખાઓ)ના સ્વામી કાઠીરાજે વિષમ વેર વિચાર્યું અને સામત ખાચરના દીકરા નાગે મર્દ જગશીઆ પરમારને માર્યો.

આ બનાવને લગતી એક કહેવત છે: ' લખા વાંદર ઘેર્ય ': એટલે કે જગશીઆ પરમારને કાઠીરાજ સામત ખાચરે ગોઠમાં બોલાવ્યા, પછી અગાઉથી સંકેત કર્યા મુજબ સામત ખાચરે પોતાના ભત્રીજા લખા ડેબાણીને સતસમાં કહ્યું, કે ' લખા, બાપ વાંદર ઘેર્ય. ' (વાંદર નામની આપણી ઘોડીને પાણી પાઈ આવ.) લખો બહાર ગયો, પણ હિંમત ન કરી શક્યો. એટલે પેશાબ કરી આવીને પાછો દાયરામાં આવી બેસી ગયો. બીજી વાર કહ્યું, ને લખો ઊઠ્યો નહિ ત્યારે સામતના દીકરા નાગે કહ્યું, ' બાપુ, વાંદરને લખો ઘેરે તો જ થાય, કે બીજો કોઈ ઘેરે તો ચાલે ?' જવાબમાં સામત ખાચરે કહ્યું, ' બાપ, ગા વાળે ઈ અરજણ.' એટલે નાગે ઊઠી, તલવાર ખેંચી જગશીઆને ઝાટકે દીધો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે સમયથી વ્યંગમાં કાઠીઓ લખાના વસ્તારને 'લખા સુતરણીના' કહે છે.

પાંચાળમાં આટકોટ પાસે મૂળ ગોરીગઢ નામે ગામ. ત્યાં ચાર ગોરી ભાઈઓનું રાજ: કાળુ પીર, પઠાણુ પીર, બાળો પીર ને ફાજલ પીર. ચારે ભાઈએ વાઘેલાઓ (સોલંકીઓ!) સામે લાખા ફુલાણીને મદદ કરી, એ લડાઈમાં ચારેનાં માથાં પડ્યાં ને ધડ લડ્યાં. પછી ત્યાં જસા કુંભારે પોતાના નામથી ગામ જસદણ બાંધ્યું. જસાને મારીને એ ગામ જસા ખુમાણે લીધું. જસો ખુમાણ ગુગળીઆણેથી નોખો પડેલ.

એક વાર જસા ખુમાણને ઘેર કારજ હતું. ત્યાં અળાઉનો કાઠી લૂણવીર ખાચર આવેલો તે જસાના દીકરા સુરગની વહુને સવેલી ઉપાડીને ભાગ્યો. વાંસે વાર ચડી. ખંભાળા ને વાંકીઆ વચાળે વાર પૂગી, ત્યાં લુણવીરને હરાવ્યો. વેર થયાં, પછી લખાણીઓએ જસદણ લીધું.

ખુમાણો રાણીગામ ને દેપલે ગયા ને થાનવાળા બાબરીઆઓને ત્યાંથી પણ ઠેલી ઠેલી દરિયાને કાંઠે કાઢ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જનમના જોગી

૧

ઉજેણુ તો નગરીનાં રાજા બેસણાં,
ધારાનગરીનાં રાજ જી;
તેડાવો જોશી ને જોવરાવો ટીપણાં,
જોવરાવો બાળુડાના જોશ જી;
કિયા રે નખતરમાં રાજા જલમિયા ?
ચાંદા પૂનમ રાત જી.

ઉજેણી નગરીનાં બેસણાં છે ને ધારાનગરીનાં રાજ છે. રાણીને બાળ જન્મ્યું છે. અરે ભાઈ, ઝટ જોશી તેડાવો, ટીપણાં જોવરાવો, કે મારા બાળકનાં કરમમાં કેવાક આંક માંડયા છે વિધાતાએ ?

પોથી તો વાંચીને પંડિત બોલિયા,
ભાગ્યમાં માંડ્યા છે લેખ જી;
જલમના જોગી છે બાળા ભરથરી,
લેખનવાળા જુગનાથ જી.
નામ તો કે'જો બે રાજા ભરથરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટીપણું વાંચીને વિદ્વાન જોશી શું બોલ્યા છે ? બોલ્યા કે હે માઈ ! તમારા કુંવરને તો ભાગ્યમાં ભેખ માંડેલ છે, ભેખના લેખ લખનારા જગના નાથ હરિ પોતે છે, ને હે મૈયા ! બાળનાં નામ ભરથરી પાડજો.

સાંભળીને રાણી તો જંખવાઈ ગયાં. ઓશિયાળું મોં કરીને એણે જોશીને કહ્યું—

સોને તો મઢાવું મા'રાજ ! ટીપણાં,
રૂપલે જનોચુંના ત્રાગ જી;
ફરીને સંભળાવો મા'રાજ ટીપણાં,
આલું ઉજેણીનાં રાજ જી.
ફરીને વાંચો રે મા'રાજ ! ટીપણાં.

કે હે જોશી મહારાજ ! વાંચવામાં તમારી કાંઈક ભૂલ થઈ લાગે છે. ટીપણું ફરીને વાંચો-મારા બાળના ભાગ્ય-લેખ ઊજળા ઉકેલો. કોઈ ભૂલ થઈ ગઈ હોય તો કાઢી નાખો-સારું વાંચશો તો હું તમારું ટીપણું સોને મઢાવી દઈશ અને તમારી જનોઈના ત્રાગડા રૂપે શણગારીશ.

ડોકું ધુણાવીને જોશી જવાબ આપે છે, કે હે માઈ ! વાંચવામાં ભૂલ નથી થઈ—

કાગદ હોય તો મૈયા ! વાંચીએં,
કરમ વાંચ્યા નવ જાય જી;
કૂવા જો હોય તો માડી અમે તાગીએં,
સમદર તાગ્યા નવ જાય જી.
માંડ્યા તે છઠ્ઠીના મૈયા ! ને મટે.

હે મૈયા ! કાગળ હોય તો તો વાંચી શકાય, પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાગ્ય વંચાતાં નથી. કૂવો હોય તો તળીએ અડીને પાણીનો તાગ લેવાય, પણ સમુદ્રનાં તળીઆં તપાસાતાં નથી. એમ હે રાણી ! માનવીના ભાગ્યલેખ ઉકેલાતા નથી.

સાંભળીને ઊજેણનાં રાણીને પગથી માથા સુધી ઝાળ લાગી છે. કાયાનાં છાસઠ હજાર રૂંવાડાં ઊભાં થઈ ગયાં છે, પોતે કોપ કરીને બોલ્યાં છે—

બાળુંગી જોશીડા ! તેરા ટીપણા,
તોડુંગી જનોઈના ત્રાગ જી;
સવારે ચડાવું મા'રાજ ! શૂળીએ,
અવળા જોયા તેં તો જોશ જી.
મારો તો બાળક જલમ્યો રાજમાં.

અરે મોટા જોશીડા ! તારું ટીપણું બાળી નાખીશ, તારી જનોઈ તોડી નાખીશ, સવારે તને શુળીએ ચડાવીશ. કારણકે તેં મારા બાળકના અવળા લેખ વાંચ્યા. મારો બાળક, રાજમાં જન્મેલો, તે શું જન્મનો જોગી ? તેના લલાટમાં શું લેખના લેખ હોય જૂઠાડા !

તે વખતે, સાંગામાચીને માથે સૂતું સૂતું સાડા ત્રણ દિવસનું બાળક માનવીની વાચા કરીને બોલ્યું:—' મા ! માડી ! બ્રાહ્મણને દોષ શા સારુ દો છો ?'

સાડા ત્રણ વાસાનાં બાળક બોલિયાં,
મત દીઓ ભગ્યાને માઈ ! દોષ જી,
દોષ તો લગ ગિયા માઈ મેરા કરમકા,
ભાગ્યમાં માંડ્યા મારે લેખ જી,
લખ્યો રે ભૂલે પણ માંડ્યા નૈ મટે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હે મા ! દોષ જોશીનો નથી, વાંક મારા કરમનો છે. ભણ્યો કદીક ભૂલે પણ ભાગ્યમાં માંડેલ વિધાતાના લેખ નહિ મટે. મારા લલાટમાં ભેખ જ છે મા !'

સાંભળીને જનેતા ચૂપ બન્યાં. દીવા ઝાંખા પડ્યા. જોશી ટીપણું સંકેલીને ચાલી નીકળ્યા.

૨

બાળક ભરથરી બાર વરસના થયા.

બાર તો વષના રે રાજા ભરથરી,
ભણવા મેલ્યા છે નિશાળ જી.
ભણ્યા તો ગણ્યા રે વેદ શારદા,
પરણાવો પીંગલાવતી નાર જી,
કોડે રે પરણાવું રાણી પીંગલા.

નિશાળે બેઠા, ચારે વેદ, શાસ્ત્રો અને શારદાના તમામ ભંડાર ભણી ઊતર્યા. હવે તો પરણાવીએ કુંવરને. લાડેકોડે મારા બાળને પીંગળાવતી કુંવરી પરણાવું.

નાળેર તો આવ્યાં રે સીંગળદીપનાં,
નાળેર મોતીડે વધાવો જી!
ઘડીઆં લગન તો લખાવજો,
માતા મંગળ સોડીએ ગાય જી,
કોડેથી પરણાવો રાણી પીંગલા.

સિંહલદ્વીપના રાજાની કન્યા પીંગળાનાં નાળીએર આવ્યાં. ઘડીઆં લગન લખાયાં. માથા ઉપર મંગળ સોડીઓ મૂકીને મા ગાણાં ગાય છે. ભરથરીની જાડેરી જાન જૂતે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાવન તો જાદવ રાજાની જાનમાં,
નવ તો ભેળા છે નાથ જી;
ચોરાશી સદ્ધન રાજાની જાનમાં,
ભેળા ગુરુ ગોરખનાથ જી,
રાજા તો ચાલ્યા છે પરણવા પીંગલા.

જાનમાં કોણ કોણ સોંડયા છે? બાવન તો જાદવવંશી રાજાઓ છે. નવ નાથ જોગીઓ છે, ચોરાશી સિદ્ધો છે. ભેળા ગુરુ ગોરખનાથ પણ છે. રાજા ભરથરી પરણવા ચાલ્યા છે.

પે'લાં તો ચોરીનાં મંગળ વરતીઆં,
દાદે દીધેલાં દાન જી,
સાત રે કોઠા આલ્યા હેમના,
આલ્યા મોતીના ભંડાર જી,
ખાવ રે પીવો ને ધન વાવરો.

લગનની ચોરીમાં વર–કન્યાએ પહેલો મંગળ ફેરો ફરી લીધો તે ટાણે દાદાએ વરને દાન દીધાં: સાત કોટડા સોનાના આપ્યા, મોતીના ભંડાર આપ્યા, ને કહ્યું: હે ભરથરી! ખાવ પીવો, અને ધન વાપરો, આનંદ કરો.

બીજાં તે ચોરીનાં મંગળ વરતીઆં,
કાકે દીધાં છે દાન જી,
હજાર હસ્તી દીધા દાનમાં,
ઘોડાં નૈ સખ ને પાર જી,
ખાવ રે પીવો ને ધન વાવરો.

બીજે મંગળે કાકાએ દાનમાં હજાર હાથી ને અપાર ઘોડા દીધા: હે બેટા! ખાવપીવો ને ખરચો. ખજાના અખૂટ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રીજાં રે ચોરીનાં મંગળ વરતીઆં,
મામે દીધાં છે દાન જી,
દાનમાં દીધાં છે બાણું લાખ માળવો,
આલી ઘેલુડી ગુજરાત જી,
ખાવ ને પીવો રે ધન વાવરો.

ત્રીજે મંગળે મામાએ બાણુંલાખ માળવદેશ દીધો. ઘેલુડી ગુજરાત દીધી. ને આશિષ આપી કે સદા આનંદ કરો, દાન કરો.

ત્રણ મંગળ વરતાણાં ત્યાં સુધી તો લીલાલેર હતી. પણ ચોથાં મંગળ વરતાણાં ત્યારે ગુરુ ગોરખનાથ દાન દેવા ઊઠચા. એણે શું દીધું ?

ચારે ને ચોરીનાં મંગળ વરતીઆં
ગરુ ગોરખ આલે દાન જી,
ચપટી ભભૂતિ બેટા, દાનમાં
પરણીને કીઓ પીંગલા માય જી.
સંગમાં ચાલો રે રાજા ભરથરી!

ગુરુ ગોરખનાથે ચપટી એક ભભૂતિ આપીને કાનમાં કહ્યું, 'હે બેટા! તારા ભાગ્યમાં રાજવૈભવ નથી, પણ ભગવો લેખ છે. માટે પરણીને પીંગળાને માતા કહી દો, ને ચાલો અમારી સંગમાં.

૩

ગુરુ ગોરખના આ દાનની વાત કોઈએ ન જાણી, એક ફક્ત ભરથરીને જ રૂદે ગોરખનાથના કાળબોલ રમી રહ્યા. પરણીને રંગમોલમાં આવ્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરણ્યાં હરણ્યાં ને મોલે આવિયાં
મોલમાં લીધા છે વીશરામ જી,
સૂતાં રે સપનાં રાણી, મુંને આવિયાં,
દલ મેરા હુવા છે ઉદાસ જી,
બાવો મેં બન જાઉં રાજા ભરથરી.

આવ્યા, મો'લમાં પોઢયા, ઊંઘ આવી ગઈ, ઝબકીને જાગ્યા. હે સ્વામી! શું થયું? હે રાણીજી! મને માઠું સપનું આવ્યું છે. મારું દિલ ઉદાસ થઈ ગયું છે. મને ભેખ લેવાનું મન થાય છે.

ત્યારે રાણી પીંગલા કહે છે—

તમેરા સપના સવા લાખના,
બીજી આળપંપાળ જી;
સપનું પડજો રે સૂકે લાકડે!
સેજું નખાવું દો ચાર જી,
ફેરવી ઢળાવું રાજા ઢોલીઓ.

હે સ્વામી! સપનું તમારું સૂકે લાકડે પડજો. લ્યો, હું ફેરવીને ઢોલીઓ ઢળાવું. સપનું નહિ આવે. ઢોલીઓ ફેરવીને સૂતા, તો પણ—

ફેર તો સપના રે એસા આવિયા,
સપનામાં ગરુ ગોરખનાથ જી,
કાનમેં કુંડળ, ગલેમેં મેખલી,
દલ મેરા હુવા છે ઉદાસ જી,
બાવો મેં બન જાઉં રાજા ભરથરી.

ફરીને સ્વપનું આવ્યું છે. સ્વપનામાં ગુરુ ગોરખનાથ ઊભા છે, કાનમાં કુંડળ છે. ગળામાં મેખલી છે. ને કહે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે કે બચ્ચા! હાલો હવે. મોડું થાય છે. તારા ભાગ્યમાં લેખ છે હે જનમના જોગી!

પછી તો રાજા ભરથરીએ—

ભગવાં કરીઆં રે સુંદર ધોતીઆં,
અંગડે ભભૂતિ લગાવી જી,
આલેક જગાવ્યો રાણીના મોલમાં,
ચપટી ભખ્યા દેનાં મોરી માય જી.
બાવો રે બની ગયા રાજા ભરથરી.

સુંદર શ્વેત ધોતીઆંને ભગવા રંગે રંગાવ્યાં, શરીરે ભભૂત લગાવી, રાણીના મહેલમાં જઈ 'અહા....લેક' એવો શબ્દ સુણાવ્યો. 'હે મૈયા! બસ ચપટી ભિક્ષા દઈ દ્યો. એટલે હું ચાલી નીકળું.'

આ ભગવો ભેખ જોઈને રાણી પીંગલા સડક થઈ ગયાં. અને પોતાના સ્વામીના મોંમાંથા 'મૈયા!' બોલ સાંભળતાં એના કલેજાના કટકા થઈ ગયા. એણે કહ્યું—

ઘેલા રે રાજા, ઘેલાં શીદ બોલો!
પરણીને મત કીઓ સુંને માય જી!
બાળા રે પણમાં થાશો કોઢીઆ,
સુખંથી મ કીઓ પીંગલા માય જી;
ભેખ રે ઉતારો રાજા ભરથરી!

હે ઘેલા રાજા! આવું ઘેલું કેમ બોલો છો? મને પરણીને હવે તમે મા કહી ઊભા રહો છો? આ પાપે તમે બાળાપણુમાં કોઢીઆ બનશો. માટે હે રાજા ભરથરી! ભેખ ઉતારો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હે માઈ! એકવાર પહેર્યા તે ભેખ હવે ઊતરે નહિ. મને ભિક્ષા આપો મૈયા! મારે મોડું થાય છે.'

નિરાશ થઈ ને પીંગલા કરગરે છે કે'તો પછી હે સ્વામી!

તમે રે જોગી ને બનું હું જોગણી,
ચાલું તમારી સાથ જી,
ધૂંણી પાણીની સેવા મેં કરું,
હારે લેતા રે જાવ મુંને ભરથરી!

જોગી ભરથરી મોં મલકાવીને જવાબ વાળે છે—

તમે રે આવો તો મૈયા! ગરુ લાજે,
લાજે ભેખ ભગવાન જી,
દુનિયા જાણે કે બાવો ઘરબારી,
તમ આવ્યે ભેખ લજાય જી,
ભિક્ષા રે દ્યોને મૈયા પીંગલા!

હે માતા! તમે સાથે આવો તો ગુરુ લાજે, ભેખ લાજે, ભગવાન લાજે; જગત માને કે આ બાવો તો ઘર-સંસારી છે. માટે એ વાતો કરો મા ને મને ભિક્ષા આપો. કારણકે તમારા હાથની ચપટી મળ્યા વગર ગુરુ મને જમાતમાં લેશે નહિ.

રાણી પીંગલાના હાથ હેઠા પડે છે. 'કંઈ નહિ હે સ્વામી! ભલે એકલા જાવ, પણ મારું આટલું તો માનો—

ઘડીક હલુંબો રાજા! શે'રમાં,
ભોજન કરીએ તૈયાર જી,
રસોઈ જમતા જાવ રાજા ભરથરી!
નહિ લાગે વાર લગાર જી,
જમીને જાજો રે રાજા ભરથરી!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શહેરમાં ઘડી વાર થંભો. હું હમણાં જ રસોઇ તૈયાર કરીને તમને જમાડી લઉં. જેને તમે સદાને માટે છોડી જાવ છો તેનું આટલું વેણ રાખો !

પણ આવું આવું સાંભળીને જનમના જોગી તો હસે છે. એનું મન ગળતું નથી. એની લ્હે તો વૈરાગ્યથી લાગી ગઈ છે. આ બધી આળપંપાળ છે હે માઈ !

તમારા ભોજનકું માઇ! ઢીલ ઘણી,
જાય મારે જોગીની જમાત જી,
ગુરુ તો મિલ્યા છે ગોરખનાથ જી,
ભિક્ષા રે દ્યોને મૈયા પીંગલા !

મારાથી રોકાવાશે નહિ. મારી જમાત જાય છે. મને ગોરખનાથ ગુરુએ જ્ઞાન બતાવ્યું છે. કે સંસારમાં ઠેરાય નહિ.

મરો રે મરો તમારા ગુરુ. હે રાજા ! આનું નામ શું સંસારનો ત્યાગ ?

તમે મરજો! તમેરા ગુરુ મરજો!
અવળાં જ્ઞાન બતાયાં જી,
જીવતાં રંડાપો રાજા! દઇ ચાલ્યા,
કે પર માણું મેં રાજ જી !
ધારાના ધણી રે જોગી બન ચાલ્યા !

તમારા ગુરુએ અવળું જ્ઞાન બતાવ્યું છે. તમે તમારી પરણેલીને જીવતાં રંડાપો દઈને ચાલ્યા! તમે મરજો! ને તમારા ગુરુ પણ મરજો!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દો દો ગાળ્યું રાણી મેરા જીવને દેજો;
મત દેનાં ગુરુજીને ગાળ જી,
ગરુને વચને રે મૈયા જોગી બન્યા
લાગ્યો ધૂંણી સર મેરો ધ્યાન જી.
ભિક્ષા રે દેજો મૈયા પીંગલા !

હે રાણી ! તમારે દેવી હોય તો મને ગાળો દેજો. મારા ગુરુજીને ગાળ દેશો નહિ. ગુરુજીને વચને તો હું જોગી બની ચાલ્યો છું. મારું ધ્યાન તો ધૂંણી માથે લાગ્યું છે. માતા ! મને ભિક્ષા દ્યો.

મઢી રે બનાવું રંગમોલમાં,
સેવા કરું સામીનાથ જી !
ઇશવર કરી તમને પૂજશું,
લેશું રામનાં નામ જી !
ભેખ રે ઉતારો રાજા ભરથરી !

હે સ્વામી ! તમારે જોગી રહેવું હોય તો હું તમને અહીં મહેલમાં જ મઢી બનાવી દઉં તેમાં રહો. હું તમને પ્રભુ ગણીને પૂજીશ. આપણે બેય સંસાર ત્યાગી દેશું ને રામનાં નામ લેશું.

તમેરી મઢીમેં માઇ; આગ ધરી દે !
ચપટી ભખ્યા દેના મોરી માયજી;
ગુરુ ચેલા છેટા પડી જાવે.

હે માતા ! તારી એ મઢીમાં આગ લગાવી દે. મને તો ફક્ત ચપટી લોટની ભિક્ષા દઈ દે. મારે ને મારા ગુરુને છેટું પડી જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સોનું જાણી મેં તો સંગ કર્યો,
કરમે નીવડયાં કથીર જી;
પંડ રે વટલાવીને રાજ ખોયાં,
હારે સુકાણું શરીર જી;
લેખ રે ઉતારો રાજા ભરથરી!

હે રાજા! તમને તો મેં સાચું સોનું સમજીને સંગ કર્યો, પણ મારે નસીબે તમે કથીર નીવડ્યા. મેં તો તમારા સ્પર્શથી મારી કાયાને ભ્રષ્ટ કરી, મારું શરીર સૂકવી નાખ્યું. અને તમે આવા જન્મના જોગી છો એવું જાણુતી હોત તો હું—

જલમના જોગી તમને જાણુતી,
રે'તી બાળકુંવારી જી;
કોરી ગાગર બેડાં પૂજતી,
કરતી માદેવનાં વ્રત જી!
કુંવારી કન્યાને રાજા, ઘર ઘણાં.

તો હું બાળકુંવારી જ રહેત ના! મેં તો કોરી ગાગર પૂજીને તમને વર મેળવવા મહાદેવનાં વ્રત કર્યાં. હું કુંવારી હોત તો મને ઘણાં ઘર મળી રહેત. પણ હવે હું પરણેલી નાર ક્યાં જાઉં!

એવાં તપેલાં વેણુ બોલતી, મેણાં મારતી પીંગલાને જનમના જોગી કહે છે—

કિયા રે વાસ્તે તપલી પીંગલા!
શીદ તમે ઝૂરો મોરી માય જી,
દૂજે બાણું લખ માળવો,
દૂજે ઘેલુડી ગુજરાત જી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાવો, પીવો ને ધન વાવરો,
સંઘર્યાં નહિ આવે સાથ જી,
જેવાં રે દેશો તેવાં પામશો.

હે પીંગલા! શા માટે તપી ઊઠો છો! શીદને ઝૂરો છો? તમારે તો બાણું લાખની આવકનો માળવો દેશ દૂઝે છે. ખાવ, પીઓ ને ધન વાપરો. સંઘરેલું સાથે નહિ આવે. જેવું દેશો એવું આવતે જન્મે પામશો.

ત્યારે પીંગલા વધુ તપે છે—:

બાળી દે બાણું લખ માળવો,
ઘેલુડીમાં મેલો ને આગ જી;
નૈ રે છોરુ ને નૈ વાછરુ,
નૈ મારે બાળકનો બોલાસ જી,
કોને રે આધારે અમે ઊગરીએં!

હે રાજા! તારા માળવાને ને ગુજરાતને આગ લગાડી દે. હું શું ધનદોલતની ભૂખી છું? મારે નથી બાળક, નથી ઘરમાં નાનાં બાળનો બોલાસ. આ મહેલ ને આ વૈભવ ખાવા ધાશે. હું કોને આધારે જીવું!

ત્યારે જોગી છેલ્લો બોધ આપે છે—

કોનાં રે છોરુ ને કોનાં વાછરુ!
કોનાં માય ને બાપ જી!
અંત સમે જાવું એકલા,
સાથે પુણ્ય ને પાપ જી!
ધરમ ને પુન્ય દો સંગ ચલે.

હે માતા! બાળક કોનાં! કોનાં મા ને બાપ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મરણની વેળાએ તો એકલા જ જવાનું છે. સાથે આવશે ફક્ત બેઃ પુણ્ય અને પાપ. બીજું કોઈ સાથે નહિ આવે.

માતાજી વળુંભે પગને પાઘડે,
બાની ઘોડલાની વાઘ જી;
રાણી તો પીંગલા પલ્લા પાથરે,
હાલ્યા ઉજેણીના રાજા જી;
લખ્યા રે ભાખ્યા મૈયા નહિ મટે.

માએ ઘોડાનાં પાઘડાં પકડ્યાં. દાસીએ ઘોડાની લગામ ઝાલી. પીંગલા રાણીએ ખોળા પાથર્યા. હે રાજ! રોકાઓ, કોઈ રીતે રોકાઓ. પણ ઉજેણીના રાજા તો ચાલી નીકળ્યા. ભાગ્યમાં માંડેલું હતું તે મટયું નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાગ અને બામણ

બામણને ઘેરે શ્રાદ્ધ હશે. એટલે ખીર કરવા સારુ એક ગામડેથી તાંબડી એક દૂધ ભરીને બામણ આવતો હતો. રસ્તે વાવ આવી. તરસ્યો બામણ વાવને પહેલે પગથીએ તાંબડી મેલીને વાવમાં પાણી પીવા ગયો. પાછો આવે ત્યાં તો એક અજાજૂડ નાગ તાંબડીમાંથી દૂધ પીએ છે!

બામણુને જોતાં જ નાગે ફેણુ માંડી. આંખોના ડોળા તો લસ લસ થાય. વરાળો નીકળે છે આંખમાંથી.

'હવે તો ભાઈ!' બામણે કહ્યું: 'બાકીનું બધુંય તું તારે પી જા. મારે તારું એઠું દૂધ થોડું કામ લાગવાનું હતું?'

પૂરેપૂરું પીને નાગ તાંબડી માથેથી ઊતરે છે. ત્યાં તો ખણુણુ કરતો કાંઈક તાંબડીમાં રણુકો સંભળાણો. માંહીં જુઓ તો એક સાચી સોનામહોર!

ઓય ધાડેના! લાગે તો છે કાંઈક માયાવાળો જાતવંત નાગ. દૂધ પીધું ને સોનામહોર દીધી! ત્યારે હવે તો તાલ જોવા દે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમ વિચારીને બામણ વળતે દીએ વળી પાછો તાંબડી દૂધે ભરીને પહોંચ્યો વાવે. તાંબડી મૂકી વાવને પગથીએ. ઝાડને થડ રાફડામાંથી એનો એ નાગ આવ્યો. દૂધ પી કરીને વળી બીજી સોનામહોર ટપકાવી ચાલ્યો ગયો.

આ વેપાર કાંઈ ખોટો નથી. હવે તો બીજી બધી જ તથ્યા પડતી મૂકીને આ જ કરવા જેવું છે. દરરોજ ઊઠીને રૂપીઆ પંદરનો તડાકો !

ભેંસનું તાજું શેડકઢું દૂધ રોજ તાંબડી ભરીને બામણ તો નાગને પાવા મંડ્યો ને રોજ મહોર કમાતો થયો.

એક દિવસ બામણને ગામતરું આવ્યું. દીકરાને સમજાવ્યું કે ફલાણી ફલાણી વડલાવાળી વાવે જઈને દૂધની તાંબડી ધરવાની છે, નાગ આવે એને પીવા દેવાનું છે, અને તાંબડીમાં નાગ જે સોનામહોર નાખે એ લઈ આવવાની છે. વાત કોઈને કહેવાની નથી દીકરા !

છોકરે વળતે દિવસ જઈને બાપ સેલતો તે પ્રમાણે દૂધ સેલ્યું. નાગ આવ્યો. દૂધ પી કરી, સોનામહોર નાખી પાછો રાફડામાં ચાલ્યો ગયો.

'વોય ધાડેના !' છોકરે વિચાર કર્યો; 'આણે તો અઢળક માયા રાફડામાં રાખી લાગે છે. તો પછી આ નત્યના આંટા શા સારુ !'

વળતે દિવસે જેવો નાગ તાંબડી ઉપર મંડાણો, તેવી તો દીકરે ડાંગ ઉપાડી. એક જ ઘા—અને ફોદેફોદા વેરણી નાખે એવો ફટકો નાખ્યો નાગને માથે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ ડાંગનો ઘા તાંબડીના કાંઠા માથે લાગ્યો. નાગ સરકી ગયો હતો.

બાણુમાંથી તીર છૂટે એમ નાગે ડિલ સંકેલીને ઝપટ કરી. ચોંટી પડ્યો છોકરાને, ટચકાવ્યો, એક જ ટચકે તો રામ રમી ગયા બામણના છોકરાના.

ગામતરેથી ઘેર આવેલા બામણે છોકરાની સાંજ સુધી વાટ જોઈ. મનમાં ઘા તો ખાઈ ગયો કે કાંઈક વકરમ કરવા ગયો હશે ને ત્યાં કાળું મોઢું કર્યું હશે. વાવે જઈને જુએ તો લીલુ કાંચ મડદું પડેલું. તાંબડીમાં હજી દૂધ બાકી હતું. ડાંગ પડી હતી. તાંબડીનો કાંઠો ઘોબાળો હતો. પત્યું જીતવા! વિચારીને એણે દીકરાને દેન દીધું ને વળતે દાડે પાછો તાંબડીમાં દૂધ લઈને હાજર થયો.

જુએ તો નાગ રાફડામાંથી ડોકાણો પણ ઢૂકડો ન આવે.

બામણે કહ્યું કે 'એ તો જેવાં મારાં કરમ! તને કાંઈ દોષ દેતો નથી. પણ હવે દૂધ તો પી લે.'

નાગે માનવીની વાચા કરી કે 'ભાઈ! હવે તો આ દૂધમાં શો સ્વાદ છે!

તને સાલે દીકરો ને મને સાલે ઘા;
ઈ દૂધમાં હવે લા ને કાંઈ સા.

તને તારા દીકરાનું મોત સાલે છે. મને મારે માથે પડેલો લાકડીનો ઘા સાલે છે. એટલે હવે તું દૂધ પા ને હું ઈ દૂધ પીઉં તેમાં કંઈ સ્વાદ રહ્યો નથી. હવે તો મહારાજ! હું કહું તેમ કરી શકીશ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે' શું ?

કે' મારે મારી બધી જ માયા તને આપી દેવી છે. તું થોડાં ફૂલ અને એક કરંડિયો લઈ આવીશ ? અને મને એ ફૂલમાં મૂકીને કરંડિયો ઉપાડી હું જ્યાં કહું ત્યાં પહોંચાડી જઈશ ?

કે' ભલે.

વળતે દિવસે બ્રાહ્મણ કરંડિયો ને ફૂલ લાવ્યો. એ કરંડિયામાં બેસી જઈને નાગ બોલ્યો : 'હવે મહારાજ ! મને ઉપાડ. બીશ નહિ. હું તને કાંઈ નહિ કરું. મને આંહીંથી લઈ ચાલ.'

કે' ક્યાં ?

કે' હેમાળામાં. મારે હેમાળે ગળવું છે. મને પહોંચાડીને આ રાફડામાંથી માયા ખોદી જજે. તારાં પરિયાંનાં પરિયાં ખાશે તોયે ખૂટશે નહિ.

૨

હેમાળે પહોંચીને બામણે માથેથી કરંડિયો ઉતારી હેઠો મૂક્યો. એટલે નાગે બહાર નીકળીને કહ્યું: 'હવે મહારાજ છેલ્લી વારનું મારું કહ્યું કર. મને પૂછડેથી ઝાલીને સાત વાર ઘૂમડય અને પછી મને આ હેમાળામાં ફગાવી દે.'

સાંભળીને બામણ ધ્રૂજી ઊઠ્યો. પણ નાગે કહ્યું: 'ભાઈ, તું બીશ મા. મારી કાયાનો મકોડે મકોડો છૂટો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડી જશે તો જ હું હેમાળે ગળી શકીશ. તને હું કાંઈ નહિ કરું. બી મા.'

એક બે ત્રણ ચાર વાર બામણે નાગને તો હવામાં વીંઝ્યો છે. તે ટાણે નાગે ખડ ! ખડ ! ખડ ! દાંત કાઢ્યા છે.

કે' ભાઈ દાંત કેમ આવ્યા ?

કે' કાંઈ નહિ.

કે' ના, કહે ને કહે.

કે' ભાઈ, કહેવરાવવું રે'વા દે, ને હવે મારી કાયાનો મકોડે મકોડો નોખો થઈ ગયો છે. હવે મને ઝટ ઘા કરી હેમાળામાં ફગાવી દે.

ના પણ કહે, દાંત કેમ કાઢ્યા ?

ત્યારે મહારાજ ! મેં દાંત કેમ કાઢ્યા એનું કારણ તને હું નહિ પણ દલ્લીનો બાદશા કહેશે. તું મને ફગાવી દઈને ત્યાં જાજે.

નાગને હેમાળાની ઊંડી બરફ–ખાઈમાં નાખી દઈ ને બામણ તો સીધો પહોંચ્યો દલ્લી શે'ર. બાદશાની દેવડીએ જઈ ઊભો રહ્યો. ચાકર એને બાદશા પાસે લઈ ગયા. એને જોતાં જ બાદશા બોલ્યા: 'આવો મહારાજ ! હેમાળે નાગની પાસેથી આવો છો ને ? નાગ કેમ હસ્યો એ જાણવું છે ને ?'

સાંભળીને બામણ તો આભો બની ગયો. બાદશા કહે, 'મહારાજ, રાંધોચીંધો, જમો, થાક ઉતારો, પછી વાત.'

ચાર દિવસ વહ્યા ગયા તો પણ બાદશા કંઈ બોલતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી. બામણ કહે કે 'જહાંપનાહ! નાગ હસ્યો તેનો ભેદ કહો. હવે હું નહિ રોકાઉં.'

કે 'મહારાજ! હું નહિ કહું, પણ એ ભેદ પેરંભનો પાદશા કહેશે. એની પાસે જાવ.'

ઊપડ્યો એ તો પેરંભ. પેરંભના પાદશાહે પણ જોતાં વાર કહ્યું કે 'આવો મહારાજ! દલ્લીના પાદશાએ મોકલ્યા છે ને? નાગ હેમાળે કેમ હસ્યો એ જાણવું છે ને?'

કે 'હા જહાંપનાહ.'

'ઠીક, નાવ, ધુવો, રાંધોચીંધો, વિશ્રામ લ્યો, પછી કહેશું.'

બામણ તો ચાર–છ દિવસ રોકાણો, પછી પેરંભના પાદશાહ કહે કે 'મહારાજ! એ વાત તમને રૂમશામનો પાદશા કહેશે, હું નહિ કહું.'

ઊપડ્યો બામણ રૂમશામના બાદશાહ પાસે. એણે બામણને ફોડ પાડ્યો કે 'મહારાજ! એક હું, બીજો પેરંભનો પાદશાહ અને ત્રીજો દલ્લીનો પાદશાહ, એમ અમે ત્રણે હતા એક કૂતરીના કાનના ગીંગોડા. કૂતરી મરી ગઈ, એના મડદાને ગરજ્યુંએ ચૂંથી નાખ્યું, એમાંથી એનો કાન એક સમળીએ ઉપાડ્યો, ઉપાડીને એ ઊડી, ગઈ હેમાળાને માથે. એની ચાંચમાંથી કાન પડ્યો, તે ગયો બરાબર હેમાળામાં. અમે ત્રણે ગીંગોડા ત્યાં હેમાળે ગળ્યા, એટલે એ પુણ્યને પ્રતાપે અમે આ જન્મે પાદશાહત પામ્યા. હવે તમે ઘૂમરડ્યો ત્યારે નાગ એમ હસ્યો, કે આ બામણની મૂર્ખાઈ તો જો મૂર્ખાઈ!

 CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હું મારી માયા મેલીને આંહીં હેમાળે ગળવા આવ્યો, કે જેથી મને આવતે ભવ હું જે વાંચ્છું તે બધું ય મળે, ત્યારે મને આંહીં લાવનાર આ બામણ પોતે તો હેમાળે આવ્યા પછી હજી પાછો એ મારી મૂઠીક માયાને મોહે પાછો જાય છે–હેમાળે આવીને પાછો જાય છે !– મૂર્ખાઈ તો જો મૂર્ખાઈ ! માનવીની એવી મૂર્ખાઈને માથે નાગે દાંત કાઢ્યા હતા મહારાજ !'

બામણ તો આ વાત સાંભળીને બારોબાર ઊપડ્યો હેમાળે. પોતડીનો કછોટો ભીડ્યો અને ખાબકી પડ્યો હેમાળામાં. મરીને સરજ્યો ગરજનના પાદશાને ઘેર.

શાહજાદો જન્મ્યો ત્યારે હુરમે એને જોયો. અરરર ! આ કાળો કીટોડા જેવો મારી કૂખે જનમ્યો ! મારે તો શોભે ગોરો ગોરો શાહજાદો. અરે કોઈ છે કે ?

બાનડી હાજર થઈ.

કે 'બાનડી ! કોઈક ગોરો છોકરો તાજો જન્મેલો હોય તેને ગોતીને આ બદલાવી નાખીશ ?'

બાનડી તો દોડી શહેરમાં. એક પીંજારાને ઘરે તાજો જન્મેલો ગોરો ગોરો છોકરો જડી આવ્યો. એને મોંમાગી સંપત્તિ આપીને છોકરા બદલાવ્યા. કાળો હુરમનો જણેલો તે પીંજારાને દઈ દીધો ને ગોરો પીંજારણનો જણેલ તે લાવીને હુરમની ગોદમાં મૂકી દીધો.

ગોરો શાહજાદો તો મોટો થયો એટલે આખો દી' તાંત હલાવવાની ને રૂનાં પૂંભડાં ગોતવાની જ ચેષ્ટા કર્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરે, એને તરવાર-ભાલાં આપે તો લ્યે નહિ, એને પીંજારાનું જ કામ કરવું ગમે.

અને પીંજારાને ઘેર ઊછરેલો કાળો છોકરો જેમ દસેક વરસનો થયો તેમ તો શેરીના છોકરાને ભેગા કરે, પાણુકા-ધૂળના ગઢકિલ્લા બાંધે, લડાઈ લડાઈ રમે, તમામ ગોઠિયા ઉપર સત્તા ભોગવે.

આવી રમત એકવાર રમાય છે, પીંજારાનો કાળીઓ છોકરો પાણાની ઊંચી બેઠક બનાવીને રસ્તામાં રાજરીતથી રૂવાબદાર બેઠો છે, ગોઠિયા એના હુકમ બજાવી રહ્યા છે, એવે ટાણે પાદશાહની ગાડી એ માર્ગેથી નીકળી.

પણ પીંજારાનો છોકરો રસ્તામાંથી ઊઠ્યો નહિ. ગાડીની મોઢા આગળ દોડતો પાસવાન આવીને ડોળા ફાડી કહે કે 'ઊઠ. પાદશાહ સલામતની ગાડીને રસ્તો દે.'

છોકરો સવાયા રૂવાબથી બોલ્યો કે 'આંહીં તો હું પાદશાહ છું. જા તારા પાદશાહને કહે કે ગાડી આઘેથી હંકારી જાય.'

ગાડી ઢૂકડી આવી. પાદશાહની ગાડીને થંભવું પડ્યું. પાદશાહે જાણ્યું કે પીંજારાનો છોકરો રસ્તામાંથી ઊઠવાની ના પાડે છે અને રાજાના રૂવાબથી બેઠો છે, એનું તો રૂંવાડું ય ફરકતું નથી.

પાદશાહે પીંજારાના કાળા છોકરાને નજરે નિહાળ્યો. પછી હુકમ દીધો, 'આપણી ગાડીને તારવીને હાંકી લ્યો.'

મહેલમાં આવીને એણે પ્રધાનને કહ્યું: 'એ છોકરાને આંહીં મારી આગળ લઈ આવો.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રધાને માણુસ મોકલ્યો. છોકરો કહે કે ‘ તારા પ્રધાનને મોકલ.’

પ્રધાનને પ્રથમ તો કાળ ચડ્યો, પણુ પછી વિચારીને એણે કહ્યું: ‘ ચાલો હું પોતે જ આવું છું.’

આવ્યા. પીંજારાનો કાળો છોકરો પાણુકા માથે રાજ–રૂવાબથી બેઠો છે, ન ઊઠ્યો, ન અદબ કરી, ઠરડી નજરે જોતો રહ્યો.

કે ‘ છોકરા! તને પાદશા સલામત યાદ કરે છે.’

કે ‘ મારે શી પડી છે તારા પાદશા સલામતની? એને આવવું હોય તો આંહીં આવે.’

બહુ કરગર્યો પછી છોકરો માન્યો, કે ‘ હાથી લાવો, એની અંબાડીએ હું બેસું, તું પ્રધાન મને ચમર ઢાળતો ઊભો રહે, ને હાથી નગરની બજાર વચ્ચેથી હંકાર, તો આવું, નીકર નહિ.’

‘ ઠીક ભાઈ! એમ તો એમ.’

પ્રધાન પોતે ચમર વીંઝતા, પીંજારાના કાળા છોકરાને હાથીની અંબાડીએ બેસારી પાદશાહ પાસે લઈ આવ્યા છે, જનાનખાનામાં હુરમને એની જાણુ થઈ છે, એણે જરૂખેથી કાળા કીટોડા જેવા છોકરાને નીરખ્યો છે, હુરમની છાતી છલકવા લાગી છે, હુરમની રૂપાળી બે આંખોમાંથી દડદડ પાણી દડ્યાં છે.

એણે પાદશાહને અંદર તેડાવીને હાથ જોડી અરજ ગુજારી કે ‘ એક ગુનો માફ કરશો?’

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે 'હા, કહો.'

કે 'ત્યારે આ પીંજારાનો છોકરો પોતે જ આપણો શેહજાદો છે. જનમટાણે મેં એને પીંજારાના છોકરા સાથે બદલાવી લીધો હતો. કેમકે મને કાળા છોકરાથી ભોંઠામણ આવ્યું હતું. મારી ભૂલ થઈ.'

બોલાવો પીંજારાને. વાત સાચી નીકળી. પાદશાહે પોતાનો હતો તેને પાછો સંભાળ્યો, ને પીંજારાનો હતો તેને પણ બે ગામ આપ્યાં.

આમ બામણ હેમાળેથી એકવાર પાછો વળ્યો હતો તેને કારણે એને નવે જન્મે દસ વરસ મોટાં રાજપાટ મળ્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભેરીઓ ને ભૂજીઓ

જેસલમીરના રાજકુંવરને ગારડી વિદ્યાનો નાદ લાગ્યો છે. રાજકાજમાં ધ્યાન નથી. મોરલી વગાડવામાં જ મશગૂલ રહે છે. એની મોરલીએ મણિધર ફણીધર ડોલે છે. ગારડી વિદ્યાના મંતર જંતર હાથ કરવા રાજકુંવર ભેરીઓ દેશદેશમાં ભમે છે. જુવાન થયો, ભૂચર, ખેચર અને અગોચર વિદ્યાને એણે સાધી લીધી. પગની ઘૂંટી સુધી ઢળકતી એક ભગવી રેશમી કફની પહેરી, ઝૂલતાં જુલફાં માથે ભગવો ટૂંકો ફટકો બાંધી, હાથમાં હીરાજડિત મોરલી લઈ અને સોને મઢેલ ચાખડીએ ચડીને ભેરીઓ એક દિવસ ભર્યાં ભર્યાં રાજપાટને છોડી માબાપથી છાનોમાનો મહેલ બહાર નીકળી ગયો.

મોરલીના સૂરને માથે જંગલોનાં પશુપંખીને ડોલાવતો ભેરીઓ ગારડી પંથ કાપ્યે જાય છે. એમાં એકવાર પોતે એક ઠેકાણે ઊભો રહ્યો. ભૂચર વિદ્યાનો સાધેલ ખરો ને, એટલે ભૂતળમાં કોઈક વાતો કરતું લાગ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હેઠે બેસીને એણે કાન માંડ્યા. પૃથ્વીના પેટાળમાં કોક બે જણા વાતો કરે છે. શું વાતો કરે છે?

એક જણ બીજાને કહે છે કે, 'હે સિદ્ધ! સિંધુના કાંઠાની લાખી ગુણિકા નવસો ને નવ્વાણું જાતના નાગને સાધીને બેઠી છે. બેઠી બેઠી કોઈક એ નવસે નવ્વાણું નાગના નાથનારની વાટ જુએ છે. છે તો ગુણિકાનું દૂધ, અને રૂપજોબન દેહુમાં માતાં નથી, પણ વિદ્યાની સાધનામાં એવી ચડી ગઈ છે, કે એના નાગને નાથનારો આવે તો જ વરે, નીકર બાળેવેશ બેઠી આયુષ્ય કાઢશે એવાં તો એણે વ્રત લીધાં છે.

ત્યારે બીજા સિદ્ધે જવાબ દીધો કે 'યોગીરાજ! જેસલમીરનો રાજકુંવર ભેરીઓ ગારડી બન્યો છે, ગારડી વિદ્યાને માટે તો તેણે રાજપાટ અને માબાપ છોડી દીધાં છે, રૂપ તો બેય એકબીજાને જંખવે તેવાં છે. બેયનું જોડું જામી પડે........પણ.'

એ 'પણ' શબ્દને સાંભળવાની ધીરજ ભેરીઓ ન રાખી શક્યો. એણે સાંભળ્યું પણ અધૂરું સાંભળ્યું. એની સોનાની ચાખડીઓ સિંધુનાં નીર ઢાળી વહેતી થઈ. રસ્તામાં એણે ચાર ચેલા કર્યા. ચારેને પોતે કહી રાખ્યું કે 'દેખો ચેલા! મારી ગારડી–સાધનામાં કોઈ વાર પણ જો મને સાપડંશથી મોત મળે, તો મારા શબને તમે બાળશો નહિ, દાટશો નહિ, પણ તળીને ભક્ષ કરી જજો.'

ચેલાઓએ કબૂલ કર્યું. પણ કારણ કાંઈ પૂછ્યું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહિ. જુવાન ગુરુએ કારણ કહ્યું નહિ. થોડે દિવસે સિંધુનો કાંઠો આવ્યો.

આ કાંઠે ભેરીઆનો પડાવ, ને સામે કાંઠે લાખી ગુણિકાના ડેરા-તંબૂ. સામે કાંઠે ઊડવા માટે ભેરીએ ખેચર વિદ્યા અજમાવી. પણ ઊંચે ઊડીને પાછો પડે, ઊડે ને પાછો પડે. કારણ શું ? કારણકે સામેથી લાખીની ખેચર વિદ્યા એને અટકાવે છે. ઊડવા ન દીધો. થાકીને ભેરીઓ ભોંયે સૂતો. પડખે રત્નજડિત મોરલી પડી છે, સોનાની ચાખડી પડી છે. ભગવા રંગની રેશમી કફનીએ દેહ ઢંકાણો છે. મોં ઉપર કમ્મરબંધ ઢાંક્યો છે. મોવાળા ભોંય માથે પથરાઈ ગયા છે. ભેરીઓ ઊંઘે છે.

અધરાત થઈ ને લાખી ઊડીને આવી. ઊંઘતા ભેરીઆના મોં માથેથી પાંભરી ખસેડીને રૂપ નારખી રહી. વાય રૂપ ! વારી રૂપ ! સાચો બત્રીશલક્ષણો. જેની વાટ હતી તે જ આવી પહોંચ્યો ને શું ?

પગનો અંગૂઠો હલાવ્યો: ઊઠ રે જુવાન ! ઊઠ. તારી જ વાટ જોતી'તી. નાથી દે મારા નવસો ને નવાણુંને; પછી આપણે ચાર મંગળ વરતીએ.'

ઊડીને સામે કાંઠે ગયાં. નવસો ને નવાણું કરંડિયા ગોઠવીને લાખીએ રાખ્યા હતા. ઢીંચણભર થઈ ને ભેરીઓ મોરલી મંડ્યો એંચવા. એક એક કરંડિયો ઊઘડે છે, એક કરતાં એક અદકા અજાજૂડ નાગ ઊઠે છે, પૂછડી માથે ટટ્ટાર થઈ જઈ ને સૂપડા સૂપડા જેવડી પહોળી ફેણ માંડે છે, ફૂં ! ફૂં ! ફૂંફાડે છે, આંહીં મોરલીના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂર માથે ને નાગની વરાળ નાખતી આંખો સામે ભેરીઓ એકધ્યાન છે, અરે !

મોર કો ધ્યાન લગ્યો ઘનઘોર સે
દોર સે ધ્યાન લગી નટકી;
દીપક ધ્યાન પતંગ લગ્યો,
પનિહારી કો ધ્યાન લગ્યો મટકી.

એવી આ તો ધ્યાનની, અચૂક નજરની જ રમત છે. નજર ચૂક્યો કે મુઓ પડ્યો ! નજર ચૂક્યો કે ગિયો ગતાગોળમાં; એક પછી એકને પકડી પકડીને ભેરીઓ નાથતો ગયો. નવસો અઠાણુંને નાથ્યા, પણ છેલ્લો એક ભૂજીઓ નાગ છટકીને ભાગ્યો.

ભૂજીઓ ભાગ્યો ને ભૂજીઆની પાછળ ભેરીઓ. ભૂજીઓ ધરતી માથે દોટ કાઢે છે, ભેરીઓ એની લગોલગ થાય છે, જેવો ઝાલવા જાય તેવો તો ભૂજીઓ ભોંયમાં ઊતરી જઈ અંદર દોડે છે, એટલે ભેરીઓ ભૂચર વિદ્યાને બળે ભોંયમાં ઊતરી એનો પીછો લે છે. ભૂજીઓ આકાશે ઊડે છે, તો ભેરીઓ ખેચર વિદ્યા વાપરીને એનો આકાશ-માં પીછો લે છે. ભૂજીઓ અલોપ થઈ દોડે છે તો ભેરીઓ અગોચર વિદ્યા વાપરીને એને ગોતી કાઢી પાછળ પડે છે.

થાતાં થાતાં થાતાં તો ભૂજીઓ મારવાડના એક રાજાના રાજમાં પેસી જાય છે અને આશરો લ્યે છે. ભેરીઓ ત્યાં જઈ રાજાને કહે છે કે મારો ચોર આંહીં ગર્યો છે, એને બહાર કાઢો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજા કહે કે 'એમ તો ન બને. મારો શરણાગત છે.'

ભેરીઓ કહે કે 'પણ મારો એ ચોર છે.'

રાજા કહે કે 'તારો ચોર હોય તો મારા સીમાડા બહાર તને ફાવે તે કરજે.'

ભેરીઓ વાટ જોઈ ને સીમાડે ચોકી કરતો બેઠો. પણ ભૂજીઓ છાનોમાનો નીકળી ગયો. પહોંચ્યો કચ્છ–ભૂજમાં. પોતાનું ત્યાં થાનક, એટલે પોતે જોરમાં આવી ગયો. ભેરીઓ ત્યાં પહોંચ્યો. ભૂજીઆને થાનકે જઈ હીરાજડી મોરલીના મંત્રેલા નાદ મંડ્યો ગજવવા. ભાર નહોતો ભૂજીઆનો કે થાનકમાં ગરી રહી શકે. મોરલીને સાથે આવવું પડ્યું. ફેણ માંડીને બેઠો. મંડ્યો ડોલવા. મોરલીને સૂરે સૂરે એની આંખો ઘેનમાં ઘેરાવા લાગી, હમણાં ઝાલ્યો કે ઝાલશે, ઝાલ્યો કે ઝાલશે.

એમાં ભેરીઆને મદ આવ્યો. લાખુ ગુણિકા સાંભરી. લાખુનાં રૂપ નજરે ચડ્યાં. હાં હવે તો ઝપટ કરું એટલી વાર છે. ઘડી બ ઘડીમાં નાથી લઉં. લાખુની પાસે જઈને વધામણી આપું. પછી તો હું ને લાખુ—

બસ ભેરીઓ એક જ પલ–અરે એક વિપલ નજર-ચૂક થયો. ભૂજીઓ એના હાથ ઉપર ટચકાવ્યો. ભૂસ! દેતી મોરલી જઈ પડી, સાફો ઊડી પડ્યો, ને ભેરીઓ ચાર ગડથોલાં ખાઈ ને પડયો. ઘડીક થઈ ત્યાં તો એની ગુલાબી કાયા લીલી કાંચ બની ગઈ.

ચાર ચેલા આવી પહોંચ્યા. ગુરુનું શબ જોયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુરુનો બોલ સંભાર્યો: ‘ ચેલાઓ ! ભૂલ કરશો નહિ હો; મારા શબને તળીને ખાઈ જાજો. ’

ગુરુનું શબ કડકડતા તેલની કડાઈમાં નાખ્યું. ત્યાં ભૂજીઓ ચેત્યોઃ ‘ હાય હાય ! એક ભેરીઆએ નાગકુળની આ દશા કરી, તો આ ચાર પેદા થશે, ચાર નવા ભેરીઆ ઊભા થશે, તો પૃથ્વીને માથે નાગનું બીંટ નહિ રહેવા દે.’

લીધું બામણનું રૂપ. આવ્યો બરાબર ચેલા કડાઈમાંથી ગુરુના શબને કાઢી ખાવાની તૈયારી કરે છે તે જ ટાણે. કહ્યું: ‘ અરે હે ભાઈ ઓ ! હું બામણ છું. આ શો ઉત્પાત કરો છો ! ગુરુના શબને ખવાય ? ગુરુ ને ચેલા બધા જ નરકના ભાગી થશો. ગુરુ તો ગાંડો કે આવું અઘોર કર્મ કરવાનું કહેતો ગયો ? પણ તમે જીવતા માનવીઓ શું મતિ હારી બેઠા છો ! ન ખાવ ! ન ખાવ ! ’

ચેલા ભરમાણા: ગુરુના શબથી ભરેલી કડાઈને દરિયામાં તરતી મૂકી દીધી. કડા તરતી તરતી ચાલી જાય છે. અંદરથી કપૂરના ધૂપના ગોટે ગોટા ઊડે છે. થોડે વખતે તો ગુરુની કાયા કપૂર થઈ ને આખી ચે ઊડી ગઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચંદણ–મેણાંગરી

કુંણ નર ધરતીએં સતીઓ જાગિયો રે
હરનું સિંગાસણ ડોલા ખાય ?
આબુનાં પાડાંમાં ચંદણ નીપજે રે
વસિયો લોયાણાગઢની માંય
આ......જી......જી.

અમરાપરીમાં હરિનાં સિંહાસન ડોલવા લાગ્યાં છે. હરિ પૂછે છે કે અરે હે ભાઈ! એવો તે કોણ સતિયો નર ધરતીમાં જાગ્યો છે કે આ મારાં હરિનાં સિંહાસન ટલ્લા દઈ રહ્યાં છે ?

ત્યારે જવાબ મળે છે કે હે ભગવાન ! આબુના પહાડોમાં એક ચંદણ રાજા નીપજ્યો છે, ત્યાં એ લોયાણાગઢનું રાજ કરે છે. એનાં સતને બળે તમારું સિંહાસન હલબલી હાલ્યું છે.

ત્યારે હરિએ પોતાના કૂડકાવડીઆને (નારદને) હુકમ દીધો છે કે કૂડકાવડીઆ ! જાઓ મરતલોકમાં, રાજા ચંદણનાં સત છોડાવો. એને માથે નખાય તેટલાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુ:ખ નાખો. પણુ ખબરદાર ! એને કોઈ ને મારશો મા. નીકર મારા ઓળંભા નડશે તમુને.

ખંભે ખડિયો ને હાથે ડાંગડી રે
આયો મૃતલોકની માંય;
કિયા રાજાની કહિજે સીમડી રે
કિયા રાજાની કહિજે ભોમ !

ભગવાનનો કૂડકાવડીઓ તો ખંભે ખડિયો અને હાથમાં ડાંગ લઈ, બામણુને વેશે મરતલોકમાં આવ્યો છે, ને વગડામાં પૂછપરછ કરે છે, કે હે ભાઈઓ, આ સીમ ને આ ભોમ કયા રાજાની કહેવાય છે ?

રાજા ચંદણુવાળી સીમડી રે
માતા મેણુાંગરવાળી ભોમ !

હે બામણુ ! આ તો રાજા ચંદણુના લોયાણુાગઢ રાજની સીમ છે. ને માતા મેણુાંગરની ભોમકા છે.

અરે હે ભાઈ ગોવાળીડા !—

પૂછું પૂછું રે વીરા ગોવાળીડા રે
મારે કિયો મારગ લોયાણુાગઢ જાય ?

ગોવાળ જવાબ વાળે છે—

ડાબો મારગ જાય દુવારકેં રે
જિમણો લોયાણુાગઢ જાય.

કૂડકાવડીઓ તો ડાબો મારગ દ્વારકાનો મેલી દઈ જમણે લોયાણુાગઢને માર્ગે ચાલ્યો. લોયાણુાગઢને પાદર એણે તો એક વાવ જોઈ છે. ને પૂછ્યું છે—

કોણે ખોદાઈ જગમેં વાવડી રે
કોણે બંધાઈ હરિ પાળ ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પનિહારીઓ કહે છે–

ચંદણ ખોદાયો કૂવા-વાવડી રે
માતા મેણાંગર બંધાવી મોતીડે પાળ.

હે ભાઈ! આ વાવકૂવા તો રાજા ચંદણે ગળાવ્યાં છે ને મોતીની પાળ માતા મેણાંગરે બંધાવી છે.

કૂડકાવડીઓ તો વાવના પગથિયા માથે જઈને આડો ઊભો રહ્યો. એણે તો પનિહારીઓનો મારગ રોકયો છે, માંહીં પાણી ભરતી હતી તે માંહીં ઊભી થઈ રહી અને બહારથી પાણી આવનારી બહાર થંભી ગઈ. કોઈ કરતાં કોઈ એને અડીને હાલતી નથી. એમ કરતાં તો ઝાઝી વેળ થઈ ગઈ. ને પનિહારીઓની કેવી દશા થઈ! તો કહે છે કે—

રાતે ધવરાયો પરભાતે પોઢાડિયો રે
મારે ઊંડળીએ ધાવેલ નાનાં બાળ;
શશરો કેવીજે અંગરો આકરો રે
મારો પિયુજી બોલે મુંને ગાળ
આ......જી......એ......એ.

અમારે ઘેર તો ખોળામાં ધાવણાં બાળ છે, એ બાળને રાતે ધવરાવ્યાં છે ને પ્રભાતે પોઢાડી કરી પાણીડાં આવી છે. આંહીં વાવડીએ તો ઝાઝી વેળ થઈ ગઈ છે. ઘેરે જાશું ત્યારે સસરા મેણાં બોલશે અને પિયુજી ગાળ કાઢશે. છતાં કોઈ બામણને વળોટીને જાતી નથી, માંયલી માંય ને બાહ્યલી બહાર!

કૂડકાવડીઓ વિચારે છે કે અહો! જેના રાજની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પનિહારીઓ પણ સતધરમ છોડતી નથી એ રાજા ચંદણુ પોતે કેવોક હશે ? એણે તો વાવનો ઓડો છોડી દીધો અને એ આગળ નગરમાં હાલ્યો. નગરમાં મોખરે જ એણે શું દીઠું છે ? મોટી મોટી મેડીઓ; ને ઉંબરમાં–

સાવ રે સોનારો ઘેર્યો વાડલો રે
હિયડે હિલોળે નવસાર હારઃ
કિયા રાજાની કહીજે મેડિયું રે
કિયા રાજાનાં દુવાર ?

મોલમેલાતની રહેનારીઓ ડોકમાં સોનાનાં ટુંપીઆ પહેરીને ઊભી છે. છાતીને માથે હાર હિલોળા લ્યે છે. અરે હે બાઈયું ! આ તે કિયા રાજાના દરબાર છે ?

બાઈઓ જવાબ વાળે છે—

આછેરા ઊભા રેવજો બામણા રે
આ તો ઓળગાણાંવાળો કહીજે દુવાર.

હે મહારાજ ! તમે તો ઓતમ જાતનું ખોળીઉં છો. જરા છેટેરા ઊભા રહેજો. આ રાજદ્વાર નથી, પણ આ તો આ લોયાણગઢ નગરીનાં ઝાડુ કાઢનાર ને મેલાં ઉપાડનાર અમ ઝાંપડાંઓની મેડિયું છે.

ઓહો ! રાજા ચંદણનાં ઝાંપડાં આવી સાયબી ભોગવે છે ? ત્યારે રાજાની પોતાની સાયબી તો કેવી ય હશે ! હે ઓળગાણાં ! રાજા ચંદણ ક્યાં રહે છે ? કેવા છે ? એને અમે કેમ કરીને ઓળખશું ?

ઓળગાણાં કહે છે: ‘હે મહારાજ ! નગરની વચ્ચોવચ જો ધોળી ધજા ફરકે. ત્યાં માણસોની પંગત જમવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેઠી હશે. ને ત્યાં ઊભા હશે રાજા ચંદણ: અણુવાણે પગે, ઉઘાડે માથે, એક પોતડી પેરીને. અને પોતે હાથે પંગતને ભોજન પીરસતા હશે.

કૂડકાવડીએ તો ધોળી ધજા હેઠળ જઈને રાજા ચંદણને જોયા છે: અણુવાણે પગે, ઉઘાડે માથે, એક ફક્ત પોતડી પહેરેલ, ને હાથમાં અન્ન લઈને અભ્યાગતોની પંગતને પીરસી રહ્યા છે.

'ઓહો! હે બ્રમ્મા!' રાજા ચંદણે તો કૂડકાવડીઆને આદરમાન આપીને કહ્યું છે: 'રસોઈ કરો ને જમો. ધન્ય ઘડી! ધન્ય ભાગ્ય! બ્રમ્મા મારે આંગણે આવ્યા.'

ત્યારે કૂડકાવડીઓ કહે છે કે 'અરે હે રાજા ચંદણ! એમ તો હું રસોઈ ન કરું. હું માગું તે તું મને દે.'

ત્યારે રાજા ચંદણ કહે છે—

સોનું દૈયાં રે તને સોળવું રે બ્રમ્મા!
દૈયાં લોચાણગઢરો રાજ;
એતરું લૈને ઘરે જા દાનમેં રે બ્રમ્મા!
રસોઈ કર મારે દુવાર.

અરે બ્રાહ્મણ! તને સોળવલું સોનું દઉં. રાજ દઉં. પણ મારે ઘેર રસોઈ કર.

ના રે ના રાજા ચંદણ!—

સોનું ન સોયેં મારે સોળવું રે રાજા!
ન સોયેં લોચણગઢનાં રાજ;
હું માગું તે ન દે દાનમેં રે રાજા!
રસોઈ ન કરું તારે દુવાર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અરે હે બ્રમ્મા!

હાથીડા દિરાવું તુંને હીંડતા રે
દિયું ઘોડલીઆંરી હાર;
એતરો જે લૈને જા તું દાનમેં રે
રસોઈ કર મારે દુવાર.

ના, ના, હે રાજા ચંદણુ! હું તો માગું છું તમને ચારેને—તને, રાણી મેણુાંગરને, અને તારા બે કુંવરિયા સાયર અને નીરને.

કે હે બ્રાહ્મણુ! મારી જાત તો મારી છે, કુંવર સાયર ને નીર મારા છે, એ ત્રણુ તો તને દઈ ચૂકચો, પણુ રાણી મેણુાંગર તો પારકી જણી છે. એને પૂછચા વગર હું તુંને એનું દાન શી રીતે દઈ શકું?

કે તો પૂછી આવ.

રાજા ચંદણુ તો રાણીવાસમાં ચાલ્યા. રાણીવાસમાં—

કડાં ખટૂકે કાચનાં
દોરી તાણે દાસ;
ધન્ય ઢોલા! થારો જીવણો,
માલવણુથી ઘરબાર.

કિચૂડ! કિચૂડ! કિચૂડ! હીંડોળાખાટનાં કાચનાં કડાં ખટૂકી રહ્યાં છે. દાસીઓ દોરા તાણે છે. રાણી મેણુાંગરી હીંચકે છે.

રાજા ચંદણુ જઈ ને ઊભા તો રહ્યા, પણુ રોજ સોળ કળાના, તે આજ એક કળાના થઈ ગયા છે.

અરે હે સ્વામીનાથ! આમ કેમ એક કળાના થઈ ગયા છો આજ? મારો કાંઈ વાંક-ગુનો?

 CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે 'રાણી મેણુંગરી ! એવું ન બોલો. તમારો કાંઈ વાંક કે ગુનો ! વાંક આપણાં પ્રાલબધનો. એક બ્રમ્મો આવ્યો છે. આપણને ચારેને દાનમાં માગે છે. તે મારી જાત ને મારા બે પુતર, એ ત્રણ તો મારા પોતાના, એ તો દઈ ચૂક્યો છું, પણ તમે તો પારકી જણી; તમને મારાથી કેમ દેવાય ? તમારી મનની જાણવા આવ્યો છું.'

કે 'હે નાથ ! મને પારકી જણી ગણી ? એ તો જ્યાં તમે ત્યાં જ હું. હાલો.'

ચારે જણાં જઈને ઊભાં રહ્યાં ત્યારે કૂડકાવડીએ કહ્યું: 'ચારે જણાં પોત પે'રીને આ રાજમાંથી નીકળી જાવ.'

કે 'ભલે બ્રમ્મા ! એમાં શું ?'

રાણી મેણુંગર તો બલુ ઘાંચાને ઘેર ગયાં છે, ને કહ્યું છે, કે ભાઈ બલુ ઘાંચા ! લે આ મુંદરા ! ને એક મોટો સૂંડલો વાળી દે.

સૂંડલો વળાવી, તેમાં નાના કુંવર સાયર ને નીરને બેસારી, રાજા ચંદણે સૂંડલો માથે ઉપાડ્યો છે, ચાલી નીકળે છે એક પોતીઆભર. આગળ ચંદણ ને વાંસે મેણુંગરી. લોકો જોઈ રહ્યાં. ઓહો !

કેડ્યે કટારાં વાંકડાં રે ચંદણ !
હાલતો જેમરની હાલ્ય;
એક દિ'યાંરો ઝોલો વાગિયો રે રાજા !
આવી બેઠો આથર માંય.

આ રાજા ચંદણ, જે કમ્મરે વાંકડા કટાર બાંધતો,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે હાથીની મલપતી ચાલ્ય ચાલતો, તેને એક દિવસનો આંચકો વાગ્યો, અને એ ધરતીની ધૂળમાં આવી બેઠો.

શેર શેર સોનું પે'રતી મેણાંગરી,
જોખાતી મોતીઆંભાર,
એક દિ'ચારો ઝોલો વાગિયો રે રોણી,
ઘરઘરરી પણીઆર.

શેર શેર સોનું પે'રતી મેણાંગરી.
જોખાતી ફૂલાંરે ભાર;
એક દિ'યાંરો ઝોલો વાગિયો રે રોણી,
ઘરઘરરી પણીઆર.

ને આ રાણી, જે શેર શેર સોનાના દાગીના અંગ માથે પહેરતી, જે મોતીએ અને ફૂલે જોખાતી એવી તો સુકોમળ હતી, તે આજ એક દિવસનો આંચકો લાગતાં તો ઘરઘરની પાણી ભરનારી બની ગઈ.

ચારે જણાં હાલ્યાં, પણ ફૂડકાવડીઓ થયો મોઢા આગળ. એણે સૂરજને કહ્યું કે 'હે સૂર્યનારાયણ! ભોંયને માથે ચણા ભૂંજાઈ જાય એવો આકરો તું આ ચારેને માથે તપ.'

સૂરજ તો બાળોબાળ તપવા માંડ્યો. અણવાણે પગે, ઉઘાડે માથે, પોતભર બેય ચાલ્યાં જાય છે. એમાં માર્ગે ફૂડકાવડીઓ પાણીની પરબ માંડીને વેશપલટો કરી બેઠો છે. 'અરે હે રાજા ચંદણ! તરસ્યા હશો. પાણી પીતા જાવ.'

'ના ભાઈ! મારી સીમડી ન વટાવી જાઉં ત્યાં સુધી પાણી મૂંથી ન પિવાય.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજા ચંદણ તો ગયા, પણ કૂડકાવડીએ કળશો પાણી એને પગલે ઢોળી દીધું. પછી ચાલતી ચાલતી રાણી મેણાંગરી પરબ પાસે થઈને નીકળી. એને કૂડકાવડીએ કહ્યું કે 'રાણી મેણાંગરી ! પાણી પીતાં જાવ.'

કે 'અમારી સીમ વળોટ્યા પહેલાં પિવાય નહિ પાણી, ભાઈ !'

'પણ આંહીં જુઓ, રાજા ચંદણે તો પીધું.' એમ કહીને પોતે ઢોળેલું પાણી દેખાડ્યું.

કે 'ભાઈ ! રાજા ચંદણની વાંસે તો હું છું, તે એ પીએ. પણ મારી વાંસે કોઈ નથી. મૂંથી ન પિવાય.'

પરબનો સંકેલો કરીને કૂડકાવડીઓ તો રાજારાણીની આગળ દોટ કાઢીને પહોંચ્યો છે ગંગાજમના પાસે, ને કહ્યું કે 'હે ગંગાજમના ! આ ચાર જીવને તું ત્રણ તુંગે કરી નાખ.'

ગંગાજમના તો હરિને હુકમે કૂડકાવડીઆને વચને વશ હતી. એને કાંઠે રાજારાણી ને કુંવરિયા આવી પહોંચ્યા. ચંદણ કહે કે 'હે રાણી ! પાણી ઊંડાં છે. પ્રથમ હું જઈને આ સૂંડો સામે પાર મૂકી આવું, પછી તમને લઈ જાઉં.'

કે 'ભલે.'

: ૨ :

સૂંડો સામે ઘાટ પહોંચાડીને રાજા ચંદણ પાછા વળે છે, પણ જેવા મધવહેનમાં પહોંચે છે કે તુરત પાણીનો ખળકો આવે છે ને એને તાણી જાય છે. સૂંડો સામે કાંઠે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને રાજા જાય છે તણાતા. તણાતે તણાતે તણાતે નીચવાશ એક ત્રંબાવટી નગરી આવે છે, એ નગરીનું મસાણ નદી-કાંઠે આવે છે, ને મસાણમાં ડાઘુડા એક ચેહને બાળતા ઊભા છે. આ ચેહ નગરી ત્રંબાવટીના રાજાની છે.

અરે કોઈક તણાતું આવે છે! દેખીને ડાઘુ નદીમાં પડ્યા. રાજા ચંદણનું શરીર બહાર કાઢયું. ચંદણ બેભાન છે. દવાદારૂ કરીને એને તો ભાનમાં આણ્યા છે. કોઈક દુઃખિયો લાગે છે! રાજાએ ઓળખાણ આપી નહિ.

હવે નગરી ત્રંબાવટીનો નિયમ છે કે રાજા મરે ત્યારે તાબાના તમામ રાજાઓને તેડાવે, એમાંથી જેને ગાંડી હાથણી વરમાળે તેને નવો રાજા બનાવે.

ખંડિયા રાજાઓ ભેગા થઈને બેઠા છે. હાં, હવે હાથણીને ગાંડી કરો, તેલ-સિંદૂરની બંદકા દ્યો, ધૂપ-શ્રીફળ ચડાવો ને સૂંઢમાં વરમાળ આપો. હાથણી વરમાળે તે રાજા.

તેલ-સિંદૂરની બંદકાવાળી હાથણી ગાંડી થઈને સૂંઢમાં વરમાળ લઈ રાજાઓની બેઠકમાં ઘૂમવા મંડી. બધા ય રાજાઓ ડોકાં લાંબાં કરી રહ્યા છે, પણ કોઈને હાથણી વરમાળતી નથી. એ તો આઘે જઈને ઉકરડે બેઠેલા ચીંથરેહાલ રાજા ચંદણને વરમાળે છે.

અહો! આ શું? આ ભિખારીને હાથણી વરમાળે છે! કાંઈક કારણ હોયા વગર વરમાળે નહિ. અરે હે ભાઈ ભિખારી! તું કોણ છો?

કયાંરો જાયો રે કયાંરો ઊપન્યો રે સાયબા!
કિયું તે કહીજે રે થારું ગામ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજા ચંદણ તો કહીએ નામડો રે સાયબા !
લોયાણાગઢરો મારે રાજ : આ જી, જી, જી.
સત રે ધરમરે મેં તો કારણે રે
મેલ્યો લોયાણાગઢરો રાજ.

વિગતે બધી વાત કરી છે. વાત સૌને ગળે ઊતરી છે. રાજા ચંદણને તો ત્રંબાવટીનાં રાજ સોંપાણાં છે.

હવે આંહી ગંગાજમનાને સામે ઘાટ જ્યાં સૂંડલો પડ્યો છે ત્યાં શું થયું ? મોરગઢના રાજા શિકારે નીકળ્યા છે. ઓલ્યો હરિનો ફૂડકાવડીઓ પોતે જ સૂવર બનીને દોડે છે. સૂવરની પાછળ મોરગઢનો રાજા ભાલો લઈને ઘોડો દોડાવે છે. સૂવર ગંગાજમનાને કાંઠે દોડે છે, ને જ્યાં સાયર–નીરનો સૂંડલો પડ્યો છે ત્યાં લગી રાજાને લઈ આવી તે અલોપ થઈ જાય છે.

ઘોડેથી ઊતરીને રાજા સૂંડલામાં જુએ તો બે બેલડાં બાળક મોંમાં અંગૂઠો ચૂસતાં સૂતાં છે.

અહો ! મારી અવસ્થા પાકી ગઈ, પણ શેર માટીની ખોટ છે. મારે ઘેર દીકરો જલમ્યો તો નહિ પણ એકને સાટે ગંગાજમનાએ મને બે દીધા.

એમ વિચારીને મોરગઢનો રાજા બેય દીકરાને રાજમાં લઈ જાય છે. રાણીને ખોળે બેયને ધરી દે છે, અને રાણીનાં તો થાનમાં ધાવણ, કૂખ ફાટી નથી તો ય વછૂટે છે. ડાબે જમણે થાનોલે બેય છોકરા ધાવવા લાગે છે.

હવે આંહીં ગંગાજમનાને આ કાંઠે રાણી મેણાંગરીનું શું થાય છે ? પોતે આખી રાત ધૂડના ઓરીઆમાં લપાઈને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેઠી રહે છે. પ્રભાતને પહોર એક ગામનો કુંભાર ગધેડું લઈને માટી ખોદવા આવે છે. પણ ઓરીઆની ભેખડ હેઠ કાંઈક ઝળેળ ઝળેળ થતું જોઈને ગધેડું ભડકે છે. કુંભાર જઈને જુએ તો કોઈક બાઈ બેઠી છે, ને એની ઉઘાડી કાયા ઉપર ડાબે ખંભે કાંઈક ઝળકે છે. સૂરજ અને બાઈના ખંભાનું પદમ, બેયની કરણ્યું એક બની ગઈ છે. ઝળેકાર થઈ ગયો છે.

અરે, તું કોણ છો? ડેણ છો? ડાકણ છો?

કે ભાઈ કુંભાર! હું ડેણે નથી ને ડાકણે નથી. મરત-લોકનું માનવી છું. દુ:ખિયારી છું.

બાઈને જોતાં જ કુંભારે કળી કાઢી. સાચે જ કોઈક કુળવાન છે. કે બાઈ! બેન! હાલ્ય મારે ઘેર. હું તને પાળીશ.

જેવો કુંભાર મેણાંગરીને લઈ ઘરે આવ્યો તેવી તો કુંભારણ છણકી ઊઠી.

એક રે છોડીને બીજી લાવિયો રે કુંભારા!
લાવિયો નેનકડી મારે શોક
આ…જી…જી…એ.

થારું વાંચ્છયું તો થારે નેણે પડજો કુંભારણ!
લાવિયો ધરમીઆવાળી બેન.

પીટ્યા કુંભારા! મારે માથે નાનકડી શોકય લાવ્યો છો ને શું!

રાંડ કુંભારણ! તારા મનનું ચિંતવ્યું તો તારી જ આંખમાં પડજો. હું તો ધરમની બેનને લાવ્યો છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુંભારણને તો ખાતરી થઈ કે આમાં કાંઈ કૂડ નથી. બાઈ ને તો રાખી અને કહ્યું: લે બેન, આ રોટલો જમી લે.

મેણાંગરીએ એ એક રોટલામાંથી ચોથીઉં કૂતરાને ને ચોથીઉં ગાયને નીરેલ છે, બાકીનો અરધો પોતે ખાધો છે. ને પછી કહ્યું કે ભાઈ કુંભારા ? મને કાંઈક કામ બતાવો. હું મફત તો નહિ ખાઉં.

ઠીક બેન! કામ તો બીજું શું, પણ તું નળીઆં ઉતાર. લીલાં તડકે મૂક, ને સૂકાં છાંયડે મૂક.

: ૩ :

મેણાંગરી તો લીલાં નળીઆં તડકે મેલે છે, સૂકાં છાંયે, એમ થાતાં થાતાં થાતાં બાર વરસ વીતે છે. એમાં એક દિવસ લાખો વણઝારો એ ગામને પાદર પડાવ કરે છે. હીરા, મોતી, ઝવેરની ને સાચાં ચીરની લાખ પોઠ્યું છે લાખા વણઝારા હારે, અને ચાર તો તેની પરણેલી મેવાડી રાણીયું છે. પણ કેવી છે ચારે ? સૂરજ ભગવાનને કહે કે પછેં ઊગજો, પેલી અમને ઊઠવા દેજો; એવી સુંદરી ને સતી છે ચારે.

પડાવ પડ્યો, ને દાસીયું કુંભારને ઘરે ઠામડાં લેવા ગઈ. ત્યાં તેણે રાણી મેણાંગરીનાં કાદવમાં રોળાતાં રૂપ જોયાં. જોઈ ને આવી લાખાને કહ્યું: એ લાખા !

પિંડી કહીજે આલણવેલણી હો વણઝારા !
જાંગરલો દેવળીઆવાળો થંભઃ
આંખે પરવાળાંવાળી સાંચ રે હો વણઝારા !
નાકડલું દીવડીઆવાળી જ્યોત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નેણે ભમરાં તો વાળી ભણુસ રે વણઝારા!
કપાળ તો પૂનમીઆવાળો ચંદ;
સુંગાફળીઆં રે જકારી આંગળી હો વણઝારા!
હાથડલા ચાંપલિયારી ડાળ.

વીણી કહીજે વાશંગ નાગની હો વણઝારા!
પેટ પીપળરો પાંદ.
આવી વસતુ કુંભારા ઘર ન્યાળિયો હો વણઝારા.
હાલો સૈરૂં, જોવા જાઈં.

જેના પગની પિંડી વેલણ જેવી ગોળ છે, જાંઘ દેવળના થંભ જેવી છે, આંખો પરવાળાં જેવી, નાકની દાંડી દીવાની જ્યોત જેવી, નેણ તો ભમરાની પાંખ જેવાં, કપાળ પૂનમના ચંદ્ર જેવું, આંગળી મગની શીંગો જેવી કૂંણી, હાથની ભુજા ચંપાછોડની ડાળ જેવી, વેણી વાસુકિ નાગ જેવી અને પેટ પીપળાના પાંદ જેવું લીસું ને ચકચકતું, એવી એક વસતુ અમે કુંભારને ઘેર દીઠી.

લાખો વણઝારો ખડ ખડ હસીને કહે: 'હવે રાખો રાખો. માટીની ચૂંથનાર તે કેવીક હશે!'

'અરે લાખા વણઝારા! તારી ચાર મેવાડી તો એની આગળ ઘોડાની લાદ ઉપાડે એવી છે.'

લાખે ઘડીક વિચાર કર્યો. પછી પોતે એક સાંઢ્ય તૈયાર કરી. સાંઢ્યના પાવરામાં હીરા, મોતી, ઝવેર ભરી લીધાં, ને પછી કહે: 'પોઠનો પડાવ ઉપાડી હાલતા થાવ, હું આવું છું.'

નવ લાખની પોઠ ઊપડી ગઈ, ને વાંસે લાખો સાંઢ્ય પલાણી કુંભારને ઘેર આવી ઊભો રહ્યો. સાંઢ્ય ઝોકારી ને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુંભારને બોલાવી કૂંડું મગાવ્યું. એ કૂંડામાં પોતાના પાવરામાંથી તમામ હીરામોતી ઠાલવી દીધાં.

કે 'કેમ લાખા વણઝારા ?'

કે 'ભાઈ કુંભાર! મારી વણઝારીને છોરુનો સમો છે. એટલે આ તારી બેનને મારી હારે પોઠ્યમાં મેલ્ય. અંતરિયાળ પોઠ પહોંચી ત્યાં છોરુનો સમો થયો છે, માટે તેડવા આવ્યો છું. હું પાછો આવીને મૂકી જઈશ.'

કુંભાર મેણાંગરીને કહે કે બેન! તું જઈ આવ.

રાણી મેણાંગરી શું કરે ?

પારકે ઘર સાથી,
આલે ઈ ખા
ને મેલે ત્યાં જા.

રાણી મેણાંગરી તો સાંઢ્ય માથે બેસી લાખા વણઝારા સાથે હાલી નીકળી. ગાઉ, બે ગાઉ, પાંચ ગાઉ, પણ ક્યાંય પોઠનો પત્તો નથી. ત્યારે પોતે કહ્યું: 'હે ભાઈ વણઝારા! તારી પોઠ ક્યાં છે? તું મને કેટલેક લઈ જશે?'

ત્યારે પછી લાખે વણઝારે પેટની કહી કે 'હે પદમણી! કેવી પોઠ્ય ને કેવાં છોરુ! હું તો તને મોહીને લાવ્યો છું. ચાર મેવાડીને માથે તને મારે પાંચમી પાટ ઠકરાણી થાપવી છે.'

અરે વીરા! તારી જીભ દુવાય છે. તું આવાં વેણ કાઢ મા. તું તો મારે માના જાયા બરોબર છો. ને મને મારા વીર કુંભારને ઘેરે પાછી મૂકી જા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાખે વણઝારે તો રાણી મેણાંગરીને એક ગુણ્યમાં નાખીને સાંઢ્યને માથે ગુણ્યને બાંધી લીધી છે. ને સાંઢ્ય તો મન પવનને વેગે પંથ કાપી રહી છે.

રાત વીતી ને સૂરજ ઊગવા સમા થયા છે, ત્યારે ગુણ્યમાંથી મેણાંગરી બોલે છે—

થોડા રસા તો ઢીલા મેલજો રે વણઝારા!
રામને ભજ્યારી વેળા જાય;
થોડા બંધા તો ઢીલા મેલજો રે વણઝારા!
કેમ ઘાલી મને આડે ઊંટ?
અણવાણી ટોળું ની થારા પોઠીઆ રે વણઝારા!
થોડા બંધ તો ઢીલા મેલ્ય.

હે લાખા વણઝારા! જરાક તો બંધ ઢીલા કર. મારે ઈશ્વરને ભજવાની વેળા થઈ છે. મને છૂટી કર, હું તો ઉઘાડે પગે તારી પોઠના પોઠીઆ ચરાવીશ. મને આ ઊંટ માથે આડી શું કામ બાંધી છે?

છેવટે લાખો વણઝારો પોઠ્યમાં પહોંચે છે. પોઠ્યે બરાબર મોરગઢના સીમાડા માથે પડાવ કર્યો છે. લાખાએ રાણી મેણાંગરીને રસોઈ રાંધવા હુકમ કર્યો છે. એ રસોઈ લાખુ એના બાપ ખાખુને જમાડવા લઈ ગયો છે. ખાખુ બુઢ્ઢો છે ને બેય આંખે આંધળો છે. ભોજન જમતાં જમતાં ખાખુ બોલી ઊઠે છે—

આ તો ભોજનિયાં લાગે ઓપરાં લાખુડા,
લાગ્યો એક સખળીવાળો હાથ,
આધા ઠળિયા ને આધા કાંકરા રે લાખુડા!
આધા પાંપણીચુંરા વાળ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ તો ભોજનિયાં લાગે ઓપરાં રે લાખુડા !
જીમિયા ચંદણ વાળે દુવાર;
આ તો ભોજનિયાં લાગે ઓપરાં રે લાખુડા !
જીમિયા મેણાંગર વાળે હાથ.

લાખુનો બાપ ખાખુ બોલે છે કે 'હે લાખુડા ! આજ સુધી તારી રાણીયું જે રાંધતી તે ભોજનમાં અરધા કાંકરા ને અરધા ઠળીઆ આવતા, અરે એ કુભારજાઓની આંખોની પાંપણોના વાળ પણ મોઢામાં આવતા, પણ આજનું ભોજન તેથી ન્યારું છે. કોઈ સખળી, કોઈક કુળવંતી નારને હાથે, સુલક્ષણીને હાથે આ ભોજન નીપજ્યું છે. આવું ભોજન તો ફક્ત એક લોયાણાગઢમાં રાજા ચંદણને ઘેરે પામ્યો હતો, આવી રસોઈ તો એક રાણી મેણાંગરના હાથની જ ચાખી હતી.'

સાંભળીને લાખો ચોંકી ઊઠ્યો. હં ! આ આંધળો ક્યાંક મારી વાત ચાહન કરી નાખશે ! એલા, મારા બાપને પણ એક ગુણયમાં બાંધી વાળો.

લાખુનો બાપ ખાખુ આંધળો તે દિવસે ગુણયમાં બંધાઈ ગયો.

રાત પડી. સેંકડો તંબૂ તાણેલ છે. નવ લાખ પોઠીઆને ગળે ટોકરીઓ રણકે છે. વચલા તંબૂમાં સવા કરોડનો ઢોલીઓ છે, હીરની પાટી છે, પાયે પાયે જીંડુ રતન છે, ને એમાં લાખો બેઠો છે. સામે દારૂના ચાર સીસા પડ્યા છે. રાણી મેણાંગરીને બોલાવીને લાખે કહ્યું કે 'હે સુંદરી ! તું પી ને મને પ્યાલીયું પા.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and`eGangotri

મેણુાંગરી ના પાડે છે, અને ફડા....ક! ફડા....ક! એના બરડા માથે લાખો કોરડા વાપરે છે. કોરડાને મારે બેવડ વળી જતી મેણુાંગરી શું બોલે છે? બોલે છે કે—

શેર શેર સોનું હું તો પે'રતી રે વણઝારા!
જોખાતી મોતીઆં ભારોભાર;
શેર શેર સોનું હું તો પે'રતી રે વણઝારા!
જોખાતી ફૂલાંરે ભારોભાર.
એક દિ'યારો ઝોલો વાગિયો રે વણઝારા!
આવી બેઠી તારે તંબૂમાંય.
ચંદણ સરીખો મારે સાયબો રે વણઝારા!
ગંગા લઈ ગઈ લોઢું માંય,
સાયર-નીર તો જેવા દીકરા રે વણઝારા!
રૈ ગ્યા ગંગારે પેલે ઘાટ.
ઝીણા ઝીણા તો પડે કોરડા વણઝારા!
દઃખડાં લખ્યાં મારે શરીર.
દાંત તો દાતણે મારા દેખિયા રે વણઝારા!
મખડો દીઠો મારે ભરથાર.
સત ધરમરે કારણ હો વણઝારા!
મેલ્યો લોયાણાગઢરો રાજ.

કોરડો કાયા માથે પડે છે ને મેણુાંગર બોલે છે, કે 'અરે હે વણઝારા! એક સમે હું શરીરે શેર શેર સોનું પહેરતી અને એવી સુકોમળ હતી કે ફૂલે ને મોતીએ જોખાતી. આજ કાળની થપાટ વાગી ને તારા તંબૂમાં પડી છું. ચંદણ સરીખો મારો નાથ, તેને ગંગા લોઢમાં લઈ ગઈ. સાયર ને નીર સરખા મારા દીકરા તે ગંગાને સામે ઘાટ રહી ગયા. તારા ફટકા પડે છે ને મારી કાયા દુઃખે છે. મારા દાંત એક ફક્ત દાતણ સિવાય કોઈએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દીઠા નહોતા અને મારું મુખડું માત્ર મારા પતિએ જ દીઠું હતું. તેને બદલે અત્યારે મારી એબ તું જોઈ રહ્યો છે. આ બધું સતધરમને કારણે અમે લોયાણાગઢનું રાજ મૂકી દીધું તેને લીધે જ છે ના !'

: ૪ :

અધરાતને સમે લાખા વણઝારાની પોઠ્યના પડાવ-માંથી, આ કોરડાના ફટકા, ને આ મેણાંગરીનાં કલ્પાંત બે જણાએ કાનોકાન સાંભળ્યાં. આ બે જણા ત્યાં સીમાડાની ચોકી કરતા હતા. ચોકીનો વારો તે રાતે આ બે જણાનો હતો. લાખાની પોઠ્યનું સવા લાખ તો દાણ લેવાનું હતું એટલે દાણ લેનારું મોરગઢનું રાજ સીમાડે આવી ચોકી રાખતું હતું.

બેય ચોકીદારોના કાન ખરેખરા તો ક્યારે ચમક્યા ? કે જ્યારે કલ્પાંતમાં 'સાયર–નીર તો જેવા દીકરા રે વણઝારા !' એવું આવ્યું.

બેય જણાએ એકબીજાની સામે જોયું. એકે કહ્યું કે 'હે ભાઈ. સાયર !'

કે 'બોલો ભાઈ નીર !'

કે 'આ પૃથમીને માથે સાયર–નીર આપણે એક, કે બીજા છે ?'

કે 'ભાઈ ! એ તો બાપુને ખબર. પણ આપણે કાને આજ સુધી કોઈ બીજા સાયર–નીર આવેલ નથી.'

કે 'ભાઈ ! આ કલ્પાંત કોઈક બાઈનાં છે.'

કે 'હા ભાઈ ! એના બોલમાંથી ભણકારા આવે છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે ' આપણા જેવા જ કોઈક બે બેટડાની મા લાગે છે. '

કે ' ભાઈ! લાખા વણઝારાનો ઢોલીઓ ચોરીએ. '

તે દી રાતે, સાયર અને નીર નામના એ બે મોટા થયેલા રાજકુંવરોએ લાખા વણઝારાનો સવા કરોડનો ઢોલીઓ ચોર્યો–જેને હીરની પાટી અને પાયે પાયે જીંડુ રતન.

ઢોલીઓ ચોરાણો. મોરગઢમાં લાખા વણઝારાની ફરિયાદ ગઈ. રાજા પૂછે છે કે ચોકી કોની હતી?

કે કુંવર સાયર–નીરની.

કે બોલાવો કુંવરિયાને.

કુંવરિયા ઘોડા પલાણીને આવી ઊભા રહ્યા. ચોરી કબૂલ કરી. અરે, શા માટે ચોરી કરી ?

કે પિતાજી! પહેલાં તો જવાબ આપો કે આ પચાસ ક્રોડ પૃથમીને માથે સાયર–નીર અમે બે કે બીજા છે ?

કે ભાઈ! બીજા સાંભળ્યા નથી.

ત્યારે હે પિતાજી! હવે કહો, કે અમે બે ય જણા તમારે ઘરે આવેલ કે જાયેલ ?

સવાલ સાંભળતાં જ રાજાને ધ્રાશકો પડ્યોઃ કે નક્કી કોઈક જાણભેદુ આને ભેટી ગયો!

કે ભાઈ! જાયેલા તો નથી, આવેલા છો. મારી રાણીને પેટ જન્મ્યા નથી. પણ ગંગાજમનાને કાંઠેથી કરંડિયામાંથી જડ્યા છો.

કે અમારાં માતાપત્યા કોણ ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે લોયાણગઢના રાજા ચંદણ જે અટાણે ત્રંબાવટીનું રાજ કરે છે.

ચડચે ઘોડે બેય જણા ઊપડ્યા. દાતણ કરવાય ન રોકાણા. પહોંચ્યા ત્રંબાવટી. રાજા ચંદણને બાવડું ઝાલીને હલબલાવી કહ્યું: 'હાલો, ઘોડે પલાણો.'

કે 'ભાઈ! ક્યાં હાલું?'

'અમારી માતુશ્રીને ઓળખી આપો.'

એમ કહીને માંડીને વાત કરી.

કે 'ભાઈ! પેગડાં છોડો, દૂધ પીઓ.'

કે 'મા અમારી ન ઓળખાય ત્યાં સુધી દાતણ અગરાજ છે.'

રાજા ચંદણને તેડીને મોરગઢ આવ્યા, અને લાખા વણઝારાના તંબૂમાંથી મેણાંગરીને કબજે લીધાં. પણ ઓળખવાં શી રીતે? મોઢું તો કોઈને બતાવે તેમ નથી.

રાજા ચંદણ કહે કે 'બેટા! તમારી માને ડાબે ખંભે પદમ છે. ઈ પદમની ને સૂરજની કરણ્યું એક થઈ જાય છે. ઈ એની પાકી નિશાની છે. બાકી તો ભળતાં મોઢાંનાં માનવી ઘણાં હોય છે આ પ્રથમીને માથે.'

'તો કેમ કરશું?!

કે 'ભાઈ! તંબૂમાં એક નાની ઊંચી બારી પડાવો. પછી એ તંબૂમાં આ બાઈ જળપોત પહેરીને નાવણ કરવા બેસે ને એના ખંભાના પદમની ને સૂરજની કરણ્યું એક થાય તો જ એ તમારી મા મેણાંગરી.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાણી મેણુાંગરી તો થર થર ધ્રૂજે છે. અરે, આ રાજાઓ મળ્યા છે. એમાંથી કોઈનો હાથ મારે બાવડે પડશે તો શું થાશે?

જળપોત પહેરીને મેણુાંગરી નાવણુ કરવા બેઠી છે. તંબૂમાં રાખેલી બારીમાંથી સૂરજની કરણ્યું બરાબર એના ડાબા ખંભાને માથે પડે છે. ખંભે પદમ છે, એની ને સૂરજની કરણ્યું એક થાય છે. એનું તો ધ્યાન ધરતી ઢાળુ છે. એમાં રાજા ચંદણે જઈને એનું બાવડું ઝાલ્યું. ઝબકીને મેણુાંગરીએ ઊંચે જોયું. ચંદણુ બોલ્યા: 'હવે ઝબક મા. હું ચંદણુ છું. ને આ આપણુા સાયર–નીર છે.'

ચારે જણાંના મેળા થયા. આંખ્યોના ધોરિયા વહેતા થયા.

એ ટાણે પાછો ફૂડકાવડીઓ હાજર થયો. 'અરે હે મેણુાંગરી! માગ્ય માગ્ય. હું તને ત્રૂઠ્યો છું.'

કે 'ભાઈ! માગું છું આટલું જ કે મને ત્રૂઠ્યો એવો કોઈને ત્રૂઠીશ મા!'

કે 'તમારાં રાજપાટ પાછાં આપું છું.'

સાયર–નીર કહે: 'બાપુ! અમે આવશું. પણ આ મોરગઢના રાજા અમારા પિતા છે. એને અમે નહિ છોડીએ.'

કે 'સાચું છે ભાઈ! એને ન છોડાય. એને જીવ્યા પાળજો ને મુએ બાળજો.'

કે 'બાપુ! રજા આપો તો આ લાખા વણઝારાને કોરડા ફટકાવીએ.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે ‘ભાઈ ! એ હતો તો તારી માને આંહીં લઈ આવ્યો ને આપણા મેળા થયા. એનો તો ગણ માનીએ. તમારામાં તમપણું હોય તો લાખા વણઝારા માથે સવા લાખનું દાણ છે તે માફ કરાવો.’

લાખા વણઝારાનો ગણ માન્યો, સવા લાખનું દાણ માફ કરાવ્યું.

લોયાણાગઢ ગયા, સૂંડલો વાળી દેનાર બલુ ઘાંચાને બથમાં ઘાલી મળ્યા. બલુ ઘાંચાએ આજ આટલે વર્ષે દાતણ ફાડયું. ને રાજા ચંદણે બલુ ઘાંચા ભેગા બેસીને ભોજન ખાધું. બલુ ઘાંચાએ ગાયું કે—

ભલે જાયો ભલે ઊપન્યો રે રાજા !
અમર થારું કહિજેં રાજ;
બલુ ઘાંચારી કહિજેં વીનતિ રે રાજા !
અખીઆ અમર થાશે રાજ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓળિયો

ઇરાન દેશના બે ઉમરાવ દલ્લીના પાદશાહની કચેરીમાં એક દિવસ આવીને ઊભા રહ્યા. દલ્લીના પાદશાહે તો બહુ માનપાન દીધાં છે, અને પછી પૂછ્યું છે, કે 'કહો આવવાનું કારણ શું છે?'

ત્યારે ઇરાનના ઉમરાવે કહ્યું કે 'જહાંપના, અમે આ બે પૂતળીઉં લાવ્યા છીએ. અમારો સવાલ છે કે બે પૂતળીઉંમાં અસલ કઈ અને નકલ કઈ? એનો જવાબ આપવાનો છે. અને એ જવાબ આપો તે પછી અમારા ચાર સવાલ છે તેનો ખુલાસો આપો. એ ચાર સવાલ આ છે કે—

જાતની કજાત કોણ?
કજાતની જાત કોણ?
કચેરીના કુત્તા કોણ?
મેહફિલના ગદ્ધા કોણ?

આ બે પૂતળીઉં અને ચાર સવાલ લઈને અમે દેશે-દેશ ફરીએ છીએ. એના ખુલાસા કોઈ આપી શક્યું નથી. દરેક દેશના રાજાએ અમને હાર્યાનું લખત લખી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દીધું છે. તમે પણ કાં તો ખુલાસા આપો ને કાં હાર્યાનું લખત કરી આપો.'

'લાવો જોઉં એ બે પૂતળીઉં ?'

કે 'આ લ્યો.'

બેય પૂતળી જોઈને દલ્લીનો પાદશા વિચારમાં પડી ગયો. બેય પૂતળી એકસરખી છે. ક્યાંય તલભાર પણ ફરક નથી. રૂપ, રંગ, તોલ, સોના, બેયનાં એક જ છે. ફેરવી ફેરવીને જોવે છે પણ ખબર નથી પડતી કે અસલ કઈ ને નકલ કઈ.

પાદશાએ તો પૂતળીઉં પોતાની કચેરીના કાજીને ને પંડિતને, કવિને ને શાહિરને, સોદાગરને ને વેપારીને તમામને બતાવી છે. એક હાથમાંથી બીજા હાથમાં પૂતળીઉં ફરે છે, પણ કોઈ કરતાં કોઈ કળી શકતું નથી કે બેમાં અસલ કઈ ને નકલ કઈ.

ત્યારે ઈરાનના ઉમરાવોએ કહ્યું કે 'હાંઉ જહાંપના ! લખી આપો કે તમે હાર્યા !'

સાંભળીને દલ્લીનો પાદશા તો સોળ કળાનો હતો તે એક કળાનો થઈ ગયો છે; કે હાય હાય ! ઈરાનના પાદશાની પાસે આપણે અક્કલમાં હાર્યા ગણાશું ને મલકમાં હલકા પડશું. કાજીઓનાં ને શાસ્ત્રીઓનાં ડાચાં પણ વકાસી રહ્યાં. મોટા મોટા કવિઓ સૂનમૂન થઈ ગયા. વાઢો તો છાંટો લોહી ન નીકળે !

વળી પાછા ઈરાનના ઉમરાવો બોલ્યાં કે 'જહાંપના, લખી આપો કે દલ્લી હાર્યું.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાદશા કહે કે ‘ સબૂર ભાઈ! મારી કચેરીના કાજી ને પંડિત ન કળી શકયા તો ખેર; પણ વખત છે ને મારી વસ્તીમાંથી કોઈક પરખનારો નીકળી આવે. માટે આ પૂતળીઉંને લઈને એક સવારી કાઢો, અને દલ્લી શહેરની ગલીએ ગલીએ આ ઉમરાવોને હાથીની અંબાડીએ ફેરવો.

પાદશાનું કહેવું સાંભળીને ઈરાનના ઉમરાવોએ મનમાં મનમાં હસવા માડ્યું. કચેરીના માણસ પણ વિચારી રહ્યા, કે અરે! દલ્લીની કચેરીનાં ડહાપણથી તો આડો આંક આવી રહ્યો. હવે વળી વસ્તીમાં કોણ વધુ ડાહ્યો ને ચતુરસુજાણ બાકી હશે તે પાદશા વધુ ભવાડો કરવા તૈયાર થયો છે!

બીજે દિવસે તો સવારી નીકળી છે. ઈરાનના બે ઉમરાવ હાથીની અંબાડીએ બેઠા છે. મ્યાનામાં બે ય પૂતળીઉં રાખી છે. અને એક થાળીમાં બીડદાર બીડું મૂકીને આગળ ચાલે છે. માર્ગે માર્ગે અને શેરીએ શેરીએ બીડદાર બોલતો જાય છે. કે ‘ હે દલ્લી શહેરનાં માનવીઓ! આ બે પૂતળીઉંમાં અસલ કોણ ને નકલ કોણ એનો જવાબ આપવાનો છે. જે જવાબ આપી શકે તે આ બીડું જમી જાય. કોઈ જવાબ આપો. કોઈ બીડું જમો. આપણા દલ્લી શહેરની ને આપણા પાદશા સલામતની કોઈ આબરૂ રાખો. નીકર આપણે હાર્યા કહેવાશું.’

બીડદારના બોલ સાંભળીને હેમાશા ને મોતીશા શેઠ બહાર નીકળે છે, ભોગળ ભટજી અને ખોખલા પંડ્યા બહાર નીકળે છે, મિયાં પેપડીખાં અને હાંડીખાં બહાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીકળે છે. પૂતળીઉંને તપાસી તપાસી જુએ છે, જોઈને પાછા ભોંઠા પડી ઘરમાં પેસી જાય છે. કોઈ કરતાં કોઈ અસલ કઈ ને નકલ કઈ તેનો જવાબ દઈ શકતા નથી.

એમ કરતાં કરતાં તો સરઘસ કાજીવાડે ગયું ને બીડદારે બરાબર પાદશાના વડા કાજીની મેડી સામે સાદ દીધો કે 'છે કોઈ આ બે પૂતળીઉંમાં અસલ નકલ પારખી દેનારો? હોય તો આ બીડું જમે.'

બીડદારના બોલ સાંભળીને વડા કાજીના ઘરમાંથી એક જુવાન છોકરો બહાર નીકળ્યો. એનું નામ ખાનિયો. ખાનિયો મોઢે બેઠી માખ પણ ઉડાડી ન શકે તેવો સુફલિસ હતો. એણે રસ્તામાં આવીને કહ્યું કે 'ઊભા રો, લાવો ઇ બે પૂતળીઉં.'

ખાનિયે પૂતળીઉં જોવા માગી ત્યારે તો બધા હસી પડ્યા; કે કોઈ નહિ ને આ કાજીના ચાકર ભૂખલ્યા ખાનિયાને શૂરાતન ચડ્યું! પણ ફકર નહિ. આંઈ દલ્લી શે'રમાં તો રાઈનો કણુ સૌ સરખો. લે ખાનિયા! તું યે જોઈ લે બાપ! તારી પાછી મનની મનમાં ન રહી જાય!

પૂતળીઉંને ફેરવી ફેરવી તપાસીને ખાનિયે કહ્યું: 'મને આ પૂતળીઉં થોડીક વાર ઘરમાં લઈ જાવા રજા છે?'

કે 'હા, રજા છે.'

ખાનિયે પૂતળીઉંને અંદર લઈ જઈને પછી જોયું કે બેયને બે ય કોર કાનમાં ઝીણાં વીંધાં છે.

ખાનિયે તો એક તાર લીધો, લઈને એક પૂતળીના કાનના વીંધમાં તાર નાખ્યો. તારને ઊંડો ને ઊંડો પેસાર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાં તો તાર એક કાનેથી બીજા કાનમાં થઈને સોંસરવો બહાર નીકળ્યો.

ઠી....ક ! હવે બીજી પૂતળીના કાનમાં નાખી જોઉં.

બીજી પૂતળીના કાનમાં તાર નાખ્યો. નાખ્યો, નાખ્યો, ખૂબ નાખ્યો, પણ એ તાર બીજા કાનમાં તો ન નીકળ્યો, પણ પૂતળીના પેટમાં ને પેટમાં ઊતરતો ગયો.

ખાનિયાનું મોઢું મલકાઈ પડ્યું. એણે તો બહાર આવી, ચટ દેતુંક થાળીમાંથી બીડું ઉપાડી ટપ દેતુંક મોંમાં મૂકી દીધું.

'અરે હાં ! હાં ! હાં ! ખાનિયા ! આ તો પાદશાહી બીડું ! ખોટું ખાનારને પાદશા ઘાણીએ ઘાલી તેલ કાઢશે !'

એમ માણસો કહેતા રહ્યા, ને ખાનિયો તો બીડું ચાવીને પેટમાં ઉતારી પણ ગયો. હોઠ તો એના રાતા-ચોળ થઈ ગયા.

'અરે ખાનિયા ! આ શો ગજબ !'

કે 'ગજબ ને ફજબ ! હાલો પાદશા સલામતની હજૂરમાં, અસલ નકલનો જવાબ આપું.'

સવારી તો પાછી વળી. મોઢા આગળ ખાનિયો ને વાંસે માણસોની ઘીંઘર: મનખ્યો તો ક્યાં ય માય નહિ, ને શેરીએ શેરીએ વાતું થાય કે 'મુઓ કાજીનો ગોલો ખાનિયો ન કરવાનું કરી બેઠો. અરેરે ! મુઆને કાંધ મારશે પાદશા.'

કચેરીમાં આવીને બીડદારે જાહેર કર્યું કે બીડું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખવાણું છે. એટલે તો પાદશાને બત્રીસ કોઠે દીવા થઈ ગયા છે. પણ એ બીડું તો કાજીને ગોલે ખાનિયે ખાધું એ જાણ થાતાં જ કાજીએ પોતાની દાઢી ખંજવાળવા માંડી. પાદશા પૂછે છે કે—

'હેં કાજી! તમારો ખાનિયો એવો ચતુરસુજાણ છે!'

કાજીની આંખની પાંપણ ધરતી ખોતરવા મંડી ગઈ. શેક્યો પાપડ પણ ન ભાંગી શકે એવો ખાનિયો આ શું ગાંડપણ કરી બેઠો!

લાવો ખાનિયાને.

ખાનિયો કચેરીમાં આવ્યો, પણ આવતાંની ઘડીએ જ એની સૂરત બદલી ગઈ. જે મોઢે માખ બણબણતી એ જ મોઢું ઝગારા મારવા મંડ્યું. ચીંથરાનો હતો તે હીરા-મોતીનો બની ગયો છે. કોઈની બીક વગર ખાનિયો તો પાદશાની કચેરીમાં ઊભો છે. અને એના માલિક કાજી સાહેબ તો કાપ્યા હોય તો લોહી ન નીકળે એવા થઈ ગયા છે. અરરર, આ ખાનિયે તો મારી આબરૂ ખાત બગાડી દીધી!'

પાદશા પૂછે છે કે 'ખાનિયા આ બીડું તેં ખાધું?'

કે 'હા જહાંપના.'

કે 'બીડું શાને માટે ખાવાનું હતું ઈ જાણ છ?'

કે 'હા જહાંપના. પૂતળીઉંમાં અસલ કોણ ને નકલ કોણ તેની પરખ કરવા માટે.'

કે 'બોલ ત્યારે, અસલ કઈ, ને નકલ કઈ.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે ‘જહાંપના! આ છે તે અસલ.’ એમ કહીને ખાનિયે એમાંથી એક પૂતળીને માથે હાથ મૂકયો.

બાદશાહે ઈરાનના શહેનશાહના ઉમરાવો સામે જોયું.

ઉમરાવો તો તાજુબ થઈ ગયા. ‘સાચી વાત!’ એઉએ ડોકાં હલાવ્યાં.

‘અને બાપુ! આ રહી તે નકલ.’ એમ કહીને ખાનિયે બીજી પૂતળી બતાવી.

પાદશાહે ઈરાનવાળા ઉમરાવોની સામે જોયું. ‘સાચી વાત!’ ઉમરાવોએ ડોકાં હલાવ્યાં.

ને આખી કચેરી તો સડક!

પણ એમ ન ચાલે. ઇ તો ખાનિયે અઠે અઠે અસલ નકલ કહી દીધી હોય ને સાચું પડી ગયું હોય. કે ‘ખાનિયા! અસલ નકલ કેમ પરખી તેનું કારણ કહેવું જોશે.’

‘ખાસી વાત!’ કહીને ખાનિયે પોતાના ખીસામાંથી તારનો ટુકડો કાઢયો.

તારનો ટુકડો વળી શેનો? આ તે ખાનિયો કાંઈ રોનક કરે છે! કચેરીવાળા બીજા બધા તો કાંઈ સમજ્યા નહિ પણ ઈરાનવાળા ઉમરાવોએ કળી લીધું કે આ ખાનિયાએ ખરી પરીક્ષા કરી લાગે છે!

ત્યાં તો નકલ કહી હતી તે પૂતળીને હાથમાં ઉપાડીને ખાનિયે એના એક કાનેથી તાર નાખ્યો તે બીજે કાને છેડો નીકળ્યો એ એણે પાદશાને, ઉમરાવોને, આખી કચેરીને બતાવીને પછી કહ્યું કે ‘જહાંપના! જોઈ લ્યો આ નકલ! માણસને એક કાને જે મરમની વાત પડે, તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડ્યા ભેળી બીજે કાનેથી બહાર નીકળી જાય, જાણેલી વાત જરી વાર પણ પેટની અંદર ન ટકે, એનું નામ નકલ માણુસ, એ સાચું ઈન્સાન નહિ. ભલે પછી ઘાટે-ઘૂટે એ રૂડું રૂપાળું માણુસ હોય, સોને રૂપે શણગારેલું માણુસ હોય, બીજી બધી રીતે ઠીકઠાક હોય.'

'વાહ ખાનિયા! વાહ ખાનિયા!' આખી કચેરી તો ચીતરામણમાં આલેખાઈ ગઈ ને કાજી સાહેબની નાડયુંમાં પાછો જીવ આવ્યો.

પછી ખાનિયે બીજી પૂતળી ઉપાડી. નાખ્યો તાર એના કાનમાં. ને પેસાડયો અંદર. એક હાથ જેટલો તાર અંદર હાલ્યો ગયો પણ બહાર ન નીકળ્યો. ક્યાં સમાઈ ગયો તેની પણ ખબર ન પડે!

ખાનિયો કહે કે 'જોઈ લ્યો જહાંપના! જોઈ લ્યો, જે અસલ ઓલાદનું ઈન્સાન હોય તેની વાત. એને કાને જે વાત આવે તે બહાર ન નીકળે, પણ ક્યાં ઊતરી જાય? પેટમાં. બહાર ન પડે, પણ પારકી વાતું પેટમાં ને પેટમાં સમાય. છે તો આ યે ઓલી પૂતળીના જેવી. ચહેરે મોરે, સાજે શણગારે, સોને રૂપે, કરામતે કારીગરીએ, અદલ એક સરખી. પણ ફરક ફક્ત આ છે. એમ ઈન્સાન હોય છે તો સરખાં, તેવતેવડાં, તફાવત કાંઈ ઉપર તો છે નહિ; છતાં જેના પેટમાં વાતું સમાય તે અસલ, ને જેને કાને પાડ્યા ભેળી સામે કાને બહાર નીકળી જાય તે નકલ.'

પાદશાહે ઈરાનના બે ઉમરાવો સામે જોયું. ઉમરાવો કહે કે 'નામદાર! સાચો જવાબ. શાબાશ છે પરખનારને.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમારા રઝળપાટ ફળ્યા છે. દુનિયામાં ડાહ્યો માણસ મળ્યો છે. દલ્લી શહેરને સાત સાત રંગ છે.'

'રંગ છે ખાનિયાને.' એમ કહીને પાદશાએ ઊભા થઈ જઈ, ગાદી માથેથી હેઠા ઊતરી, ઊભેલા ખાનિયાની પાસે જઈ ને, એની પીઠ થાબડી એનો હાથ ઝાલ્યો. એને પોતાની ગાદી પાસે લઈ આવ્યા ને જમણે હાથે આસન આપ્યું.

કચેરીમાં તો 'રંગ છે! રંગ છે! રંગ છે ખાનિયાને!' એવા લલકાર થઈ રહ્યા. અને ઓલ્યા વડા કાજી સાહેબ જેને ઘેર ખાનિયો નોકર હતો, તેની આંખોમાંથી તો હરખનાં આંસુની ધાર ચાલી: કે વાહ મારો ખાનિયો!

પોશાક મંગાવો!

પોશાક આવ્યા.

સમશેર મંગાવો!

સમશેર આવી.

ખાનિયાને પાદશાએ પોશાક આપ્યો, તલવાર આપી, ને ખાનખાનાન એવું નામ આપ્યું.

ઈરાનના ઉમરાવ કહે કે 'હવે નામદાર! અમારા ચાર સવાલનો જવાબ આપો:

જાતની કજાત કોણ?
કજાતની જાત કોણ?
કચેરીના કુત્તા કોણ?
મહેફિલના ગદ્ધા કોણ?

ત્યારે પાદશાહે ખાનિયા સામે જોયું: 'અરે હે ખાનખાનાન, આ ચાર સવાલના જવાબ પણ તમે જ આપો.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાનિયે કહ્યું કે 'જહાંપના! એ જવાબ હું આપું, પણ આંહીં નહિ.'

કે 'ત્યારે ક્યાં?'

કે 'ઈરાનના શાહની કચેરીમાં. પણ શરત એટલી કે મને તમારો શેજાદો બનાવી, રાજવભો અને રૈયાસત મારી ભેળાં આપી, ડંકાનિશાન અને છત્રછડી સાથે ઈરાન મોકલો અને હું જે ખરચ ત્યાં કરું તે કરવાની છૂટ આપો.'

કે 'કબૂલ છે.'

: ૨ :

ડેરા ને તંબૂ, પાલખી ને મ્યાના, જરજવાહિર અને જરિયાન, મેવા ને મીઠાઇઉં, શરબતો અને શરાબો, જે કાંઈ જોતું હતું તે લઈને શેજાદો ખાનખાનાન એક-એકથી ચડિયાતા એવા થોડા અમીરો સાથે ઈરાનના નગરને પાદર એક દી સાંજરે આવીને ઊતર્યો, અને એણે હુકમ કર્યો કે 'હાં મારો બાપ! રાતોરાત આંહીં એવી રૈયાસત ખડી કરી દ્યો કે જાણે આપણું જ રાજ હોય; ખાવાનાં પીવાનાં, તેલ ને અત્તરો, શાલ ને દુશાલા, દુપટ્ટા ને પાંભરિયું, હીરામોતીના હાર અને મંદિલ, બધાં તૈયાર રાખો. કાલ સવારે તો કચેરી આંહીં ભરવી છે.'

સવાર પડ્યું. ઈરાનના પાદશા તો ગાજતે વાજતે સરઘસ કાઢીને તેડવા આવ્યા. દલ્લીની કચેરીએથી બડો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇલ્મી અને જ્ઞાની માણુસ આવે છે એ વાતની તો ઈરાનને ખડી તાજ્જુબી હતી. પૂતળીઉંનો ભેદ પારખનાર માણુસની વાત તો બે ય ઉમરાવોએ ઈરાનમાં આવીને કરી મૂકી હતી. એટલે ચાર સવાલના જવાબ આપવા એ જાતે આવે છે એથી તો આનંદ આનંદ થઈ રહ્યો હતો.

પાદર આવીને જુએ ત્યાં તો ઈરાનવાળાની આંખે ચક્કર આવી ગયાં. યા ખુદા! કેવી કરામત! આ મેમાન આવે છે અને સાસુંની રૈયાસત ઊભી કરી દીધી!

શેજાદો ખાનખાનાન સામે આવ્યો અને ઈરાનના શાહને સમીઆણામાં લઈ ગયો. જુએ તો બેઠક ખડી કરી દીધી છે. જેટલા ઉમરાવો અમીરો, મેતા ને મસુદીઓ, ખખા ને દોતીઆ, તે તમામની બેઠકો પણ દરજ્જાવાર તૈયાર! અરે ખાવાનાં પીવાનાં પણ પિરસાઈ ગયાં. દલ્લીથી આવેલી તૈયાર મીઠાઈઓ મૂકી દીધી, શરબતો ને આસવોની સુરાઈઓ ગોઠવાઈ ગઈ હતી. એ તો કેમ જાણે દલ્લીનો શેજાદો ઈરાન આવ્યો નથી પણ ઈરાનનો પાદશાહ દલ્લીનો મેમાન થયો છે એવી માયા ખડી કરી દીધી.

મહેફિલ પતી ગઈ, એટલે કચેરી ભરી અને સોના રૂપાના ખુમચામાં ભેટસોગાદની ચીજું મંડી આવવા. શેજાદા ખાનખાનાને ઈરાનના એકેએક ખાન ઉમરાવને માંડી સોગાદું આપવા—

કોઈને હાર તો કોઈને ગંઠો, કોઈને મંદિલ તો કોઈને પાંભરી, કોઈને શાલ તો કોઈ ને દુશાલો, કોઈ ને કટાર તો કોઈને જમૈયો, કોઈને કાંઈ તો કોઈને કાંઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ એક જ વારમાં તો ઈરાનવાળા અંજાઈને આંધળા ભીંત બની ગયા.

પછી શેજાદા ખાનખાનાને ઈરાનના બાદશાહ પાસેથી કોલ લીધો, કે આજ નહિ પણ રોજ, એકવાર તમારે તમારા અમીર ઉમરાવો ભેળા આંહીં અમારે મુકામે ખાણું લેવું, ને એકવાર અમે તમારે મુકામે ખાણું લેશું.

હવે આમ રોજેરોજ સામસામી ગોઠ ચાલી રહી છે, દલ્લીનો શેજાદો ખાનખાનાન છૂટે હાથે ભેટસોગાદ ને ઈનામ અકરામ વેરવા માંડ્યો છે, અને ઈરાનવાળા અમીરો ઉમરાવો ભેટસોગાદો લેવા ટોળે વળે છે. કોઈ કરતાં કોઈ બાકી રહ્યો નથી. શેજાદાનાં વખાણ કરતાં કોઈની જીભ થાકતી નથી. એમ થાતાં થાતાં તો મહિનો માસ વીત્યો, અને ચાર સવાલના જવાબ દેવાની વાત વિસારે પડી ગઈ. બધા રંગરાગ ને રોનક ઉપર ચડી ગયા, અને એક દી તો શેજાદા પાસે માગું આવ્યું, કે ઈરાનના વજીરની શેજાદી, રૂપરૂપનો અવતાર, ડહાપણનો દરિયાવ, ગુણનો ભંડાર, ઈ તમારી સાથે શાદી કરવા માગે છે!

કે 'ખરેખર શું મારા પર મોહીને?'

કે 'હા, તમારાં રૂપ પર, ગુણ પર, ઈલમ અને જ્ઞાન પર મોહીને.'

કે 'તો ભલે.'

શેજાદાની ને વજીરની દીકરીની ગાજતે વાજતે શાદી થઈ. એમણે તો ત્યાં સંસાર માંડ્યો છે. બેય વચ્ચે પ્રેમની તો કાંઈ મણા નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શેજાદાના જાસૂસો તો ઈરાનમાં ભમતા જ હતા. એને જે જે તપાસ કરાવવી હતી તે ચાલુ હતી. એમાં એક જાસૂસે આવીને ખબર આપ્યા કે ઈરાનના શાહની એક ખાસ ગુણકા છે, શાહનું જેટલું ચાલે તે કરતાં આ ગુણકાનું સવાયું ચલણ છે. એને તમારે મળવા જેવું છે.

આણીકોરથી ગુણકાએ પણ દલ્લીના શેજાદાની વાતું સાંભળી હતી. અસલ ને નકલ પૂતળીઉંનો ભેદ પારખનારો કેવો ડાહ્યો હશે! મેળાપ કરવા જેવો હશે! ને પાછો આવો દિલાવર છે! વળી આવેલ છે ચાર સવાલના જવાબ દેવા પણ હજી જવાબ આપતો નથી એટલે કાંઈક ઊંડો ભેદ હશે એમ તો આ ગુણકાને પણ થાતું હતું. વળી પોતાની મેડી હેઠળથી સવારીમાં નીકળેલ ત્યારે જોયો પણ હતો. એમાં એક વાર શેજાદાએ ગુણકા પાસે આવવાની રજા મગાવી. જવાબ વાળ્યો કે 'ઓહો! મારાં એવાં ભાગ્ય ક્યાંથી! ખુશીથી પધારો.'

એ ચતુર માનવી મળ્યાં, પછી તો ફરી ફરી મળવાનો રિવાજ રાખ્યો. મોહબ્બત બહુ ઘાટી થઈ ગઈ. એક પણ દિવસ શેજાદો ગુણકાને ઘેર ગયા વગર રહે નહિ.

આમ અમીર ઉમરાવોને દરરોજ જમાડીજુઠાડી ઈનામ અકરામ આપે છે, વજીરની દીકરી સાથે સંસાર ચલાવે છે, પાદશાની માનીતી ગુણકા સાથે રોજ મેળાપ કરે છે, અને મનમાં ને મનમાં કાંઈક બાજી ગોઠવી રહ્યો છે. એમ કરતાં કરતાં શેજાદાએ તો પાદશાનો નાનો દીકરો છે એને પણ પોતાની પાસે હેળવી લીધો. છોકરાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવી તો માયા લગાડી દીધી કે ઘડી પલ પણ ઈરાનનો કુંવર છૂટો પડે નહિ.

હવે એક વાર પોતે ગુણકાને ઘેર બેસવા ગયો, અને કાંઈ કારણ પૂછ્યા કે કહ્યા વગર, કાંઈ વાતચીત પણ આદર્યા વગર, એકાએક લાલઘૂમ ડોળા કર્યા, પોતાની પાસે કોરડો હતો તે વીંઝયો અને ફડ ! ફડ ! ફડ ! ગુણિકાના બરડા ઉપર ત્રણ ઘા કોરડાના કરીને પોતે બોલ્યા ચાલ્યા વગર ચાલ્યો આવ્યો.

ગુણિકા પણ સામો બોલ કાઢ્યા વગર ઊભી થઈ રહી. તે દિવસથી શેજાદો આવતો બંધ થયો. આ તે શું કારણ બન્યું તેનો એણે એક પલ વિચાર કર્યો. પણ પછી તો એ બધી વાતનો ઘૂંટડો મનમાં ગળી ગઈ. કાંઈક એને કાળ ચડે એવું બન્યું હશે, નહિતર આવો સુજાણ માણસ આવું કરે નહિ. ખેર ! જે હો તે ભલે હો ! મારે તો ચુપ જ રહેવું. કોઈક દિવસ ભેદ ફૂટશે. એમ મન વાળીને ગુણકા બેસી રહી.

બીજા એક મહિના વીતવા દઈને પછી એક દિ' શેજાદાએ પોતાની બેગમને પોતાની પાસે બોલાવીને કહ્યું.

'તારું એક કામ પડયું છે.'

કે 'શું ?'

કે 'હું ભારી ભીંસમાં આવી પડ્યો છું. મારે ઝેર ખાવાનો સમો આવ્યો છે.'

કે 'પણ છે શું ?'

કે 'છે તો એમ, કે દલ્લીથી ખરચી આવી નથી. મેં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘણા માણુસો મોકલ્યા, પણ દલ્લીથી પૈસાનો પતો નથી. ને આંહીં મારે માથે ૨૫–૫૦ હજારની ઉઘરાણી ઊભી છે. ને હવે તો ગામના વેપારીને વાયદા દઈ શકાશે નહિ.'

સાંભળીને વજીરની દીકરીનું મોઢું દીવેલ પીધા જેવું થઈ ગયું. એ બોલી કે 'તે એમાં હું શું કરું?'

કે 'તું કરી શકે એવું તો કોઈ ન કરી શકે. તારો બાપ વજીર છે. જઈને એટલું જ કહે, કે આપણે મૂંઝવણમાં છીએ, તો તરત તારા બાપ મને પૈસા ધીરશે.'

સાંભળતા વેંત વજીરની દીકરીએ છણકો કર્યો કે 'મારો બાપ તમને પૈસા ધીરે? ફતનદિવાળીઆ થઈને ફરો, રોજ ઊઠીને ભેટસોગાદું આપો. પોતાની વાહવાહ વર્તાવવા ફૂલણજી બનો, એમાં મારા બાપનો શું વાંક! હું તો કોઈ કહેવા જાતી નથી.'

'પણ મારે ઝેર ખાવું પડશે.'

'ખાધાં ઝેર! મને બીક બતાવો મા ઠાલા! ઝેર ખાવું પડશે એવી ખબર હતી તો પહેલેથી વિચાર કરવો તો ને! રોજ ઊઠીને ઉડાઉવેડા તો કરી રહ્યા છો!'

'ઠીક લે હવે તું બોલ મા બાપુ! મારી ફજેતી થશે. કાંઈ નહિ તારા બાપુને ન કહે તો. હું જ વેંત કરી લઈશ.'

એમ કહીને શેજાદો પોતાની બેગમ પાસેથી બહાર નીકળી ગયો. ને વળી આઠદસ દા'ડા જવા દીધા પછી પોતે એક દિ' બપોરે શિકારની સેલગાહે ઊપડ્યો. ઈરાનના નાના કુંવરને પણ ભેળો લીધો. પણ એને ભેળો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દીધો છે એ ખબર કોઈને પડવા ન દીધી. શહેરથી આઘે ડુંગરામાં પોતે એક શિકારખાનું રાખેલું ત્યાં જઈને ખાવું પીધું, ઈરાનના કુંવરને પણ ખવરાવ્યું પીવરાવ્યું, ખૂબ આનંદ કર્યો, પછી એ નાના કુંવરને પોતાના માણસો સાથે હેળવી દઈ, રમતગમતમાં ચડાવી દઈ, માણસોને બધી ભલામણ કરી, પોતે એકલો પાછો વળ્યો. વેશપલટો કરીને એક ખાટકીને ઘેર ગયો. કે 'ભાઈ, એક તાજો ઘેટો હલાલ કરી આપીશ? જે લેવું હોય તે લે.'

કે 'ભલે.'

તે જ વખતે હલાલી આપેલો ઘેટો લઈ, એક કપડામાં બાંધી, ઘોડા ઉપર નાખી, શેજાદો તો મારતે ઘોડે પોતાના પડાવમાં બરાબર રાત પડચે પેસી ગયો, અને પોતાની બેગમને ખબર પડે એ રીતે એક ખાડો ગાળવા મંડ્યો. પાસે હલાલેલ ઘેટો પોટકામાં બાંધેલ પડેલો. ફક્ત આંખો દેખાય તેમ રાખી હતી. લોહી ચાલ્યું જતું હતું.

બેગમ આવી અને આ લોહી, આ પોટકું, આ ખાડો વગેરે દેખીને એ તો હાંફળીફાંફળી બની ગઈ. કહે કે 'અરે ખાવીંદ! આ શું છે?'

કે 'ચુપ રહેજે, કાંઈ બોલતી નહિ. કોઈને ખબર નથી. ઈરાનના શેજાદાને મારી નાખ્યો છે.'

'અરરર! પણ શા માટે?'

કે 'ઘરાણાં માટે. આપણે ખરચીખૂટ છીએ. દલ્લીથી નાણાં આવ્યાં નથી. તને કહ્યું તો તેં કાંઈ મદદ દીધી નહિ. શું કરું? ઈરાનના શેજાદાને માથે જરજવાહીર હતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે મારી મત બગડી. મારી નાખ્યો. હવે આંહીં દાટી દઉં છું. ભલી થઈને તું ચુપ રહેજે.'

હં !!! હું ચુપ રહું! તું આવું કાળું કામ કરી આવ્યો ને હું ચુપ રહું રોયા! આવો ગજબ!

'અરે બાપુ! ભાઈસાબ! તારે પગે પડું. ચુપ રહે.'

'રહ્યાં રહ્યાં! નીમકહરામ! જલ્લાદ! ઊભો રે'જે તું.' એમ બોલતી તો વજીરની દીકરીએ જનાનામાંથી હડી કાઢી. જાય દોડતી ને રીડિયા પાડતી: 'અરે કોઈ દોડો રે દોડો! આપણા ઈરાનના શેજાદાને મારી નાખ્યો. જરજવાહર માટે માર્યો. મારા રોયાએ માર્યો. રે કોઈ દોડો!' આખા નગરની વચ્ચે રીડિયા પાડતી પહોંચી એ તો બાપને ઘેર; ત્યાં વાંસેથી આંહીં શેજાદા ખાનખાનાને હલાલેલ ઘેટાની પોટલી ખાડામાં નાખી ઉપર ધૂળ વાળી દીધી હતી.

શહેરમાં તો આગ લાગે ને જેમ વામાં નેવે નેવે ફેલાય તેમ વાત ફેલાણી ને દેકારો બોલ્યો: પકડો હરામીને! મારી નાખો કાળા મોઢાના ધણીને! પકડો ને રિબાવી રિબાવીને મારો એ ઢોંગીને!

વજીર દોડ્યો બાદશા પાસે. બરાબર રાતની મિજલસ હતી. અમીર ઉમરાવો બેઠા હતા, ખબર પડી કે, 'ઈરાનના શેજાદાને મારી નાખ્યો.'

'અરે કોણે?'

'દલ્લીના શેજાદાએ.'

'હોય નહિ.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે 'નામદાર, હોય શું નહિ! મારી દીકરી પોતે નજરે જોઈને ભાગી નીકળી છે.'

બોલાવો વજીરની દીકરીને.

એણે તો આવીને માંડીને વાત કહી, કે ખરચીખૂટ થઈ ગયો હતો, ને ખરચી માટે જ આ કાળું કામ કરીને મૈયત દાટી લીધી છે.

હાં કે છે કોઈ હાજર!

કે 'એક કરતાં એકવીશ.'

કે 'પકડો દલ્લીના શેજાદાને.'

હુકમ મળતાં તો દંગલ થયું. ફોજ ઊપડી. અને પાછળ ઊપડ્યા અમીરો ઉમરાવો, કચેરીમાં બેસનારાઓ. દલ્લીના પડાવ ફરતો ઘેરો કરી લીધો. દલ્લીવાળા તમામને શેજાદાએ કહી દીધું હતું કે 'ખબરદાર કોઈએ કાંઈ બોલવાનું નથી. જે થાય તે જોયા કરવાનું છે.' એટલે દલ્લીવાળા કોઈએ ટંટોફિસાદ કર્યાં નહિ.

ઈરાનના લશ્કરે તો આવીને શેજાદાને પકડ્યો, ચોવડીએ બાંધ્યો. અને ઈરાનના શાહનું ફરમાન મળી ગયું કે એ હરામીનું મોઢું મારે જોવું નથી. એને લઈ જઈ ને સવારના પહોરમાં જ શહેર બહાર સૌ જુએ તેમ કાંધ મારો.

સવારનો પહોર થયો. રોજ જે ઉમરાવો ને અમીરો શેજાદાના પડાવમાં મહેફિલ ઉડાવવા આવતા ને ભેટ સોગાદ લેતા, તેમણે આવીને શેજાદા ઉપર થૂથૂકાર કર્યો. હે હરામજાદા! હતો તો આ ને? ચાર મહિના સુધી અમને આંધળાભીંત કરીને છેતર્યો, છેવટે પોત પરખાઈ ગયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શેજાદો તો માથું ઊંચું કરતો જ નથી. ઊભો ઊભો ચુપચાપ સાંભળ્યા કરે છે. ન કહેવાનાં વેણુ પોતે કાનોકાન સાંભળ્યાં. કાંઈ નહિ ! ફિકર નહિ જીતવા ! એ જ જોતું હતું.

પછી તો શેજાદાને કાંધ મારવા લઈ ચાલ્યા. આગળ ચોકી, પાછળ ચોકી, વચ્ચે શેજાદો ચીંથરેહાલ દેખાવમાં, ચારેકોર લોકોનાં ટોળાં, મનખો ક્યાંઈ માય નહિ. તમાશાને કાંઈ તેડું હોય !

ખુંગીઆ ઢોલ વાગતા જાય છે ને હૈયેહૈયું દળાય છે. ઓલ્યા અમીર ઉમરાવ શેજાદાને પાછળથી લાકડીઉં ઘોદાવતા જાય છે અને મનખ્યાને કહેતા જાય છે કે ' અમે તો પહેલેથી જ જાણુતા હતા કે આમાં કાંઈક ખોટું છે, આ કોઈક બોદો માણુસ છે, આ કોઈક ઢોંગી, હરામી માણુસ છે. અમે તો પહેલેથી જ જાણુતા'તા ! હા, અમે તો ધારી જ મૂક્યું'તું, કે આનું ભોપાળું નીકળશે. '

હવે જ્યારે આ દંગલ બરાબર ઓલી ઇરાનના બાદશાની માનેતી ગુણુકાની મેડી સામે નીકળ્યું ત્યારે દેકારો એ ગુણુકાને કાને પડ્યો. એણે જરૂખેથી ડોકું કાઢીને જોયું, તો મોઢા આગળ બંધૂકુંના પહેરા, વાંસે બંધૂકુંના પહેરા, વચ્ચે ચાલ્યો આવે છે એક માથું મૂંડેલો, ચૂનો ચોપડેલો, કાળું મોઢું કરેલો ચીંથરેહાલ જુવાન. અને માણુસો એને માથે થૂકતા આવે છે, લાકડિયુંના ઘોદા મારે છે, ગાળો દેતા આવે છે.

ગુણિકા પોતાની બાંદીને પૂછે છે કે ' અરે બાંદી ! આ બધું શું છે ? '

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે 'બાઈ સાહેબ, ખબર નથી ? આ તો ઓલ્યો રોયો દલ્લીનો શેજાદો—એને કાંધ મારવા લઈ જાય છે. એણે તો રોયાએ આપણા શેજાદાને મારી નાખ્યા.'

કે 'હેં ! શું કહે છે ? શા સારુ ?'

કે 'બાઈ, ઘરાણાં સારુ.'

'અરે હોય નહિ.' એમ કહેતીક ગુણકા કટ કટ કટ મેડી હેઠળ ઊતરી અને રસ્તા માથે આવી ઊભી રહી. દંગલ નીકળ્યું એટલે તુરત એણે હાથ ઊંચો કર્યો.

બાદશાની માનીતી ગુણકા ! બાદશાના કરતાં સવાયો હુકમ એનો હાલે ! એનો હાથ ઊંચો થતાં તો દંગલ અટકીને ઊભું રહ્યું.

ગુણિકાએ આગેવાનને કહ્યું: 'રોકાઈ જાવ. ખબરદાર જો આગળ ડગલું ય દીધું છે તો !'

'પણ બાઈ સાહેબ ! પાદશા સલામતનું ફરમાન છે.'

'કાંઈ ફિકર નહિ. ઊભા રહો. મારું ફરમાન છે.'

સાચી વાત: ગુણિકાનું ફરમાન એટલે તો પાદશાહના કરતાં સવાયું ફરમાન ! ને પછી ગુણિકાએ કહ્યું: 'જાવ, બાદશા સલામતને જાણ કરો ને મારી અરજ પહોંચાડો, કે પોતે મારતે ઘોડે આંહીં પધારે.'

પાદશાહ હાજર થયા. ધૂંવાંફૂંવાં થયા હતા. પૂછ્યું કે 'કેમ રોક્યું ?'

કે 'પણ સબૂર તો કરો જહાંપનાહ ! એનો ગુનો શું છે ?'

કે 'આપણા શેજાદાને મારી નાખ્યો છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે 'તે પહેલાં શેજાદાની મૈયત કાઢવાની હોય કે ગુનેગારને ઝટ કાંધ મારવાનું હોય? ગુનેગારને કેદમાં રાખો. એ કાંઈ ભાગી જવાનો નથી. પહેલો શોક કે પહેલી સજા! પહેલાં તપાસ તો કરો કે શેજાદાની મૈયત ક્યાં પડી છે?'

સાંભળીને બાદશા તો ટાઢોબોળ પડી ગયો. 'હા, સાચું છે. આ તો કોઈને સૂઝ્યું જ નહિ. ચાલો, લાવો શેજાદાની મૈયત ક્યાં છે મૈયત?'

મુએલા શેજાદાનું મડદું ગોતવા માણસો દોડ્યા. પણ મડદું હાથ આવે ત્યારે ને! કેવું મડદું ને કેવી વાત!

અરે પણ મડદું તો એણે દાટેલું છે. ક્યાં દાટેલું છે? એ તો વજીરની દીકરીને ખબર છે. બોલાવો વજીરની દીકરીને. વજીરની દીકરી આવીને કહે કે–

'એ જો આંહીં દાટ્યું છે.'

'ખોદો.'

ખોદ્યું. અંદરથી કાઢે ત્યાં તો!–ઓય મારા ખુદા! આ તો માણસની લાશ નહિ પણ ઘેટાની લાશ છે!'

વજીરની દીકરીને તો વાઢી હોય તો લોહી ન નીકળે!

પણ ત્યારે શેજાદો ક્યાં છે? એને મારીને ક્યાં નાખ્યો? ક્યાં માર્યો? કોણે જોયો? જરજવાહીર ક્યાં છે?

દોટાદોટ અને હડીઆપાટી: આ આને પૂછે ને આ આને પૂછે. પણ સાચી વાતનો પતો મળે નહિ. કોઈ કે' શેજાદાને અમે કાલ આંહીં જોયો 'તો ને કોઈ કહે કે આંહીં!

પાદશા તો મૂંઝાણા. પૂછવા ગયા ગુણિકાને. ગુણિકા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહે કે 'પણ ગુનેગારને તો પૂછો! એનો જવાબ કેમ કોઈ લેતા નથી?'

'હા! એ વાત તો સાચી!'

દલ્લીનો શેજાદો તો ભૂંડે હાલે કેદખાનામાં બેઠો હતો. બહારથી ભૂંડે હાલે પણ માલીકોરથી મલકાતો! એને આવીને પૂછ્યું કે 'અમારો શેજાદો ક્યાં છે?'

કે 'ભાઈ! ફલાણે ફલાણે ઠેકાણે મારું શિકારખાનું છે, ત્યાં લહેર કરે છે. લઈ આવો.'

લઈ આવ્યા શેજાદાને. એને જીવતો જોઈને તો બધાને એક કોરથી હસવું ને બીજી કોરથી હાણ્ય! મોઢાં બધાનાં કા....ળાં ધબ!

ગુણિકા કહે કે 'જહાંપનાહ! હવે તો ઓલ્યાને કેદમાંથી બહાર કાઢો ને માનપાનથી કચેરીમાં લાવી માફામાફી કરો. નીકર દલ્લીની હારે મોટાં વેર જાગશે. એ તો ઠીક, પણ એને પૂછો તો ખરા, કે આમાં શો ભેદ છે?'

હેકડાઠઠ કચેરી ભરાણી છે. ગુણિકા પણ ચક નાખીને બેઠી છે. પાદશાની બેગસું પણ કનાત તણાવીને બેઠી છે. અમીરો ને ઉમરાવો, ખાન ને સરદાર, ખખા ને દોતીઆ, મેતા ને મસુદી બધા પોતપોતાની બેઠક માથે તલપાપડ બેઠા છે. દલ્લીના શેજાદાનો જવાબ સાંભળવા સૌ એકકાન થઈ ગયા છે.

એ ટાણે દલ્લીના શેજાદાએ ઊભા થઈને કહ્યું—

કે 'ઈરાનના પાદશા સલામત! આજ ચાર મહિનાથી જે કામે હું આંહીં આવીને પડ્યો હતો, તે કામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવાનો આજ દિવસ છે. મને બહુ ખુશી થાય છે કે મારું એ કામ પાકી ગયું છે. દલ્લીથી ખાસ મારું આવવું તમારા ચાર સવાલના જવાબ આપવા માટે થયું છે. એ જવાબ ગોતતો ગોતતો જ હું આંહીં બેઠો હતો. મારું દરેક કામ એ જવાબ ગોતવા માટે જ ગોઠવાણું હતું. મારે આપને સાચા જવાબ દેવા હતા. મારે આપને નજરોનજર એ જવાબ બતાવવા હતા. એ સવાલ આ છે કે—

જાતની કજાત કોણ?
કજાતની જાત કોણ?
કચેરીના કુત્તા કોણ?
ને મેહફિલના ગધ્ધા કોણ?

આ ચારે સવાલના એક પછી એક જવાબ તો તમારી સામે મોજૂદ છે.

'જાતની કજાત કોણ?'

તો તેનો જવાબ જોઈ લ્યો નજરોનજર! આ મારી પોતાની જ બેગમ: વજીરની દીકરી: કેવી ખાનદાન કુળની ઓરત! ને વળી મારી સાથે પ્યારથી પરણી. હું રોજેરોજ પાણીને મૂલે નાણું વાવરતો'તો એની એને ખબર હતી. પણ ત્યારે એણે કોઈ દી' મને ન ટપાર્યો, કે આ શી ફનાગીરી માંડી છે! પણ મેં જ્યારે કહ્યું કે ખરચીખૂટ છું, દલ્લીથી ખરચી આવી નથી, વેપારીઓ ઉઘરાણી કરી રહ્યા છે, મારે ઝેર ખાવાની વેળા છે, તું તારા બાપને કહી મદદ કરાવ, ત્યારે એણે મને મેણાં દીધાં કે શા માટે ઉડાઉ બન્યા'તા ને કોણે આ પારકે પાદર દિવાળી કરવા કહ્યું'તું! એ તો ખેર,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ મેં કહ્યું કે હું શેજાદાને મારીને આવ્યો છું ત્યારે ય નથી એ વિચાર કરતી, નથી એ મડદું પણ જોવા રોકાતી, નથી એ તપાસ કરતી કે શેજાદાનાં જવાહીર લાવીને મેં કયાં મૂક્યાં છે, પણ એ તો લાજ–શરમ મૂકીને હડી કાઢે છે ગામ વચાળે. પોતાના ખાવિંદને વગર વિચારે બદનામ કરે છે અને મને કાંધ મરાવવા સુધી જાય છે. માટે ઈરાનના પાદશાહ સલામત! એ મૂળ તો જાતવંત ઓલાદ, પણ સ્વભાવે કજાત. જાતની કજાત કોણ? એ સવાલનો જવાબ તમને મળી ગયો કે નહિ? બોલો.

'હા, મળી ગયો!' બાદશાહ જવાબ દઈ ને હેઠે જોઈ ગયો. પાછું શેજાદે ચલાવ્યું—

કે 'હવે જહાંપનાહ! બીજો સવાલ છે—

'કજાતની જાત કોણ?'

તો તેનો જવાબ છે આપની આ માનેતી ગુણિકા. આંહીં આવીને મેં એની અક્કલ હોશિયારીની ખ્યાતિ સાંભળી, મેં એની સાથે સંબંધ બાંધ્યો. એકવાર કાંઈ પણ કારણ વગર, કંઈ કહ્યા કે કારવ્યા વગર, પૂછ્યા કે ગાછ્યા વગર મેં એના મુલાયમ ડીલને માથે ફડ! ફડ! ફડ! કોરડા ફટકારી લીધા, ને હું બોલ્યા કે ચાલ્યા વગર ચાલ્યો આવ્યો. ફરી મેં એનું મોઢું પણ જોયું નહિ. છતાં એ ગમ ખાઈને બેઠી રહી. એને લાગ્યું હશે કે આ દલ્લીનો પરોણો મૂરખ કે હેવાન નથી, આમ વર્તવાનું ઊંડું કારણ હશે, ને કોઈક દિ' એ કારણ બહાર આવશે, એવી ગમ ખાઈને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ ઘૂંટડો ગળી ગઈ. એટલું તો ઠીક, પણ આજ મને કાંધ મારવા લઈ જાતા'તા તે ટાણે એણે બધું રોકાવ્યું, અને જહાંપનાહ! તમે તથા તમારા ડાહ્યા કાજીઓ, ઇન્સાફના કરનારાઓ, અક્કલના દરિયાઓ જે એક મોટી ભીંત ભૂલ્યા તે તો તમને સૌને આ એક ગુણિકાએ યાદ કરાવી દીધી, કે પહેલી મૈયતને તો અવલ મંજલ પહોંચાડો! એના કહ્યા પરથી તો આખો મામલો બદલ્યો, નીકર મારું માથું તો તમે ક્યારનું ઉડાવી દઈ ને પછી પોકે પોકે રોતા હોત. માટે જહાંપનાહ! એ જાતની તો ગુણિકા છે, કજાત છે, પણ એ કજાતની જાત નીવડી છે. કહો શહેનશાહ! તમારા બીજા સવાલનો જવાબ આવી રહ્યો?'

કે 'હા, આવી રહ્યો ભાઇ!' અને કચેરીમાં તો વાહ! વાહ! થઈ રહી. 'કમાલ! કમાલ!' બોલાવા માંડ્યું. ને શેજાદાએ ફરીથી કહેવા માંડ્યું:

કે 'હવે જહાંપનાહ! તમારા બે સવાલ બાકી રહ્યા. ત્રીજો સવાલ છે કે—

'કચેરીના કુત્તા કોણ?'

તો જોઈ લ્યો જનાબ! આપની સામે આ જેટલા બેઠા છે, આ ખાન, ઉમરાવ, કાજી, ખખા, દોતીઆ વગેરે જેટલા છે, તેટલાનાં મોં સામે જુઓ. આજ ચાર ચાર મહિનાથી એ બધા મારે મુકામે આવીઆવીને રોજેરોજ ખાય છે પીવે છે, મારાં ઇનામ-અકરામ લ્યે છે, બબે મોઢે મારાં વખાણ કરે છે, પણ આજ સવારે એ બધા શું કરતા હતા?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હજી તો મારો વાંકગુનો પુરવાર પણ થયો નહોતો, ત્યાં તો મારા ઉપર થૂકવા લાગ્યા, મને લાકડીએ ઘોદાવવા લાગ્યા, ને મારી પાર વગરની બદબોઈ કરવા લાગ્યા. મારા અહેસાનને યાદ કરીને એમાંનો એક પણ મારે માટે દિલગીર ન થયો, પણ બધા રાજી રાજીના રેડ થઈ ગયા, ને પોતે તો પહેલેથી જ મારું પોકળ જાણતા'તા એમ કહી મલકાવા લાગ્યા. જહાંપનાહ ! એનું નામ 'કચેરીના કુત્તા.' ખરું કે નહિ ?'

'ખરું છે, ખરું છે, ખરું છે.' એવો એકલા પાદશાહે જવાબ વાળ્યો. બીજા બધા તો ધરતી ઢાળાં મોં ઢાળીને બેસી રહ્યા.

'હવે તો નામદાર ! છેલ્લો એક જ સવાલ રહે છે, કે–

'મહેફિલના ગદ્ધા કોણ ?'

આનો જવાબ હું ન આપત. પણ આપવાની ફરજ પડે છે. લાખ લાખ માફી માગું છું. પણ હે શહેનશાહ ! ઈરાન જેવી પાદશાહતનો ધણી ઊઠીને, ચાર મહિનાથી એક જ થાળીમાં જેની સાથે હાથ છે, જેની પોતે રગેરગ પારખે છે, તે જ પરોણાને વગર વિચારે, વગર પૂછયે કે ગાછયે, કેવળ એક લોંડીના કહ્યાથી પરબારો ગરદન મારવાનો હુકમ આપી દે, એ પાદશાહને હું 'મહેફિલના ગદ્ધા' કહું છું. બેઅદબી કરવા માટે શિર ઝુકાવું છું.'

પાદશાહ ખડા થઈ ગયા. એણે જાહેર કર્યું કે 'દલ્લીના શેજાદા ! અમારા ચારે ય સવાલના તમે આપેલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જવાબ હરફેહરફ સાચા છે, ને અમને પોતાને પણ લાખ લાખ લ્યાનતું છે.'

એમ કહી, પોતે ઊભા થઈ, સામા જઈ, દલ્લીના શેજાદાને બથમાં ઘાલી ભેટી પડ્યા ને પોતાની ગાદીને માથે જમણી બાંયે બેસાર્યો.

આમ ઈશાનમાં વાહવાહ કહેવરાવીને ખાનિયો પાછો દલ્લીમાં આવ્યો ત્યારે ત્યાં પણ એની વાહવાહ બોલી ગઈ. શેજાદો ખાનખાનાન પ્રથમપહેલો જઈને પોતાના માલિક કાજીને પગે પડ્યો, કે 'હે માલિક! હું તો તમારો એનો એ ખાનિયો જ છું ને ખાનિયો જ રહીશ.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

ઝવેરચંદ મેઘાણીનાં

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પંચોતેર પુસ્તકો

લોકકથાઓ

ડોશીમાની વાતો	૧—૦—૦
સૌરાષ્ટ્રની રસધાર (ભાગ ૧-૫)	૧૨-૧૨-૦
કંકાવટી (ભાગ ૧-૨)	૩—૦—૦
દાદાજીની વાતો	૧—૦—૦
સોરઠી બહારવટીઆ (ભાગ ૧-૩)	૭—૮—૦
સોરઠી સંતો	૧—૪—૦
સોરઠી ગીતકથાઓ	૧—૦—૦
પુરાતન જ્યોત	૩—૦—૦
'રંગ છે બારોટ !'	૨—૮—૦

લોકગીતો

રઢિયાળી રાત (ભાગ ૧-૪)	૫-૧૨—૦
ચૂંદડી (ભાગ ૧-૨)	૨—૪—૦
હાલરડાં	૦-૧૦—૦
ઋતુગીતો	૦-૧૨—૦

પ્રવાસ

સૌરાષ્ટ્રનાં ખંડેરોમાં	૦—૮—૦
સોરઠને તીરે તીરે	૧—૮—૦

વિવેચન

લોકસાહિત્ય	૨—૮—૦
લોકસાહિત્ય-પગદંડીનો પંથ	૦-૧૦—૦
ચારણો અને ચારણી સાહિત્ય	૧—૦—૦
ધરતીનું ધાવણ	૩—૮—૦
ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનો	(છપાય છે)

ઇતિહાસ

એશિયાનું કલંક	૦-૧૦—૦
હંગેરીનો તારણહાર	૦—૮—૦
મિસરનો મુક્તિસંગ્રામ	૦-૧૨—૦
સળગતું આયર્લેંડ	૦-૧૨—૦
ભારતનો મહાવીર પાડોશી	૦-૧૦—૦
ધ્વજ-મિલાપ	૦-૧૦—૦

જીવનકથા

ઠક્કર બાપા	૦—૪—૦
બે દેશદીપક	૨—૮—૦
દયાનંદ સરસ્વતી	૧—૮—૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

સાહિત્ય-સર્જનનાં

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પચ્ચીસ વરસ

નવલકથા

સત્યની શોધમાં	૧—૮—૦
નિરંજન	૨—૮—૦
વસુંધરાનાં વહાલાં દવલાં	૨—૮—૦
સોરઠ તારાં વહેતાં પાણી	૪—૮—૦
સમરાંગણ	૨—૮—૦
અપરાધી	૪—૦—૦
વેવિશાળ	૩—૮—૦
શ' ગંગાજળિયો	૨—૮—૦
બીડેલાં દ્વાર	૩—૦—૦
ગુજરાતનો જય (ખંડ ૧-૨)	૫—૮—૦
તુલસી-ક્યારો	૩—૮—૦
પ્રભુ પધાર્યા	૨—૮—૦

નાટકો

રાણો પ્રતાપ	૨—૮—૦
રાજા-રાણી	૨—૦—૦
શાહજહાં	૨—૦—૦
વંઠેલાં	૧—૦—૦

ગીતો-કાવ્યો

વેણીનાં ફૂલ	૧—૦—૦
કિલ્લોલ	૧—૦—૦
યુગવંદના	૨—૮—૦
એકતારો	૧—૪—૦
બાપુનાં પારણાં	૦—૧૦—૦
રવીન્દ્ર-વીણા	૨—૮—૦

વારતા

કુરબાનીની કથાઓ	૧—૦—૦
વર્તમાન યુગના બહારવટીઆ	૦—૬—૦
જેલ ઑફિસની બારી	૧—૮—૦
પ્રતિમાઓ	૧—૧૨—૦
પલકારા	૩—૦—૦
મેઘાણીની નવલિકાઓ (ભાગ ૧-૨)	૫—૦—૦
માણસાઈના દીવા	(છપાય છે)

લેખસંગ્રહ

વેરાનમાં	૨—૦—૦
પરિભ્રમણ	૩—૦—૦
સાંબેલાના સૂર	૨—૮—૦
પરકમ્મા	(છપાય છે)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय
गुरुकुल काँगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવાં પ્રકાશનો

કટાક્ષ

૧ સાંબેલાના સૂર — ઝવેરચંદ મેઘાણી — ૨-૮-૦

વિજ્ઞાન

૧ ગગનને ગોખે — નિ. વર્મા જ. પરમાર — ૩-૮-૦

ઇતિહાસ-રાજકારણ

૧ દક્ષિણ આફ્રિકાની રંગભૂમિ — પ્રા. જોષી — ૩-૮-૦
૨ બે વિચારધારા — દર્શક — ૨-૧૨-૦

આરોગ્ય

૧ સો વર્ષ જીવવાની કળા — ડૉ. નાંદી — ૨-૮-૦
૨ હઠીલાં દર્દોમાં કુદરતી ઉપચાર — જૂ. દવે — ૨-૦-૦
૩ દવાનો છેલ્લો ઘૂંટડો — ,, — ૨-૮-૦
૪ દૂધ, મૃત્યુલોકનું અમૃત — કાંતિલાલ શાહ — ૨-૮-૦
૫ મારો જલોપચાર — ફાધર કનાઇપ — (છપાય છે)

કિશોર-બાલ સાહિત્ય

૧	ચૌબોલારાણી	નિ. વર્મા જ. પરમાર	૧-૦-૦
૨	દોલતપરી	,, ,,	૧-૦-૦
૩	સોના પદમણી	,, ,,	૧-૦-૦
૪	નાગકુમારી	,, ,,	૧-૦-૦
૫	પરીકથાઓ ભા. ૧લો	,, ,,	૩-૮-૦
૬	આંગણાનાં શણગાર	,, ,,	૦-૧૦-૦
૭	ઊડતાં બંગી	,, ,,	૦-૧૦-૦
૮	વગડામાં વસનારાં	,, ,,	૦-૧૦-૦
૯	રૂપરૂપનાં અંબાર	,, ,,	૦-૧૦-૦
૧૦	કંઠે સોહામણાં	,, ,,	૦-૧૦-૦
૧૧	પ્રેમી પંખીડાં	,, ,,	૦-૧૦-૦
૧૨	ધનુર્દોરી	ઈન્દુલાલ ગાંધી	૦-૬-૦
૧૩	શંકરાચાર્ય	હરજીવન સોમૈયા	૦-૮-૦
૧૪	ભરદરિયે	,, ,,	૧-૦-૦
૧૫	પ્રવાસપત્રો	રા. ના. પાઠક	૦-૧૨-૦
૧૬	છીપલાં	મોહન ઠક્કર	૦-૬-૦

ભારતી સાહિત્ય સંઘ

પોસ્ટ બૉક્સ નં. ૯૭૮ મુંબઇ-૧
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
પોસ્ટ બૉક્સ નં. ૭૩ અમદાવાદ

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાતની શ્રેષ્ઠ ગ્રંથમાળા

વર્ષ ૧૦ વર્ષ ૧૦

વાર્ષિક લવાજમ માત્ર રૂપિયા આઠ

- આ ગ્રંથમાળાનાં પુસ્તકો જીવનમાં ઉત્ક્રાન્તિ જગાવનારાં અને આશા ને પુરુષાર્થની ભાવનાનાં પ્રેરક હોય છે.
- દસ વર્ષમાં આ ગ્રંથમાળાએ એવાં લોકપ્રિય પુસ્તકો આપ્યાં છે કે એની એકી-સાથે પાંચપાંચ હજાર સુધીની નકલો ખપી ગઈ છે.
- નવા પ્રશ્નો, સાદી ને સચોટ રજૂઆત અને કૌટુંબિક જીવનને પોષે તેવાં સુરુચિ-ભર્યાં પુસ્તકો આમાં આપવામાં આવે છે.

[૧] **રંગ છે બારોટ!** લેખક · ઝવેરચંદ મેઘાણી . . **છુટક કિંમત રૂ. ત્રણ**
લોકજીવનને સ્પર્શતી આ વાર્તા કિશોર, જુવાન ને વૃદ્ધ સૌકોઈને એકસરખો આનંદ આપશે. સચોટ ને જોમભરી શૈલીએ લખાએલી આ વાર્તામાં લોકસંસ્કારનાં નવઘડતરનાં દર્શન થશે. દેશપરદેશની લોકવાર્તાની મીમાંસા કરતો ૪૦ પાનાંનો પ્રવેશક અભ્યાસીઓને પણ ઉપયોગી થઈ પડશે. [પ્રગટ થઈ ગયું છે]

[૨] **સુરભિ** લેખક · પન્નાલાલ પટેલ . . . . **કિંમત રૂ. ત્રણ**
મધ્યમ વર્ગનાં જુવાન-જુવતીઓનાં મનોમંથન દર્શાવતી આ નવલકથામાં લેખકે પોતાની કલા એક નવા વિષય ઉપર અજમાવી છે. લેખક પાસે પોતાની નવીન શૈલી ને રજૂઆત કરવાનું કૌશલ છે. [ઑક્ટોબરમાં પ્રગટ થશે]

[૩] **પાવક જ્વાળા** લેખક · ચુનીલાલ મડિયા . . . **કિંમત રૂ. સાડાત્રણ**
શાળા-મહાશાળામાં અભ્યાસ કરતા જુવાન વિદ્યાર્થીઓને પહેલી વાર નવલકથાનાં પાત્રો દ્વારા સજીવ કર્યાં છે. આશા ને આકાંક્ષાઓ જેનાં હૈયામાં છલોછલ ભર્યાં હોય છે તે વર્ગની આ કથામાં જાતઅનુભવનું બળ પુરાયું હોઈને એનાં પાત્રો ને વાતાવરણ જીવંત બની ગયાં છે.' ૪૨ની લોકક્રાંતિને પણ આ વાર્તા સ્પર્શે છે. [પ્રગટ થઈ ગયું છે]
કાગળની અછતને કારણે ઓછી નકલો હોઈને તમારી નકલો વેળાસર મેળવી લેજો.

ભારતી સાહિત્ય સંઘ

પો. ઑ. ૯૭૮ મુંબઈ ૧ પો. ઑ. ૧૭૩ અમદાવાદ

KUMAR PRINTERY AHMEDABAD

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar